तार्कर्तृते मुने। यत्रैवैष चमत्कारस्तमाश्रित्य स्थिरो भव ॥ १५॥ तस्मान्नित्यमकर्ताहमिति भावनयेद्धया। परमामृतनाम्नी सा समतैवावशिष्यते॥ १६॥ निदाघ शृणु सत्त्वस्था जाता भुवि महागुणाः। ते नित्यमेवाभ्युदिता मुदिताः ख इवेन्दवः ॥ १७॥ नापदि ग्लानिमायान्ति निशि हेमाम्बुजं यथा। नेहन्ते प्रकृतादन्यद्रमन्ते शिष्टवर्त्मनि॥ १८॥ आकृत्यैव विराजन्ते मैत्र्यादिगुणवृत्तिभिः। समाः समरसाः सौम्य सततं साधुवृत्तयः॥ १९॥ अब्धिवद्धृतमर्यादा भवन्ति विशदाशयाः। नियतिं न विमुञ्चन्ति महान्तो भास्करा इव ॥ २०॥ कोऽहं कथमिदं चेति संसारमलमाततम्। प्रविचार्यं प्रयत्नेन प्राज्ञेन सहसाधुना॥ २१॥ नाकर्मसु नियोक्तव्यं नानार्येण सहावसेत्। द्रष्टव्यः सर्वसंहर्ता न मृत्युरवहेलया ॥ २२॥ शरीरमस्थि मांसं च त्यक्त्वा रक्ताद्यशोभनम्। भूतमुक्तावलीतन्तुं चिन्मात्रमवलोकयेत्॥ २३॥ उपादेयानुपतनं हेयैकान्तविसर्जनम्। यदेतन्मनसो रूपं तद्बाह्यं विद्धि नेतरत् ॥ २४॥ गुरुशास्त्रोक्तमार्गेण स्वानुभूत्या च चिद्घने। ब्रह्मैवाहमिति ज्ञात्वा वीतशोको भवेन्मुनिः ॥ २५॥ यत्र निशितासिशतपातनमुत्पलताडनवत्सोढव्यमग्निना दाहो हिमसेचनमिवाङ्गारावर्तनं चन्दनचर्चेव निरवधिनाराचविकिरपातो निदाघविनोदनधारागृहशीकरवर्षणमिव स्वशिरश्छेदः सुखनिद्रेव मूकीकरणमाननमुद्रेव बाधिर्यं महानुपचय इवेदं नाव-

સમીપ હોવાથી કર્તા પણ છે. ૧૪ હે મુનિ! બ્રહ્મમાં કર્તાપણું ને અકર્તાપણું–બન્ને છે એમ સમજવું જોઈએ; તેમાં જેની અંદર ચમત્કાર જણાય, તેનો આશ્રય કરી તું સ્થિર થા; ૧૫ તેથી

'હું નિત્ય અકર્તા છું' એવી ભાવના પ્રદીપ્ત થતાં સમતા જ બાકી રહે છે; તેનું નામ પરમ અમૃત છે. ૧૬ હે નિદાઘ! સત્ત્વમાં રહેલા મોટા ગુણો પૃથ્વી પર જે જન્મે છે, તેઓને તું સાંભળ. તેઓ આકાશમાં નિત્ય ઉદય પામેલા ચંદ્ર જેવા નિર્મળ છે. ૧૭ હે સૌમ્ય! સોનાનું કમળ રાત્રિમાં પણ જેમ ઝાંખું પડતું નથી, તેમ ઉત્તમ વૃત્તિવાળા પુરુષો આપત્તિમાં પણ ઝાંખા પડતા નથી, ચાલુ પ્રસંગ વિના બીજું ઇચ્છતા નથી; સજ્જનોના માર્ગમાં રમે છે; આકૃતિથી જ શોભે છે. મિત્રતા આદિ ગુણો-વાળી વૃત્તિથી બધે સમાન ભાવવાળા અને નિત્ય સમાન રસ-વાળા રહે છે. ૧૮,૧૯ મહાપુરુષો સમુદ્રની પેઠે મર્યાદા જાળવે છે, નિર્મળ આશયવાળા હોય છે અને સૂર્યની પેઠે નિયમિત સ્થિતિ છોડતા નથી. ૨૦ 'હું કોણ છું? અને આ સંસારરૂપી મેલ કેવી રીતે ફેલાયો છે?' તેનો પ્રયત્નથી કોઈ સજ્જન સાથે ખૂબ વિચાર કરી બુદ્ધિમાન મનુષ્યે અકર્મોમાં ન જોડાવું, અનાર્ય સાથે વસવું નહિ અને સર્વનો સંહાર કરનારા મૃત્યુ તરફ બેદરકારીથી ન જોવું. ૨૧,૨૨ હાડકાં, માંસ, લોહી વગેરેથી ખરાબ આ શરીરનો ત્યાગ કરી પ્રાણીમાત્રરૂપ મોતીની માળામાં દોરાની પેઠે રહેલાં માત્ર ચૈતન્યનાં જ દર્શન કરવાં. ૨૩ ગ્રહણ કરવા યોગ્ય તરીકે પાછળ દોડ્યા કરતું, છતાં કેવળ ત્યાગ કરવા યોગ્ય જે આ બાહ્ય રૂપ છે, તે મનનું જ છે, બીજું કંઈ નથી. એમ તું સમજ. ૨૪ ગુરુએ તથા શાસ્ત્રે કહેલા માર્ગે, તેમ જ પોતાના અનુભવથી કેવળ ચૈતન્ય વિષે જ 'હું બ્રહ્મ છું' આવું જ્ઞાન કરી મુનિએ શોકરહિત થવું. ૨૫ હે નિદાઘ! તીક્ષ્ણ તરવારના સેંકડો પ્રહારો પડે, તેને કમળના માર જેમ સહન કરવા; અગ્નિથી દાહ થાય, તેને શીતળ સિંચન જેવું ગણવું; બળતા અંગારાના ડામને ચંદનના વિલેપન જેવા ગણવા; અનેક

हेलनया भवितव्यमेवं दृढवैराग्याद्वा भवति ॥ गुरुवाक्यसमुद्भूत-स्वानुभूत्यादिशुद्धया । यस्याभ्यासेन तेनात्मा सततं चावलोक्यते ॥२६॥ विनष्टदिग्भ्रमस्यापि यथापूर्वं विभाति दिक् । तथा विज्ञानविध्वस्तं जगन्नास्तीति भावय ॥२७॥ न धनान्युपकुर्वन्ति न मित्राणि न बान्धवाः न कायाक्लेशवैधुर्यं न तीर्थायतनाश्रयः । केवलं तन्मनोमात्रमयेनासाद्यते पदम् ॥२८॥ यानि दुःखानि या तृष्णा दुःसहा ये दुराधयः । शान्तचेतःसु तत्सर्वं तमोऽर्केष्विव नश्यति ॥२९॥ मातरीव परं यान्ति विषमाणि मृदूनि च । विश्वासमिह भूतानि सर्वाणि शमशालिनि ॥३०॥ न रसायन-पानेन न लक्ष्म्यालिङ्गितेन च । न तथा सुखमाप्नोति शमेनान्तर्यथा जनः ॥३१॥ श्रुत्वा स्पृष्ट्वा च भुक्त्वा च दृष्ट्वा ज्ञात्वा शुभा-शुभम् । न हृष्यति ग्लायति यः स शान्त इति कथ्यते ॥३२॥ तुषारकरबिम्बाच्छं मनो यस्य निराकुलम् । मरणोत्सवयुद्धेषु स शान्त इति कथ्यते ॥३३॥ तपस्विषु बहुज्ञेषु याजकेषु नृपेषु च । बलवत्सु गुणाढ्येषु शमवानेव राजते ॥३४॥ संतोषामृत-पानेन ये शान्तास्तृप्तिमागताः । आत्मारामा महात्मानस्ते महापद-मागताः ॥३५॥ अप्राप्तं हि परित्यज्य संप्राप्ते समतां गतः । अदृष्टखेदाखेदो यः संतुष्ट इति कथ्यते ॥३६॥ नाभिनन्दत्यसंप्राप्तं

બાણોનો વરસાદ પડે, તેને શાંતિ પમાડનાર ફુવારાનાં જળબિંદુનો છંટકાવ જેવો ગણવો; પોતાનું મસ્તક કાપે, તેને સુખભરી નિદ્રા માનવી; કોઈ મૂગો કરે, તો તેને મુખ બંધ કરવા જેવું ગણવું અને કોઈ બહેરાશ કરે, તો તેને મોટી ઉન્નતિરૂપ સમજવી;

પણ તેના તરફ તિરસ્કાર–દૃષ્ટિ ન થવી જોઈએ; આવા દૃઢ વૈરાગ્યથી જ્ઞાન થાય છે. ગુરુનાં વાક્યથી ઉત્પન્ન થયેલ સ્વાનુભવ આદિ શુદ્ધિપૂર્વક નિરંતર અભ્યાસ કરવાથી આત્માનાં દર્શન કરાય છે. ૨૬ જેને દિશાનો ભ્રમ થયો હોય, તેને પણ એ ભ્રમ નાશ પામતાં પૂર્વની પેઠે જ દિશાઓ જણાય છે; તે જ પ્રમાણે વિજ્ઞાન દ્વારા જગત નાશ પામે છે, ત્યારે 'જગત નથી' એમ તું જાણી શકશે. (અને તને આત્મદર્શન થશે.) ૨૭ પરમ પદને પ્રાપ્ત કરવામાં ધન, મિત્રો, બાંધવો, શરીરનો ક્લેશ, શરીરનું સુખ અથવા તીર્થસ્થાનનું સેવન–એ કંઈ પણ ઉપયોગી નથી. કેવળ મનને તન્મય બનાવવાથી જ પરમ પદ પ્રાપ્ત કરાય છે. ૨૮ જેઓનાં ચિત્ત શાંત થયાં હોય છે, તેઓનાં દુઃખો, દુઃસહ તૃષ્ણા અને દુષ્ટ માનસિક પીડા વગેરે બધું, સૂર્યનાં દર્શન થતાં અંધકારની પેઠે નાશ પામે છે. ૨૯ ક્રૂર અને સૌમ્ય–બધાં પ્રાણીઓ શમયુક્ત મનુષ્ય પર માતાની જેમ પરમ વિશ્વાસ પામે છે. ૩૦ શમ વડે મનુષ્ય હૃદયમાં જેવું સુખ પામે છે, તેવું રસાયણ પીવાથી કે લક્ષ્મીને ભેટવાથી પામતો નથી. ૩૧ જે મનુષ્ય કોઈ પણ શુભ–અશુભને સાંભળીને, સ્પર્શીને, ભોગવીને, જોઈને કે જાણીને હર્ષ પામતો નથી અને ગ્લાનિ પામતો નથી, તે શાંત કહેવાય છે. ૩૨ મરણમાં, ઉત્સવોમાં કે યુદ્ધના પ્રસંગોમાં જેનું મન ચંદ્રના બિંબ જેવું સ્વચ્છ અને વ્યગ્રતા વિનાનું રહે છે, તે શાંત કહેવાય છે. ૩૩ તપસ્વીઓ, બહુ જાણનારાઓ, યાજ્ઞિકો, રાજાઓ, બળવાનો અને ગુણવાનોમાં શમ–ગુણવાળો જ પ્રકાશે છે. ૩૪ જેઓ, સંતોષરૂપ અમૃતને પીવાથી શાંત થયા હોય, તૃપ્તિ પામ્યા હોય અને આત્મામાં જ રમતા હોય, તે મહાત્માઓ મહાપદને પામી ચૂકયા છે. ૩૫ નહિ મળેલું જેણે ત્યજ્યું હોય, મળેલામાં જેને સમભાવ થયો

प्राप्तं भुङ्क्ते यथेप्सितम् । यः स सौम्यसमाचारः संतुष्ट इति कथ्यते ॥ ३७ ॥ रमते धीर्यथाप्राप्ते साध्वीवाऽन्तःपुराजिरे । सा जीवन्मुक्ततोदेति स्वरूपानन्ददायिनी ॥ ३८ ॥ यथाक्षणं यथाशास्त्रं यथादेशं यथासुखम् । यथासंभवसत्सङ्गमिमं मोक्षपथक्रमम् । तावद्विचारयेत्प्राज्ञो यावद्विश्रान्तिमात्मनि ॥ ३९ ॥ तुर्यविश्रान्तियुक्तस्य निवृत्तस्य भवार्णवात् । जीवतोऽजीवतश्चैव गृहस्थस्याथवा यतेः ॥ ४० ॥ नाकृतेन कृतेनार्थो न श्रुतिस्मृतिविभ्रमैः । निर्मन्दर इवाम्भोधिः स तिष्ठति यथास्थितः ॥ ४१ ॥ सर्वात्मवेदनं शुद्धं यदोदेति तवात्मकम् । भाति प्रसृतिदिक्कालबाह्यं चिद्रूपदेहकम् ॥४२॥ एवमात्मा यथा यत्र समुल्लासमुपागतः । तिष्ठत्याशु तथा तत्र तद्रूपश्च विराजते ॥४३॥ यदिदं दृश्यते सर्वं जगत्स्थावरजङ्गमम् । तत्सुषुप्ताविव स्वप्नः कल्पान्ते प्रविनश्यति ॥ ४४ ॥ ऋतमात्मा परंब्रह्म सत्यामत्यादिका बुधैः । कल्पिता व्यवहारार्थं यस्य संज्ञा महात्मनः ॥ ४५ ॥ यथा कटकशब्दार्थः पृथग्भावो न काञ्चनात् । न हेम कटकात्तद्वज्जगच्छब्दार्थता परा ॥ ४६ ॥ तेनेयमिन्द्रजालश्रीर्जगति प्रवितन्यते । द्रष्टुर्दृश्यस्य सत्तान्तर्बन्ध इत्यभिधीयते ॥ ४७ ॥ द्रष्टा दृश्यवशा-

હોય અને હર્ષ કે ખેદ કદી જેણે જોયા ન હોય તે સંતુષ્ટ કહેવાય છે. ૩૬ જે નહિ મળેલું મેળવવા તાલાવેલી કરતો નથી, મળેલું યથેષ્ટ ભોગવે છે અને જેનું આચરણ સૌમ્ય ને સારું હોય છે, તે સંતુષ્ટ કહેવાય છે. ૩૭ પતિવ્રતા સ્ત્રી અંતઃપુરના આંગણામાં જેમ આનંદી રહે છે, તેમ જે બુદ્ધિ જે કંઈ મળી આવ્યું હોય, તેમાં આનંદી રહે છે, તે જીવન્મુક્તપણારૂપે

ઉદય પામી છે અને સ્વરૂપાનંદને આપનારી થાય છે. ૩૮ સમયને અનુસરી, શાસ્ત્ર પ્રમાણે, દેશાનુસાર અને જે રીતે સુખ થાય તે રીતે વર્તવું, તેમ જ સંભવ પ્રમાણે સત્સંગ કરવો, તે મોક્ષમાર્ગનો ક્રમ છે. બુદ્ધિમાન મનુષ્યે જ્યાં સુધી આત્મામાં વિશ્રાંતિ થાય, ત્યાં સુધી તેનો વિચાર કર્યા કરવો; ૩૯ પણ જેને તુરીય આત્મસ્વરૂપમાં વિશ્રાંતિ મળી ચૂકી હોય અને સંસાર–સમુદ્રથી જે અટક્યો હોય, તેને જીવતાં કે મરતાં, અથવા ગૃહસ્થ સ્થિતિમાં કે સંન્યાસી સ્થિતિમાં વેદોક્ત કર્તવ્યો કે ધર્મશાસ્ત્રોક્ત કર્તવ્યો નહિ કરવાથી ફળ નથી અને કરવાથી પણ ફળ નથી. એ તો મંદરાચળ વિનાના સમુદ્રની પેઠે (ક્ષોભ વિના) જેવી મૂળ સ્થિતિમાં હોય છે, તેવો જ સદા રહે છે. (અર્થાત્ જ્ઞાની માટે કંઈ કરવાનું કે નહિ કરવાનું છે જ નહિ.) ૪૦,૪૧ 'બધું આત્મા છે' આવું શુદ્ધ અનુભવ–જ્ઞાન તને જ્યારે પ્રકટશે, ત્યારે તારો પોતાનો દેહ પણ દેશ, દિશા ને કાળથી બહાર રહેલા ચૈતન્યરૂપ જ જણાશે. ૪૨ એવું આત્મ-સ્વરૂપ જ્યારે પ્રકટી નીકળે છે, ત્યારે તુરત જ તે સ્વરૂપે મનુષ્ય પ્રકાશે છે. ૪૩ આ સ્થાવર–જંગમ જગત જે દેખાય છે, તે બધું સુષુપ્તિમાં આવેલા સ્વપ્નની પેઠે સૃષ્ટિના અંતે સંપૂર્ણ નાશ પામે છે. ૪૪ ઋત, આત્મા, પરબ્રહ્મ અને સત્ય ઇત્યાદિ મહાન આત્માની જે સંજ્ઞાઓ છે, તે તો વ્યવહારને માટે જ પંડિતોએ કલ્પેલી છે. ૪૫ જેમ 'કડું' એ શબ્દનો અર્થ સોનાથી જુદો નથી અને સોનું કડાથી જુદું નથી; તેમ જગત બ્રહ્મથી જુદું નથી અને બ્રહ્મ જગતથી જુદું નથી. ૪૬ આ ઇંદ્રજાળની શોભા આત્માએ જ જગતમાં વિસ્તારી છે; અને દ્રષ્ટાના અંતરમાં દૃશ્યની સત્તા જે હોય છે, તે જ બંધન કહેવાય છે. ૪૭ દ્રષ્ટા દૃશ્યને લીધે જ બંધાયો છે; દૃશ્યનો

द्रष्टा दृश्याभावे विमुच्यते। जगत्त्वमहमित्यादिसर्गात्मा दृश्यमुच्यते ॥४८॥ [1]मनसैवेन्द्रजालश्रीर्जगति प्रवितन्यते। यावदेतत्संभवति तावन्मोक्षो न विद्यते ॥४९॥ ब्रह्मणा तन्यते विश्वं मनसैव स्वयंभुवा। मनोमयमतो विश्वं यन्नाम परिदृश्यते ॥५०॥ न बाह्ये नापि हृदये सद्रूपं विद्यते मनः। यदर्थं प्रतिभानं तन्मन इत्यभिधीयते ॥५१॥ संकल्पनं मनो विद्धि संकल्पस्तत्र विद्यते। यत्र संकल्पनं तत्र मनोऽस्तीत्यवगम्यताम् ॥५२॥ संकल्पमनसी भिन्ने न कदाचन केनचित्। संकल्पजाते गलिते स्वरूपमवशिष्यते ॥५३॥ अहं त्वं जगदित्यादौ प्रशान्ते दृश्यसंभ्रमे। स्यात्तादृशी केवलता दृश्येऽसत्तामुपागते ॥५४॥ महाप्रलयसंपत्तौ ह्यसत्तां समुपागते। अशेषदृश्ये सर्गादौ शान्तमेवावशिष्यते ॥५५॥ अस्त्यनस्तमितो भास्वानजो देवो निरामयः सर्वदा सर्वकृत्सर्वः परमात्मेत्युदाहृतः ॥५६॥ यतो वाचो निवर्तन्ते यो मुक्तैरवगम्यते। यस्य चात्मादिकाः संज्ञाः कल्पिता न स्वभावतः ॥५७॥ चित्ताकाशं चिदाकाशमाकाशं च तृतीयकम्। द्वाभ्यां शून्यतरं विद्धि चिदाकाशं महामुने ॥५८॥ देशाद्देशान्तरप्राप्तौ संविदो मध्यमेव यत्। निमेषेण चिदाकाशं तद्विद्धि मुनिपुङ्गव ॥५९॥ तस्मिन्निरस्तनिःशेषसंकल्पस्थितिमेषि चेत्। सर्वात्मकं पदं शान्तं तदा

અભાવ થતાં તે મુક્ત થાય છે. જગત, તું અને હું, ઇત્યાદિ સૃષ્ટિનું સ્વરૂપ દૃશ્ય કહેવાય છે. ૪૮ મનને લીધે જ ઇંદ્રજાળની શોભા જગતમાં ફેલાય છે; માટે જ્યાં સુધી એ મન છે, ત્યાં

[1] मनस्तेनेन्द्रजालश्रीर्जागती प्रवितन्यते.

સુધી મોક્ષ નથી. ૪૯ મન એ જ સ્વયંભૂ-બ્રહ્મા છે અને તે જ વિશ્વને વિસ્તારે છે; આથી વિશ્વ મનોમય છે અને મન જ વિશ્વના નામે દેખાય છે. ૫૦ હૃદયમાં કે બહાર સત્તારૂપે મન છે જ નહિ; પરંતુ વિષય પ્રત્યે એ વિષયાકારે જે ભાન થાય છે, તે જ મન કહેવાય છે. ૫૧ સંકલ્પ થવા તે મન છે અને તે મનમાં જ સંકલ્પ રહે છે, એમ તારે સમજવું. વળી જે વિષે સંકલ્પ થાય છે, ત્યાં મન હોય છે, એમ પણ જાણવું; પર સંકલ્પ અને મન એ કોઈ કારણે અથવા કોઈ કાળે જુદાં નથી; કેમ કે સંકલ્પોના સમૂહો ગળી પડે છે, ત્યારે સ્વરૂપ જ બાકી રહે છે. ૫૩ હું, તું અને જગત ઇત્યાદિ દૃશ્યની ભ્રમણા અત્યંત શાંત પડે છે, ત્યારે તેવી જ કૈવલ્ય-સ્થિતિ અનુભવાય છે કે જેવી દૃશ્યની અસત્તા હોય છે, ત્યારે અનુભવાય છે. ૫૪ સૃષ્ટિના આદિમાં બધું દૃશ્ય દેખાય છે; પરંતુ મહાપ્રલય પ્રાપ્ત થાય છે, ત્યારે તે દૃશ્ય અસત્તાને પામે છે અને કેવળ શાંત આત્મારૂપ બાકી રહે છે. ૫૫ એ જ અજન્મા દેવ, કોઈ કાળે અસ્ત નહિ થયેલો નિર્દોષ સૂર્ય છે; અને તે જ સર્વ કાળે સર્વ કરનારા સર્વસ્વરૂપ પરમાત્મા કહેવાય છે. ૫૬ જ્યાંથી વાણી પાછી ફરે છે, જેને મુક્ત પુરુષો જાણે છે અને જેની આત્મા વગેરે સંજ્ઞાઓ કલ્પિત છે, પણ સ્વાભાવિક નથી, તે જ પરમાત્મા કહેવાય છે. ૫૭ હે મહામુનિ! ચિત્ત-આકાશ, ચૈતન્ય-આકાશ અને ત્રીજું આકાશ-એમ ત્રણ આકાશ છે. તેમાંનું ચૈતન્ય-આકાશ બીજાં બન્ને આકાશોથી અત્યંત શૂન્ય (રહિત) છે. એમ તારે સમજવું. ૫૮ હે મુનિશ્રેષ્ઠ! એક પ્રદેશથી બીજા પ્રદેશમાં જવા માટેનું જે જ્ઞાન છે, તેની મધ્યે જ જે રહે છે અને આંખના એક પલકારામાં જ્યાં જવું હોય, ત્યાં જે જઈ શકે છે, તે ચૈતન્યાકાશ છે, એમ તારે જાણવું. ૫૯ એ ચૈતન્યાકાશમાં સમગ્ર સંકલ્પો ત્યજીને

प्राप्नोष्यसंशयः ॥ ६० ॥ उदितौदार्यसौन्दर्यवैराग्यरसगर्भिणी। आनन्दस्यन्दिनी यैषा समाधिरभिधीयते ॥ ६१ ॥ दृश्यासंभवबोधेन रागद्वेषादितानवे। रतिर्बलोदिता यासौ समाधिरभिधीयते। ६२ दृश्यासंभवबोधो हि ज्ञानं ज्ञेयं चिदात्मकम्। तदेव केवलीभावं ततोऽन्यत्सकलं मृषा ॥ ६३ ॥ मत्त ऐरावतो बद्धः सर्षपीकोणकोटरे। मशकेन कृतं युद्धं सिंहौघैरणुकोटरे ॥ ६४ ॥ पद्माक्षे स्थापितो मेरुर्निगीर्णो भृङ्गसूनुना। निदाघ विद्धि तादृक्त्वं जगदेतद्भ्रमात्मकम् ॥ ६५ ॥ चित्तमेव हि संसारो रोगादिक्लेशदूषितम्। तदेव तैर्विनिर्मुक्तं भवान्त इति कथ्यते ॥ ६६ ॥ मनसा भाव्यमानो हि देहतां याति देहकः। देहवासनया मुक्तो देहधर्मैर्न लिप्यते ॥ ६७ ॥ कल्पं क्षणीकरोत्यन्तः क्षणं नयति कल्पताम्। मनोविलाससंसार इति मे निश्चिता मतिः ॥ ६८॥ नाविरतो दुश्चरितान्नाशान्तो नासमाहितः। नाशान्तमनसो वापि प्रज्ञानेनैनमाप्नुयात् ॥ ६९ ॥ तद्ब्रह्मानन्दमद्वन्द्वं निर्गुणं सत्यचिद्घनम्। विदित्वा स्वात्मनो रूपं न बिभेति कदाचन ॥ ७० ॥ परात्परं यन्महतो महान्तं स्वरूपतेजोमयशाश्वतं शिवम्। कविं पुराणं पुरुषं सनातनं सर्वेश्वरं सर्वदेवैरुपास्यम् ॥ ७१ ॥ अहं ब्रह्मेति नियतं मोक्षहेतुर्महात्मनाम्। द्वे पदे बन्धमोक्षाय निर्ममेति ममेति च। ममेति

જ્યારે તું સ્થિતિ કરીશ, ત્યારે સર્વના આત્મારૂપ તે શાંત પદને તું પામીશ. ૬૦ (સંશયરહિત થઈ) જેમાં ઉદારતા, સુંદરતા અને વૈરાગ્યનો રસ પ્રકટ થઈને રહે છે અને જે આનંદરસને

વહે છે, તે સમાધિ કહેવાય છે. ૬૧ જેમાં દૃશ્યના સંભવ વિનાનું જ્ઞાન હોય છે, તેથી રાગ–દ્વેષ વગેરે ઘણા જ ઓછા હોય છે અને બળથી ઉદય પામેલો આનંદ જેનું સ્વરૂપ છે, તે સમાધિ કહેવાય છે. ૬૨ દૃશ્યના સંભવ વિનાનું જે જ્ઞાન તે જ જ્ઞાન છે; અને ચૈતન્યનું સ્વરૂપ તે જ છે. એ જ કેવલીપણું અથવા કૈવલ્યસ્થિતિ છે; બાકીનું બધું મિથ્યા છે. ૬૩ હે નિદાઘ! સરસવના એક જ દાણાના એક ખૂણામાં રહેલા કોતરમાં મદોન્મત્ત ઐરાવત હાથી બંધાયો, એક જ મચ્છરે પરમાણુના કોતરમાં સિંહોનાં ટોળાંઓ સાથે યુદ્ધ કર્યું; અને કમળબીજ ઉપર સ્થાપેલા મેરુ પર્વતને ભમરાનું બચ્ચું ગળી ગયું. આવી વાતો જેવી ભ્રમણાવાળી છે, તેવું જ જગત ભ્રમણામય છે, એમ તારે જાણવું. ૬૪,૬૫ રોગ અથવા રાગ–આદિ ક્લેશોથી ભરેલું ચિત્ત એ જ સંસાર છે; તે ચિત્ત એ રાગાદિથી રહિત થાય, એ જ સંસારનો અંત અથવા મોક્ષ છે, એમ કહેવાય છે. ૬૬ મનથી ભાવના કરાતો દેહ, દેહપણાને પામે છે; પણ દેહની વાસનાથી જો છૂટી જાય, તો દેહના ધર્મોથી લેપાતો નથી. ૬૭ એક ક્ષણવારમાં મન કલ્પને ક્ષણ બનાવે છે અને ક્ષણને કલ્પ કરે છે. આમ મનના વિલાસો, તે જ સંસાર છે, એમ હું ખાતરીપૂર્વક માનું છું. ૬૮ જે મનુષ્ય દુષ્ટ ચરિત્રોથી અટકયો નથી, અશાંત મટ્યો નથી, સમાધિનિષ્ઠ થયો નથી અને જેનું મન શાંત બન્યું નથી, તે કેવળ જ્ઞાનથી આત્માને પામતો નથી. ૬૯ પોતાના આત્માનું સ્વરૂપ બ્રહ્માનંદમય, દ્વંદ્વોથી રહિત, નિર્ગુણ, સત્ય અને ચૈતન્યમય છે; તેને જાણીને મનુષ્ય કદી ડરતો નથી. ૭૦ જે તત્ત્વ પરથી પર, મોટાથી મોટું, સ્વરૂપ અને તેજોમય, સનાતન, મંગળમય, વિદ્વાન, જૂનામાં જૂનું, પુરુષસ્વરૂપ, નિત્ય રહેનારું અને સર્વનું નિયંતા છે, તે જ સર્વ દેવોને પણ

बध्यते जन्तुर्निर्ममेति विमुच्यते ॥७२॥ जीवेश्वरादिरूपेण चेतनाचेतनात्मकम्। ईक्षणादिप्रवेशान्ता सृष्टिरीशेन कल्पिता। जाग्रदादिविमोक्षान्तः संसारो जीवकल्पितः ॥७३॥ त्रिणाचिकादियोगान्ता ईश्वरभ्रान्तिमाश्रिताः। लोकायतादिसांख्यान्ता जीवविश्रान्तिमाश्रिताः ॥७४॥ तस्मान्मुमुक्षुभिर्नैव मतिर्जीवेशवादयोः। कार्या किंतु ब्रह्मतत्त्वं निश्चलेन विचार्यताम् ॥७५॥ अविशेषेण सर्वं तु यः पश्यति चिदन्वयात्। स एव साक्षाद्विज्ञानी स शिवः स हरिर्विधिः ॥७६॥ दुर्लभो विषयत्यागो दुर्लभं तत्त्वदर्शनम्। दुर्लभा सहजावस्था सद्गुरोः करुणां विना ॥७७॥ उत्पन्नशक्तिबोधस्य त्यक्तनिःशेषकर्मणः। योगिनः सहजावस्था स्वयमेवोपजायते ॥७८॥ यदा ह्येवैष एतस्मिन्नल्पमप्यन्तरं नरः। विजानाति तदा तस्य भयं स्यान्नात्र संशयः ॥७९॥ सर्वगं सच्चिदानन्दं ज्ञानचक्षुर्निरीक्षते। अज्ञानचक्षुर्नेक्षेत भास्वन्तं भानुमन्धवत् ॥८०॥ प्रज्ञानमेव तद्ब्रह्म सत्यप्रज्ञानलक्षणम्। एवं ब्रह्मपरिज्ञानादेव मर्त्योऽमृतो भवेत् ॥८१॥ भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः। क्षीयन्ते चास्य कर्माणि तस्मिन्दृष्टे परावरे ॥८२॥ अनात्मतां परित्यज्य निर्विकारो जगत्स्थितौ। एकनिष्ठतयान्तस्थः संविन्मात्रपरो भव ॥८३॥ मरुभूमौ

ઉપાસવા યોગ્ય છે. ૭૧ 'હું બ્રહ્મ છું' એવું જે ચોક્કસ જ્ઞાન, તે મહાત્માઓને મોક્ષનું કારણ બને છે. બંધન અને મોક્ષ માટે બે પદો છે; 'મમતા' બંધન માટે છે અને 'મમતારહિતપણું' મોક્ષ માટે થાય છે. ૭૨ 'મારું' એમ માનતાં પ્રાણી બંધાય છે; અને 'મારું કંઈ નથી' એમ સમજતાં મુક્ત થાય છે. ૭૨

જડ–ચેતનમય જગત, જીવ તથા ઈશ્વર આદિના સ્વપરૂમાંજ કેવળ ભાસે છે. તેમાં વિષયના દર્શનથી માંડી તેમાં પ્રવેશ સુધીથી સૃષ્ટિ ઈશ્વરે કલ્પી છે; અને જાગ્રત અવસ્થાથી માંડી મોક્ષ સુધીનો સંસાર જીવે કલ્પ્યો છે. ૭૩ ત્રિણાચિકથી માંડી યોગ સુધીનાં શાસ્ત્રો ઈશ્વરની ભ્રાંતિમાં પડ્યાં છે અને લોકાયતથી માંડી સાંખ્ય સુધીનાં શાસ્ત્રો જીવનની ભ્રાંતિમાં પડ્યાં છે; ૭૪ માટે મુમુક્ષુ-ઓએ જીવ તથા ઈશ્વરના વાદમાં બુદ્ધિ કરવી જ નહિ, પણ નિશ્ચળ થઈ બ્રહ્મતત્ત્વનો જ વિચાર કરવો. ૭૫ ચૈતન્યનો જ બધે સંબંધ હોવાથી જે મનુષ્ય બધું સમાન–ચૈતન્યરૂપે જુએ છે, તે જ સાક્ષાત્ વિજ્ઞાની છે, તે જ શંકર છે, તે જ વિષ્ણુ છે અને તે જ બ્રહ્મા છે.૭૬ સદ્ગુરુની કૃપા વિના વિષયોનો ત્યાગ દુર્લભ છે, તત્ત્વ વસ્તુનું દર્શન દુર્લભ છે. અને સહજ–આત્મસ્વરૂપમય અવસ્થા પણ દુર્લભ છે. ૭૭ જેણે સર્વ કર્મો ત્યજી દીધાં હોય, તેવા યોગીમાં જ્ઞાનની શક્તિ ઉત્પન્ન થાય છે અને તેને આપોઆપ સહજાવસ્થા પ્રાપ્ત થાય છે. ૭૮ મનુષ્ય પોતાના આત્મસ્વરૂપમાં થોડું પણ અંતર જ્યારે જાણે છે, ત્યારે તેને સંસારનો ભય થાય છે, એમાં સંશય નથી. ૭૯ જ્ઞાનદૃષ્ટિવાળો પુરુષ સચ્ચિદાનંદ આત્મસ્વરૂપને સર્વ સ્થળે રહેલું જુએ છે; પણ અજ્ઞાનદૃષ્ટિ–મનુષ્ય પ્રકાશતા સૂર્યને જેમ આંધળો જોતો નથી, તેમ સર્વવ્યાપી આત્મતત્ત્વને જોઈ શકતો નથી જ; માટે પ્રજ્ઞાન એટલે ઉત્તમ જ્ઞાન એ જ બ્રહ્મ છે અને તેથી જ સત્ય તથા પ્રજ્ઞાનને બ્રહ્મનું લક્ષણ કહે છે; એમ બ્રહ્મના પૂર્ણ જ્ઞાનથી મનુષ્ય અમર થાય છે. ૮૦,૮૧ એ પરાત્પર–પરમાત્માનાં દર્શન થાય છે, ત્યારે આ જ્ઞાનીનાં હૃદયની ગાંઠ તૂટી જાય છે, સર્વ સંશયો કપાઈ જાય છે અને કર્મો નાશ પામે છે; ૮૨ માટે અનાત્મભાવનો ત્યાગ કરી જગતની સ્થિતિમાં તું નિર્વિકાર થા અને એકનિષ્ઠપણે અંતરમાં સ્થિતિ કરી માત્ર જ્ઞાનપરાયણ થા.

जलं सर्वं मरुभूमात्रमेव तत् । जगत्त्रयमिदं सर्वं चिन्मात्रं स्वविचारतः ॥८४॥ लक्ष्यालक्ष्यमतिं त्यक्त्वा यस्तिष्ठेत्केवलात्मना । शिव एव स्वयं साक्षादयं ब्रह्मविदुत्तमः ॥८५॥ अधिष्ठानमनौपम्यमवाङ्मनसगोचरम् । नित्यं विभुं सर्वगतं सुसूक्ष्मं च तदव्ययम् ॥८६॥ सर्वशक्तेर्महेशस्य विलासो हि मनो जगत् । संयमासंयमाभ्यां च संसारः शान्तिमन्वगात् ॥८७॥ मनोव्याधेश्चिकित्सार्थमुपायं कथयामि ते । यद्यत्स्वाभिमतं वस्तु तत्त्यजन्मोक्षमश्नुते ॥८८॥ स्वायत्तमेकान्तहितं स्वेप्सितत्यागवेदनम् । यस्य दुष्करतां यातं धिक्तं पुरुषकीटकम् ॥८९॥ स्वपौरुषैकसाध्येन स्वेप्सितत्यागरूपिणा । मनःप्रशममात्रेण विना नास्ति शुभा गतिः ॥९०॥ असंकल्पनशस्त्रेण छिन्नं चित्तमिदं यदा । सर्वं सर्वगतं शान्तं ब्रह्म संपद्यते तदा ॥९१॥ भवभावनया मुक्तो युक्तः परमया धिया । धारयात्मानमव्यग्रो ग्रस्तचित्तं चितः पदम् ॥९२॥ परं पौरुषमाश्रित्य नीत्वा चित्तमचित्तताम् । ध्यानतो हृदयाकाशे चिति चिच्चक्रधारया ॥९३॥ मनो मारय निःशङ्कं त्वां प्रबध्नन्ति नारयः ॥९४॥ अयं सोऽहमिदं तन्म एतावन्मात्रकं मनः । तदभावनमात्रेण दात्रेणेव विलीयते[1] ॥९५॥ छिन्नाभ्रमण्डलं व्योम्नि यथा शरदि धूयते । वातेन

જેમ નિર્જળ પ્રદેશમાં (ભ્રાંતિથી) દેખાતું પાણી નિર્જળ પ્રદેશરૂપ-જ છે, તેમ આત્મવિચારથી આ બધું યે ત્રણે જગત માત્ર ચૈતન્ય છે. ૮૩,૮૪ બ્રહ્મવેત્તાઓમાં ઉત્તમ જે પુરુષ લક્ષ્ય તથા અલક્ષ્યના વિચારોનો ત્યાગ કરી કેવળ આત્મરૂપે સ્થિતિ કરે છે, તે પોતે

१ विलूयते

સાક્ષાત્ શિવ જ છે; ૮૫ માટે સર્વના આશ્રયરૂપ, ઉપમારહિત વાણી તથા મનનો અવિષય નિત્ય, વ્યાપક, સર્વવ્યાપી, અતિ-સૂક્ષ્મ અને નિર્વિકાર તે આત્મસ્વરૂપનું જ ધ્યાન કરવું. ૮૬ મન એ જ જગત છે અને તે સર્વશક્તિમાન મહેશ્વરનો એક વિલાસ છે. મનનો સંયમ નહિ કરવાથી સંસાર છે, પણ તેનો સંયમ કરવાથી સંસાર શાંત થાય છે. ૮૭ મન એ એક રોગ છે; તેની ચિકિત્સા માટે હું ઉપાય કહું છું. જે જે વસ્તુ પોતાને ગમે, તેનો ત્યાગ કરનારો મોક્ષ પામે છે. ૮૮ આત્મવસ્તુનું જ્ઞાન પોતાને અધીન છે, કેવળ હિતકારી છે, પોતાને ઇચ્છિત વસ્તુ-ના ત્યાગથી અનુભવાય છે; છતાં જેને એ દુષ્કર લાગે છે, તેવા મનુષ્યરૂપ કીડાને ધિક્કાર હો. ૮૯ કેવળ પોતાના પુરુષાર્થથી જ સાધ્ય અને પોતાની ઇચ્છિત વસ્તુના ત્યાગરૂપ માત્ર મનના અત્યંત શમ વિના શુભ ગતિ નથી. ૯૦ અસંકલ્પરૂપ શસ્ત્રથી આ મન જ્યારે કપાઈ જાય છે, ત્યારે મનુષ્ય સર્વસ્વરૂપ, સર્વ-વ્યાપક અને શાંત બ્રહ્મ જ બની રહે છે. ૯૧ પરમ શ્રેષ્ઠ બુદ્ધિથી યુક્ત થઈ સંસારની ભાવનાથી તું મુક્ત થા; અને અવ્યગ્ર ચિત્તે આત્માને ચૈતન્યના પદમાં ધારણ કર; કેમ કે એ તારા ચિત્તને ગળી જશે. ૯૨ પરમ પુરુષાર્થનો આશ્રય કરી ચિત્તને તું અચિત્ત અવસ્થામાં લઈ જા; અને પછી ચૈતન્યમય હૃદયાકાશમાં ધ્યાન કરી એ ચૈતન્યરૂપ ચક્રની ધારથી નિઃશંકપણે મનને મારી નાખ, જેથી શત્રુઓ તને બાંધી ન શકે. ૯૩ 'આ તે છે અને આ હું છું,' આટલું જ માત્ર મન છે. એ મન માત્ર ભાવના નહિ કરવા રૂપ દાતરડાથી કપાઈ જાય છે. ૯૪ શરદઋતુના આકાશમાં વાયુરૂપી કાપનારે છિન્નભિન્ન કરેલું વાદળ જેમ વીખરાઈ જાય છે, તેમ હૃદયમાં સાધકે છેદી નાખેલું મન વીખરાઈ જાય

कल्पकेनैव तथान्तर्धूयते मनः ॥ ९६ ॥ कल्यान्तपवना वान्तु यान्तु चैकत्वमर्णवाः । तपन्तु[2] द्वादशादित्या नास्ति निर्मनसः क्षतिः ॥ ९७ ॥ असंकल्पनमात्रैकसाध्ये सकलसिद्धिदे । असंकल्पातिसाम्राज्ये तिष्ठावष्टब्धतत्पदः ॥ ९८ ॥ न हि चञ्चलताहीनं मनः क्वचन दृश्यते । चञ्चलत्वं मनोधर्मो वह्नेर्धर्मो यथोष्णता ॥ ९९ ॥ एषा हि चञ्चलास्पन्दशक्तिश्चित्तत्वसंस्थिता । तां विद्धि मानसीं शक्तिं जगदाडम्बरात्मिकाम् ॥१००॥ यत्तु चञ्चलताहीनं तन्मनोऽमृतमुच्यते । तदेव च तपः शास्त्रसिद्धान्ते मोक्ष उच्यते ॥ १०१ ॥ तस्य चञ्चलता यैषा त्वविद्या वासनात्मिका । वासनापरनाम्नीं तां विचारेण विनाशय ॥ १०२ ॥ पौरुषेण प्रयत्नेन यस्मिन्नेव पदे मनः । योज्यते तत्पदं प्राप्य निर्विकल्पो भवानघ ॥ १०३ ॥ अतः पौरुषमाश्रित्य चित्तमाक्रम्य चेतसा । विशोकं पदमालम्ब्य निरातङ्कः स्थिरो भव ॥ १०४ ॥ मन एव समर्थं हि मनसो दृढनिग्रहे । अराजकः समर्थः स्याद्राज्ञो निग्रहकर्मणि ॥ १०५ ॥ तृष्णाग्राहगृहीतानां संसारार्णवपातिनाम् । आवर्तैरुह्यमानानां दूरं स्वमन एव नौः ॥ १०६ ॥ मनसैव मनश्छित्त्वा पाशं परमबन्धनम् । भवादुत्तारयात्मानं नासावन्येन तार्यते ॥ १०७ ॥ या योदेति मनोनाम्नी वासना वासितान्तरा । तां तां परिहरेत्प्राज्ञस्त-

છે. ૯૫ પ્રલયકાળના વાયરા ભલે વાય, સમુદ્રો ભલે એક થઈ જાય અને બારે સૂર્યો ભલે તપે, પણ મનરહિત થયેલા

२ पतन्तु

મનુષ્યને કોઈ જાતની હાનિ થતી નથી. ૯૬ ચંચળતા વિનાનું મન કોઈ કાળે દેખાતું નથી; કેમ કે જેમ ઉષ્ણતા અગ્નિનો ધર્મ છે, તેમ ચંચળતા મનનો ધર્મ છે. ૯૭ આ ચંચળ સ્પંદન–શક્તિ ચિત્તપણારૂપે રહેલી છે; અને તે જ માનસી શક્તિ જગતના આડંબરરૂપે જણાય છે, એમ તારે જાણવું. ૯૮ સંકલ્પોનો અભાવ, એ મોટું સામ્રાજ્ય છે, તે માત્ર સંકલ્પોરહિત થવાથી જ સિદ્ધ થાય છે, તેમ જ સકળ સિદ્ધિઓને આપનાર છે; માટે સંકલ્પરહિતપણારૂપ પદનો આશ્રય કરી તે સામ્રાજ્યમાં તું સ્થિતિ કર. ૯૯,૧૦૦ ચંચળતા વિનાનું જે મન તે જ અમૃત કહેવાય છે, તે જ તપ છે અને તેને જ શાસ્ત્રોના સિદ્ધાંતમાં મોક્ષ કહે છે. ૧૦૧ મનની જે આ ચંચળતા છે, તે જ વાસનારૂપ અવિદ્યા છે અને તેનું જ બીજું નામ 'વાસના' છે; માટે વિચાર દ્વારા તે વાસનાનો નાશ કર. ૧૦૨ હે નિર્દોષ! પુરુષાર્થ અને પ્રયત્નથી જે પદમાં મન જોડાય છે. તે પદને પામીને તું વિકલ્પોરહિત થા. ૧૦૩ આથી પુરુષાર્થનો આશ્રય કરી ચિત્ત દ્વારા ચિત્તને દબાવી દઈ, શોકરહિત પદનો તું આશ્રય કર અને પછી નિર્ભય થઈ સ્થિર થા. ૧૦૪ મનનો દૃઢ નિગ્રહ કરવામાં મન જ સમર્થ છે. રાજાને વશ કરવામાં રાજા સિવાય કોઈ સમર્થ થાય? (ન જ થાય.) ૧૦૫ જેઓ સંસારરૂપ સમુદ્રમાં પડ્યા હોય, તૃષ્ણારૂપી ઝૂડથી પકડાયા હોય અને ઘૂમરીઓમાં દૂર સુધી ઘસડાઈ જતા હોય, તેઓને પોતાનું મન જ નૌકા છે. ૧૦૬ મન એ જ અત્યંત બંધકારક ફાંસો છે, તેને મનથી જ કાપી નાખી આત્માને સંસારમાંથી તું (પાર) ઉતાર; કેમ કે એ સિવાય બીજો કોઈ તેને તારશે નહિ. ૧૦૭ વાસનાનું જ બીજું નામ મન છે અને તે વાસનાએ જ અંતરમાં વાસ કર્યો છે; માટે જે જે વાસના ઉદય પામે, તેનો તેનો બુદ્ધિમાન મનુષ્યે

तोऽविद्याक्षयो भवेत् ॥१०८॥ भोगैकवासनां त्यक्त्वा त्यज त्वं भेदवासनाम्। भावाभावौ ततस्त्यक्त्वा निर्विकल्पः सुखी भव॥१०९॥ एष एव मनोनाशस्त्वविद्यानाश एव च। यत्तत्संवेद्यते किंचित्तत्रास्थापरिवर्जनम्॥ ११०॥ अनास्थैव हि निर्वाणं दुःखमास्थापरिग्रहः॥ १११॥ अविद्या विद्यमानैव नष्टप्रज्ञेषु दृश्यते। नाम्नैवाङ्गीकृताकारा सम्यक्प्रज्ञस्य सा कुतः॥ ११२॥ तावत्संसारभृगुषु स्वात्मना सह देहिनम्। आन्दोलयति नीरन्ध्रं दुःखकण्टकशालिषु॥११३॥ अविद्या यावदस्यास्तु नोत्पन्ना क्षयकारिणी। स्वयमात्मावलोकेच्छा मोहसंक्षयकारिणी॥११४॥ अस्या परं प्रपश्यन्त्याः स्वात्मनाशः प्रजायते। दृष्टे सर्वगते बोधे स्वयं ह्येषा विलीयते॥११५॥ इच्छामात्रमविद्येयं तन्नाशो मोक्ष उच्यते। स चासंकल्पमात्रेण सिद्धो भवति वै मुने॥११६॥ मनागपि मनोव्योम्नि वासनारजनीक्षये। कालिमा तनुतामेति चिदादित्यप्रकाशनात्॥११७॥ चैत्यानुपातरहितं सामान्येन च सर्वगम्। यच्चित्तत्त्वमनाख्येयं स आत्मा परमेश्वरः॥११८॥ सर्वं च खल्विदं ब्रह्म नित्यचिद्घनमक्षतम्। कल्पनान्या मनोनाम्नी विद्यते नहि काचन॥११९॥ न जायते न म्रियते किंचिदत्र जगत्त्रये। न च भावविकाराणां सत्ता क्वचन विद्यते॥१२०॥ केवलं केव-

ત્યાગ કરવો; કેમ કે તેથી અવિદ્યાનો નાશ થાય છે. ૧૦૮. કેવળ ભોગની વાસનાનો ત્યાગ કરી ભેદવાસનાનો તું ત્યાગ કર. પછી ભાવ તથા અભાવનો ત્યાગ કરી વિકલ્પરહિત થઈ સુખી થા. ૧૦૯ મનનો નાશ એ જ અવિદ્યાનો નાશ છે; અને જે જે

કંઈ અનુભવાય છે, તેમાં આસ્થા છોડી દેવી, એ જ મનનો નાશ છે. ૧૧૦ જણાતી વસ્તુઓ પર આસ્થા ન રાખવી, એ જ નિર્વાણ (મોક્ષ) છે અને આસ્થા રાખવી તે દુઃખ છે. ૧૧૧ જેઓની વિવેકબુદ્ધિ નાશ પામી હોય, તેઓમાં જ અવિદ્યા રહેલી દેખાય છે અને નામ વડે જ તેનો આકાર સ્વીકારાય છે; પરંતુ જેનામાં ઉત્તમ પ્રકારની વિવેકબુદ્ધિ હોય છે, તેઓમાં એ અવિદ્યા ક્યાંથી રહે? ૧૧૨ સંસાર એ પર્વતોનાં ઊંચાં શિખરો જેવો છે અને તેના પર કાંટા ભરચક ભર્યા છે. ત્યાં અવિદ્યા પોતાના સ્વરૂપથી આત્માને ત્યાં સુધી ભમાવે છે કે, જ્યાં સુધી તેનો નાશ કરનારી આત્મદર્શનની ઇચ્છા ઉત્પન્ન થઈ નથી; કેમ કે તે જ મોહનો વિનાશ કરનારી છે. ૧૧૩,૧૧૪ એ આત્મદર્શનની ઈચ્છા પરમાત્માનો સાક્ષાત્કાર કરાવે છે અને પછી પોતે પણ નાશ પામે છે; કેમ કે સર્વવ્યાપી જ્ઞાન દેખાયા પછી પોતાની મેળે જ એ લય પામે છે. ૧૧૫ માત્ર ઇચ્છા એ જ અવિદ્યા છે અને તેનો નાશ મોક્ષ કહેવાય છે. હે મુનિ! માત્ર સંકલ્પરહિત થવાથી તે મોક્ષ સિદ્ધ થાય છે. ૧૧૬ મનરૂપ આકાશમાં વાસનારૂપ રાત્રિનો નાશ થાય છે, ત્યારે થોડો પણ ચૈતન્યરૂપ સૂર્યનો પ્રકાશ થવાથી અંધકાર (અજ્ઞાન)ની કાળાશ ઓછી થાય છે.૧૧૭ વિષયો પાછળની દોડધામ વિનાનું અને સામાન્યપણે સર્વવ્યાપી બનેલું જે ચિત્ત, તેનું વર્ણન કરવું અશક્ય છે; કેમ કે તે જ પરમેશ્વર છે. ૧૧૮ આ બધું બ્રહ્મ જ છે અને તે નિત્ય, ચૈતન્યમય તથા અવિનાશી છે. તે સિવાયની બીજી માત્ર કલ્પના. છે, તેનું નામ જ મન છે અને તે સિવાય બીજું કંઈ છે જ નહિ. ૧૧૯ આ ત્રણે જગતમાં કોઈ જન્મતું નથી કે મરતું નથી, કેમ કે પદાર્થ કે વિકારોની ક્યાં ય હયાતી જ નથી.૧૨૦ કેવળ કૈવલ્યરૂપે પ્રકાશતું સર્વમાં સામાન્ય-

लाभासं सर्वसामान्यमक्षतम्। चैत्यानुपातरहितं चिन्मात्रमिह विद्यते ॥१२१॥ तस्मिन्नित्ये तते शुद्धे चिन्मात्रे निरुपद्रवे। शान्ते शमसमाभोगे निर्विकारे चिदात्मनि ॥१२२॥ यैषा स्वभावाभिमतं स्वयं संकल्प्य धावति। चिच्चैत्यं स्वयमम्लानं माननान्मन उच्यते। अतः संकल्पसिद्धेयं संकल्पेनैव नश्यति ॥१२३॥ नाहं ब्रह्मेति संकल्पात्सुदृढाद्बध्यते मनः। सर्वं ब्रह्मेति संकल्पात्सुदृढान्मुच्यते मनः ॥१२४॥ कृशोऽहं दुःखबद्धोऽहं हस्तपादादिमानहम्। इति भावानुरूपेण व्यवहारेण बध्यते ॥१२५॥ नाहं दुःखी न मे देहो बन्धः कोऽस्यात्मनि स्थितः। इति भावानुरूपेण व्यवहारेण मुच्यते ॥१२६॥ नाहं मांसं न चास्थीनि देहादन्यः परोऽस्म्यहम्। इति निश्चितवानन्तः क्षीणाविद्यो विमुच्यते ॥१२७॥ कल्पितेयमविद्येयमनात्मन्यात्मभावनात्। परं पौरुषमाश्रित्य यत्नात्परमया धिया। भोगेच्छां दूरतस्त्यक्त्वा निर्विकल्पः सुखी भव ॥१२८॥ मम पुत्रो मम धनमहं सोऽयमिदं मम। इतीयमिन्द्रजालेन वासनैव विवल्गति ॥१२९॥ मा भवाज्ञो भव ज्ञस्त्वं जहि संसारभावनाम्। अनात्मन्यात्मभावेन किमज्ञ इव रोदिषि ॥१३०॥ कस्तवायं जडो मूको देहो मांसमयोऽशुचिः। यदर्थं सुखदुःखाभ्यामवशः परिभूयसे ॥१३१॥ अहो नु चित्रं यत्सत्यं ब्रह्म तद्विस्मृतं नृणाम्। तिष्ठतस्तव कार्येषु मास्तु रागानुरञ्जना ॥१३२॥ अहो

પણે રહેલું અને વિષયો પાછળની દોડધામ વિનાનું માત્ર ચૈતન્ય જ આ જગતમાં છે.૧૨૧ એ ચિદાત્મા નિત્ય, વ્યાપક, શુદ્ધ, માત્ર ચૈતન્યરૂપ, ઉપદ્રવોરહિત, શાંત, સમર્થ, ભરપૂર

અને નિર્વિકાર છે; તેમાં આ અવિદ્યા પોતાના હાવભાવથી માન્ય કરેલા વિષયોને પોતે જ કલ્પી કાઢી દોડ્યા કરે છે; તે જ બધું વિષયાકાર માની બેસે છે, તેથી મન કહેવાય છે. ચૈતન્ય પોતે તો વિષયરૂપે કદી વિકાર પામતું જ નથી. આમ સંકલ્પોથી જ સિદ્ધ થયેલી આ અવિદ્યા સંકલ્પથી જ નાશ પામે છે. ૧૨૨,૧૨૩ 'હું બ્રહ્મ નથી' આવો સંકલ્પ સુદૃઢ થવાથી મન બંધાય છે; અને 'બધું બ્રહ્મ છે' આવો સંકલ્પ સુદૃઢ થવાથી મન મુક્ત થાય છે. ૧૨૪ 'હું દુર્બળ છું, દુઃખોથી બંધાયો છું, હાથ–પગ વગેરે અવયવોવાળો છું.' આવા ભાવને અનુસરી વ્યવહાર કરવાથી મનુષ્ય બંધાય છે.૧૨૫ પણ 'હું દુઃખી નથી, મને દેહ નથી, મારામાં બંધન કયું રહેલ છે? (કોઈ જ નથી.)' આવા ભાવને અનુસરી વ્યવહાર કરવાથી માણસ મુક્ત થાય છે.૧૨૬ 'હું માંસ નથી અને હાડકાં નથી; હું દેહથી જુદો છું અને હું સર્વથી પર છું'' આવા નિશ્ચયવાળો મનુષ્ય અંતરમાં નાશ પામેલી અવિદ્યાને લીધે મુક્ત થાય છે.૧૨૭ અનાત્મામાં આત્માની ભાવના થવાથી આ અવિદ્યા કલ્પિત જ છે; માટે કાળજીથી ઉત્તમ પુરુષાર્થનો આશ્રય કરી શ્રેષ્ઠ બુદ્ધિદ્વારા ભોગોની ઇચ્છાને દૂરથી ત્યજી દે અને વિકલ્પોથી રહિત થઈ સુખી થા.૧૨૮ 'મારો પુત્ર, મારું ધન, તે હું, આ હું અને આ મારું'' આવી ઇંદ્રજાળના રૂપમાં વાસના જ કૂદી રહી છે. ૧૨૯ માટે અજ્ઞાની ન થા, પણ જ્ઞાની થા. સંસારની ભાવના ત્યજી દે. અનાત્મામાં આત્મભાવ કરીને અજ્ઞાની પેઠે શું રડે છે?૧૩૦ જડ, મૂગો, માંસમય અને અપવિત્ર આ દેહ તારો કયાં છે, જેને માટે સુખ–દુઃખને વશ થઈ તું હેરાન થાય છે?૧૩૧ અહો! આશ્ચર્ય છે કે, જે સત્ય બ્રહ્મ છે, તેને લોકો વીસરી ગયા છે! તું પણ કામમાં પડી જઈને રાગથી રંગાઈ ન જા. ૧૩૨

नु चित्रं पद्मोत्थैर्बद्धास्तन्तुभिरद्रयः। अविद्यमाना या विद्या तया विश्वं खिलीकृतम् ॥१३३॥ इदं तद्वज्रतां यातं तृणमात्रं जगत्त्रयम् ॥ इत्युपनिषत् ॥

॥ इति चतुर्थोऽध्यायः ॥ ४ ॥

## पञ्चमोऽध्यायः

ऋभुः ॥ अथापरं प्रवक्ष्यामि शृणु तात यथायथम्[1]। अज्ञानभूः सप्तपदा ज्ञभूः सप्तपदैव हि ॥ १ ॥ पदान्तराण्यसंख्यानि प्रभवन्त्यन्यथैतयोः। स्वरूपावस्थितिर्मुक्तिस्तद्भ्रंशोऽहंत्ववेदनम् ॥२॥ शुद्धसन्मात्रसंवित्तेः स्वरूपान्न चलन्ति ये। रागद्वेषादयो भावास्तेषां नाज्ञत्वसंभवः ॥ ३ ॥ यः स्वरूपपरिभ्रंशश्चेत्यार्थे चितिमज्जनम्। एतस्मादपरो मोहो न भूतो न भविष्यति ॥ ४ ॥ अर्थादर्थान्तरं चित्ते याति मध्ये तु या स्थितिः। सा ध्वस्तमननाकारा स्वरूपस्थितिरुच्यते ॥ ५ ॥ संशान्तसर्वसंकल्पा या शिलावदवस्थितिः। जाग्रन्निद्राविनिर्मुक्ता सा स्वरूपस्थितिः परा ॥६॥ अहन्तांशे क्षते शान्तेऽभेदनिष्पन्दचित्तता। अजडा या प्रचलति तत्स्वरूपमितीरितम् ॥७॥ बीजं जाग्रत्तथा जाग्रन्महाजाग्रत्तथैव च। जाग्रत्स्वप्नस्तथा स्वप्नः स्वप्नजाग्रत्सुषुप्तिकम् ॥ ८ ॥ इति सप्तविधो मोहः पुनरेष परस्परम्।

અહો! આશ્ચર્ય છે કે કમળના તાંતણાઓથી પર્વતો બંધાઈ ગયા છે! અવિદ્યા એ કોઈ વસ્તુ જ નથી, છતાં તેણે જગતને થંભાવી દીધું છે! ખરી રીતે ત્રણે જગત માત્ર તણખલાં જેવું

---

1 यथातथम्

નિઃસાર–તુચ્છ જ છે, છતાં તે વજ્ર જેવું બન્યું છે. (એ આશ્ચર્ય છે!) ૧૩૩ એ પ્રમાણે આ ઉપનિષદ ઉપદેશે છે.'

અધ્યાય ચોથો સમાપ્ત

## પાંચમો અધ્યાય

ઋભુ બોલ્યા : 'હે તાત! વળી બીજું હું તને કહું છું, બરાબર સાંભળ. અજ્ઞાનની ભૂમિ સાત સ્થાનોવાળી છે અને જ્ઞાનભૂમિ પણ સાત સ્થાનોવાળી છે. ૧ જો કે એ સિવાય બીજાં પણ તેઓનાં અસંખ્ય સ્થાનો છે. (પણ મુખ્ય સાત છે.) સ્વરૂપમાં સ્થિતિ કરવી તે મુક્તિ છે; અને અહંભાવનો અનુભવ કરવો તે મુક્તિથી ભ્રષ્ટતા છે. ૨ માત્ર શુદ્ધ સત્ વસ્તુનું સમ્યક્ જ્ઞાન થવું, તે જ સ્વરૂપાવસ્થાન છે; તેથી જેઓ ડગતા નથી, તેઓને રાગ–દ્વેષાદિ ભાવો થતા નથી, એટલે અજ્ઞાનીપણાનો સંભવ જ નથી. ૩ સ્વરૂપાવસ્થાનથી જે ભ્રષ્ટ થવું અને, જણાતા વિષયોમાં ચૈતન્યનું ડૂબી જવું–આ સિવાય બીજો મોહ હોતો નથી, અને હશે નહિ. ૪ એક વિષયથી બીજા વિષયમાં ચિત્ત જાય, ત્યારે વચ્ચેની જે નાશ પામેલા સંકલ્પોવાળી સ્થિતિ, તે સ્વરૂપસ્થિતિ કહેવાય છે. ૫ સર્વ સંકલ્પો જેમાં શાંત થયા હોય, શિલા જેવી સ્થિતિ હોય અને જાગ્રત તથા નિદ્રા બન્નેથી જે રહિત હોય તે ઉત્કૃષ્ટ સ્વરૂપસ્થિતિ છે. ૬ અહંપણાનો અંશ નાશ પામે, શાંતસ્વરૂપમાં અભેદભાવે ચિત્ત સ્થિર બને અને ચૈતન્યસ્વરૂપે જે ખૂબ ચાલ્યા કરે, તેને 'સ્વરૂપ' કહ્યું છે. ૭ બીજજાગ્રત, જાગ્રત, મહાજાગ્રત, જાગ્રત્સ્વપ્ન, સ્વપ્ન, સ્વપ્નજાગ્રત અને સુષુપ્તિ–આ સાત પ્રકારનો મોહ છે, તે જ પરસ્પર મળી જાય છે, ત્યારે 'અનેકાગ્ર્ય' કહેવાય છે. હવે તે સાતેનું લક્ષણ સાંભળ.

श्लिष्टो भवत्यनेकाऽयं शृणु लक्षणमस्य तु ॥ ९ ॥ प्रथमं चेतनं यत्स्यादनाख्यं निर्मलं चितः । भविष्यच्चित्तजीवादिनामशब्दार्थभाजनम् ॥ १० ॥ बीजरूपस्थितं जाग्रद्बीजजाग्रत्तदुच्यते । एषाज्ञप्तेर्नवावस्था त्वं जाग्रत्संस्थितिं शृणु ॥ ११ ॥ नवप्रसूतस्य परादयं चाहमिदं मम । इति यः प्रत्ययः स्वस्थस्तज्जाग्रत्प्रागभावनात् ॥१२॥ अयं सोऽहमिदं तन्म इति जन्मान्तरोदितः । पीवरः प्रत्ययः प्रोक्तो महाजाग्रदिति स्फुटम् ॥ १३ ॥ अरूढमथवा रूढं सर्वथा तन्मयात्मकम् । यज्जाग्रतो मनोराज्यं यज्जाग्रत्स्वप्न उच्यते ॥ १४ ॥ द्विचन्द्रशुक्तिकारूप्यमृगतृष्णादिभेदतः । अभ्यासं प्राप्य जाग्रत्तत्स्वप्नो नानाविधो भवेत् ॥ १५ ॥ अल्पकालं मया दृष्टमेतन्नोदेति यत्र हि । परामर्शः प्रबुद्धस्य स स्वप्न इति कथ्यते ॥ १६ ॥ चिरं संदर्शनाभावादप्रफुल्लं बृहद्वचः । चिरकालानुवृत्तिस्तु स्वप्नो जाग्रदिवोदितः ॥ १७ ॥ स्वप्नजाग्रदिति प्रोक्तं जाग्रत्यपि परिस्फुरत् । षडवस्थापरित्यागो जडा जीवस्य या स्थितिः ॥ १८ ॥ भविष्यद्दुःखबोधाढ्या सौषुप्तिः सोच्यते गतिः । जगत्तस्यामवस्थायामन्तस्तमसि लीयते ॥ १९ ॥ सप्तावस्था इमाः प्रोक्ता मयाऽज्ञानस्य वै द्विज । एकैका शतसंख्यात्र नानाविभवरूपिणी ॥ २० ॥ इमां सप्तपदां ज्ञानभूमिमाकर्णयानघ । नानया ज्ञातया भूयो मोहपङ्के निमज्जति ॥ २१ ॥ वदन्ति बहुभेदेन वादिनो योगभूमिकाः । मम त्वभि-

૮,૯ પ્રથમ તો નિર્મળ ચેતન જ હોય છે, જેને કહેવું અશક્ય છે; એ ચેતનમાંથી ભવિષ્યમાં ચિત્ત–જીવ આદિ નામો તથા શબ્દાદિ વિષયોનું જે પાત્ર બને છે, તે જ બીજરૂપે રહેલી 'બીજ-

જાગ્રત ' અવસ્થા કહેવાય છે. આ અજ્ઞાનની નવી અવસ્થા કહી; હવે જાગ્રત સ્થિતિને તું સાંભળ. ૧૦,૧૧ નવા જન્મેલા તે અજ્ઞાનની પાછળ 'આ હું, આ મારું' એવો જે અનુભવ થાય છે, તે જાગ્રત અવસ્થા કહેવાય છે. ખરી રીતે તે પૂર્વે ન હતો, તેથી આત્મસ્વરૂપમાં જ રહેલો છે. ૧૨ 'તે આ હું, તે આ મારું' એવો જન્માંતરનો પ્રકટેલો જે પુષ્ટ અનુભવ, તે સ્ફુટ 'મહાજાગ્રત' કહેવાય છે. ૧૩ રૂઢ ન હોય અથવા રૂઢ હોય, છતાં સર્વથા તન્મયં સ્વરૂપવાળું જાગ્રત અવસ્થાનું જે મનોરાજ્ય, તે 'જાગ્રતસ્વપ્ન' કહેવાય છે. ૧૪ બે ચંદ્ર, છીપમાં રૂપું, ઝાંઝવાનું જળ વગેરે ભેદોથી અભ્યાસ પામીને તે જાગ્રત્સ્વપ્ન અનેક પ્રકારનું થાય છે. ૧૫ 'નિદ્રામાં અમુક વસ્તુ અલ્પકાળ મેં જોઈ હતી તે હાલમાં જણાતી નથી;' એમ જાગેલાને જે અનુભવ થાય છે, તે 'સ્વપ્ન' કહેવાય છે. ૧૬ લાંબો કાળ જેનું દર્શન હોય નહિ, તેથી જે અપ્રફુલ્લ હોય, છતાં મોટા વચનરૂપે થઈ જેનું અનુસરણ લાંબાકાળ સુધી હોય, તે સ્વપ્ન જાગ્રત જેવું કહેવાય છે; અને જાગ્રત અવસ્થામાં પણ તે સ્ફુર્યાં કરે છે, માટે તેને 'સ્વપ્નજાગ્રત' કહ્યું છે. આ છયે અવસ્થાઓનો જેમાં ત્યાગ હોય છે, તેવી જડ જેવી જીવતી સ્થિતિ 'સુષુપ્તિ' કહેવાય છે. તેમાં ભવિષ્યકાળે જ દુઃખનું જ્ઞાન હોય છે; કેમ કે તે સ્થિતિમાં જગત અજ્ઞાન વિષે લય પામે છે. ૧૭–૧૯ હે બ્રાહ્મણ! અજ્ઞાનની આ સાત અવસ્થાઓ મેં તને કહી. તે એક એક સેંકડોની સંખ્યાવાળી હોય છે અને તેમાં અનેક જાતનાં સાંસારિક સ્વરૂપો હોય છે. ૨૦ હે નિર્દોષ! હવે સાત સ્થાનોવાળી આ જ્ઞાનભૂમિ તું સાંભળ. એને જાણ્યા પછી મનુષ્ય મોહરૂપી કાદવમાં ખૂંપી જતો નથી. ૨૧ બીજા વાદીઓ અનેક જાતની યોગભૂમિકાઓ કહે છે; પણ મને તો આ સાત જ માન્ય છે,

मता नूनमिमा एव शुभप्रदाः ॥ २२ ॥ अवबोधं विदुर्ज्ञानं[1] तदिदं साप्तभूमिकम् । मुक्तिस्तु ज्ञेयमित्युक्ता भूमिकासप्तकात्परम् ॥ २३ ॥ ज्ञानभूमिः शुभेच्छाख्या प्रथमा समुदाहृता । विचारणा द्वितीया तु तृतीया तनुमानसी ॥ २४ ॥ सत्त्वापत्तिश्चतुर्थी स्यात्ततोऽसंसक्तिनामिका । पदार्थभावना षष्ठी सप्तमी तुर्यगा स्मृता ॥ २५ ॥ आसामन्तःस्थिता मुक्तिर्यस्यां भूयो न शोचति । एतासां भूमिकानां त्वमिदं निर्वचनं शृणु ॥ २६ ॥ स्थितः किं मूढ एवास्मि प्रेक्ष्येऽहं शास्त्रसज्जनैः । वैराग्यपूर्वमिच्छेति शुभेच्छेत्युच्यते बुधैः ॥ २७ ॥ शास्त्रसज्जनसंपर्कवैराग्याभ्यासपूर्वकम् । सदाचारप्रवृत्तिर्या प्रोच्यते सा विचारणा ॥ २८ ॥ विचारणाशुभेच्छाभ्यामिन्द्रियार्थेषु रक्तता । यत्र सा तनुतामेति प्रोच्यते तनुमानसी ॥ २९ ॥ भूमिकात्रितयाभ्यासाच्चित्ते तु विरतेर्वशात् । सत्त्वात्मनि स्थिते शुद्धे सत्त्वापत्तिरुदाहृता ॥ ३० ॥ दशाचतुष्टयाभ्यासादसंसर्गकला तु या । रूढसत्त्वचमत्कारा प्रोक्ताऽसंसक्तिनामिका ॥ ३१ ॥ भूमिकापञ्चकाभ्यासात्स्वात्मारामतया दृढम् । आभ्यन्तराणां बाह्यानां पदार्थानामभावनात् ॥ ३२ ॥ परप्रयुक्तेन चिरं प्रयत्नेनावबोधनम् । पदार्थाभावना नाम षष्ठी भवति भूमिका ॥ ३३ ॥ भूमिषट्कचिराभ्यासाद्भेदस्यानुपलम्भनात् । यत्स्वभावैकनिष्ठत्वं सा ज्ञेया तुर्यगा गतिः ॥ ३४ एषा हि जीवन्मुक्तेषु तुर्यावस्थेति विद्यते । विदेहमुक्तिविषयं तुर्या-

કેમ કે તે કલ્યાણદાયક છે. ૨૨ જ્ઞાનને જ ‘અવબોધ’ કહે છે. આની સાત ભૂમિઓ છે. જે જ્ઞેય કહેવાય છે, તેને જ ‘મુક્તિ’

१ हि दुर्ज्ञानम्

કહે છે. એ મુક્તિ જ્ઞાનની સાત ભૂમિકાઓ પછી પ્રાપ્ત થાય છે. ૨૩ પહેલી જ્ઞાનભૂમિ 'શુભેચ્છા' નામની કહી છે. બીજી વિચારણા,' ત્રીજી 'તનુ માનસી', ચોથી 'સત્ત્વાપત્તિ', પાંચમી 'અસંસક્તિ' નામની, છઠ્ઠી 'પદાર્થાભાવના' અને સાતમી 'તુર્યગા' કહી છે. ૨૪,૨૫ આ ભૂમિકાઓની અંદર મુક્તિ રહી છે, જેમાં પ્રાણી ફરી શોક કરતો નથી. હવે આ ભૂમિકાઓની વ્યાખ્યા તું સાંભળ. ૨૬ 'હું મૂઢ જ કેમ રહ્યો? શાસ્ત્રો ને સજ્જનો મને જોયા કરે છે!' એમ વૈરાગ્યપૂર્વકની જે ઇચ્છા, તેને વિદ્વાનો 'શુભેચ્છા' કહે છે. ૨૭ શાસ્ત્રો અને સજ્જનોના સંબંધથી વૈરાગ્ય થાય અને તેના અભ્યાસપૂર્વક સદાચારમાં જે પ્રવૃત્તિ થાય, તેને 'વિચારણા' કહે છે. ૨૮ ઇંદ્રિયોના વિષયો ઉપર જે રાગ હોય, તે ઉપર જણાવેલી વિચારણા તથા શુભેચ્છાના યોગથી જેમાં પાતળો પડી જાય તેને 'તનુમાનસી' કહે છે. ૨૯ આ ત્રણ ભૂમિકાઓના અભ્યાસથી ચિત્તમાં વૈરાગ્ય થાય અને તેને લીધે શુદ્ધ સત્ત્વગુણવાળા આત્મામાં તે સ્થિર થાય, તેને 'સત્ત્વાપત્તિ' કહે છે. ૩૦ આ ચાર દશાઓના અભ્યાસથી જેમાં સંસર્ગવાળી સ્થિતિ ન રહે અને સત્ત્વગુણનો ચમત્કાર રૂઢ બન્યો હોય, તે 'અસંસક્તિ' નામે કહેવાય છે. ૩૧ આ પાંચ ભૂમિકાઓના અભ્યાસથી પોતાના આત્મામાં દૃઢ રમણ થાય અને અંદરના કે બહારના પદાર્થો જણાય જ નહિ; તેથી બીજાઓ લાંબા કાળ સુધી પ્રયત્ન કરે, ત્યારે જ પદાર્થો જણાય, તે 'પદાર્થાભાવના' નામની છઠ્ઠી ભૂમિકા છે. ૩૨,૩૩ આ છ ભૂમિકાઓના લાંબા અભ્યાસથી ભેદ જણાય નહિ, અને તેથી આત્મસ્વરૂપમાં એકનિષ્ઠપણું પ્રાપ્ત થાય, તે 'તુર્યગા' ભૂમિકા જાણવી. ૩૪ આ જ જીવન્મુક્ત પુરુષોમાં 'તુરીયાવસ્થા' તરીકે અનુભવાય છે. 'તુરીયાતીત' દશા તો વિદેહ-

तीतमतः परम् ॥३५॥ ये निदाघ महाभागाः सप्तमीं भूमिमाश्रिताः। आत्मारामा महात्मानस्ते महत्पदमागताः ॥३६॥ जीवन्मुक्ता न मज्जन्ति सुखदुःखरसस्थिते। प्रकृतेनाथ कार्येण किंचित्कुर्वन्ति वा न वा ॥३७॥ पार्श्वस्थबोधिताः सन्तः पूर्वाचारक्रमागतम्। आचारमाचरन्त्येव सुप्तबुद्धवदुत्थिताः ॥३८॥ भूमिकासप्तकं चैतद्धीमतामेव गोचरम्। प्राप्य ज्ञानदशामेतां पशुम्लेच्छादयोऽपि ये ॥३९॥ सदेहा वाप्यदेहा वा ते मुक्ता नात्र संशयः। ज्ञप्तिर्हि ग्रन्थिविच्छेदस्तस्मिन्सति विमुक्तता ॥४०॥ मृगतृष्णाम्बुबुद्ध्यादिशान्तिमात्रात्मकस्त्वसौ। ये तु मोहार्णवात्तीर्णास्तैः प्राप्तं परमं पदम् ॥४१॥ ते स्थिता भूमिकास्वासु स्वात्मलाभपरायणाः। मनःप्रशमनोपायो योग इत्यभिधीयते॥४२॥ सप्तभूमिः स विज्ञेयः कथितास्ताश्च भूमिकाः। एतासां भूमिकानां तु गम्यं ब्रह्माभिधं पदम् ॥४३॥ त्वत्ताहन्तात्मता यत्र परता नास्ति काचन। न क्वचिद्भावकलना न भावाभावगोचरा ॥४४॥ सर्वं शान्तं निरालम्बं व्योमस्थं शाश्वतं शिवम्। अनामयमनाभासमनामकमकारणम् ॥४५॥ न सन्नासन्न मध्यान्तं न सर्वं सर्वमेव च। मनोवचोभिरग्राह्यं पूर्णात्पूर्णं सुखात्सुखम् ॥४६॥ असंवेदनमाशान्तमात्मवेदनमाततम्। सत्ता सर्वपदार्थानां नान्या संवेदनादृते ॥४७॥ संबन्धे द्रष्टृदृश्यानां मध्ये दृष्टिर्हि यद्वपुः। द्रष्टृदर्शनदृश्यादिवर्जितं

મુક્તિ સાથે સંબંધવાળી છે; એ હવે પછી. ૩૫ હે નિદાઘ! જે મહાભાગો સાતમી ભૂમિકાએ પહોંચી આત્મામાં રમતા હોય, તેઓ મહાન પદને પહોંચી ગયા છે. ૩૬ એવા જીવન્મુક્તો સુખદુઃખના રસવાળી સ્થિતિમાં ડૂબતા નથી; પ્રકૃતિનાં કોઈ

કાર્યને અનુસરી કંઈક કરે છે અથવા નથી પણ કરતા. ૩૭ પાસેના લોકો જણાવે છે, ત્યારે પ્રથમના આચરણના ક્રમે ચાલતો આચાર તેઓ આચરે છે; અને જાણે ઊંઘીને ઊઠયા હોય તેવા જણાય છે. ૩૮ આ સાત ભૂમિકાઓ કેવળ બુદ્ધિમાનોના જ વિષયરૂપ છે. આ જ્ઞાનદશાને પામી પશુઓ તથા મ્લેચ્છો પણ સદેહે અથવા વિદેહે મુક્તિને પામ્યા છે, એમાં સંશય નથી. જ્ઞાન એટલે મોહની ગાંઠ તૂટી જાય તે. આ જ્ઞાન થતાં મુક્ત સ્થિતિ પ્રાપ્ત થાય છે. મોહની ગાંઠ છૂટી જવી, એટલે ઝાંઝવાના જળમાં પાણીની બુદ્ધિ જેમ શમી જાય, તેમ સંસાર ઉપરની અહંતા–મમતા છૂટી જાય; અને જેઓ મોહરૂપી સમુદ્રને તરી ગયા છે, તેઓએ પરમ પદ પ્રાપ્ત કર્યું જ છે.૩૯–૪૧ તેવા પુરુષો જ સ્વાત્મલાભમાં પરાયણ બની આ ભૂમિકાઓ પર આરૂઢ થયા હોય છે. મનને શાંત કરવાનો જે ઉપાય તે 'યોગ' કહેવાય છે અને તે આ સાત ભૂમિકાઓરૂપ જ છે; માટે આ સાત ભૂમિકાઓ અહીં કહી છે. આ ભૂમિકાઓથી બ્રહ્મ નામનું પદ પ્રાપ્ત કરાય છે. ૪૨,૪૩ જેમાં તુંપણું, હુંપણું કે પરપણું નથી; પદાર્થોનું ક્યાંય જ્ઞાન નથી; ભાવ કે અભાવનો જે વિષય નથી; બધું શાંત, નિરાધાર, આકાશમાં રહેલું અને સનાતન કલ્યાણ જ હોય છે, તેવું નિર્દોષ, આભાસ વિનાનું, નામરહિત અને કારણ વિનાનું બ્રહ્મ છે. ૪૪,૪૫ તે સત્ નથી, અસત નથી, મધ્ય નથી, અંત નથી, સર્વ નથી અને સર્વસ્વરૂપ જ છે; મન તથા વચન વડે તેને ગ્રહણ કરી શકાતું નથી અને પૂર્ણથી પૂર્ણ તથા સુખથી પણ સુખ છે. ૪૬ તેનો સમ્યક્ અનુભવ થતો નથી, ચારે બાજુ તે શાંત છે, આત્માના અનુભવરૂપ છે, ચારે બાજુ ફેલાયેલ છે, સર્વ પદાર્થોની સત્તારૂપ છે અને શ્રેષ્ઠ જ્ઞાન સિવાય બીજું કંઈ જ નથી. ૪૭ દ્રષ્ટા અને દશ્યોના સંબંધમાં

तदिदं पदम् ॥४८॥ देशाद्देशं गते चित्ते मध्ये यच्चेतसो वपुः। अजाड्यसंविन्मननं तन्मयो भव सर्वदा ॥४९॥ अजाग्रत्स्वप्न-निद्रस्य यत्ते रूपं सनातनम्। अचेतनं चाजडं च तन्मयो भव सर्वदा ॥५०॥ जडतां वर्जयित्वैकां शिलाया हृदयं हि तत्। अमनस्कस्वरूपं यत्तन्मयो भव सर्वदा। चित्तं दूरे परित्यज्य योऽसि सोऽसि स्थिरो भव ॥५१॥ पूर्वं मनः समुदितं परमात्मतत्त्वा-त्तेनाततं जगदिदं सविकल्पजालम्। शून्येन शून्यमपि विप्र यथाम्बरेण नीलत्वमुल्लसति चारुतराभिधानम् ॥५२॥ संकल्पसंक्षयवशाद्गलिते तु चित्ते संसारमोहमिहिका गलिता भवन्ति। स्वच्छं विभाति शरदीव खमागतायां चिन्मात्रमेकमजमाद्यमनन्तमन्तः ॥५३॥ अकर्तृकमरङ्गं च गगने चित्रमुत्थितम्। अद्रष्टृकं स्वानुभवमनिद्रस्वप्नदर्शनम् ॥५४॥ साक्षिभूते समे स्वच्छे निर्विकल्पे चिदात्मनि। निरिच्छं प्रतिबिम्बन्ति जगन्ति मुकुरे यथा ॥५५॥ एकं ब्रह्म चिदाकाशं सर्वात्मकमखण्डितम्। इति भावय यत्नेन चेतश्चाञ्चल्यशान्तये ॥५६॥ रेखोपरेखावलिता यथैका पीवरी शिला। तथा त्रैलोक्यवलितं ब्रह्मैकमिह दृश्यताम् ॥५७॥ द्वितीयकारणाभावादनुत्पन्नमिदं जगत्। ज्ञातं ज्ञातव्यमधुना दृष्टं द्रष्टव्यमद्भुतम् ॥५८॥ विश्रान्तोऽस्मि चिरं श्रान्तश्चिन्मात्रान्नास्ति किंचन। पश्य विश्रान्तसंदेहं विगता

વચ્ચે જે દૃષ્ટિ છે, તે જ એનું શરીર છે; એ જ દ્રષ્ટા, દર્શન તથા દૃશ્ય આદિથી રહિત પદ છે. ૪૮ ચિત્ત એક દેશમાંથી બીજા દેશમાં ગયું હોય ત્યારે વચ્ચે ચિત્તનું જે શરીર છે; તે જડતારહિત જ્ઞાન તથા મનનરૂપ હોય છે; તેમય તું સર્વદા

થા. ૪૯ જાગ્રત, સ્વપ્ન તથા સુષુપ્તિરહિત જે સનાતન તારું રૂપ છે, તે ચેતન નથી અને જડ પણ નથી; તેમય તું સર્વદા થા. ૫૦ કેવળ જડતાને છોડીને તે શિલાનું જ હૃદય છે; વળી જે મનરહિત સ્વરૂપ છે, તેમય તું સર્વદા થા. ચિત્તને દૂર ત્યજી જે તું છે, તે જ તું છે. માટે તે સ્વરૂપે તું સ્થિર થા. ૫૧ પરમાત્મારૂપ તત્ત્વમાંથી પ્રથમ મન પ્રગટ્યું છે અને તેણે જ વિકલ્પોનાં જાળાંઓ સહિત આ જગત ફેલાવ્યું છે. હે બ્રાહ્મણ! આકાશમાંથી જેમ અતિસુંદર નામવાળો વાદળી રંગ પ્રકાશે છે, તેમ શૂન્યમાંથી પણ શૂન્ય પ્રકાશે છે. ૫૨ સંકલ્પોના નાશને લીધે ચિત્ત જ્યારે ગળી જાય છે, ત્યારે સંસારરૂપ મોહની ઝાકળ પણ ગળી જાય છે. પછી જેમ શરદઋતુ આવી હોય ત્યારે આકાશ સ્વચ્છ પ્રકાશે છે, તેમ અંતરમાં જન્મરહિત અને આદિ–અંત વિનાનું એક માત્ર ચૈતન્ય જ પ્રકાશે છે. ૫૩ જેમ આકાશમાં કર્તા અને રંગો વિના ચિત્ર ઉત્પન્ન થાય, તેવું આ જગત છે; મૂળ તત્ત્વ તો દ્રષ્ટા વિનાનું અને નિદ્રા કે સ્વપ્નદર્શનરહિત સ્વાનુભવરૂપ જ છે. ૫૪ ચિદાત્મા સાક્ષીરૂપ, સમાન સ્થિતિવાળો અને વિકલ્પોરહિત જ છે; તેમાં કોઈની ઇચ્છા વિના દર્પણમાં જેમ પ્રતિબિંબ પડે છે, તેમ આ જગતરૂપ પ્રતિબિંબો પડે છે; ૫૫ માટે ચિત્તની ચંચળતાને શાંત કરવા સારુ 'ચિદાકાશ બ્રહ્મ જ એક વસ્તુ છે અને તે, સર્વનો આત્મા તથા અખંડિત છે' એમ તું કાળજીથી વિચાર્યા કર. ૫૬ જેમ એક જાડી શિલા રેખાઓ તથા ઉપરેખાઓના રૂપે વીંટાયેલી હોય છે, તેમ એક બ્રહ્મ જ ત્રૈલોક્યરૂપે વીંટાયેલું (અને બધે વ્યાપ્ત) છે, એમ બધે જો. ૫૭ બ્રહ્મ વિના બીજું કોઈ કારણ છે જ નહિ, તેથી આ જગત ઉત્પન્ન જ થયું નથી. એમ જાણવાનું હવે જાણ્યું છે અને અદ્ભુત જોવાનું જોયું છે. ૫૮ લાંબા કાળથી થાકેલો હું વિશ્રાંતિ

शेषकौतुकम् ॥५९॥ निरस्तकल्पनाजालमचित्तत्वं परं पदम् । त एव भूमतां प्राप्ताः संशान्ताशेषकिल्बिषाः ॥६०॥ महाधियः शान्तधियो ये याता विमनस्कताम् । जन्तोः कृतविचारस्य विगलद्वृत्तिचेतसः ॥६१॥ मननं त्यजतो नित्यं किंचित्परिणतं मनः । दृश्यं संत्यजतो हेयमुपादेयमुपेयुषः ॥६२॥ द्रष्टारं पश्यतो नित्यमद्रष्टारमपश्यतः । विज्ञातव्ये परे तत्त्वे जागरूकस्य जीवतः ॥६३॥ सुप्तस्य घनसंमोहमये संसारवर्त्मनि । अत्यन्तपक्ववैराग्यादरसेषु रसेष्वपि ॥६४॥ संसारवासनाजाले खगजाल इवाधुना । त्रोटिते हृदयग्रन्थौ श्लथे वैराग्यरंहसा ॥६५॥ कातकं फलमासाद्य यथा वारि प्रसीदति । तथा विज्ञानवशतः स्वभावः संप्रसीदति ॥६६॥ नीरागं निरुपासङ्गं निर्द्वन्द्वं निरुपाश्रयम् विनिर्याति मनो मोहाद्विहङ्गः पञ्जरादिव ॥६७॥ शान्तसंदेहदौरात्म्यं गतकौतुकविभ्रमम् । परिपूर्णान्तरं चेतः पूर्णेन्दुरिव राजते ॥६८॥ नाहं न चान्यदस्तीह ब्रह्मैवास्मि निरामयम् । इत्थं सदसतोर्मध्याद्यः[1] पश्यति स पश्यति ॥६९॥ अयत्नोपनतेष्वक्षिदृग्दृश्येषु यथा मनः । नीरागमेव पतति तद्वत्कार्येषु धीरधीः ॥७०॥ परिज्ञायोपभुक्तो हि भोगो भवति तुष्टये । विज्ञाय सेवितश्चोरो मैत्रीमेति न चोर-

પામ્યો છું; કેમ કે માત્ર ચૈતન્ય વિના બીજું કંઈ છે જ નહિ, એમ સંદેહો રોકીને તેમ જ બધાં કૌતુકો દૂર કરીને તું જો. ૫૯ કલ્પનાઓનાં જાળાં જેમાંથી દૂર થયાં છે, એવી ચિત્તરહિત

---

१ मध्ये यः ।

સ્થિતિ તે જ પરમ પદ છે અને કલ્પનાઓરૂપી પાપ જેઓનાં સંપૂર્ણ શાંત થયાં હોય છે, તેઓ જ એ પરમ પદને પામે છે. ૬૦ જેઓ મનરહિત સ્થિતિને પામ્યા હોય છે, તેઓ જ મહા બુદ્ધિમાન અને શાંત બુદ્ધિવાળા હોય છે. જે પ્રાણી વિચારો કર્યા કરે, જે વૃત્તિરહિત ચિત્તવાળો હોય, નિત્ય મનનનો ત્યાગ કરે, જેનું મન કંઈક પરિપક્વ થયું હોય, ત્યાગ કરવા યોગ્ય દૃશ્યનો જે ત્યાગ કરે, ગ્રહણ કરવા યોગ્યને ગ્રહણ કરે, દ્રષ્ટાને નિત્ય જુએ, અદ્રષ્ટાને ન જુએ, જાણવા યોગ્ય પરમ તત્ત્વ માટે જાગ્રત રહીને જીવે, ઘાટા મોહમય સંસારમાર્ગમાં ઊંઘતો રહે, અત્યંત પરિપક્વ વૈરાગ્યને લીધે રસો પણ રસ વિનાના થઈ જાય, સંસારની વાસનાઓનો સમૂહ પક્ષીની જાળની પેઠે તૂટી જાય અને વૈરાગ્યના વેગથી હૃદયની ગાંઠ તુરત જ ઢીલી થઈ જાય, એટલે જેમ પાણી નિર્મળીના ફળને પામી નિર્મળ થાય છે, તેમ વિજ્ઞાનના વશથી આત્મા અત્યંત પ્રસન્ન (નિર્મળ) થાય છે. ૬૧–૬૬ પછી રાગરહિત, સંગવિનાનું, દ્વંદ્વો-રહિત અને આશ્રયવિનાનું થયેલું મન, પક્ષી જેમ પાંજરા-માંથી નીકળી જાય, તેમ મોહમાંથી નીકળી જાય છે. ૬૭ એમ સંદેહરૂપ દુષ્ટ સ્વભાવ શાંત થતાં અને કૌતુકની ભ્રમણાઓ ભાંગી પડતાં પરિપૂર્ણ અંતરવાળું ચિત્ત, પૂર્ણ ચંદ્રની પેઠે પ્રકાશે છે. ૬૮ આ જગતમાં હું નથી અને બીજું પણ કંઈ નથી; હું જ નિર્દોષ બ્રહ્મ છું. એમ સત્ અને અસત્‌ની મધ્યમાંથી જે જુએ છે, તે જ જુએ છે (બાકીના આંધળા છે). ૬૯ વિના યત્ને પ્રાપ્ત થયેલાં દર્શન, દ્રષ્ટા તથા દૃશ્યોમાં મન રાગવિનાનું જ જેમ જાય છે, તેમ ધીર બુદ્ધિવાળો મનુષ્ય (રાગવિનાનો જ રહી) કાર્યો તરફ જાય છે. ૭૦ પરિપૂર્ણ જાણ્યા પછી જ ભોગવેલો ભોગ સંતોષકારક થાય છે; જેમ ઓળખ્યા પછી સેવેલો

ताम् ॥ ७१ ॥ अशङ्कितापि संप्राप्ता ग्रामयात्रा यथाध्वगैः। प्रेक्ष्यते तद्वदेव ज्ञैर्भोगश्रीरवलोक्यते ॥७२॥ मनसो निगृहीतस्य लीलाभोगोऽल्पकोऽपि यः। तमेवालब्धविस्तारं क्लिष्टत्वाद्बहु मन्यते॥७३॥ बद्धमुक्तो महीपालो ग्रासमात्रेण तुष्यति। परैरबद्धो नाक्रान्तो न राष्ट्रं बहु मन्यते ॥ ७४ ॥ हस्तं हस्तेन संपीड्य दन्तैर्दन्तान्विचूर्ण्य च। अङ्गान्यङ्गैरिवाक्रम्य जयेदादौ स्वकं मनः ॥ ७५ ॥ मनसो विजयान्नान्या गतिरस्ति भवार्णवे। महानरकसाम्राज्ये मत्तदुष्कृतवारणाः। आशाशरशलाकाढ्या दुर्जया हीन्द्रियारयः ॥ ७६ ॥ प्रक्षीणचित्तदर्पस्य निगृहीतेन्द्रियद्विषः। पद्मिन्य इव हेमन्ते क्षीयन्ते भोगवासनाः ॥ ७७ ॥ तावन्निशीव वेताला वसन्ति हृदि वासनाः। एकतत्त्वदृढाभ्यासाद्यावन्न विजितं मनः ॥७८॥ भृत्योऽभिमतकर्तृत्वान्मन्त्री सर्वार्थकारणात्। सामन्तश्चेन्द्रियाक्रान्तेर्मनो मन्ये विवेकिनः ॥७९॥ लालनात्स्निग्धललना पालनात्पालकः पिता। सुहृदुत्तमविन्यासान्मनो मन्ये मनीषिणः ॥८०॥ स्वालोकतः शास्त्रदृशा स्वबुद्ध्या स्वानुभावतः। प्रयच्छति परां सिद्धिं त्यक्त्वात्मानं मनःपिता ॥८१॥ सुहृष्टः सुदृढः स्वच्छः सुक्रान्तः सुप्रबोधितः। स्वगुणेनोर्जितो भाति हृदि हृद्यो मनोमणिः ॥८२॥ एनं मनोमणिं ब्रह्मन्बहुपङ्ककलङ्कितम्। विवेकवारिणा सिद्ध्यै

ચોર મિત્રતાને જ પામે છે, ચોરપણું કરતો નથી. ૭૧ જેમ મુસાફરો ગામોની યાત્રાને અશંકિત આવેલી જુએ છે, તેમ જ્ઞાનીઓ પણ ભોગલક્ષ્મીને તેવી જ જુએ છે. ૭૨ વશ થયેલા મનનો થોડો પણ જે લીલાભોગ વિસ્તાર પામ્યો ન હોય, છતાં તે કિલષ્ટ હોવાથી વધારે

મનાય છે. ૭૩ કેદ પકડાઈને છૂટેલો રાજા, માત્ર સાધારણ ગરાસથી પણ સંતોષ પામે છે; પરંતુ શત્રુઓએ તેને બાંધ્યો ન હોય અને દબાવ્યો ન હોય ત્યાં સુધી આખો દેશ મળે તોપણ તેને તે બહુ માનતો નથી. (તેમ દબાયું ને વશ થયેલું જ મન શાંત ને સંતુષ્ટ રહે છે.) ૭૪ માટે હાથથી હાથ મસળીને, દાંતથી દાંત કચકચાવીને અને અંગોથી અંગો દબાવીને પ્રથમ પોતાના મનને જ જીતવું જોઈએ. ૭૫ મનને જીત્યા વિના સંસારસમુદ્રમાં બીજો કોઈ માર્ગ નથી. સંસાર એ મોટાં નરકોનું સામ્રાજ્ય છે. તેમાં પાપોરૂપી મોટા હાથીઓ છે અને ઇંદ્રિયો-રૂપી શત્રુઓ આશાઓરૂપી અનેક તીક્ષ્ણ બાણોથી સજ્જ હોઈ દુર્જય છે. ૭૬ જેમ હેમંત ઋતુમાં કમળના છોડ નાશ પામે છે, તેમ જેના ચિત્તનો ગર્વ નાશ પામ્યો હોય અને ઇંદ્રિયો-રૂપી શત્રુઓ વશ થયા હોય, તેની ભોગવાસનાઓ નાશ પામે છે. ૭૭ એક તત્ત્વના દૃઢ અભ્યાસથી જ્યાં સુધી મન જિતાયું નથી; ત્યાં સુધી રાતમાં જેમ ભૂતડાં વસે છે, તેમ હૃદયમાં વાસનાઓ રહે છે. ૭૮ હું માનું છું કે વિવેકીનું મન ઇચ્છિત કરનારો ચાકર છે, સર્વ વિષયોમાં સલાહ આપનાર મંત્રી છે, ઇંદ્રિયોને દબાવી દેનારો ખંડિયો રાજા છે, લાડ લડાવનારી સ્નેહાળ લલના છે, પાલક પિતા છે અને ઉત્તમ થાપણ રાખ-નારો મિત્ર છે. બુદ્ધિમાન જ્ઞાનીના મનને હું એવું માનું છું. ૭૯,૮૦ મનરૂપી પિતા પોતાના પ્રકાશથી, શાસ્ત્રરૂપ દૃષ્ટિથી, પોતાની બુદ્ધિથી અને પોતાના પ્રભાવથી પોતાનો ત્યાગ કરીને પરમ સિદ્ધિ આપે છે. ૮૧ મન એ હૃદયમાં રહેલો સુંદર મણિ છે, તેને સારી રીતે દબાવી ઘણો જ નિર્મળ, મજબૂત અને સ્વચ્છ કર્યો હોય તો અત્યંત જ્ઞાનયુક્ત અને પોતાના ગુણોથી તેજસ્વી બની પ્રકાશે છે. ૮૨ હે બ્રાહ્મણ! આ મનરૂપી મણિ

प्रक्षाल्यालोकवान्भव ॥८३॥ विवेकं परमाश्रित्य बुद्ध्या सत्यमवेक्ष्य च। इन्द्रियारीनलं छित्त्वा तीर्णो भव भवार्णवात् ॥८४॥ आस्थामात्रमनन्तानां दुःखानामाकरं विदुः। अनास्थामात्रमभितः सुखानामालयं विदुः ॥८५॥ वासनातन्तुबद्धोऽयं लोको विपरिवर्तते। सा प्रसिद्धातिदुःखाय सुखायोच्छेदमागता ॥८६॥ धीरोऽप्यतिबहुज्ञोऽपि कुलजोऽपि महानपि। तृष्णया बध्यते जन्तुः सिंहः शृङ्खलया यथा ॥८७॥ परमं पौरुषं यत्नमास्थायादाय सूद्यमम्। यथाशास्त्रमनुद्वेगमाचरन्को न सिद्धिभाक् ॥८८॥ अहं सर्वमिदं विश्वं परमात्माहमच्युतः। नान्यदस्तीति संवित्त्या प्रथमा सा ह्यहंकृतिः ॥८९॥ सर्वस्माद्व्यतिरिक्तोऽहं वालाग्रादप्यहं तनुः। इति या संविदो ब्रह्मन्द्वितीयाहंकृतिः शुभा ॥९०॥ मोक्षायैषा न बन्धाय जीवन्मुक्तस्य विद्यते ॥९१॥ पाणिपादादिमात्रोऽयमहमित्येष निश्चयः। अहंकारस्तृतीयोऽसौ लौकिकस्तुच्छ एव सः ॥९२॥ जीव एव दुरात्मासौ कन्दः संसारदुस्तरोः। अनेनाभिहतो जन्तुरधोऽधः परिधावति ॥९३॥ अनया दुरहंकृत्या भावात्संत्यक्तयाचिरम्। शिष्टाहंकारवाञ्जन्तुः शमवान्याति मुक्तताम् ॥९४॥ प्रथमौ द्वावहंकारावङ्गीकृत्य त्वलौकिकौ। तृतीयाहंकृतिस्त्याज्या लौकिकी दुःखदायिनी ॥९५॥ अथ ते अपि संत्यज्य

અનેક જાતના મેલથી મેલો બન્યો છે; માટે તેને વિવેકરૂપી પાણીથી ધોઈ નાખી સિદ્ધિ માટે તું પ્રકાશવાળો થા. ૮૩ ઉત્તમ વિવેકનો આશ્રય કરી બુદ્ધિ વડે સત્યને તું જો; અને પછી ઇંદ્રિયોરૂપી શત્રુઓને પૂરેપૂરા કાપી નાખી સંસારસમુદ્રને તરી જા. ૮૪

હરકોઈ વિષય ઉપરની માત્ર આસ્થાને જ્ઞાનીઓ અનંત દુઃખોની ખાણ સમજે છે; અને ચારે બાજુની માત્ર અનાસ્થાને સુખોનું સ્થાન માને છે. ૮૫ આ લોક વાસનારૂપી તાંતણાથી બંધાઈને આમતેમ ભમ્યા કરે છે; માટે એ વાસના જ અત્યંત દુઃખ સારુ પ્રસિદ્ધ છે; અને જો નાશ પામી હોય, તો સુખ માટે થાય છે. ૮૬ મનુષ્ય ધીરજવાળો, અતિશય ઘણો જ જ્ઞાની, કુળવાન અને મોટો હોય, તોપણ સિંહ જેમ સાંકળથી બંધાય, તેમ તૃષ્ણાથી બંધાય છે. ૮૭ પરમ પુરુષાર્થ, પ્રયત્ન અને ઉત્તમ ઉદ્યમનો આશ્રય કરી કંટાળ્યા વિના શાસ્ત્રાનુસાર આચરણ કરનારો કયો મનુષ્ય સિદ્ધિને ન પામે ? ૮૮ 'આ બધું જગત હું છું, હું અવિનાશી પરમાત્મા છું, મારા વિના બીજું કંઈ જ નથી.' આવા જ્ઞાનથી જે અહંકાર કરાય છે, તે પહેલો ઉત્તમ અહંકાર છે. ૮૯ હે બ્રાહ્મણ! 'હું બધાથી જુદો છું અને વાળની અણીથી પણ સૂક્ષ્મ છું' આવા જ્ઞાનથી જે અહંકાર કરાય છે, તે બીજો (પહેલા કરતાં કંઈક ઊતરતો) શુભ અહંકાર છે; ૯૦ કેમ કે આ અહંકાર મોક્ષ આપનાર છે, બંધનકારક નથી; અને તે જીવન્મુક્તને જ હોય છે. ૯૧ પણ 'હાથ–પગ વગેરે અવયવોવાળો આ દેહ તે જ હું છું' આવો જે નિશ્ચય હોય છે, તે ત્રીજો તુચ્છ અને લૌકિક જ અહંકાર છે. ૯૨ આ જીવ જ દુષ્ટાત્મા છે અને સંસારરૂપી દુષ્ટ વૃક્ષનું તે જ મૂળ છે. એણે નાશ પમાડેલું પ્રાણી નીચે નીચે દોડ્યા કરે છે. ૯૩ આમ આ (ત્રીજો) અહંકાર ખરાબ છે; તેને ભાવપૂર્વક જો તજ્યો હોય તો તુરત જ પ્રાણી ઉત્તમ અહંકારવાળું બની શમયુક્ત થાય છે અને મુક્તપણું પામે છે; ૯૪ માટે પ્રથમના બે અલૌકિક અહંકાર સ્વીકારીને ત્રીજો અહંકાર છોડી દેવો; કેમ કે તે લૌકિક અને દુઃખદાયી છે. ૯૫ પરંતુ જે પુરુષ

सर्वाहंकृतिवर्जितः । स तिष्ठति तथात्युच्चैः परमेवाधिरोहति ॥९६॥ भोगेच्छामात्रको बन्धस्तत्त्यागो मोक्ष उच्यते । मनसोऽभ्युदयो नाशो मनोनाशो महोदयः ॥९७॥ ज्ञमनो नाशमभ्येति मनोऽज्ञस्य हि शृङ्खला। नानन्दं न निरानन्दं न चलं नाचलं स्थिरम्। न सन्नासन्न चैतेषां मध्यं ज्ञानिमनो विदुः ॥९८॥ यथा सौक्ष्म्याच्चिदाभास्य आकाशो नोपलक्ष्यते । तथा निरंशश्चिद्भावः सर्वगोऽपि न लक्ष्यते ॥९९॥ सर्वसङ्कल्परहिता सर्वसंज्ञाविवर्जिता । सैषाचिदविनाशात्मा स्वात्मेत्यादिकृताभिधा ॥१००॥ आकाशशतभागाच्छा ज्ञेषु निष्कलरूपिणी । सकलामलसंसारस्वरूपैकात्मदर्शिनी ॥ १०१ ॥ नास्तमेति न चोदेति नोत्तिष्ठति न तिष्ठति । न च याति न चायाति न च नेह न चेह चित् ॥१०२॥ सैषा चिदमलाकारा निर्विकल्पा निरास्पदा ॥१०३॥ आदौ शमदमप्रायैर्गुणैः शिष्यं विशोधयेत्। पश्चात्सर्वमिदं ब्रह्म शुद्धस्त्वमिति बोधयेत् ॥१०४॥ अज्ञस्यार्धप्रबुद्धस्य सर्वं ब्रह्मेति यो वदेत् । महानरकजालेषु स तेन विनियोजितः ॥१०५॥ प्रबुद्धबुद्धेः प्रक्षीणभोगेच्छस्य निराशिषः। नास्त्यविद्यामलमिति प्राज्ञस्तूपदिशेद्गुरुः ॥ १०६ ॥ सति दीप इवालोकः सत्यर्क इव वासरः । सति पुष्प इवामोदश्चिति सत्यं जगत्तथा ॥१०७॥ प्रतिभासत एवेदं न जगत्परमार्थतः।

પ્રથમના બન્ને અહંકારો ત્યજીને સર્વ અહંકારોથી રહિત થાય છે, તે તો અતિ ઉચ્ચ પરમ પદે જ આરૂઢ થાય છે. ૯૬ ભોગની હરકોઈ ઇચ્છા બંધન છે; અને તે ઇચ્છાનો ત્યાગ મોક્ષ કહેવાય છે; તેમ જ મનનો અભ્યુદય એ નાશ છે અને મનનો નાશ

એ મોટો ઉદય છે. ૯૭ જ્ઞાનીનું મન નાશ પામે છે, પણ અજ્ઞાનીનું મન સાંકળરૂપ (બંધન) થાય છે. જ્ઞાનીનું મન આનંદ નથી, આનંદરહિત નથી, ચળ નથી, અચળ નથી, સ્થિર નથી, સત્ નથી, અસત્ નથી; અને એના મધ્યરૂપ પણ નથી; એમ તેને જ્ઞાનીઓ જ સમજે છે. ૯૮ જેમ ચૈતન્ય દ્વારા પ્રકાશ પામતું આકાશ સૂક્ષ્મ હોવાથી જણાતું નથી, તેમ અંશરહિત ચૈતન્ય-ભાવ સર્વવ્યાપી છે, છતાં જણાતો નથી. ૯૯ આ ચૈતન્ય સર્વ સંકલ્પોથી રહિત, સર્વ સંજ્ઞાઓ વિનાનું અને અવિનાશી સ્વરૂપ છે; તેની જ 'પોતાનો આત્મા' ઇત્યાદિ સંજ્ઞાઓ કહી છે. ૧૦૦ આ ચૈતન્ય આકાશના સેંકડો ભાગ જેવું સ્વચ્છ, અવયવરહિત સ્વરૂપવાળું, સકળ નિર્મળ સંસારસ્વરૂપ અને એકાત્માને જોનારું જ્ઞાનીઓમાં અનુભવાય છે. ૧૦૧ તે અસ્ત પામતું નથી, ઉદય પામતું નથી, ઊઠતું નથી, ઊભું રહેતું નથી, જતું નથી, આવતું નથી, અહીં નથી એમ નથી અને અહીં છે પણ નહિ. ૧૦૨ આવું આ ચૈતન્ય નિર્મળ આકારવાળું, નિર્વિકલ્પ અને નિરાશ્રય છે. ૧૦૩ પ્રથમ તો શમ-દમાદિ ગુણોથી શિષ્યને સારી રીતે શુદ્ધ કરવો અને પછી 'આ બધું બ્રહ્મ છે અને તે જ શુદ્ધ તું છે' એમ તેને સમજાવવું; ૧૦૪ પરંતુ જે અજ્ઞાની અને અધું સમજેલો હોય તેની આગળ 'આ બધું બ્રહ્મ છે' એમ જે કહે છે, તે તેને મોટાં નરકનાં જાળાંઓમાં જ ધકેલી દે છે; ૧૦૫ માટે જેની બુદ્ધિ બોધ પામી હોય, ભોગોની ઇચ્છા જેની નાશ પામી હોય અને જેની સર્વ આશાએ જતી રહી હોય, તેને જ વિદ્વાન ગુરુએ 'અવિદ્યારૂપી મેલ છે જ નહિ' એવો ઉપદેશ આપવો. ૧૦૬ જેમ દીવો છે તો પ્રકાશ છે, સૂર્ય છે તો દિવસ છે અને પુષ્પ છે તો સુગંધ છે, તેમ ચૈતન્ય છે તો જગત સત્ય છે; ૧૦૭ પણ નિર્મળ જ્ઞાનદૃષ્ટિ થાય છે અને જ્ઞાનનો

ज्ञानदृष्टौ प्रसन्नायां प्रबोधवितते दये ॥१०८॥ यथावज्ज्ञास्यसि
स्वस्थो मद्वाग्वृष्टिबलाबलम् । अविद्ययैवोत्तमया स्वार्थनाशोद्यमार्थया
॥१०९॥ विद्या सम्प्राप्यते ब्रह्मन्सर्वदोषापहारिणी । शाम्यति
ह्यस्त्रमस्त्रेण मलेन क्षाल्यते मलम् ॥११०॥ शमं विषं विषेणेति
रिपुणा हन्यते रिपुः ईदृशी भूतमायेयं या स्वनाशेन हर्षदा ॥१११॥
न लक्ष्यते स्वभावोऽस्या वीक्ष्यमाणैव नश्यति । नास्त्येषा परमार्थे-
नेत्येवं भावनयेद्धिया ॥११२॥ सर्वं ब्रह्मेति यस्यान्तर्भावना सा
हि मुक्तिदा । भेददृष्टिरविद्येयं सर्वथा तां विसर्जयेत् ॥११३॥
मुने नासाद्यते तद्धि पदमक्षयमुच्यते । कुतो जातेयमिति ते द्विज
मास्तु विचारणा ॥११४॥ इमां कथमहं हन्मीत्येषा तेऽस्तु
विचारणा । अस्तं गतायां क्षीणायामस्यां ज्ञास्यसि तत्पदम् ॥११५॥
यत एषा यथा चैषा यथा नष्टेत्यखण्डितम् । तदस्या रोगशालाया
यत्नं कुरु चिकित्सने ॥११६॥ यथैषा जन्मदुःखेषु न भूयस्त्वां
नियोक्ष्यति । स्वात्मनि स्वपरिस्पन्दैः स्फुरत्यच्छैश्चिदर्णवः ॥११७॥
एकात्मकमखण्डं तदित्यन्तर्भाव्यतां दृढम् । किञ्चित्क्षुभितरूपा सा
चिच्छक्तिश्चिन्मयार्णवे ॥११८॥ तन्मयैव स्फुरत्यच्छा तत्रैवोर्मि-
रिवार्णवे । आत्मन्येवात्मना व्योम्नि यथा सरसि मारुतः ॥११९॥
तथैवात्मात्मशक्त्यैव स्वात्मन्येवैति लोलताम् । क्षणं स्फुरति सा

વિશાળ ઉદય થાય છે, ત્યારે આ જગત ખરી રીતે ભાસતું જ નથી. ૧૦૮ તારી મોટી અવિદ્યા સ્વાર્થનો નાશ કરવાના ઉદ્યમમાં જ તત્પર બનશે, ત્યારે તું સ્વસ્થ થઈશ અને મારી આ વાણીના વરસાદનું બળ તથા અબળ સમજીશ. ૧૦૯ હે બ્રાહ્મણ!

જેમ અસ્ત્રથી અસ્ત્ર શાંત થાય છે અને મેલથી મેલ ધોવાય છે, તેમ એ અવિદ્યા દ્વારા જ સર્વ દોષોને દૂર કરનારી વિદ્યા પ્રાપ્ત કરાય છે. ૧૧૦ વળી જેમ ઝેર વડે ઝેર શાંત થાય છે અને શત્રુ દ્વારા શત્રુ હણાય છે, એવી જ આ ભૂતમાયા છે, કે જે પોતાના નાશ દ્વારા હર્ષદાયી થાય છે. ૧૧૧ આનો સ્વભાવ જણાતો નથી; કેમ કે 'ખરી રીતે આ નથી' એવી પ્રદીપ્ત ભાવના વડે જોતજોતામાં એ નાશ પામે છે. ૧૧૨ જેના અંતરમાં 'આ બધું બ્રહ્મ છે' એવી ભાવના હોય છે, તેને તે મુક્તિદાયી થાય છે. ભેદદૃષ્ટિ એ જ અવિદ્યા છે, માટે તેનો સર્વથા ત્યાગ કરવો. ૧૧૩ હે મુનિ! તે પદ અક્ષય કહેવાય છે; એમ ને એમ તે મેળવાતું નથી. હે બ્રાહ્મણ! આ અવિદ્યા ક્યાંથી જન્મી છે, એવો વિચાર તને ન થવો જોઈએ; પણ 'એનો હું નાશ કેવી રીતે કરું?' એ જ વિચાર તને થવો જોઈએ. એ અવિદ્યા અસ્ત પામશે અને ક્ષીણ થશે, ત્યારે તું પરમ પદને જાણીશ. ૧૧૪,૧૧૫ આ અવિદ્યા જ્યાંથી જન્મી છે, જેવા પ્રકારની છે અને જે રીતે નાશ પામે છે, એ વિષે તું અખંડ વિચાર કર અને પછી રોગોના ઘર જેવી એ અવિદ્યાની ચિકિત્સા માટે યત્ન કર. ૧૧૬ એમ કરવાથી જન્મનાં દુઃખોમાં ફરી તને એ નહિ જોડે; અને ચૈતન્યરૂપ સમુદ્ર પોતાના સ્વચ્છ તરંગો સાથે પોતાના હૃદયમાં પ્રકાશશે. ૧૧૭ તે ચૈતન્યશક્તિ ચૈતન્યમય સમુદ્રમાં કંઈક ક્ષુભિત સ્વરૂપવાળી થાય, ત્યારે 'એ અખંડ ચૈતન્ય એક જ આત્મારૂપ છે' એમ હૃદયમાં દૃઢ ભાવના કરવી. ૧૧૮ જેમ સમુદ્રના સ્વચ્છ તરંગો તન્મય હોઈને તેમાં જ પ્રકાશે છે, તેમ આત્મસ્વરૂપ હૃદયાકાશમાં આત્મારૂપે તે ચૈતન્યશક્તિ પ્રકાશે છે. જેમ વાયુ સરોવરમાં ચંચળતાને પામે છે, તે જ પ્રમાણે આત્મા પોતાની શક્તિથી જ પોતામાં ક્ષણવાર

दैवी सर्वशक्तितया तथा ॥ १२० । देशकालक्रियाशक्तिर्न यस्याः संप्रकर्षणे । स्वस्वभावं विदित्वोच्चैरप्यनन्तपदे स्थिता ॥ १२१ ॥ रूपं परिमितेनासौ भावयत्यविभाविता । यद्दैवं भावितं रूपं तथा परमकान्तया ॥ १२२ ॥ तदैवैनामनुगता नामसंख्यादिका दृशः । विकल्पकलिताकारं देशकालक्रियास्पदम् ॥ १२३ ॥ चितो रूपमिदं ब्रह्मन्क्षेत्रज्ञ इति कथ्यते । वासनाः कल्पयन्सोऽपि यात्यहंकारतां पुनः ॥ १२४ ॥ अहंकारो विनिर्णेता कलङ्की बुद्धिरुच्यते । बुद्धिः संकल्पिताकारा प्रयाति मननास्पदम् ॥ १२५ ॥ मनो घनविकल्पं तु गच्छतीन्द्रियतां शनैः । पाणिपादमयं देहमिन्द्रियाणि विदुर्बुधाः ॥ १२६ ॥ एवं जीवो हि संकल्पवासनारज्जुवेष्टितः । दुःखजालपरीतात्मा क्रमादायाति नीचताम् ॥ १२७ ॥ इति शक्तमयं चेतो घनाहंकारतां गतम् । कोशकारक्रिमिरिव स्वेच्छया याति बन्धनम् ॥ १२८ ॥ स्वयं कल्पिततन्मात्राजालाभ्यन्तरवर्ति च । परां विवशतामेति शृङ्खलाबद्धसिंहवत् ॥ १२९ ॥ क्वचिन्मनः क्वचिद्बुद्धिः क्वचिज्ज्ञानं क्वचित्क्रिया । क्वचिदेतदहंकारः क्वचिच्चित्तमिति स्मृतम् ॥ १३० ॥ क्वचित्प्रकृतिरित्युक्तं क्वचिन्मायेति कल्पितम् । क्वचिन्मलमिति प्रोक्तं क्वचित्कर्मेति संस्मृतम् ॥ १३१ ॥ क्वचिद्बन्ध इति ख्यातं क्वचित्पुर्यष्टकं स्मृतम् । प्रोक्तं क्वचिदविद्येति क्वचिदिच्छेति सम्मतम् ॥ १३२ ॥ इमं संसारमखिलमाशापाशविधायकम् ।

સર્વશક્તિમાનપણે ચંચળતાને પામે છે. એ જ તેની દૈવી શક્તિ છે. ૧૧૯,૧૨૦ તેનું આકર્ષણ કરવામાં દેશ, કાળ કે ક્રિયાની શક્તિ સમર્થ નથી. એ તો પોતાનો ઉચ્ચ સ્વભાવ જાણીને

અનંત પદમાં રહેલી છે.૧૨૧ એ ચિતશક્તિ કોઈથી ન જણાયેલી રહીને જ પરિમિત સ્વરૂપે રૂપને પ્રકટ કરે છે; અને એ રીતે પરમ પ્રિય તે શક્તિએ રૂપને પ્રકટ કર્યું હોય છે, ત્યારે જ નામ, સંખ્યા વગેરે દૃષ્ટિઓ તેને અનુસરે છે. હે બ્રાહ્મણ! વિકલ્પોથી આકારને ધારણ કરનાર અને દેશ, કાળ તથા ક્રિયાનું સ્થાન એ ચિતશક્તિનું સ્વરૂપ ક્ષેત્રજ્ઞ કહેવાય છે. તે ક્ષેત્રજ્ઞ પણ વાસનાઓને કલ્પતો અહંકારપણાને પામે છે. ૧૨૨–૧૨૪ એ અહંકાર વિશેષ નિર્ણય કરનાર અને કલંકી થાય છે, ત્યારે બુદ્ધિ કહેવાય છે; અને બુદ્ધિ પણ સંકલ્પોના આકારવાળી થઈને મનનનું સ્થાન મન બને છે.૧૨૫ પછી એ મન ઘણા જ વિકલ્પોવાળું થઈ ધીમે ધીમે ઇંદ્રિયપણાને પામે છે. હાથ, પગ વગેરે અવયવોમય જે શરીર તેને જ વિદ્વાનો ઇંદ્રિયો સમજે છે.૧૨૬ એ રીતે સંકલ્પોની વાસનાઓરૂપી દોરીઓથી વીંટાઈને જીવ દુઃખોનાં જાળાંઓથી ઘેરાયેલા સ્વરૂપવાળો થાય છે અને અનુક્રમે નીચપણું પામે છે. ૧૨૭ એમ શક્તિમય ચૈતન્ય જ ઘાટા અહંકારપણાને પામ્યું છે અને રેશમના કીડાની પેઠે પોતાની ઇચ્છાથી જ બંધન પામ્યા કરે છે. ૧૨૮ પોતાની મેળે જ કલ્પી કાઢેલી તન્માત્રાઓ(રૂપવિષયો)ના સમૂહની વચ્ચે રહીને તે ચૈતન્ય સાંકળોથી બંધાયેલા સિંહની પેઠે અત્યંત પરવશપણાને પામે છે. ૧૨૯ કોઈ કાળે તે મન, કોઈ વેળા બુદ્ધિ, કોઈ સમયે જ્ઞાન, કોઈ વખતે ક્રિયા, કોઈ વેળા અહંકાર અને કોઈ સમયે ચિત્ત કહેવાય છે. ૧૩૦ વળી કોઈ વખતે એ પ્રકૃતિ, કોઈ સમયે માયા, કોઈ વેળા મેલ અને કોઈ સમયે કર્મ કહેવાય છે. ૧૩૧ કોઈકવાર તે બંધનરૂપે કહેવાય છે. કોઈ વેળા આઠ પુરી કહેવાય છે, કોઈ વખતે અવિદ્યા કહેવાય છે અને કોઈવાર ‘ઇચ્છા’ એમ મનાય છે. ૧૩૨ આ સઘળો

द्धदन्तःफलैर्हीनं वटधाना वटं यथा ॥१३३॥ चिन्तानलशिखा-
दग्धं कोपाजगरचर्वितम्। कामाब्धिकल्लोलरतं विस्मृतात्मपितामहम्
॥ १३४ ॥ समुद्धर मनो ब्रह्मन्मातङ्गमिव कर्दमात्। एवं जीवाश्रिता
भावा भवभावनयाहिताः ॥ १३५ ॥ ब्रह्मणा कल्पिताकारा लक्षशो-
ऽप्यथ कोटिशः। संख्यातीताः पुरा जाता जायन्तेऽद्यापि चाभितः
॥ १३६ ॥ उत्पत्स्यन्तेऽपि चैवान्ये कणौघा इव निर्झरात्। केचित्प्र-
थमजन्मानः केचिज्जन्मशताधिकाः ॥ १३७॥ केचिच्चासंख्यजन्मानः
केचिद्द्वित्रिभवान्तराः। केचित्किन्नरगन्धर्वविद्याधरमहोरगाः॥१३८॥
केचिदर्केन्दुवरुणास्त्र्यक्षाधोक्षजपद्मजाः। केचिद्ब्राह्मणभूपालवैश्यशूद्र-
गणाः स्थिताः ॥१३९॥ केचित्तृणौषधीवृक्षफलमूलपतङ्गकाः।
केचित्कदम्बजम्बीरसालतालतमालकाः ! ॥१४०॥ केचिन्महेन्द्रम-
लयसह्यमन्दरमेरवः। केचित्क्षारोदधिक्षीरघृतेक्षुजलराशयः ॥१४१॥
केचिद्विशालाः ककुभः केचिन्नद्यो महारयाः। विहायस्युच्चकैः
केचिन्निपतन्त्युत्पतन्ति च ॥१४२॥ कन्दुका इव हस्तेन
मृत्युनाऽविरतं हताः। भुक्त्वा जन्मसहस्राणि भूयः संसारसंकटे
॥१४३॥ पतन्ति केचिदबुधाः सम्प्राप्यापि विवेकताम्।
दिक्कालाद्यनवच्छिन्नमात्मतत्त्वं स्वशक्तितः ॥१४४॥ लीलयैव
यदादत्ते दिक्कालकलितं वपुः। तदेव जीवपर्यायवासना-

સંસાર આકાશરૂપી ફાંસાઓ રચી રહ્યો છે અને અંદર ફળ–
શૂન્ય છે, છતાં વડનાં બિયાં જેમ વડને ધારણ કરે છે, તેમ
અનેક સંસારોને ધારણ કરે છે. ૧૩૩ ચિંતારૂપ અગ્નિની
શિખાઓથી તે બળ્યા કરે છે, કોપરૂપી અજગર તેને ચાવ્યા

કરે છે, કામરૂપી સમુદ્રના તરંગો તેમાં ઊછળી રહ્યા છે અને પોતાના દાદા(આત્મસ્વરૂપ)ને તે વીસરી ગયો છે. ૧૩૪ હે બ્રાહ્મણ! કાદવમાંથી હાથીની પેઠે મનને તું સંસારમાંથી ખેંચી કાઢ; કેમ કે એ રીતે જીવના આશ્રયે રહેલા અનેક ભાવો સંસારની ભાવનાથી વ્યાપ્ત બન્યા છે. ૧૩૫ લાખો ને કરોડોની સંખ્યામાં બ્રહ્મ દ્વારા તેઓનો આકાર કલ્પાય છે. પૂર્વ-કાળમાં તેઓ અસંખ્ય જન્મ્યા છે અને આજે પણ ચારે બાજુ તેઓ જન્મ્યા કરે છે. ૧૩૬ જેમ ઝરણમાંથી જળકણો ઉત્પન્ન થાય છે, તેમ ભવિષ્યમાં બીજા પણ ઉત્પન્ન થશે. કેટલાક પ્રથમ જન્મ્યા છે, કેટલાક સેંકડો જન્મોથી વધારે જન્મ્યા છે, કેટ-લાક અસંખ્યરૂપે જન્મે છે, કેટલાક બે-ત્રણ જન્મોના આંતરે જન્મે છે; કેટલાક કિન્નરો, ગંધર્વો, વિદ્યાધરો અને મોટા સર્પો થયા છે. ૧૩૭,૧૩૮ કેટલાક સૂર્ય, ચંદ્ર, વરુણ, રુદ્ર, વિષ્ણુ અને બ્રહ્મા થયા છે અને કેટલાક બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્રોના સમુદાયરૂપે રહ્યા છે. ૧૩૯ કેટલાક ઘાસ, ઔષધિ, વૃક્ષ, ફળ, મૂળ તથા પતંગિયાં થયાં છે અને કેટલાક કદંબ, બિજોરાં, આંબા, તાડ અને તમાલ નામનાં ઝાડો થયાં છે. ૧૪૦ કેટલાક મહેંદ્ર, મલય, સહ્યાદ્રિ, મંદર અને મેરુ પર્વતો થયા છે; કેટ-લાક ખારો સમુદ્ર, ક્ષીરસમુદ્ર, ઘૃતસમુદ્ર, ઇક્ષુસમુદ્ર વગેરે થયા છે. ૧૪૧ કેટલાક વિશાળ દિશાઓ અને મહાવેગવાળી નદીઓ થયા છે, કેટલાક ઊંચે આકાશમાં દડાની પેઠે ઊછળે છે, પડે છે અને મૃત્યુના હાથે નિરંતર હણાય છે. કેટલાક મૂર્ખાઓ વિવેક પામીને પણ હજારો જન્મો ભોગવી ફરી સંસારસંકટમાં પડે છે. આત્મતત્ત્વ દિશા-કાળ વગેરેથી અમાપ છે; પણ તે જ લીલા માટે પોતાની શક્તિનો આશ્રય કરી દિશા અને કાળથી યુક્ત જે શરીર ગ્રહણ કરે છે, તે જ જીવના પર્યાયરૂપ બની વાસનાઓના આવેશથી ઉત્કૃષ્ટ

वेशतः परम् ॥१४५॥ मनः सम्पद्यते लोलं कलनाकलनोन्मुखम् । कलयन्ती मनःशक्तिरादौ भावयति क्षणात् ॥१४६॥ आकाशभावनामच्छां शब्दबीजरसोन्मुखीम् । ततस्तद्घनतां यातं घनस्पन्दक्रमान्मनः ॥१४७॥ भावयत्यनिलस्पन्दं स्पर्शबीजरसोन्मुखम् । ताभ्यामाकाशवाताभ्यां दृढाभ्यासवशात्ततः ॥१४८॥ शब्दस्पर्शस्वरूपाभ्यां संघर्षाज्जन्यतेऽनलः । रूपतन्मात्रसहितं त्रिभिस्तैः सह सम्मितम् ॥१४९॥ मनस्तादृग्गुणगतं रसतन्मात्रवेदनम् । क्षणाच्चैतत्यपां शैत्यं जलसंवित्ततो भवेत् ॥१५०॥ ततस्तादृग्गुणगतं मनो भावयति क्षणात् । गन्धतन्मात्रमेतस्माद्भूमिसंवित्ततो भवेत् ॥१५१॥ अथेत्थंभूततन्मात्रवेष्टितं तनुतां जहत् । वपुर्वह्निकणाकारं स्फुरितं व्योम्नि पश्यति ॥१५२॥ अहंकारकलायुक्तं बुद्धिबीजसमन्वितम् । तत्पुर्यष्टकमित्युक्तं भूतहृत्पद्मषट्पदम् ॥१५३॥ तस्मिंस्तु तीव्रसंवेगाद्भावयद्भासुरं वपुः । स्थूलतामेति पाकेन मनो बिल्वफलं यथा ॥१५४॥ मूषास्थद्रुतहेमाभं स्फुरितं विमलाम्बरे । सन्निवेशमथादत्ते तत्तेजः स्वस्वभावतः ॥१५५॥ ऊर्ध्वं शिरःपिण्डमयमधः पादमयं तथा । पार्श्वयोर्हस्तसंस्थानं मध्ये चोदरधर्मिणम् ॥१५६॥ कालेन स्फुटतामेत्य भवत्यमलविग्रहम् । बुद्धिसत्त्वबलोत्साहविज्ञानैश्वर्यसंस्थितः ॥१५७॥ स एव भगवा-

મનરૂપ થાય છે. એ મન ચંચળ અને સંકલ્પ-વિકલ્પોમાં તત્પર રહે છે. સંકલ્પ-વિકલ્પોને કરતી એ મનઃશક્તિ પ્રથમ ક્ષણે આકાશની નિર્મળ ભાવના ધરે છે. તે શબ્દરૂપ બીજના રસમાં તત્પર હોય છે. પછી એ મન ઘન-સ્પંદનના ક્રમથી

ઘનપણાને પામે છે અને સ્પર્શરૂપ બીજના રસવાળા વાયુના સ્પંદનની ભાવના કરે છે. પછી દૃઢ અભ્યાસના વશથી એ શબ્દ તથા સ્પર્શસ્વરૂપ આકાશ અને વાયુનું પરસ્પર સંઘર્ષણ થાય છે, તેથી અગ્નિ ઉત્પન્ન થાય છે. એ અગ્નિ રૂપ–તન્માત્રા સાથે ત્રણ ગુણોથી યુક્ત હોય છે. ૧૪૨–૧૪૯ એમ તેવા ત્રણ ગુણોને પામેલું મન રસ–તન્માત્રાનો અનુભવ કરે છે, એટલે તે જ ક્ષણે જળની શીતળતાને તે જાણે છે અને તેથી તેને જળનું અનુભવ-જ્ઞાન થાય છે. ૧૫૦ પછી તેવા ચાર ગુણોને પામેલું મન ક્ષણ-વારમાં ગંધ–તન્માત્રાની ભાવના કરે છે, એટલે એમાંથી પૃથ્વીનું અનુભવજ્ઞાન તેને થાય છે. ૧૫૧ એ રીતે ભૂતોની તન્માત્રાઓથી વીંટાયા પછી એ મન પોતાની સૂક્ષ્મતાને છોડી દે છે; એટલે અગ્નિના કણ જેવા આકારવાળા શરીરરૂપે આકાશમાં પ્રકાશતું પોતાને તે જુએ છે. ૧૫૨ એ જ અહંકારની કળાથી યુક્ત અને બુદ્ધિરૂપ બીજની સાથે આઠ પુરી કહેવાય છે; તે ભૂતોના હૃદયકમળમાં ભ્રમરરૂપ છે. ૧૫૩ તેમાં એ મન, તીવ્ર વેગથી તેજસ્વી શરીરની ભાવના કરે છે, એટલે બીલાંના ફળની પેઠે પરિપક્વ થઈ તે સ્થૂલતાને પામે છે. ૧૫૪ પછી કોડિયામાં રહેલા પીગળેલા સોના જેવું પ્રકાશતું અને નિર્મળ આકાશમાં ઝબૂકતું એ તેજ પોતાના સ્વભાવથી આકારને ગ્રહણ કરે છે. ૧૫૫ ઉપરના ભાગમાં મસ્તકમય, નીચેના ભાગમાં પગનો આકાર, બન્ને પડખાંની બાજુ બે હાથની આકૃતિ અને વચ્ચે પેટનો દેખાવ તેમાં પ્રકટે છે. ૧૫૬ સમય જતાં સ્પષ્ટ સ્વરૂપને પામી નિર્મળ શરીરરૂપે તે થાય છે; અને તેમાં બુદ્ધિ, સત્ત્વ, બળ, ઉત્સાહ, વિજ્ઞાન તથા ઐશ્વર્ય સ્થિતિ કરે છે. ૧૫૭ એ જ સર્વ લોકના દાદા ભગવાન બ્રહ્મા છે. બ્રહ્માને પોતાના સુંદર અને ઉત્તમ શરીરને જોઈ વિચાર થયો; જો કે તે ભગવાનને ત્રણે કાળનું

न्ब्रह्मा सर्वलोकपितामहः । अवलोक्य वपुर्ब्रह्मा कान्तमात्मीयमुत्तमम्
॥ १५८ ॥ चिन्तामभ्येत्य भगवांस्त्रिकालामलदर्शनः । एतस्मिन्पर-
माकाशे चिन्मात्रैकात्मरूपिणि ॥ १५९ ॥ अदृष्टपारपर्यन्ते प्रथमं कि
मवेदिति । इति चिन्तितवान्ब्रह्मा सद्यो जातामलात्मदृक् ॥ १६० ॥
अपश्यत्सर्गवृन्दानि समतीतान्यनेकशः । स्मरत्यथो स सकलान्सर्व-
धर्मगुणक्रमान् ॥ १६१ ॥ लीलया कल्पयामास चित्राः संकल्पतः
प्रजाः । नानाचारसमारम्भा गन्धर्वनगरं यथा ॥ १६२ ॥ तासां
स्वर्गापवर्गार्थं धर्मकामार्थसिद्धये । अनन्तानि विचित्राणि शास्त्राणि
समकल्पयत् ॥ १६३ ॥ विरञ्चिरूपान्मनसः कल्पितत्वाज्जगत्स्थिते ।
तावत्स्थितिरियं प्रोक्ता तन्नाशे नाशमाप्नुयात् ॥ १६४ ॥ न जायते
न म्रियते क्वचित्किञ्चित्कदाचन । परमार्थेन विप्रेन्द्र मिथ्या सर्वं तु
दृश्यते ॥ १६५ ॥ कोशमाशाभुजङ्गानां संसाराडम्बरं त्यज । अस-
देतदिति ज्ञात्वा मातृभावं निवेशय ॥ १६६ ॥ गन्धर्वनगरस्यार्थे
भूषितेऽभूषिते तथा । अविद्यांशे सुतादौ वा कः क्रमः सुखदुःखयोः
॥ १६७ ॥ धनदारेषु वृद्धेषु दुःखयुक्तं न तुष्टता । वृद्धायां मोह-
मायायां कः समाश्वासवानिह ॥ १६८ ॥ यैरेव जायते रागो मूर्ख-
स्याधिकतां गतैः । तैरेव भागैः प्राज्ञस्य विराग उपजायते ॥१६९॥
अतो निदाघ तत्त्वज्ञ व्यवहारेषु संसृतेः । नष्टं नष्टमुपेक्षस्व प्राप्तं
प्राप्तमुपाहर ॥ १७० ॥ अनागतानां भोगानामवाञ्छनमकृत्रिमम् ।
आगतानां च सम्भोग इति पण्डितलक्षणम् ॥ १७१ ॥ शुद्धं सद-

નિર્મળ જ્ઞાન હતું, તોપણ માત્ર એક ચિદાત્મારૂપ એ પરમા-
કાશમાં કિનારો કે છેડો તેમને દેખાયો નહિ; તેથી તે વિચારમાં

પડ્યા કે, 'આમાં પ્રથમ શું હોવું જોઈએ ?' એટલે તુરત જ તેમને નિર્મળ આત્મદૃષ્ટિ ઉત્પન્ન થઈ; ૧૫૮–૧૬૦ ભૂતકાળની અનેક સૃષ્ટિઓના સમૂહો તેમણે જોયા; અને સર્વના ધર્મો તથા ગુણોનાં સકળ ક્રમોનું તેમને સ્મરણ થયું. ૧૬૧ પછી તો તેમણે સંકલ્પથી લીલામાત્રમાં ગંધર્વનગરની જેમ અનેક જાતના આચારના આરંભોવાળી જાતજાતની પ્રજાઓ ઉત્પન્ન કરી. ૧૬૨ તેઓને સ્વર્ગ તથા મોક્ષની પ્રાપ્તિ માટે તેમ જ ધર્મ, કામ અને અર્થની સિદ્ધિ સારુ અનંત અદ્‌ભુત શાસ્ત્રો પણ રચ્યાં. ૧૬૩ એમ એ બ્રહ્મારૂપ મનથી આ જગતની સ્થિતિ કલ્પાયેલી છે; તેથી તેમની સ્થિતિ સુધી જગતની સ્થિતિ હોય છે અને તેમનો નાશ થતાં નાશ પામે છે. ૧૬૪ હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! ખરી રીતે કોઈ સ્થળે અને કોઈ કાળે કંઈ જન્મતું નથી, ને મરતું પણ નથી; કેમ કે બધું મિથ્યા દેખાય છે. ૧૬૫ આ સંસારનો આડંબર આશારૂપી સર્પોનું રહેઠાણ જ છે; માટે તેનો તું ત્યાગ કર અને 'આ અસત્ છે' એમ જાણી માતૃભાવ દાખલ કર. ૧૬૬ પુત્ર વગેરે અવિદ્યાના અંશ છે અને ગંધર્વનગરના જ પદાર્થ છે; તેઓ શણગાર્યા હોય કે ન શણગાર્યા હોય, તો તે વિષે સુખ-દુઃખનો ક્રમ શો છે? ૧૬૭ ધન કે સ્ત્રીઓ વધ્યાં હોય, તો દુઃખી થવું જોઈએ, પણ પ્રસન્ન થવું ન જોઈએ; કેમ કે મોહમાયા વધે તેમાં અહીં કોણ શાંતિ પામ્યો છે? ૧૬૮ અધિકતાને પામેલા જે ભોગોથી મૂર્ખાને રાગ થાય છે, તે જ ભોગોથી જ્ઞાનીને વૈરાગ્ય થાય છે; ૧૬૯ માટે હે તત્ત્વજ્ઞાની નિદાઘ! સંસારના વ્યવહારોમાં જે જે નાશ પામ્યું હોય, તેની ઉપેક્ષા કર અને જે જે મળી આવ્યું હોય, તેને સ્વીકારી લે. ૧૭૦ નહિ મળેલા ભોગોની સ્વાભાવિક ઇચ્છા ન કરવી અને મળેલાનો સારી રીતે ઉપભોગ કરવો, તે પંડિતનું લક્ષણ છે. ૧૭૧

सतोर्मध्यं पदं बुद्ध्वावलम्ब्य च । सबाह्याभ्यन्तरं दृश्यं मा गृहाण विमुञ्च मा ॥ १७२ ॥ यस्य चेच्छा तथानिच्छा ज्ञस्य कर्मणि तिष्ठतः । न तस्य लिप्यते प्रज्ञा पद्मपत्रमिवाम्बुभिः ॥ १७३ ॥ यदि ते नेन्द्रियार्थश्रीः स्पन्दते हृदि वै द्विज । तदा विज्ञातविज्ञेयः समुत्तीर्णो भवार्णवात् ॥ १७४ ॥ उच्चैःपदाय परया प्रज्ञया वासनागणात् । पुष्पाद्गन्धमपोह्यारं चेतोवृत्तिं पृथक्कुरु ॥ १७५ ॥ संसाराम्बुनिधावस्मिन्वासनाम्बुपरिप्लुते । ये प्रज्ञानावमारूढास्ते तीर्णाः पण्डिताः परे ॥ १७६ ॥ न त्यजन्ति न वाञ्छन्ति व्यवहारं जगद्गतम् । सर्वमेवानुवर्तन्ते पारावारविदो जनाः ॥ १७७ ॥ अनन्तस्यात्मतत्त्वस्य सत्तासामान्यरूपिणः । चित्तश्चेत्योन्मुखत्वं यत्तत्संकल्पाङ्कुरं विदुः ॥ १७८ ॥ लेशतः[1] प्राप्तसत्ताकः स एव घनतां शनैः । याति चित्तत्वमापूर्य दृढं जाड्याय[2] मेघवत् ॥ १७९ ॥ भावयन्ती चितिश्चैत्यं व्यतिरिक्तमिवात्मनः । संकल्पतामिवायाति बीजमङ्कुरतामिव ॥ १८० ॥ संकल्पनं हि संकल्पः स्वयमेव प्रजायते । वर्धते स्वयमेवाशु दुःखाय न सुखाय यत् ॥ १८१ ॥ मा संकल्पय संकल्पं मा भावं भावय स्थितौ । संकल्पनाशने यत्तो न भूयोऽननुगच्छति ॥ १८२ ॥ भावनाभावमात्रेण संकल्पः क्षीयते स्वयम् । संकल्पेनैव संकल्पं मनसैव मनो मुने ॥ १८३ ॥ छित्त्वा

સત્ અને અસત્‌ની મધ્યે જે શુદ્ધ પદ છે, તેને જાણી તેનો આશ્રય કર; અને પછી બાહ્ય–આભ્યંતર સહિત દૃશ્યનો સ્વીકાર કર મા અને ત્યાગ કર મા. ૧૭૨ કર્મમાં રહ્યો હોય છતાં જે જ્ઞાનની ઇચ્છા તથા

1 वेशतः 2 चाकाशमेघ

અનિચ્છા હોતી નથી, તેની બુદ્ધિ, કમળનું પાંદડું જેમ જળથી ન લેપાય, તેમ લેપાતી નથી. ૧૭૩ હે બ્રાહ્મણ! તારા હૃદયમાં ઇંદ્રિયોના વિષયોની શોભા જ્યારે ફરકે નહિ, ત્યારે તને જાણવાનું જણાઈ જશે અને સંસારસમુદ્રથી તું તરી જઈશ. ૧૭૪ જેમ પુષ્પમાંથી ગંધને દૂર કરવામાં આવે, તેમ ઊંચા પદે આરૂઢ થવા સારુ તારી ચિત્તવૃત્તિને વાસનાઓના સમૂહથી અલગ કર. ૧૭૫ આ સંસારરૂપ સમુદ્ર વાસનાઓરૂપ જળથી ભરેલો છે; તેમાં ઘણા પંડિતો પ્રજ્ઞારૂપી નૌકામાં આરૂઢ થઈ તરી ગયા છે. ૧૭૬ પારાવાર જ્ઞાનવાળા લોકો જગતના વ્યવહારને ત્યજતા નથી અને ઇચ્છતા પણ નથી. એ તો બધાયને અનુસરે જ છે. ૧૭૭ આત્મતત્ત્વ અનંત છે અને સામાન્ય સત્તાસ્વરૂપ છે. આવા તે ચૈતન્યનું જે વિષયોન્મુખ થવું, તેને જ જ્ઞાનીઓ સંકલ્પોનો અંકુર જાણે છે. ૧૭૮ લેશમાત્ર પણ સત્તા (હયાતી) જેણે પ્રાપ્ત કરી હોય, તે ધીમેધીમે ઘન (ઘટ્ટ–સ્થૂલ) બને છે; અને પછી ચિત્તપણું પૂર્ણ કરી મેઘની પેઠે દૃઢ જડતા પામે છે. ૧૭૯ પોતાથી જુદો હોય, તેમ વિષયની ભાવના કરતું ચૈતન્ય, જેમ બીજ અંકુરપણાને પામે છે, તેમ સંકલ્પ જેવા સ્વરૂપને પામે છે. ૧૮૦ એમ સંકલ્પો કરવા, એ જ સંકલ્પ છે; અને તે પોતાની મેળે જ ઉત્પન્ન થાય છે અને પોતાની મેળે જ તુરત વધે છે. પછી તે દુઃખદાયી જ થાય છે, સુખદાયી થતો નથી; ૧૮૧ માટે સંકલ્પ કર મા અને તેવી સ્થિતિમાં પદાર્થની ભાવના ન કર; કેમ કે સંકલ્પોનો નાશ કરવામાં સાવધાન રહેનારો મનુષ્ય ફરી તેને અનુસરતો નથી. ૧૮૨ સંકલ્પોની ભાવનાનો માત્ર અભાવ થતાં પોતાની મેળે જ સંકલ્પ નાશ પામે છે. એમ હે મુનિ! સંકલ્પથી જ સંકલ્પનો અને મનથી જ મનનો તું નાશ કર; અને પછી પોતાના આત્મસ્વરૂપમાં સ્થિતિ

स्वात्मनि तिष्ठ त्वं किमेतावति दुष्करम्। यथैवेदं नभः शून्यं जगच्छून्यं तथैव हि ॥१८४॥ तण्डुलस्य यथा चर्म यथा ताम्रस्य कालिमा। नश्यति क्रियया विप्र पुरुषस्य तथा मलम् ॥१८५॥ जीवस्य तण्डुलस्येव मलं सहजमप्यलम्। नश्यत्येव न संदेहस्तस्मादुद्योगवान्भवेत् ॥१८६॥ इति महोपनिषत् ॥

इति पञ्चमोऽध्यायः ॥५॥

## षष्ठोऽध्यायः

अन्तरास्थां परित्यज्य भावश्रीं भावनामयीम्। योऽसि सोऽसि जगत्तस्मिँल्लीलया विहरानघ ॥१॥ सर्वत्राहमकर्तेति दृढभावनयानया। परमामृतनाम्नी सा समतैवावशिष्यते ॥२॥ खेदोल्लासविलासेषु स्वात्मकर्तृतयैकया। स्वसंकल्पे क्षयं याते समतैवावशिष्यते ॥३॥ समता सर्वभावेषु यासौ सत्यपरा स्थितिः। तस्यामवस्थितं चित्तं न भूयो जन्मभाग्भवेत् ॥४॥ अथवा सर्वकर्तृत्वमकर्तृत्वं च वै मुने। सर्वं त्यक्त्वा मनः पीत्वा योऽसि सोऽसि स्थिरो भव ॥५॥ शेषस्थिरसमाधानो येन त्यजसि तत्त्यज। चिन्मनः कलनाकारं प्रकाशतिमिरादिकम् ॥६॥ वासनां वासितारं च प्राणस्पन्दनपूर्वकम्। समूलमखिलं त्यक्त्वा व्योमसाम्यः प्रशान्तधीः ॥७॥ हृदयात्संपरित्यज्य सर्ववासनपङ्क्तयः। यस्तिष्ठति

૬૨. આટલું કરવામાં દુષ્કર શું છે? (આ તો સહેલું છે.) જેમ આ આકાશ શૂન્ય છે, તેમ આ જગત શૂન્ય જ છે. ૧૮૩,૧૮૪ હે બ્રાહ્મણ! ચોખાનું ફોતરું અને તાંબાની

કાળાશ જેમ ક્રિયાથી નાશ પામે છે. તેમ પુરુષનો મેલ ક્રિયાથી નાશ પામે છે. ૧૮૫ જીવ ચોખા જેવો છે; તેનો મેલ જો કે સ્વાભાવિક છે તોપણ એ નાશ પામે જ છે, એમાં સંદેહ નથી; માટે ઉદ્યોગી થવું જોઈએ. ૧૮૬ એમ આ મહોપનિષદ ઉપદેશે છે.'

પાંચમો અધ્યાય સમાપ્ત

## છઠ્ઠો અધ્યાય

'હે નિર્દોષ! તું જે છે. તે જ છે; માટે ભાવનામય અને અંતરની આસ્થારૂપ ભાવલક્ષ્મીનો ત્યાગ કરી આનંદથી આ જગતમાં વિહાર કર. ૧ બધે 'હું કર્તા નથી' આવી દૃઢ ભાવનાથી પરમ અમૃત નામની તે સમતા જ બાકી રહે છે. ૨ પોતાના આત્માને કર્તાપણું છે, આવી એક જ ભાવના કરવાથી ખેદના ઉલ્લાસો ને વિલાસો થાય છે; માટે (કર્તાપણારૂપ) પોતાનો સંકલ્પ નાશ પામતાં કેવળ સમતા જ બાકી રહે છે. ૩ સર્વ પદાર્થો પર જે સમતા થાય, એ જ સત્યપરાયણ સ્થિતિ છે; તેમાં સ્થિર થયેલું ચિત્ત ફરી જન્મ પામનારું થતું નથી; ૪ અથવા હે મુનિ! સર્વ કર્તાપણું તથા બધું અકર્તાપણું ત્યજી દઈ મનને જ તું પી જા; અને પછી જે છે, તે જ તું છે, એમ સ્થિર થા. ૫ એ રીતે સ્થિર એકાગ્રતા જ બાકી રહે, એટલે જેના વડે તું ત્યજે છે, તેનો પણ ત્યાગ કર. ચૈતન્ય જ મનના આકારને ધારણ કરનારું છે અને તે જ પ્રકાશ તથા અંધકાર વગેરે છે; ૬ માટે વાસના અને વાસના કરનાર—એ બન્નેના પ્રાણની ચેષ્ટાપૂર્વક મૂળ સાથે સંપૂર્ણ ત્યાગ કર; અને પછી આકાશ જેવો થઈ અત્યંત શાંત બુદ્ધિવાળો થા. ૭ વાસનાઓની સર્વ પંક્તિઓને હૃદયમાંથી હાંકી કાઢી વ્યગ્રતા વિનાનો

गतव्यग्रः स मुक्तः परमेश्वरः ॥८॥ दृष्टं द्रष्टव्यमखिलं भ्रान्तं भ्रान्त्या दिशो दश। युक्त्या वै चरतो ज्ञस्य संसारो गोष्पदाकृतिः ॥९॥ सबाह्याभ्यन्तरे देहे ह्यध ऊर्ध्वं च दिक्षु च। इत आत्मा ततोऽप्यात्मा नास्त्यनात्ममयं जगत् ॥१०॥ न तदस्ति न यत्राहं न तदस्ति न तन्मयम्। किमन्यदभिवाञ्छामि सर्वं सच्चिन्मयं ततम् ॥११॥ समस्तं खल्विदं ब्रह्म सर्वमात्मेदमाततम्। अहमन्य इदं चान्यदिति भ्रान्तिं त्यजानघ ॥१२॥ तते ब्रह्मघने नित्ये संभवन्ति न कल्पिताः। न शोकोऽस्ति न मोहोऽस्ति न जरास्ति न जन्म वा ॥१३॥ यदस्तीह तदस्तीह विज्वरो भव सर्वदा। यथाप्राप्तानुभवतः सर्वत्रानभिवाञ्छनात् ॥१४॥ त्यागादानपरित्यागी विज्वरो भव सर्वदा। यस्येदं जन्म पाश्चात्त्यं तमाश्वेव महामते ॥१५॥ विशन्ति विद्या विमला मुक्ता वेणुमिवोत्तमम्। विरक्तमनसां सम्यक्स्वप्रसङ्गादुदाहृतम् ॥१६॥ द्रष्टुर्दृश्यसमायोगात्प्रत्ययानन्दनिश्चयः। यस्तं स्वमात्मतत्त्वोत्थं निष्पन्दं समुपास्महे ॥१७॥ द्रष्टृदर्शनदृश्यानि त्यक्त्वा वासनया सह। दर्शनप्रत्ययाभासमात्मानं समुपास्महे ॥१८॥ द्वयोर्मध्यगतं नित्यमस्तिनास्तीति पक्षयोः। प्रकाशनं प्रकाशानामात्मानं समुपास्महे ॥१९॥ संत्यज्य हृद्गुहेशानं देवमन्यं प्रयान्ति ये। ते रत्नमभिवाञ्छन्ति त्यक्तहस्तस्थ-

જે રહે છે, તે જ મુક્ત અને પરમેશ્વર છે. ૮ જોવાનું બધું જોઈ લીધું અને દશે દિશાએ ભમીને બધે ભમી લીધું, એમ સમજી યુક્તિથી વિચરતા જ્ઞાનીનો સંસાર ગાયના પગલા જેવડો થાય છે. ૯ બહાર, અંદર, દેહમાં, નીચે, ઉપર, દિશાઓમાં, આ

બાજુ અને તે બાજુ–બધે આત્મા જ છે; આત્મા વિનાનું જગત નથી, એમ છે જ નહિ. ૧૦ એવું કંઈ જ નથી કે જ્યાં હું નથી; એવું કંઈ જ નથી કે જે આત્મામય નથી. હું બીજું શું ઇચ્છું? બધું સત્ અને ચૈતન્યમય વ્યાપેલું છે. ૧૧ આ બધું બ્રહ્મ છે; આત્મા જ આ રૂપે ફેલાયેલો છે; માટે હે નિર્દોષ! હું જુદો છું અને આ જુદું છે, આવી ભ્રાંતિ ત્યજી દે. ૧૨ નિત્ય બ્રહ્મ ખીચોખીચ વ્યાપ્ત છે, એટલે કલ્પિત પદાર્થો સંભવતા જ નથી. શોક નથી, મોહ નથી, ઘડપણ નથી અને જન્મ પણ નથી. ૧૩ જે અહીં છે, તે જ છે; માટે જે કંઈ મળે, તેનો અનુભવ કરી બધે ઇચ્છારહિત થઈ સર્વ કાળે સંતાપરહિત થા. ૧૪ હે મહાબુદ્ધિમાન! જેનો આ જન્મ છે, તે બધું પાછળનું જ છે; માટે તેનો ત્યાગ અને ગ્રહણ એ બન્નેનો જલદી પરિત્યાગ કરી સર્વકાળે તું સંતાપરહિત થા. ૧૫ જેઓનાં મન વૈરાગ્ય પામ્યાં હોય, તેઓમાં ઉત્તમ વાંસમાં મોતીની જેમ નિર્મળ વિદ્યાઓ પ્રવેશે છે અને તેઓ મુક્ત થાય છે; એ વાત પોતાના પ્રસંગે સારી રીતે કહેવાઈ છે. ૧૬ દ્રષ્ટાને દૃશ્યના યોગથી જે અનુભવ અને આનંદનો નિશ્ચય થાય છે, તે આત્મતત્ત્વથી જ ઉત્પન્ન થાય છે; માટે તે આત્માસ્વરૂપ નિશ્ચળ આનંદને અમે સારી રીતે ઉપાસીએ છીએ. ૧૭ દ્રષ્ટા, દર્શન તથા દૃશ્યોનો વાસના સાથે ત્યાગ કરી, દર્શન તથા અનુભવનાં આભાસરૂપ આત્માને અમે સારી રીતે ઉપાસીએ છીએ. ૧૮ 'છે અને નથી' એ બે પક્ષોની વચ્ચે જે નિત્યરૂપે રહ્યો છે, તે પ્રકાશોનો પ્રકાશક આત્મા છે; તેને અમે સારી રીતે ઉપાસીએ છીએ. ૧૯ જેઓ પોતાની હૃદયગુફામાં જ રહેલા ઈશ્વરનો ત્યાગ કરી બીજા દેવ પાસે જાય છે, તેઓ પોતાના હાથમાં જ રહેલા કૌસ્તુભમણિનો ત્યાગ કરી બીજાં રત્નોને ઇચ્છે છે. ૨૦ આ ઇંદ્રિ-

कौस्तुभाः ॥२०॥ उत्थितानुत्थितानेतानिन्द्रियारीन्पुनः पुनः। हन्याद्विवेकदण्डेन वज्रेणेव हरिर्गिरीन् ॥२१॥ संसाररात्रिदुःस्वप्ने शून्ये देहमये भ्रमे। सर्वमेवापवित्रं तद्दृष्टं संसृतिविभ्रमम् ॥२२॥ अज्ञानोपहतो बाल्ये यौवने वनिताहतः। शेषे कलत्रचिन्तार्तः किं करोति नराधमः ॥२३॥ सतोऽसत्ता स्थिता मूर्ध्नि रम्याणां मूर्ध्न्यरम्यता। सुखानां मूर्ध्नि दुःखानि किमेकं संश्रयाम्यहम् ॥२४॥ येषां निमेषणोन्मेषौ जगतः प्रलयोदयौ। तादृशाः पुरुषा यान्ति मादृशां गणनैव का ॥२५॥ संसार एव दुःखानां सीमान्त इति कथ्यते। तन्मध्ये पतिते देहे सुखमासाद्यते कथम् ॥२६॥ प्रबुद्धोऽस्मि प्रबुद्धोऽस्मि दुष्टश्चोरोऽयमात्मनः। मनो नाम निहन्म्येनं मनसास्मि चिरं हृतः ॥२७॥ मा खेदं भज हेयेषु नोपादेयपरो भव। हेयादेयदृशौ त्यक्त्वा शेषस्थः सुस्थिरो भव ॥२८॥ निराशता निर्भयता नित्यता समता ज्ञता। निरीहता निष्क्रियता सौम्यता निर्विकल्पता ॥२९॥ धृतिर्मैत्री मनस्तुष्टिर्मृदुता मृदुभाषिता। हेयोपादेयनिर्मुक्ते ज्ञे तिष्ठन्त्यपवासनम् ॥३०॥ गृहीततृष्णाशबरीवासनाजालमाततम्। संसारवारिप्रसृतं चिन्तातन्तुभिराततम् ॥३१॥ अनया तीक्ष्णया तात छिन्धि बुद्धिशलाकया। वात्ययेवाम्बुदं जालं छित्त्वा तिष्ठ तते पदे ॥३२॥ मनसैव मन-

ચોરૂપી શત્રુઓ ઊભા થયા હોય કે ઊભા ન થયા હોય, તોપણ ઇંદ્ર જેમ વજ્ર વડે પર્વતોને મારે, તેમ વિવેકરૂપી લાકડીથી વારંવાર તેઓને માર્યા જ કરવા. ૨૧ આ દેહમય ભ્રમ સંસાર-રૂપી રાત્રિના દુષ્ટ સ્વપ્ન જેવો શૂન્ય જ છે; તેમાં સઘળું જ

અપવિત્ર છે અને તેને લીધે જ સંસારરૂપી ભ્રમણા દેખાઈ છે.૨૨ અધમ પુરુષ બાળપણમાં અજ્ઞાનથી ઘેરાયો હોય છે, જુવાનીમાં સ્ત્રીથી ઘેરાય છે અને બાકીની ઉંમરમાં એ સ્ત્રીની ચિંતાથી પીડાય છે; શું કરે ? ૨૩ સત્ ઉપર અસત્તા રહી છે, રમ્ય ઉપર અરમ્યતા રહી છે અને સુખો ઉપર દુઃખો રહ્યાં છે, તો કઈ એક જ વસ્તુનો હું આશ્રય કરું ? ૨૪ જેઓની આંખના મિચાવા-ઊઘડવાથી જગતના પ્રલય તથા ઉદય થાય છે, તેવા પુરુષો પણ જતા રહે છે, તો મારા જેવાની ગણતરી શી ? ૨૫ સંસાર જ દુઃખોના સીમાડાની હદ છે, એમ કહેવાય છે; અને તેની વચ્ચે દેહ પડેલો છે, તો સુખ મળે કેવી રીતે ? ૨૬ પણ હવે હું સમજ્યો છું, જાગ્યો છું; આત્માનો દુષ્ટ ચોર આ મન નામે જ છે, માટે એનો જ નાશ કરું; કેમ કે એ મને જ લાંબા કાળ સુધી મને ચોર્યો છે.૨૭ ત્યજવાલાયક પદાર્થોના વિષયમાં ખેદ ન પામ અને ગ્રહણ કરવા યોગ્ય પદાર્થોને ગ્રહણ કરવા માટે તત્પર ન થા. ત્યાજ્ય ને ગ્રાહ્ય–બન્ને દૃષ્ટિ ત્યજીને, બાકી રહેલી સ્થિતિમાં રહી અત્યંત સ્થિર થા.૨૮ ત્યાજ્ય અને ગ્રાહ્ય દૃષ્ટિથી રહિત થયેલા જ્ઞાની-માં નિરાશા, નિર્ભયતા, નિત્યતા, સમતા, જ્ઞાનીપણું નિઃસ્પૃહતા નિષ્ક્રિયતા, સૌમ્યતા, નિર્વિકલ્પતા, ધીરજ, મિત્રતા, મનનો સંતોષ, કોમળતા અને કોમળ બોલવાપણું–એ બધાં દેશ-નિકાલ પામ્યાં હોય છે (હોતાં જ નથી). ૨૯,૩૦ તૃષ્ણારૂપી ભીલડીએ વાસનારૂપી વિશાળ જાળ પકડી છે. તે સંસારરૂપી પાણી ઉપર ફેલાયેલી છે અને ચિંતારૂપી દોરીઓથી ભરેલી છે; તેને આ તીક્ષ્ણ બુદ્ધિરૂપી છરીથી તું કાપી નાખ હે તાત ! વાયુ જેમ વાદળને વિખેરી નાખે, તેમ એ જાળને કાપી નાખી તું વિશાળ (આત્મ)પદમાં સ્થિતિ કર. ૩૧,૩૨

श्छित्त्वा कुठारेणेव पादपम् । पदं पावनमासाद्य सद्य एव स्थिरो भव ॥३३॥ तिष्ठन्गच्छन्स्वपञ्जाग्रन्निवसन्नुत्पतन्पतन् । असदेवेदमित्यन्तं निश्चित्यास्थां परित्यज ॥ ३४ ॥ दृश्यमाश्रयसीदं चेत्तत्सचित्तोऽसि बन्धवान् । दृश्यं संत्यजसीदं चेत्तदाऽचित्तोऽसि मोक्षवान् ॥ ३५ ॥ नाहं नेदमिति ध्यायंस्तिष्ठ त्वमचलाचलः । आत्मनो जगतश्चान्तर्द्रष्टृदृश्यदशान्तरे ॥ ३६ ॥ दर्शनाख्यं स्वमात्मानं सर्वदा भावयन्भव । स्वाद्यस्वादकसंत्यक्तं स्वाद्यस्वादकमध्यगम् ॥ ३७ ॥ स्वदनं केवलं ध्यायन्परमात्ममयो भव । अवलम्ब्य निरालम्बं मध्ये मध्ये स्थिरो भव ॥ ३८ ॥ रज्जुबद्धा विमुच्यन्ते तृष्णाबद्धा न केनचित् । तस्मान्निदाघ तृष्णां त्वं त्यज संकल्पवर्जनात् ॥ ३९ ॥ एतामहंभावमयीमपुण्यां छित्त्वानहंभावशलाकयैव । स्वभावजां भव्यभवान्तभूमौ भव प्रशान्तखिलभूतभीतिः ॥ ४० ॥ अहमेषां पदार्थानामेते च मम जीवितम् । नाहमेभिर्विना किंचिन्न मयैते विना किल ॥ ४१ ॥ इत्यन्तर्निश्चयं त्यक्त्वा विचार्य मनसा सह । नाहं पदार्थस्य न मे पदार्थ इति भाविते ॥ ४२ ॥ अन्तःशीतलया[1] बुद्ध्या कुर्वतो लीलया क्रियाम् । यो नूनं वासनात्यागो ध्येयो ब्रह्मन्प्रकीर्तितः ॥ ४३ ॥ सर्वं समतया बुद्ध्या यः कृत्वा वासनाक्षयम् । जहाति निर्ममो देहं नेयोऽसौ

જેમ કુહાડીથી ઝાડને કાપે, તેમ મનથી જ મનને કાપી નાખી, પવિત્ર પદ પામીને તુરત જ તું સ્થિર થા. ૩૩ ઊભો રહેતાં,

१ अतः शीतलया

ચાલતાં, ઊંઘતાં, જાગતાં, રહેતાં, ઊઠતાં ને જતાં 'આ અસત્ જ છે' એવો નિશ્ચય કરી તે પરની આસ્થાને તું ત્યજી દે. ૩૪ આ દશ્યનો જો તું આશ્રય કરીશ, તો ચિત્તયુક્ત થઈ બંધન પામીશ; અને આ દશ્યનો જો સારી રીતે ત્યાગ કરીશ, તો ચિત્તરહિત થઈ મોક્ષ પામીશ. ૩૫ આત્મા અને જગતની અંદર દ્રષ્ટા તથા દશ્યની દશા રહેલી છે; તેની વચ્ચે 'હું નથી અને આ નથી' એમ ધ્યાન કરતો તું પર્વતની પેઠે અચળ રહે. ૩૬ 'દર્શન' નામના પોતાના આત્માની સર્વદા તું ભાવના કરતો રહે. સ્વાદ લેવા યોગ્ય અને સ્વાદ લેનાર—એ બન્નેને ત્યજી, સ્વાદ લેવા યોગ્ય વસ્તુ તથા સ્વાદ લેનારો—એ બન્ને વચ્ચે જે 'સ્વાદ' રહ્યો છે, તેનું જ કેવળ તું ધ્યાન કર અને પરમાત્મામય થા. નિરાશ્રય સ્થિતિનો આશ્રય કરી વચ્ચે વચ્ચે તું સ્થિર થા. ૩૭,૩૮ હે નિદાઘ! દોરીથી બંધાયેલા છૂટે છે, પણ તૃષ્ણાથી બંધાયલા કોઈનાથી છૂટતા નથી; માટે સંકલ્પો ત્યજીને તૃષ્ણાનો તું ત્યાગ કર. ૩૯ આ અપવિત્ર તૃષ્ણા અહંભાવમય છે; માટે અહંભાવ નહિ કરવા રૂપી છરી વડે તેને છેદી નાખી, સ્વભાવજન્ય અને ભવ્ય એવી સંસારને છેડે રહેલી ભૂમિ ઉપર તું સ્થિતિ કર; કેમ કે ત્યાં બધાં ભૂતડાંનો ભય અત્યંત શાંત થઈ જશે. ૪૦ 'આ પદાર્થોનો હું છું, આ મારું જીવન છે, આના વિના હું કંઈ જ નથી અને મારા વિના આ કંઈ જ નથી' આવો અંતરનો નિશ્ચય ત્યજી મન સાથે વિચાર કર; અને 'હું આ પદાર્થોનો નથી અને આ પદાર્થો મારા નથી' એવી ભાવના કર. ૪૧,૪૨ હે બ્રાહ્મણ! વાસનાનો જે ત્યાગ, અંદર શીતલ બુદ્ધિ વડે લીલાથી ક્રિયા કરે છે, તેને જ ધ્યાન કરવા યોગ્ય કહ્યો છે. ૪૩ સમાનતાવાળી બુદ્ધિથી સંપૂર્ણ વાસનાઓનો નાશ કરીને મનુષ્ય મમતારહિત થાય છે અને (સદાને માટે) દેહનો

वासनाक्षयः ॥ ४४ ॥ अहंकारमयीं त्यक्त्वा वासनां लीलयैव यः । तिष्ठति ध्येयसंत्यागी स जीवन्मुक्त उच्यते ॥ ४५ ॥ निर्मूलं कलनां त्यक्त्वा वासनां यः शमं गतः । ज्ञेयं त्यागमिमं विद्धि मुक्तं तं ब्राह्मणोत्तमम् ॥ ४६ ॥ द्वावेतौ ब्रह्मतां यातौ द्वावेतौ विगतज्वरौ । आपतत्सु यथाकालं सुखदुःखेष्वनारतौ । संन्यासियोगिनौ दान्तौ विद्धि शान्तौ मुनीश्वर ॥ ४७ ॥ ईप्सितानीप्सिते न स्तो यस्यान्तर्वर्तिदृष्टिषु । सुषुप्तवद्यश्चरति स जीवन्मुक्त उच्यते ॥ ४८ ॥ हर्षामर्षभयक्रोधकामकार्पण्यदृष्टिभिः । न हृष्यति ग्लायति यः परामर्शविवर्जितः ॥ ४९ ॥ बाह्यार्थवासनोद्भूता तृष्णा बद्धेति कथ्यते । सर्वार्थवासनोन्मुक्ता तृष्णा मुक्तेति भण्यते ॥ ५० ॥ इदमस्तु ममेत्यन्तमिच्छां प्रार्थनयान्विताम् । तां तीक्ष्णशृङ्खलां विद्धि दुःखजन्मभयप्रदाम् ॥ ५१ ॥ तामेतां सर्वभावेषु सत्स्वसत्सु च सर्वदा । संत्यज्य परमोदारं पदमेति महामनाः ॥ ५२ ॥ बन्धास्थामथ मोक्षास्थां सुखदुःखदशामपि । त्यक्त्वा सदसदास्थां त्वं तिष्ठाक्षुब्धमहाब्धिवत् ॥ ५३ ॥ जायते निश्चयः साधो पुरुषस्य चतुर्विधः ॥ ५४ ॥ आपादमस्तकमहं मातापितृविनिर्मितः । इत्येको निश्चयो ब्रह्मन्बन्धायासविलोकनात् ॥ ५५ ॥ अतीतः सर्वभावेभ्यो वालाग्रादप्यहं तनुः । इति द्वितीयो मोक्षाय निश्चयो जायते सताम् ॥ ५६ ॥ जगज्जालपदार्थात्मा सर्व एवाहमक्षयः । तृतीयो निश्चय-

ત્યાગ કરે છે; માટે એ વાસનાનો નાશ જ કરવો યોગ્ય છે. ૪૪ જે મનુષ્ય અહંકારમય વાસનાનો લીલામાત્રમાં (પ્રથમ) ત્યાગ કરી, (છેવટે) ધ્યેય વસ્તુનો પણ ત્યાગી થઈ સ્થિતિ કરે છે,

તે જીવન્મુક્ત કહેવાય છે. ૪૫ ભાવનારૂપ વાસનાનો મૂળમાંથી ત્યાગ કરી જે શમને પામે છે, તેનો જ એ ત્યાગ જાણવા યોગ્ય છે; અને તેને જ તારે બ્રહ્મનિષ્ઠોમાં ઉત્તમ મુક્ત જાણવો. ૪૬ હે મુનીશ્વર! જે સંન્યાસી અને યોગી સમયાનુસાર આવતાં સુખો ને દુ:ખોમાં આસક્ત થતા નથી અને સંતાપરહિત રહે છે, તે બન્ને જણા બ્રહ્મને પામ્યા છે; અને તેઓ બન્નેને દમગુણ-વાળા તથા શાંત શમગુણવાળા તારે જાણવા. ૪૭ અંદર વર્તતી જેની દૃષ્ટિમાં ઇચ્છિત અને અનિચ્છિત–બન્ને નથી, તેમ જ સુષુપ્તિમાં રહ્યો હોય તેમ જે વિચરે છે, તે જીવન્મુક્ત કહેવાય છે. ૪૮ જે વાસના અથવા તૃષ્ણાથી રહિત થયો હોય, તે હર્ષ, અદેખાઈ, ભય, ક્રોધ, કામના તથા કૃપણતાની દૃષ્ટિથી હર્ષ પામતો નથી કે ગ્લાનિ પામતો નથી. ૪૯ બાહ્ય વિષયોની વાસનાથી ઉત્પન્ન થયેલી તૃષ્ણા બાંધી કહેવાય છે અને સર્વ વિષયોની વાસનાથી છૂટેલી તૃષ્ણા છોડેલી કહેવાય છે. ૫૦ 'આ મારું થાઓ' એમ માગણી સાથે જે અત્યંત ઇચ્છા થાય, તેને તીક્ષ્ણ સાંકળ સમજવી; તે દુ:ખ, જન્મ તથા ભયને આપે છે; ૫૧ માટે હરકોઈ વિષય હોય કે ન હોય, તોપણ તે વિષેની એ ઇચ્છાનો ત્યાગ કરવો; જેથી મોટા મનવાળો થયેલો મનુષ્ય પરમ ઉદાર પદને પામે છે. ૫૨ બંધનની આસ્થા, મોક્ષની આસ્થા, સુખ–દુ:ખની દશા અને સત્ કે અસત્ વસ્તુની આસ્થા-નો પણ ત્યાગ કરીને તું સ્થિર મહાસાગર જેવો થા. ૫૩ હે સત્પુરુષ! પુરુષનો નિશ્ચય ચાર પ્રકારનો હોય છે: 'પગથી માથા સુધી હું માતા–પિતા દ્વારા નિર્માણ કરાયો છું.' આ પહેલો નિશ્ચય છે. હે બ્રાહ્મણ! આમાં બંધન તથા આયાસ જોવામાં આવે છે. ૫૪,૫૫ 'હું સર્વ પદાર્થોથી પર છું અને વાળની અણીથી પણ સૂક્ષ્મ છું.' આવો બીજો નિશ્ચય સજ્જનોને

श्रोक्तो मोक्षायैव द्विजोत्तम ॥ ५७ ॥ अहं जगद्वा सकलं शून्यं व्योमसमं सदा । एवमेष चतुर्थोऽपि निश्चयो मोक्षसिद्धिदः ॥५८॥ एतेषां प्रथमः प्रोक्तस्तृष्णाया बन्धयोग्यया । शुद्धतृष्णास्त्रयः स्वच्छा जीवन्मुक्ता विलासिनः ॥ ५९ ॥ सर्वं चाप्यहमेवेति निश्चयो यो महामते । तमादाय विषादाय न भूयो जायते मतिः ॥ ६० ॥ शून्यं तत्प्रकृतिर्माया ब्रह्मविज्ञानमित्यपि । शिवः पुरुष ईशानो नित्यमात्मेति कथ्यते ॥ ६१ ॥ द्वैताद्वैतसमुद्भूतैर्जगन्निर्माणलीलया । परमात्ममयी शक्तिरद्वैतैव विजृम्भते ॥ ६२ ॥ सर्वातीतपदालम्बी परिपूर्णैकचिन्मयः । नोद्वेगी न च तुष्टात्मा संसारे नावसीदति ॥ ६३ ॥ प्राप्तकर्मकरो नित्यं शत्रुमित्रसमानदृक् । ईहितानीहितैर्मुक्तो न शोचति न काङ्क्षति ॥ ६४ ॥ सर्वस्याभिमतं वक्ता चोदितः पेशलोक्तिमान् । आशयज्ञश्च भूतानां संसारे नावसीदति ॥ ६५ ॥ पूर्वां दृष्टिमवष्टभ्य ध्येयत्यागविलासिनीम् । जीवन्मुक्ततया स्वस्थो लोके विहर विज्वरः ॥ ६६ ॥ अन्तःसंत्यक्तसर्वाशो वीतरागो विवासनः । बहिःसर्वसमाचारो लोके विहर विज्वरः ॥ ६७ ॥ बहिःकृत्रिमसंरम्भो[1] हृदि संरम्भवर्जितः । कर्ता बहिरकर्तान्तर्लोके विहर शुद्धधीः ॥ ६८ ॥ त्यक्ताहंकृतिराश्वस्तमतिराकाशशोभनः ।

મોક્ષ આપનાર થાય છે. ૫૬ હે ઉત્તમ બ્રાહ્મણ! 'જગતની જાળ અને પદાર્થોનો હું આત્મા છું, હું જ સર્વસ્વરૂપ અવિનાશી છું'' આવો ત્રીજો નિશ્ચય પણ મોક્ષ આપનાર કહેવાય છે. ૫૭ 'હું અથવા જગત બધું સદા શૂન્ય આકાશ જેવું છે' આવો

१ संभारो

ચોથો નિશ્ચય પણ મોક્ષસિદ્ધિને આપનારો છે. ૫૮ આમાંનો પહેલો નિશ્ચય બંધન-યોગ્ય તૃષ્ણાને લીધે થાય છે; બાકીના ત્રણ નિશ્ચયો તૃષ્ણા વિનાના હોય છે. તે નિશ્ચયવાળા સ્વચ્છ, જીવન્મુક્ત અને આત્મતત્ત્વમાં વિલાસ કરનારા હોય છે. ૫૯ હે મહાબુદ્ધિમાન! "'હું જ બધું છું' આવો નિશ્ચય સ્વીકારીને બુદ્ધિ ફરી ખેદવાળી થતી નથી. ૬૦ એ શૂન્ય છે; તેની પ્રકૃતિ માયા છે; બ્રહ્મવિજ્ઞાન, શિવ, પુરુષ, ઈશ્વર, નિત્ય અને આત્મા–એમ એ (પરમતત્ત્વ) કહેવાય છે. ૬૧ દ્વૈત અને અદ્વૈતમાંથી ઉત્પન્ન થયેલા પદાર્થો વડે જગતની રચનારૂપ લીલા કરીને એ પરમાત્મામય અદ્વૈત શક્તિ જ વિલાસ કરી રહી છે. ૬૨ સર્વથી પર રહેલા પદનો આશ્રય કરનાર, કેવળ પરિપૂર્ણ ચૈતન્યમય બનેલો, ઉદ્વેગ નહિ કરતો ને પ્રસન્ન-સ્વરૂપ પણ નહિ જણાતો જ્ઞાની સંસારમાં ખેદ પામતો નથી. ૬૩ આવેલું કામ કર્યા કરતો, શત્રુ કે મિત્ર ઉપર નિત્ય સમાન દૃષ્ટિવાળો અને ઇચ્છા તથા અનિચ્છાથી મુક્ત થયેલો પુરુષ શોક કરતો નથી અને કોઈની આકાંક્ષા પણ કરતો નથી. ૬૪ સર્વને પ્રિય લાગે તેવું બોલનાર, પ્રેરણા કરી હોય ત્યારે જ સુંદર વચનો કહેનાર અને પ્રાણીઓના આશયને જાણનારો સંસારમાં દુઃખી થતો નથી. ૬૫ ધ્યેય વસ્તુનો ત્યાગ જેમાં વિલસે છે, તેવી પ્રથમ દૃષ્ટિને સ્થિર કરી જીવન્મુક્તપણે તું સ્વસ્થ થા અને સંતાપરહિત થઈ લોકમાં વિહાર કર. ૬૬ અંતરની સર્વ આશાઓ ત્યજીને વીતરાગ તથા વાસનારહિત થઈ બહારના બધા આચારોનું આચરણ કર અને સંતાપરહિત થઈ લોકમાં વિહાર કર. ૬૭ બહાર બનાવટી આવેશવાળો છતાં હૃદયમાં આવેશ વિનાનો થા; તેમ જ બહાર કર્તારૂપ હોઈને પણ અંતરમાં અકર્તા રહી શુદ્ધ બુદ્ધિએ લોકમાં વિહાર કર. ૬૮ અહંકારનો ત્યાગ કરી

अगृहीतकलङ्काङ्को लोके विहर शुद्धधीः ॥ ६९ ॥ उदारः पेशला-
चारः सर्वाचारानुवृत्तिमान् । अन्तःसङ्गपरित्यागी बहिःसंभारवानिव ।
अन्तर्वैराग्यमादाय बहिराशोन्मुखेहितः ॥ ७० ॥ अयं बन्धुरयं
नेति गणना लघुचेतसाम् । उदारचरितानां तु वसुधैव कुटुम्बकम्
॥ ७१ ॥ भावाभावविनिर्मुक्तं जरामरणवर्जितम् । प्रशान्तकलना-
रम्यं नीरागं पदमाश्रय ॥ ७२ ॥ एषा ब्राह्मी स्थितिः स्वच्छा
निष्कामा विगतामया । आदाय विहरन्नेवं संकटेषु न मुह्यति
॥ ७३ ॥ वैराग्येणाथ शास्त्रेण महत्त्वादिगुणैरपि । यत्संकल्प-
हरार्थं तत्स्वयमेवोन्नयन्मनः ॥ ७४ ॥ वैराग्यात्पूर्णतामेति मनो
[1]नाशवशानुगम् । आशया रक्ततामेति शरदीव सरोऽमलम् ॥ ७५ ॥
तमेव भुक्तिविरसं व्यापारौघं पुनः पुनः । दिवसे दिवसे कुर्वन्प्राज्ञः
कस्मान्न लज्जते ॥ ७६ ॥ चिच्चैत्यकलितो बन्धस्तन्मुक्तौ मुक्ति-
रुच्यते । चिदचैत्या किलात्मेति सर्वसिद्धान्तसंग्रहः ॥ ७७ ॥
एतन्निश्चयमादाय विलोकय धियेद्धया[2] । स्वयमेवात्मनात्मानमानन्दं
पदमाप्स्यसि ॥ ७८ ॥ चिदहं चिदिमे लोकाश्चिदाशाश्चिदिमाः
प्रजाः । दृश्यदर्शननिर्मुक्तः केवलामलरूपवान् ॥ ७९ ॥ नित्योदितो
निराभासो द्रष्टा साक्षी चिदात्मकः ॥ ८० ॥ चैत्यनिर्मुक्तचिद्रूपं

શાંત બુદ્ધિવાળો થઈ આકાશ જેવો નિર્મળ થા; અને કલંકનો
ડાઘ પણ ન લાગવા દઈ શુદ્ધ બુદ્ધિએ લોકમાં વિહાર કર. ૬૯
ઉદાર અને સુંદર આચારવાળો રહી બહારના સર્વ આચારો-
ને અનુસર; અંદરથી સંગનો ત્યાગી રહી બહારની સામગ્રી-

१ नाशदशानुगं; २ धियेच्छया, यथेच्छया.

ઓ જાણે સ્વીકારી હોય તેવો દેખાવ કર અને અંદર વૈરાગ્ય સ્વીકારીને બહારની આશાઓમાં તત્પર ચેષ્ટાવાળો થા. ૭૦ ' આ સગો છે અને આ સગો નથી,' આવી ગણતરી હલકા મનવાળાઓની છે; ઉદાર ચરિત્રવાળાઓને તો આખી પૃથ્વી પોતાનું કુટુંબ જ છે. ૭૧ માટે ભાવ તથા અભાવથી રહિત, ઘડપણ અને મરણ વિનાનું, (જેમાં) વાસના અતિ શાંત થયેલી છે એવા સુંદર અને રાગરહિત પદનો તું આશ્રય કર. ૭૨ આ સ્વચ્છ બ્રાહ્મી સ્થિતિ કામનાઓથી રહિત અને નિર્દોષ છે; તેથી તેનો સ્વીકાર કરી મનુષ્ય સંકટોમાં મોહ પામતો નથી. ૭૩ જે મન વૈરાગ્ય, શાસ્ત્ર અને મોટાઈ વગેરે ગુણોથી સંકલ્પોના ત્યાગરૂપ વિષયવાળું બને છે, તે પોતાની મેળે જ ઉન્નત બને છે. ૭૪ નાશને વશ એવા વિષયોને અનુસરતું મન આશાને લીધે રાગી બને છે, પણ શરદઋતુમાં જેમ સરોવર નિર્મળ થાય છે, તેમ વૈરાગ્યથી નિર્મળ થઈ પૂર્ણતાને પામે છે.૭૫ વ્યાપારોના સમૂહો ભોગવવામાં વિરસ જણાય છે છતાં દરરોજ તેને જ વારંવાર કરતો બુદ્ધિમાન મનુષ્ય કેમ શરમાતો નથી? ૭૬ ચૈતન્ય વિષયો સાથે જોડાય છે, તે જ બંધન છે; અને વિષયોથી તેને છૂટવું, તે જ મુક્તિ કહેવાય છે. વિષયોરહિત જે ચૈતન્ય તે જ આત્મા છે. આવો સર્વ સિદ્ધાંતોનો સંગ્રહ છે. ૭૭ આ નિશ્ચયનો સ્વીકાર કરી તેજસ્વી બુદ્ધિથી તું તપાસ કર; જેથી પોતાની મેળે જ તું પોતે આનંદરૂપ આત્મપદને પ્રાપ્ત થઈશ. ૭૮ 'હું ચૈતન્ય છું, આ લોકો ચૈતન્ય છે, દિશાઓ ચૈતન્ય છે અને આ પ્રજાઓ પણ ચૈતન્ય જ છે' આમ દૃશ્યનું દર્શન છૂટી જતાં કેવળ આત્મસ્વરૂપ તું થઈશ; ૭૯ કેમ કે ચૈતન્ય એ જ આત્મા છે અને તે નિત્ય ઉદય પામેલો, આભાસ વિનાનો, દ્રષ્ટા અને સાક્ષી છે.૮૦ વિષયોથી રહિત, ચૈતન્યરૂપ, પૂર્ણ જ્યોતિ-

पूर्णज्योतिःस्वरूपकम् । संशान्तसर्वसंवेद्यं संविन्मात्रमहं महत् ॥८१॥ संशान्तसर्वसंकल्पः प्रशान्तसकलेषणः । निर्विकल्पपदं गत्वा स्वस्थो भव मुनीश्वर ॥८२॥ इति । य इमां महोपनिषदं ब्राह्मणो नित्यमधीते । अश्रोत्रियः श्रोत्रियो भवति । अनुपनीत उपनीतो भवति । सोऽग्निपूतो भवति । स वायुपूतो भवति । स सोमपूतो भवति । स सत्यपूतो भवति । स सर्वपूतो भवति । स सर्वैर्देवैर्ज्ञातो भवति । स सर्वेषु तीर्थेषु स्नातो भवति । स सर्वैर्देवैरनुध्यातो भवति । स सर्वक्रतुभिरिष्टवान्भवति । गायत्र्याः षष्टिसहस्राणि जप्तानि फलानि भवन्ति । इतिहासपुराणानां[१] शतसहस्राणि जप्तानि फलानि भवन्ति । प्रणवानामयुतं जप्तं भवति । आचक्षुषः पङ्क्तिं पुनाति । आसप्तमान्पुरुषयुगान्पुनाति । इत्याह भगवान्हिरण्यगर्भः । जप्येनामृतत्वं च गच्छतीत्युपनिषत् ॥

इति षष्ठोऽध्यायः ॥ ६ ॥

ॐ आप्यायन्तु ममाङ्गानि वाक् प्राणश्चक्षुः श्रोत्रमथो बलमिन्द्रियाणि च सर्वाणि सर्वं ब्रह्मोपनिषदं माहं ब्रह्म निराकुर्यां मा मा ब्रह्म निराकरोदनिराकरणमस्त्वनिराकरणं मे अस्तु । तदात्मनि निरते य उपनिषत्सु धर्मास्ते मयि सन्तु ते मयि सन्तु ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

॥ इति महोपनिषत्समाप्ता ॥

૩૫ અને સર્વ અનુભવાતા પદાર્થો જેમાં સારી રીતે શાંત થયા

१ पुराणरुद्राणां

હોય છે, એવું મોટું અનુભવજ્ઞાન જ હું છું. ૮૧ આમ હે મુનીશ્વર! સર્વ સંકલ્પો શાંત કરી, સકળ ઇચ્છાઓ શમાવીને, નિર્વિકલ્પ પદ પ્રાપ્ત કરી તું સ્વસ્થ થા.' ૮૨

જે બ્રાહ્મણ આ મહોપનિષદનું નિત્ય અધ્યયન કરે છે, તે શ્રોત્રિય ન હોય તોપણ શ્રોત્રિય થાય છે; ઉપનયનસંસ્કારથી રહિત હોય તોપણ ઉપનયન સંસ્કારવાળો બને છે; અગ્નિ જેવો પવિત્ર, વાયુ જેવો પવિત્ર, ચંદ્ર જેવો પવિત્ર, સત્ય જેવો પવિત્ર અને બધી રીતે પવિત્ર થાય છે; તેને સર્વ દેવો જાણે છે; સર્વ તીર્થોમાં તે નાહેલો ગણાય છે; સર્વ દેવો તેનું ધ્યાન કરે છે; સર્વ યજ્ઞો તેણે કર્યા ગણાય છે અને સાઠ હજાર ગાયત્રીનો જપ કરવાથી જે ફળ મળે છે, તે તેને પ્રાપ્ત થાય છે; લાખો ઇતિહાસો અને પુરાણો જપ્યાનું ફળ તેને મળે છે; દશ હજાર ૐકારનો જપ તેણે કર્યો ગણાય છે. વળી તે પોતાની દૃષ્ટિ પડે ત્યાં સુધીની પંક્તિ પવિત્ર કરે છે અને આગળ-પાછળની સાત પેઢી સુધીના પોતાના વંશજોને પવિત્ર કરે છે, એમ ભગવાન બ્રહ્માએ કહ્યું છે; માટે આ ઉપનિષદનો જપ કરવાથી મનુષ્ય મોક્ષ પામે છે, એવું આ ઉપનિષદ છે.

છઠ્ઠો અધ્યાય સમાપ્ત

ૐ મારાં અંગો પુષ્ટ બનો; વાણી, પ્રાણ, આંખ, કાન, બળ અને મારી સર્વ ઇંદ્રિયો પુષ્ટ થાઓ. ઉપનિષદોમાં જે કહ્યું છે, તે બધું બ્રહ્મ વિષે જ કહેલ છે; એ બ્રહ્મનો હું કયારે ય અનાદર ન કરું; બ્રહ્મ પણ મારો કયારે ય અનાદર ન કરો. અનાદર ન હો; મારો અનાદર ન થાઓ, આત્મામાં જ રમણ કરતા મારામાં ઉપનિષદો વિષે જે ધર્મો કહ્યા છે, તે રહો, તે તે મારામાં રહો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ઇતિ મહોપનિષદ સમાપ્ત

# अन्नपूर्णोपनिषत्

शान्तिपाठः—ॐ भद्रं कर्णेभिः शृणुयाम देवा भद्रं पश्येमाक्षभिर्यजत्राः॥
स्थिरैरङ्गैस्तुष्टुवांसस्तनूभिर्व्यशेम देवहितं यदायुः॥ स्वस्ति
न इन्द्रो वृद्धश्रवाः॥ स्वस्ति नः पूषा विश्ववेदाः॥ स्वस्ति
नस्तार्क्ष्यो अरिष्टनेमिः॥ स्वस्ति नो बृहस्पतिर्दधातु॥
ॐ शान्तिः शान्तिः शान्तिः॥

हरिः ॐ। निदाघो नाम योगीन्द्र ऋभुं ब्रह्मविदां वरम्। प्रणम्य दण्डवद्भूमावुत्थाय स पुनर्मुनिः॥ १॥ आत्मतत्त्वमनुब्रूहीत्येवं पप्रच्छ सादरम्। कयोपासनया ब्रह्मन्नीदृशं प्राप्तवानसि॥ २॥ तां मे ब्रूहि महाविद्यां मोक्षसाम्राज्यदायिनीम्। निदाघ त्वं कृतार्थोऽसि शृणु विद्यां सनातनीम्॥ ३॥ यस्या विज्ञानमात्रेण जीवन्मुक्तो भविष्यसि। मूलशृङ्गाटमध्यस्था बिन्दुनादकलाश्रया॥ ४॥ नित्यानन्दा निराधारा विख्याता विलसत्कचा। विष्टपेशी महालक्ष्मीः कामस्तारो नतिस्तथा॥५॥ भगवत्यन्नपूर्णेति ममाभिलषितं ततः। अन्नं देहि ततः स्वाहा मन्त्रसारेति विश्रुता॥ ६॥ सप्तविंशतिवर्णात्मा योगिनीगणसेविता॥ ७॥ ऐं ह्रीं सौं श्रीं क्लीमोन्नमो भगवत्यन्नपूर्णे ममाभिलषितमन्नं देहि स्वाहा। इति

# ૧૮—અન્નપૂર્ણા ઉપનિષદ

**શાંતિપાઠઃ**—હે પૂજ્ય દેવો! અમે કાનો વડે કલ્યાણ સાંભળીએ, આંખો વડે કલ્યાણ જોઈએ અને મજબૂત અંગો વડે તથા દેહ વડે સ્તુતિ કરતા અમે અમારા માટે દેવોએ નક્કી કરેલું આયુષ ભોગવીએ.

મોટી કીર્તિવાળા ઇંદ્ર અમારું કલ્યાણ કરો, સર્વ જાણનારા પૂષાદેવ અમારું કલ્યાણ કરો, અટકાવી ન શકાય એવી ગતિવાળા ગરુડદેવ અમારું કલ્યાણ કરો; અને બૃહસ્પતિ અમારું કલ્યાણ કરો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

હરિઃ ૐ નિદાઘ નામના યોગીંદ્રે બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ ઋભુને પૃથ્વી પર પડી દંડવત્ પ્રણામ કર્યા; અને પછી ઊભા રહી તે મુનિએ તેમને આદરપૂર્વક પૂછ્યું કે, 'આત્મતત્ત્વનો મને ઉપદેશ કરો. હે બ્રાહ્મણ! કઈ ઉપાસનાથી તમે આવું આત્મતત્ત્વ પામ્યા છો? મોક્ષનું સામ્રાજ્ય આપનારી એ મહાવિદ્યાનો મને ઉપદેશ કરો.' તે સાંભળી ઋભુએ કહ્યું: 'હે નિદાઘ! તું કૃતાર્થ છે. એ સનાતન વિદ્યા તું સાંભળ.૧–૩ જેનું માત્ર જ્ઞાન થવાથી તું જીવન્મુક્ત થઈશ. એ વિદ્યા મૂળ મંત્રોરૂપ દરવાજાની મધ્યે રહી છે; બિંદુ, નાદ અને કલાથી આશ્રિત છે; નિત્ય આનંદરૂપ, આધાર વિનાની, પ્રખ્યાત, શોભાયમાન કેશવાળી, જગતની ઈશ્વરી અને મહાલક્ષ્મીરૂપ છે. તેમાં પ્રથમ કામનાદાયી બીજમંત્રો, 'ૐકાર' અને 'नमः' પદ છે; પછી भगवति अन्नपूर्णे मम अभिलषितम्' એ પદો છે; તે પછી 'अन्नं देहि એ પદો છે અને તે પછી 'स्वाहा' પદ છે. આ વિદ્યા મંત્રોમાં સારરૂપે પ્રખ્યાત છે. તેમાં ૨૭ અક્ષરો છે. અને યોગિનીઓના ગણો તેને સેવે છે. ૪,૭ તે આ પ્રમાણે છે: 'ऐं ह्रीं सौं श्रीं क्लीं

पित्रोपदिष्टोऽस्मि तदादिनियमः स्थितः। कृतवान्स्वाश्रमाचारो मन्त्रानुष्ठानमन्वहम् ॥ ८ ॥ एवं गते बहुदिने प्रादुरासीन्ममाग्रतः। अन्नपूर्णा विशालाक्षी स्मयमानमुखाम्बुजा ॥ ९ ॥ तां दृष्ट्वा दण्डवद्भूमौ नत्वा प्राञ्जलिरास्थितः। जहो वत्स कृतार्थोऽसि वरं वरय मा चिरम् ॥ १० ॥ एवमुक्तो विशालाक्ष्या मयोक्तं मुनिपुङ्गव। आत्मतत्त्वं मनसि मे प्रादुर्भवतु पार्वति ॥ ११ ॥ तथैवास्त्विति मामुक्त्वा तत्रैवान्तरधीयत। तदा मे मतिरुत्पन्ना जगद्वैचित्र्यदर्शनात् ॥ १२ ॥ भ्रमः पञ्चविधो भाति तदेवेह समुच्यते। जीवेश्वरौ भिन्नरूपाविति प्राथमिको भ्रमः ॥ १३ ॥ आत्मनिष्ठं कर्तृगुणं वास्तवं वा द्वितीयकः। शरीरत्रयसंयुक्तजीवः सङ्गी तृतीयकः ॥ १४ ॥ जगत्कारणरूपस्य विकारित्वं चतुर्थकः। कारणाद्भिन्नजगतः सत्यत्वं पञ्चमो भ्रमः। पञ्चभ्रमनिवृत्तिश्च तदा स्फुरति चेतसि ॥ १५ ॥ बिम्बप्रतिबिम्बदर्शनेन भेदभ्रमो निवृत्तिः। स्फटिकलोहितदर्शनेन पारमार्थिककर्तृत्वभ्रमो निवृत्तः। घटमठाकाशदर्शनेन सङ्गीतिभ्रमो निवृत्तः। रज्जुसर्पदर्शनेन कारणाद्भिन्नजगतः सत्यत्वभ्रमो निवृत्तः। कनकरुचकदर्शनेन विकारित्वभ्रमो-

ॐ नमो भगवति अन्नपूर्णे ममाभिलषितमन्नं देहि स्वाहा' આ મહાવિદ્યાનો મને મારા પિતાએ ઉપદેશ કર્યો, ત્યારથી માંડી હું નિયમમાં રહ્યો અને પોતાના આશ્રમધર્મના આચારોમાં રહી મેં દરરોજ એ મંત્રનું અનુષ્ઠાન (જપ) કરવા માંડ્યું. ૮ એમ ઘણા દિવસો ગયા, એટલે મારી આગળ અન્નપૂર્ણા પ્રકટ થયાં; તે વિશાળ નેત્રોવાળાં અને હસતા મુખકમળવાળાં હતાં. ૯ તેમને

જોઈ ભૂમિ પર દંડવત્ પ્રણામ કરી બે હાથ જોડી હું ઊભો રહ્યો, એટલે તેમણે કહ્યું કે, 'હે પુત્ર! તું કૃતાર્થ થયો છે, વરદાન માગ! વિલંબ કર મા.' ૧૦ હે મુનિશ્રેષ્ઠ! વિશાળ નેત્રો-વાળાં તે દેવીએ એમ કહ્યું, ત્યારે મેં માગ્યું કે, 'હે પાર્વતિ! મારા મનમાં આત્મતત્ત્વ પ્રકટ થાઓ.' ૧૧ 'તથૈવાસ્તુ–એમ જ થાઓ.' એમ કહી એ દેવી ત્યાં જ અદૃશ્ય થયાં; એટલે તે જ સમયે જગતની વિચિત્રતાનાં દર્શન થવાથી મને આવી બુદ્ધિ ઉત્પન્ન થઈ: ૧૨ પાંચ પ્રકારનો ભ્રમ ભાસે છે; તે જ અહીં કહેવાય છે: 'જીવ અને ઈશ્વર જુદા જુદા રૂપવાળા છે.' આ પહેલો ભ્રમ છે; 'કર્તાપણાનો ગુણ આત્મામાં રહ્યો છે અને તે વાસ્તવિક છે' આ બીજો ભ્રમ છે; 'જીવ ત્રણ શરીરોથી યુક્ત છે અને સંગવાળો છે' આ ત્રીજો ભ્રમ છે; 'જગતના કારણનું સ્વરૂપ વિકારી છે' આ ચોથો ભ્રમ છે; અને 'જગત તેના કારણથી જુદું હોઈ સત્ય છે' આ પાંચમો ભ્રમ છે. આ પાંચે ભ્રમ ત્યારે જ દૂર થાય છે કે, જ્યારે બિંબ અને પ્રતિબિંબને જોતાં તે બન્નેની એકતા જણાય છે; તે વેળા પહેલો (જીવ અને ઈશ્વરની જુદાઈ-નો) ભ્રમ દૂર થાય છે; સ્ફટિકમણિમાં દેખાતી રતાશ કોઈ ફૂલ વગેરેના સમીપપણાથી જ છે, એમ દૃષ્ટાંતપૂર્વક જોવાથી આત્મામાં સત્ય જણાતા કર્તાપણાનો (બીજો) ભ્રમ દૂર થાય છે; ઘટાકાશ–મઠાકાશ વગેરે આકાશોને ઘડો–મઠ વગેરે ઉપાધિનો લગારે સંગ નથી, એમ તે દાખલો જોવાથી આત્મામાં સંગી-પણાનો (ત્રીજો) ભ્રમ દૂર થાય છે; દોરડીમાં દેખાતો સાપ સાચો નથી હોતો, એમ જોવાથી 'જગત તેના કારણથી જુદું સાચું છે' એ ભ્રમ દૂર થાય છે; અને સોનું તથા દાગીના ખરી રીતે જુદા નથી હોતા, એમ દાખલો જોવાથી 'જગતનું કારણ બ્રહ્મ વિકારી છે' એ ભ્રમ દૂર થાય છે. એમ પાંચે ભ્રમ જ્યારે

निवृत्तः। तदाप्रभृति मच्चितं ब्रह्माकारमभूत्स्वयम्। निदाघ त्वमपीत्थं हि तत्त्वज्ञानमवाप्नुहि ॥१६॥ निदाघः प्रणतो भूत्वा ऋभुं पप्रच्छ सादरम्। ब्रूहि मे श्रद्दधानाय ब्रह्मविद्यामनुत्तमाम् ॥१७॥ तथेत्याह ऋभुः प्रीतस्तत्त्वज्ञानं वदामि ते। महाकर्ता महाभोक्ता महात्यागी भवानघ। स्वस्वरूपानुसंधानमेवं कृत्वा सुखी भव ॥१८॥ नित्योदितं विमलमाद्यमनन्तरूपं ब्रह्मास्मि नेतरकलाकलनं हि किंचित्। इत्येव भावय निरञ्जनतामुपेतो निर्वाणमेहि सकलामलशान्तवृत्तिः ॥ १९॥ यदिदं दृश्यते किंचित्तत्तन्नास्तीति भावय। यथा गन्धर्वनगरं यथा वारि मरुस्थले ॥२०॥ यत्तु नो दृश्यते किंचिद्यत्तु किंचिदिव स्थितम्। मनःषष्ठेन्द्रियातीतं तन्मयो भव वै मुने ॥२१॥ अविनाशि चिदाकाशं सर्वात्मकमखण्डितम्। नीरन्ध्रं भूरिवाशेषं तदस्मीति विभावय ॥२२॥ यदा संक्षीयते चित्तमभावात्यन्तभावनात्। चित्सामान्यस्वरूपस्य सत्तासामान्यता तदा ॥२३॥ नूनं चैत्यांशरहिता चिद्यदात्मनि लीयते। असद्रूपवदत्यच्छा सत्तासामान्यता तदा ॥२४॥ दृष्टिरेषा हि परमा सदेहादेहयोः समा। मुक्तयोः संभवत्येव तुर्यातीतपदाभिधा ॥२५॥ व्युत्थितस्य भवत्येषा समाधिस्थस्य चानघ। ज्ञस्य केवलमज्ञस्य न भवत्येव बोधजा। अनानन्दसमानन्दमुग्धमुग्धमुखद्युतिः ॥२६॥ चिरकालपरिक्षीणमननादिपरिभ्रमः। पद-

દૂર થયા. ત્યારથી માંડી મારું ચિત્ત પોતાની મેળે બ્રહ્માકાર થયું. હે નિદાઘ! એ રીતે તું પણ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કર.' ૧૩–૧૬

પછી નિદાઘે પ્રણામ કરી આદરપૂર્વક ઋભુને પૂછ્યું કે, 'મને

શ્રદ્ધાળુને સર્વોત્તમ બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરો.' ૧૭ ત્યારે 'બહુ સારું' એમ કહી પ્રસન્ન થઈને ઋભુ બોલ્યા કે, 'હું તને તત્ત્વ-જ્ઞાનનો ઉપદેશ આપું છું. હે નિર્દોષ! તું મહાકર્તા, મહા-ભોક્તા અને મહાત્યાગી થા; અને એમ સ્વરૂપાનુસંધાન કરી સુખી થા. ૧૮ 'હું નિત્ય ઉદય પામેલ, નિર્મળ, આદ્ય અને અનંત-રૂપવાળું બ્રહ્મ છું; બીજા અંશો જે જણાય તે કંઈ છે જ નહિ.' એવી જ તું ભાવના કર અને નિરંજનપણું પ્રાપ્ત કરી સંપૂર્ણ નિર્મળ અને શાંતવૃત્તિવાળો થઈ નિર્વાણ પ્રાપ્ત કર. ૧૯ જેમ ગંધર્વનગર નથી અને નિર્જળ પ્રદેશમાં (દેખાતું ઝાંઝવાંનું) પાણી હોતું નથી, તેમ જે આ દેખાય છે, તે કંઈ છે જ નહિ, એમ વિચાર્યા કર. ૨૦ હે મુનિ! જે કોઈ સ્વરૂપે દેખાતું નથી, છતાં જાણે કંઈક છે, એમ રહેલું છે અને મન સહિત છયે ઇંદ્રિયોથી પર છે, તેમય તું થા. ૨૧ ચૈતન્યાકાશ અવિનાશી, સર્વસ્વરૂપ, અખં-ડિત અને જમીન જેવું છિદ્રરહિત છે, તે સમગ્ર ચૈતન્ય 'હું' છું, એ તું માન. ૨૨ વસ્તુઓના અભાવની અત્યંત ભાવના કર-વાથી જ્યારે ચિત્ત નાશ પામે છે, ત્યારે ચૈતન્યના સામાન્ય સ્વરૂપની જ સામાન્ય સત્તા (હયાતી) રહે છે. ૨૩ વિષયોના અંશ વિનાનું જ્ઞાન જ્યારે આત્મસ્વરૂપમાં લય પામે છે, ત્યારે અસતરૂપના જેવી અતિ સ્વચ્છ સામાન્ય સત્તા જ રહે છે. ૨૪ આ જ પરમ દૃષ્ટિ સદેહ તથા અદેહ મુક્તમાં સમાન જ સંભવે છે અને તેનું જ નામ 'તુરીયાતીત' પદ છે. ૨૫ હે નિર્દોષ! જ્ઞાનથી થનારી આ દૃષ્ટિ સમાધિમાંથી ઊઠેલા કે સમાધિમાં રહેલા કેવળ જ્ઞાનીને જ હોય છે, અજ્ઞાનીને હોતી જ નથી. તેમાં આનંદના અભાવ જેવો આનંદ અને મુગ્ધમાં મુગ્ધ મનુષ્યના જેવી મુખની કાંતિ હોય છે; ૨૬ વળી લાંબા કાળની મનન વગેરેની ભ્રમણા પણ તેમાં નાશ પામી હોય છે. આ

मासाद्यते पुण्यं प्रज्ञयैवैकया तथा ॥ २७ ॥ इमं गुणसमाहारमनात्मत्वेन पश्यतः । अन्तःशीतलया यासौ समाधिरिति कथ्यते ॥ २८ ॥ अवासनं स्थिरं प्रोक्तं मनोध्यानं तदेव च । तदेव केवलीभानं शान्ततैव च तत्सदा ॥ २९ ॥ तनुवासनमत्युच्चैः पदायोद्यतमुच्यते । अवसानं मनोऽकर्तृपदं तस्मात्तवाप्यते ॥ ३० ॥ घनवासनमेतत्तु चेतःकर्तृत्वभावनम् । सर्वदुःखप्रदं तस्माद्वासनां तनुतां नयेत् ॥ ३१ ॥ चेतसा संपरित्यज्य सर्वभावात्मभावनाम् । सर्वमाकाशतामेति नित्यमन्तर्मुखस्थितेः ॥ ३२ ॥ यथा विपणगा लोका विहरन्तोऽप्यसत्समाः । असंबन्धात्तथा ज्ञस्य ग्रामोऽपि विपिनोपमः ॥ ३३ ॥ अन्तर्मुखतया नित्यं सुप्तो बुद्धो व्रजन्पठन् । पुरं जनपदं ग्राममरण्यमिव पश्यति ॥ ३४ ॥ अन्तःशीतलतायां तु लब्धायां शीतलं जगत् । अन्तस्तृष्णोपतप्तानां दावदाहमयं जगत् ॥३५॥ भवत्यखिलजन्तूनां यदन्तस्तद्बहिः स्थितम् ॥३६॥ यस्त्वात्मरतिरेवान्तः कुर्वन्कर्मेन्द्रियैः क्रियाः । न वशो हर्षशोकाभ्यां स समाहित उच्यते ॥३७॥ आत्मवत्सर्वभूतानि परद्रव्याणि लोष्टवत् । स्वभावादेव न भयाद्यः पश्यति स पश्यति ॥३८॥ अद्यैव मृतिरायातु कल्पान्तनिचयेन वा । नासौ कलङ्कमाप्नोति हेम पङ्कगतं यथा ॥३९॥ कोऽहं

પવિત્ર પદને કેવળ એક પ્રજ્ઞાથી જ પ્રાપ્ત કરાય છે. ૨૭ જે પુરુષ અંદરની શીતળ સ્થિતિથી આ ગુણસમુદાયને અનાત્મરૂપે જુએ છે, તેની એ સમાધિદશા કહેવાય છે. ૨૮ તેને જ વાસના વિનાનું સ્થિર મનોધ્યાન કહ્યું છે, તે જ કેવલી ભાન છે અને તે જ સદાની શાંતતા છે. ૨૯ અલ્પ વાસનાવાળું મન અતિ ઉચ્ચ પદે આરૂઢ

થવા તત્પર થયું કહેવાય છે; અને મન વાસનારહિત થશે, ત્યારે જ તેનાથી કર્તા વિનાનું પદ તું પ્રાપ્ત કરીશ. ૩૦ આ ચિત્ત જ્યારે ઘણી વાસનાવાળું હોય છે, ત્યારે કર્તાપણાની ભાવનાવાળું બની સર્વ દુઃખોને આપે છે; માટે વાસનાને જ ઓછી કરવી જોઈએ. ૩૧ સર્વ પદાર્થો ઉપરની આત્મભાવનાનો ચિત્ત વડે ત્યાગ કરીને જે પુરુષ નિત્ય અંતર્મુખ સ્થિતિવાળો થાય છે, તેની દૃષ્ટિએ બધું આકાશરૂપ જ બની જાય છે. (ક્યાંય કોઈ પદાર્થ દેખાતો નથી.) ૩૨ જેમ બજારમાં લોકો ફરતા હોય છે, પણ તેઓ સાથે સંબંધ નહિ હોવાથી તે બધા ન હોય તેવા જ જણાય છે, તેમ જ્ઞાનીની દૃષ્ટિએ ગામ પણ સંબંધ નહિ હોવાથી જંગલ જેવું છે. ૩૩ એ જ્ઞાની નિત્ય અંતર્મુખ હોય છે, તેથી ઊંઘતો હોય, જાગતો હોય, જતો હોય અને સ્પષ્ટ બોલતો હોય, છતાં શહેરને, દેશને અથવા ગામને જંગલ જેવું જ જુએ છે. ૩૪ અંતરમાં શીતળતા પ્રાપ્ત થાય છે, ત્યારે જગત શીતલ (હયાતી વિનાનું) બને છે; પણ અંતરમાં તૃષ્ણાથી જેઓ તપી રહ્યા હોય છે, તેઓને જગત દાવાનલમય જણાય છે; ૩૫ કેમ કે સમગ્ર પ્રાણીઓને જેવું અંતરમાં હોય છે, તેવું જ બહાર રહેલું દેખાય છે. ૩૬ જે પુરુષ અંતરમાં કેવળ આત્મા સાથે જ રમણ કરતો હોય છે, તે કર્મેંદ્રિયો વડે ક્રિયાઓ કરે છે, છતાં હર્ષ કે શોકને વશ થતો નથી અને તે જ સમાધિનિષ્ઠ કહેવાય છે. ૩૭ જે મનુષ્ય ભયથી નહિ, પણ સ્વભાવથી જ સર્વ પ્રાણીઓને પોતાનાં જેવાં દેખે અને પારકાં દ્રવ્યોને માટીનાં ઢેફાં જેવાં જુએ છે, તે જ (ખરું) જુએ છે. ૩૮ એવા મનુષ્યનું આજે અથવા અનેક કલ્પોના અંતે મરણ થાઓ, તોપણ કાદવમાં પડેલા સોનાની પેઠે તે કલંકને પામતો નથી. ૩૯ 'હું કોણ છું, આ કેવા

कथमिदं किं वा कथं मरणजन्मनी। विचारयान्तरे वेत्थं महत्तत्फल-मेष्यसि ॥ ४० ॥ विचारेण परिज्ञातस्वभावस्य सतस्तव। मनः स्वरूपमुत्सृज्य शममेष्यति विज्वरम् ॥ ४१ ॥ विज्वरत्वं गतं चेतस्तव संसारवारिधौ। न निमज्जति तद्ब्रह्मन्गोष्पदेष्विव वारणः ॥ ४२ ॥ कृपणं तु मनो ब्रह्मन्गोष्पदेऽपि निमज्जति। कार्ये गोष्पदतोयेऽपि विशीर्णो मशको यथा ॥ ४३ ॥ यावद्यावन्मुनिश्रेष्ठ स्वयं संत्यज्यतेऽखिलम्। तावत्तावत्परालोकः परमात्मैव शिष्यते ॥४४॥ यावत्सर्वं न संत्यक्तं तावदात्मा न लभ्यते। सर्ववस्तुपरित्यागे शेष आत्मेति कथ्यते ॥ ४५ ॥ आत्मावलोकनार्थं तु तस्मात्सर्वं परित्यजेत्। सर्वं संत्यज्य दूरेण यच्छिष्टं तन्मयो भव ॥ ४६ ॥ सर्वं किंचिदिदं दृश्यं दृश्यते यज्जगद्गतम्। चिन्निष्पन्दांशमात्रं तन्नान्यत्किंचन शाश्वतम् ॥ ४७ ॥ समाहिता नित्यतृप्ता यथाभूतार्थदर्शिनी। ब्रह्मन्समाधिशब्देन परा प्रज्ञोच्यते बुधैः ॥ ४८ ॥ अक्षुब्धा निरहंकारा द्वन्द्वेष्वननुपातिनी। प्रोक्ता समाधिशब्देन मेरोः स्थिरतरा स्थितिः ॥ ४९ ॥ निश्चिता विगताभीष्टा हेयोपादेयवर्जिता। ब्रह्मन्समाधिशब्देन परिपूर्णा मनोगतिः ॥ ५० ॥ केवलं चित्प्रकाशांशकल्पिता स्थिरतां गता। तुर्या सा प्राप्यते दृष्टिर्महद्भिर्वेदवित्तमैः ॥ ५१ ॥ अदूरगतसादृश्या सुषुप्तस्योपलक्ष्यते। मनोहंकारविलये

પ્રકારનું અથવા શું છે અને જન્મ-મરણ કયા કારણે થાય છે?' એમ અંતરમાં તું વિચાર્યા કર, જેથી તે મહાન ફળ (મોક્ષ)ને તું પામીશ. ૪૦ વિચાર વડે સ્વભાવને તું જાણી લઈશ, ત્યારે તારું મન પોતાનું સ્વરૂપ ત્યજીને સંતાપરહિત થશે અને

શાંતિને પામશે. ૪૧ હે બ્રાહ્મણ! તારું મન જ્યારે સંતાપરહિત થશે, ત્યારે ગાયના પગલામાં જેમ હાથી ડૂબતો નથી, તેમ સાંસારિક વ્યાપારોમાં તે મગ્ન થશે નહિ. ૪૨ હે બ્રાહ્મણ! જેમ છિન્નભિન્ન થયેલો મચ્છર ગાયના પગલા જેટલા પાણીમાં પણ ડૂબી જાય છે, તેમ દીનતાવાળું મન ગાયના પગલા જેટલા કાર્યમાં પણ ખૂંપી જાય છે. ૪૩ હે શ્રેષ્ઠ મુનિ! જેમ જેમ પોતાની મેળે બધું ત્યજાય છે, તેમ તેમ પરમ પ્રકાશસ્વરૂપ પરમાત્મા જ બાકી રહે છે. ૪૪ જ્યાં સુધી બધું ત્યજી દેવાતું નથી, ત્યાં સુધી આત્મા મળતો નથી; કેમ કે સર્વ વસ્તુઓનો ત્યાગ કર્યા પછી જે બાકી રહે છે, તે જ આત્મા કહેવાય છે; ૪૫ માટે આત્માનાં દર્શન કરવા સારુ સર્વનો ત્યાગ કરવો જોઈએ; અને બધું ત્યાગ કર્યા પછી જે બાકી રહે, તે-મય તું બની જા. ૪૬ જગતમાં રહેલું આ જે કંઈ દૃશ્ય દેખાય છે, તે બધું ચૈતન્યની ચેષ્ટાનો જ માત્ર અંશ છે; માટે તે સિવાયનું બીજું કંઈ પણ સનાતન નથી. ૪૭ હે બ્રાહ્મણ! એકાગ્ર થયેલી, નિત્ય તૃપ્ત અને જેવો હોય તેવો પદાર્થ જોનારી શ્રેષ્ઠ પ્રજ્ઞાને વિદ્વાનો 'સમાધિ' શબ્દથી કહે છે. ૪૮ ક્ષોભ વિનાની, અહંકારરહિત અને રાગ-દ્વેષાદિ દ્વંદ્વોમાં નહિ પડતી મેરુ જેવી અતિ સ્થિર જે સ્થિતિ, તેને 'સમાધિ' શબ્દથી કહી છે. ૪૯ હે બ્રાહ્મણ! નિશ્ચયવાળી, ઇષ્ટ વસ્તુને ત્યજનારી, હેય-ઉપાદેયથી રહિત અને પરિપૂર્ણ એવી જે મનની સ્થિતિ, તેને 'સમાધિ' શબ્દથી કહે છે. ૫૦ કેવળ ચૈતન્યના અંશોથી કલ્પાયેલી દૃષ્ટિ જે સ્થિરતા પામી હોય, તેને તુરિયાવસ્થા કહે છે અને મોટા ઉત્તમ વેદવેત્તાઓ તેને પામે છે. ૫૧ લગભગ સુષુપ્તિ જેવી તે અવસ્થા મન તથા અહંકારનો લય થાય છે, ત્યારે અનુભવાય છે અને

सर्वभावान्तरस्थिता ॥ ५२ ॥ समुदेति परानन्दा या तनुः पारमेश्वरी । मनसैव मनश्छित्त्वा सा स्वयं लभ्यते गतिः ॥ ५३ ॥ तदनु विषयवासनाविनाशस्तदनु शुभः परमः[1] स्फुटप्रकाशः । तदनु च समतावशात्स्वरूपे परिणमनं महतामचिन्त्यरूपम् ॥ ५४ ॥ अखिलमिदमनन्तमात्मतत्त्वं दृढपरिणामिनि चेतसि स्थितोऽन्तः । बहिरुपशमिते चराचरात्मा स्वयमनुभूयत एव देवदेवः ॥ ५५ ॥ असक्तं निर्मलं[2] चित्तं मुक्तं संसार्यपि स्फुटम् । सक्तं तु दीर्घतपसा मुक्तमप्यतिबद्धवत् ॥ ५६ ॥ अन्तःसंसक्तिनिर्मुक्तो जीवो मधुरवृत्तिमान् । बहिः कुर्वन्नकुर्वन्वा कर्ता भोक्ता न हि क्वचित् ॥ ५७ ॥

प्रथमोऽध्यायः ॥ १ ॥

## द्वितीयोऽध्यायः

निदाघ उवाच ॥ सङ्गः कीदृश इत्युक्तः कश्च बन्धाय देहिनाम् । कश्च मोक्षाय कथितः कथं त्वेष चिकित्स्यते ॥ १ ॥ देहदेहिविभागैकपरित्यागेन भावना । देहमात्रे हि विश्वासः सङ्गो बन्धाय कथ्यते ॥ २ ॥ सर्वमात्मेदमत्राहं किं वाञ्छामि त्यजामि किम् । इत्यसङ्गस्थितिं विद्धि जीवन्मुक्ततनुस्थिताम् ॥ ३ ॥ नाहमस्मि न चान्योऽस्ति न चायं न च नेतरः । सोऽसङ्ग इति संप्रोक्तो ब्रह्मा-

સર્વ પદાર્થોની અંદર તે રહેલ છે. ૫૨ પરમ આનંદરૂપ પરમેશ્વરનું સ્વરૂપ જ્યારે પ્રકટે છે, ત્યારે મન વડે જ મનને કાપી નાખી પોતાની મેળે જ તે અવસ્થા પ્રાપ્ત કરાય છે. ૫૩ તે પછી જ વિષયવાસનાઓ નાશ પામે છે, તે પછી જ પરમશ્રેષ્ઠ પ્રકાશ

---

१ चित्तः परमः २ निश्चलं.

સ્પષ્ટ થાય છે અને તે પછી જ સમતાને લીધે સ્વરૂપમાં પરિણામ પામે છે; તેનું સ્વરૂપ મોટાઓને પણ અચિંત્ય છે. ૫૪ આ બધું અનંત આત્મતત્ત્વ છે. એ આત્મા દૃઢ પરિણામવાળા ચિત્તની અંદર રહેલો છે. જે કાળે ચિત્ત બહારના વિષયોમાં જતું બંધ પડે છે, તે વખતે પોતાની મેળે જ એ દેવોનો દેવ, ચર–અચરનો આત્મા અનુભવાય છે. ૫૫ ચિત્ત સંસારી હોય, પણ જો આસક્તિ વિનાનું અને નિર્મળ હોય તો સ્પષ્ટ રીતે મુક્ત જ છે; પણ તે જ ચિત્ત લાંબી તપશ્ચર્યાથી યુક્ત હોય, છતાં જો આસક્તિવાળું હોય તો અત્યંત બંધાયેલા જેવું જ છે; ૫૬ માટે અંદરની આસક્તિ વિનાનો જીવ મધુર વૃત્તિવાળો થાય છે; અને તે હરકોઈ કર્મ કરે કે ન કરે, તોપણ કોઈ કાળે કર્તા કે ભોક્તા છે જ નહિ.' ૫૭

પહેલો અધ્યાય સમાપ્ત

## બીજો અધ્યાય

નિદાઘે પૂછ્યું: 'સંગ કોને કહે છે? કેવો સંગ પ્રાણીઓને બંધન કરનારો થાય છે? અને કયો સંગ મોક્ષ આપનારો કહેવાય છે? સંગને દૂર કરવાનો ઉપાય શો છે?' ૧ ઋભુ બોલ્યા: 'શરીર જુદું છે અને આત્મા જુદો છે; આવો જે વિભાગ છે, તેનો ત્યાગ કરી કેવળ શરીરને જ આત્મા માની લેવો અને માત્ર તે શરીર પર જ વિશ્વાસ રાખવો, આવો સંગ બંધનકર્તા કહેવાય છે. ૨ 'આ બધું આત્મા છે, તો આમાં કઈ વસ્તુને હું ઇચ્છું અને કોનો ત્યાગ કરું?' આવી ભાવનાને તારે અસંગ સ્થિતિ જાણવી અને તે જીવન્મુક્ત પુરુષોમાં રહેલી હોય છે. ૩ 'હું નથી, બીજો નથી, આ નથી અને પેલો પણ નથી; કેવળ હું બ્રહ્મ જ છું.' આમ

स्मीत्येव सर्वदा ॥ ४ ॥ नाभिनन्दति नैष्कर्म्यं न कर्मस्वनुषज्जते । सुसमो यः परित्यागी सोऽसंसक्त इति स्मृतः ॥ ५ ॥ सर्वकर्मफलादीनां मनसैव न कर्मणा । निपुणो यः परित्यागी सोऽसंसक्त इति स्मृतः ॥ ६ ॥ असंकल्पेन सकलाश्चेष्टा नाना विजृम्भिताः । चिकित्सिता भवन्तीह श्रेयः सम्पादयन्ति हि ॥ ७ ॥ न सक्तमिह चेष्टासु न चिन्तासु न वस्तुषु । न गमागमचेष्टासु न कालकलनासु च ॥ ८ ॥ केवलं चिति विश्रम्य किंचिच्चैत्यावलम्ब्यपि । सर्वत्र नीरसमिह तिष्ठत्यात्मरसं मनः ॥ ९ ॥ व्यवहारमिदं सर्वं मा करोतु करोतु वा । अकुर्वन्वापि कुर्वन्वा जीवः स्वात्मरतिक्रियः ॥ १० ॥ अथवा तमपि त्यक्त्वा चैत्यांशं शान्तचिद्घनः । जीवस्तिष्ठति संशान्तो ज्वलन्मणिरिवात्मनि ॥ ११ ॥ चित्ते चैत्यदशाहीने या स्थितिः क्षीणचेतसाम् । सोच्यते शान्तकलना जाग्रत्येव सुषुप्तता ॥ १२ ॥ एषा निदाघ सौषुप्तस्थितिरभ्यासयोगतः । प्रौढा सती तुरीयेति कथिता तत्त्वकोविदैः ॥ १३ ॥ अस्यां तुरीयावस्थायां स्थितिं प्राप्याविनाशिनीम् । आनन्दैकान्तशीलत्वादनानन्दपदं गतः ॥ १४ ॥ अनानन्दमहानन्दकालातीतस्ततोऽपि हि । मुक्त इत्युच्यते योगी तुर्यातीतपदं गतः ॥ १५ ॥ परिगलितसमस्तजन्मपाशः सकलविलीनतमोमयाभिमानः । परमरसमयीं परात्मसत्तां जलगतसैन्धवखण्ड-

જે સર્વ કાળે અનુભવે છે, તેને સંગરહિત કહે છે. ૪ જે કર્મરહિતપણું પસંદ કરતો નથી, કર્મોમાં આસક્ત થતો નથી અને અતિશય સમાનભાવથી યુક્ત રહી બધાંનો પરિત્યાગ કરે છે, તેને આસક્તિરહિત કહે છે. ૫ જે નિપુણ પુરુષ સર્વ

કર્મોનાં ફળ વગેરેને મનથી જ ત્યજે છે; કર્મથી ત્યજતો નથી, તેને આસક્તિરહિત કહે છે. ૬ અનેક જાતની ચેષ્ટાઓ જે પ્રકટે છે, તે બધીને અસંકલ્પરૂપ ઉપાયથી અટકાવી શકાય છે; અને તેથી આ લોકમાં જ તેઓ કલ્યાણ(મોક્ષ)ને મેળવી આપે છે. ૭ મન આ લોકની કોઈ ચેષ્ટાઓમાં આસક્ત ન હોય, કોઈ ચિંતાઓમાં લાગ્યું ન હોય, કોઈ વસ્તુઓમાં વળગ્યું ન હોય, જવા–આવવાની ચેષ્ટાઓમાં પણ ન હોય અને કાળની ગતિમાં પણ ન ગયું હોય, પરંતુ કેવળ ચૈતન્યમાં જ વિશ્રાંતિ પામીને કોઈ વિષયનો લગાર આશ્રય કરતું હોય, તોપણ બધે નીરસ બની કેવળ આત્મારૂપ રસવાળું જ રહે છે.૮,૯ આ બધો વ્યવહાર ભલે કરે અથવા ન કરે, તેમ જ બધું કરતો હોય કે ન કરતો હોય, પણ જીવે પોતાના આત્મામાં રમણ કરવાની ક્રિયા તો કર્યા જ કરવી; ૧૦ અથવા વિષયના તે અંશનો પણ ત્યાગ કરી શાંત ચૈતન્યમય બનીને જીવ પોતાના સ્વરૂપમાં પ્રકાશતા મણિ જેવો અત્યંત શાંત રહે છે. ૧૧ ચિત્ત વિષયોની દશાથી રહિત થતાં નાશ પામેલા મનવાળાઓની જે સ્થિતિ હોય છે, તેમાં વિષયોની વાસના પણ શાંત હોય છે અને તેને જાગૃતિમાં પણ સુષુપ્તિ–અવસ્થા કહે છે. ૧૨ હે નિદાઘ! આવી સુષુપ્તિની સ્થિતિ, અભ્યાસના યોગથી જ્યારે પ્રૌઢ બને છે, ત્યારે તેને તત્ત્વવેત્તાઓ 'તુરીયાવસ્થા' કહે છે. ૧૩ આ તુરીયાવસ્થામાં અવિનાશી સ્થિતિ પામીને કેવળ આનંદનો જ પરિચય થવાથી અનાનંદ પદને પામે છે. (છેવટે એ આનંદને પણ અનુભવતો નથી.) ૧૪ એમ અનાનંદ, મહાનંદ અને કાલાતીત થયા પછી તુરિયાતીત પદને પામેલો યોગી મુક્ત કહેવાય છે. ૧૫ પછી તેના સમસ્ત જન્મોરૂપી ફાંસા તૂટી પડે છે, સકળ અજ્ઞાનમય અભિમાન નાશ પામે છે અને જળમાં પડેલા સિંધાલૂણના ગાંગ-

न्महात्मा ॥ १६ ॥ जडाजडदृशोर्मध्ये यत्तत्त्वं पारमार्थिकम् । अनुभूतिमयं तस्मात्सारं ब्रह्मेति कथ्यते ॥ १७ ॥ दृश्यसंवलितो बन्धस्तन्मुक्तौ मुक्तिरुच्यते । द्रव्यदर्शनसंबन्धे यानुभूतिरनामया ॥ १८ ॥ तामवष्टभ्य तिष्ठ त्वं सौषुप्तीं भजते स्थितिम् । सैव तुर्यत्वमाप्नोति तस्यां दृष्टिं स्थिरां कुरु ॥ १९ ॥ आत्मा स्थूलो न चैवाणुर्न प्रत्यक्षो न चेतरः । न चेतनो न च जडो न चैवासन्न सन्मयः ॥ २० ॥ नाहं नान्यो न चैवैको न चानेकोऽद्वयोऽव्ययः । यदिदं दृश्यतां प्राप्तं मनः सर्वेन्द्रियास्पदम् ॥ २१ ॥ दृश्यदर्शनसंबन्धे यत्सुखं पारमार्थिकम् । तदतीतं पदं यस्मात्तन्न किंचिदिवैव तत् ॥ २२ ॥ न मोक्षो नभसः पृष्ठे न पाताले न भूतले । सर्वाशासंक्षये चेतःक्षयो मोक्ष इतीष्यते ॥ २३ ॥ मोक्षो मेऽस्त्विति चिन्तान्तर्जाता चेदुत्थितं मनः । मननोत्थे मनस्येष बन्धः सांसारिको दृढः ॥ २४ ॥ आत्मन्यतीते सर्वस्मात्सर्वरूपेऽथ वा तते । को बन्धः कश्च वा मोक्षो निर्मूलं मननं कुरु ॥ २५ ॥ अध्यात्मरतिराशान्तः पूर्णपावनमानसः । प्राप्तानुत्तमविश्रान्तिर्न किंचिदिह वाञ्छति ॥ २६ ॥ सर्वाधिष्ठानसन्मात्रे निर्विकल्पे चिदात्मनि । यो जीवति गतस्नेहः स जीवन्मुक्त उच्यते ॥ २७ ॥ नापेक्षते भविष्यच्च वर्तमाने न तिष्ठति । न संस्मरत्यतीतं च सर्वमेव

ડાની પેઠે એ મહાત્મા પરમ રસમય પરમાત્મસત્તાને પામે છે. ૧૬ જડ–ચેતનની મધ્યે જે પારમાર્થિક તત્ત્વ છે, તે અનુભવમય છે, માટે તેને સારરૂપ બ્રહ્મ કહે છે. ૧૭ દૃશ્યોની સાથે જે મિશ્ર થવું, તે બંધન છે અને તેથી છૂટવું તે મુક્તિ કહેવાય

છે. દ્રવ્યના દર્શનનો સંબંધ થાય ત્યારે પણ જે નિર્દોષ અનુભવરૂપ હોય છે, તે સ્થિતિનો આશ્રય કરીને તું રહે. આવી સુષુપ્તિરૂપ સ્થિતિને જે પામે છે, તે જ તુરિયપણું પામે છે; માટે તે સ્થિતિમાં તું દૃષ્ટિને સ્થિર કર. ૧૮,૧૯ આત્મા સ્થૂલ નથી, સૂક્ષ્મ નથી, પ્રત્યક્ષ નથી, પરોક્ષ નથી, ચેતન નથી, જડ નથી, અસત્ નથી અને સત્મય પણ નથી. ૨૦ વળી તે હું નથી, બીજો નથી, એક જ નથી અને અનેક પણ નથી; એ તો અદ્વૈત, અવિનાશી અને નિર્વિકાર છે. જે આ દૃશ્યરૂપ બન્યું છે, તે તો સર્વ ઇંદ્રિયોનું સ્થાન મન છે. ૨૧ દૃશ્ય અને દર્શનનો સંબંધ થતાં જે પારમાર્થિક સુખ પ્રાપ્ત થાય છે, તે જ સર્વથી પર રહેલું પદ છે; તેથી એ જાણે કંઈ ન હોય તેવું છે. ૨૨ મોક્ષ આકાશની સપાટીમાં, પૃથ્વી પર કે પાતાલમાં નથી; સર્વ આશાઓનો નાશ થતાં ચિત્તનો જે નાશ થાય છે, તેને જ મોક્ષ કહે છે. ૨૩ 'મારો મોક્ષ થાઓ' આવી ચિંતા અંતરમાં જો જન્મી, તો મન ઊઠ્યું જ છે; પણ જો (બીજા) વિચારો કરવામાં મન લાગ્યું, તો એ જ સંસારનું દૃઢ બંધન બને છે. ૨૪ આત્મા સર્વથી પર, સર્વરૂપ અને સર્વવ્યાપક છે, તો બંધન શું છે? અને મોક્ષ કયો છે? માટે મનને જ નિર્મૂળ બનાવ. ૨૫ જે આત્મામાં જ રમણવાળો હોય, સંપૂર્ણ શાંત, પૂર્ણ પવિત્ર મનવાળો અને સર્વોત્તમ વિશ્રાંતિને પામી ચૂક્યો હોય, તે આ લોકમાં કંઈ પણ ઇચ્છતો નથી. ૨૬ સર્વનું અધિષ્ઠાન માત્ર સત્સ્વરૂપ અને નિર્વિકલ્પ ચિદાત્મા વિષે જે જીવી રહ્યો હોય, તેનો સ્નેહ જતો રહે છે અને જીવન્મુક્ત કહેવાય છે. ૨૭ તે ભવિષ્યની દરકાર કરતો નથી, વર્તમાનનો આધાર રાખતો નથી, ભૂતકાળને યાદ કરતો નથી અને બધુંય કર્યા

करोति च ॥२८॥ अनुबन्धपरे जन्तावसंसर्गमनाः सदा। भक्ते भक्तसमाचारः शठे शठ इव स्थितः ॥ २९॥ बालो बालेषु वृद्धेषु वृद्धो धीरेषु धैर्यवान्। युवा यौवनवृत्तेषु दुःखितेषु सुदुःखधीः ॥३०॥ धीरधीरुदितानन्द पेशलः पुण्यकीर्तन। प्राज्ञः प्रसन्नमधुरो दैन्यादपगताशयः ॥३१॥ अभ्यासेन परिस्पन्दे प्राणानां क्षयमागते। मनः प्रशममायाति निर्वाणमवशिष्यते ॥३२॥ यतो वाचो निवर्तन्ते विकल्पकलनान्विताः। विकल्पसंक्षयाज्जन्तो पदं तदवशिष्यते॥३३॥ अनाद्यन्तावभासात्मा परमात्मैव विद्यते। इत्येतन्निश्चयं स्फारं सम्यग्ज्ञानं विदुर्बुधाः ॥३४॥ यथाभूतार्थदर्शित्वमेतावद्भुवनत्रये। यदात्मैव जगत्सर्वमिति निश्चित्य पूर्णता ॥३५॥ सर्वमात्मैव कौ दृष्टौ भावाभावौ क्व वा स्थितौ। क्व बन्धमोक्षकलने ब्रह्मैवेदं विजृम्भते ॥३६॥ सर्वमेकं परं व्योम को मोक्षः कस्य बन्धता। ब्रह्मेदं बृंहिताकारं बृहद्ब्रह्मदवस्थितम्[1] ॥३७॥ दूरादस्तमितद्वित्वं भवात्मैव त्वमात्मना। सम्यगालोकिते रूपे काष्टपाषाणवाससाम् ॥३८॥ मनागपि न भेदोऽस्ति क्वासि संकल्पनोन्मुखः। आदावन्ते च संशान्तस्वरूपमविनाशि यत् ॥३९॥ वस्तुनामात्मनश्चैतत्तन्मयो भव सर्वदा। द्वैताद्वैतसमुद्भेदैर्जरामरणविभ्रमैः ॥४०॥ स्फुरत्या-

કરે છે. ૨૮ પ્રાણીઓ વળગતાં રહે; તોપણ તેનું મન સદા સંસર્ગરહિત રહે છે; પોતાના ભક્ત તરફ ભક્ત જેવું આચરણ કરે છે અને શઠ તરફ જાણે શઠ હોય તેવો તે રહે છે.૨૯ બાળકોમાં બાળક, વૃદ્ધોમાં વૃદ્ધ, ધીરજવાળાઓમાં ધીરજવાળો,

१ बृंहदिव

જુવાનીમાં વર્તનારાઓમાં જુવાન અને દુઃખીઓ તરફ અત્યંત દુઃખી બુદ્ધિવાળો તે હોય છે. ૩૦ આવો પુરુષ ધીર બુદ્ધિવાળો, આનંદના ઉદયવાળો, કોમળ, પવિત્ર કીર્તિવાળો, બુદ્ધિમાન, પ્રસન્ન અને મધુર હોય છે; તેનો આશય દીનતાથી રહિત હોય છે. ૩૧ અભ્યાસથી પ્રાણની ગતિ નાશ પામે છે, ત્યારે મન શાંતિ પામે અને નિર્વાણ (મુક્તિપદ) જ બાકી રહે છે. ૩૨ વિકલ્પો કરવા સાથે જ્યાંથી વાણી પાછી ફરે છે, તે પદ પ્રાણીના વિકલ્પોનો નાશ થવાથી બાકી રહે છે. ૩૩ 'આદિ-અંત વિનાના, પ્રકાશસ્વરૂપ, પરમાત્મા જ છે (બીજું કંઈ જ નથી) આવા નિશ્ચયવાળા પ્રદીપ્ત જ્ઞાનને વિદ્વાનો સમ્યગ્ જ્ઞાન કહે છે. ૩૪ 'આ બધું જગત કેવળ આત્મા જ છે,' આવો નિશ્ચય કરી પૂર્ણતા પ્રાપ્ત કરવી, તે જ ત્રણે જગતમાં સાચી વસ્તુને જોવાપણું છે. ૩૫ બધું આત્મા જ છે; ભાવ કે અભાવ ક્યાં દેખાય છે? અથવા ક્યાં રહ્યા છે? બંધ અને મોક્ષની ગણતરી ક્યાં છે? આ બધું બ્રહ્મ જ પ્રકાશે છે. ૩૬ બધું એક ઉત્કૃષ્ટ આકાશ જ છે. મોક્ષ કયો છે અને બંધન કોને છે? વિશાળ આકારવાળું આ બ્રહ્મ મોટામાં મોટું અને બધે રહ્યું છે. ૩૭ લાકડું, પથ્થર કે વસ્ત્રનું સ્વરૂપ સારી રીતે દેખાય છે, ત્યારે દ્વૈતભાવ દૂરથી જ અસ્ત પામે છે અને પછી તું પોતે જ આત્મારૂપે રહે. ૩૮ લગારે ભેદ નથી; સંકલ્પો કરવામાં તું શા માટે તત્પર થાય છે? જે અતિ શાંત અને અવિનાશી સ્વરૂપ છે, તે જ આદિમાં તથા અંતમાં છે. ૩૯ દરેક વસ્તુનું અને તારું પોતાનું એ જ સ્વરૂપ છે. તેમય તું સર્વદા થા. જેમ તરંગોના સ્વરૂપમાં સમુદ્ર જ પ્રકાશે છે, તેમ દ્વૈતાદ્વૈતરૂપે પ્રગટેલા અને જડપણુ તથા મરણની ભ્રમણાઓવાળાં અનેક ચિત્તોરૂપ સ્વરૂપો

त्मभिरात्मैव चित्तैरब्धीव वीचिभिः । आपत्करञ्जपरशुं पराया निर्वृतेः पदम् ॥ ४१ ॥ शुद्धमात्मानमालिङ्ग्य नित्यमन्तस्थया धिया । यः स्थितस्तं क आत्मेह भोगो बाधयितुं क्षमः ॥ ४२ ॥ कृतस्फारविचारस्य मनोभोगादयोऽरयः । मनागपि न भिन्दन्ति शैलं मन्दानिला इव ॥ ४३ ॥ नानात्वमस्ति कलनासु न वस्तुतोऽन्तर्नानाविधासु सरसीषु जलादिवान्यत् । इत्येकनिश्चयमयः पुरुषो विमुक्त इत्युच्यते समवलोकितसम्यगर्थः ॥ ४४ ॥

इति द्वितीयोऽध्यायः ॥ २ ॥

## तृतीयोऽध्यायः

विदेहमुक्तेः किं रूपं तद्वान्को वा महामुनिः । कं योगं समुपस्थाय प्राप्तवान्परमं पदम् ॥ १ ॥ सुमेरोर्वसुधापीठे पाण्डव्यो नाम वै मुनिः । कौण्डिन्यात्तत्त्वमास्थाय जीवन्मुक्तो भवत्यसौ ॥२॥ जीवन्मुक्तिदशां प्राप्य कदाचिद्ब्रह्मवित्तमः । सर्वेन्द्रियाणि संहर्तुं मनश्चक्रे महामुनिः ॥ ३ ॥ बद्धपद्मासनस्तिष्ठन्नर्धोन्मीलितलोचनः । बाह्यानाभ्यन्तरांश्चैव स्पर्शान्परिहरञ्छनैः ॥ ४ ॥ ततः स्वमनसः स्थैर्यं मनसा विगतैनसा । अहो नु चञ्चलमिदं प्रत्याहृतमपि स्फुटम् ॥ ५ ॥ पटाद्घटमुपायाति घटाच्छकटमुत्कटम् । चित्तमर्थेषु

દ્વારા (ખરી રીતે) આત્મા જ પ્રકાશે છે; માટે આપત્તિરૂપી કરમદાંના ઝાડને કાપી નાખવામાં ફરસી સમાન અને પરમ નિવૃત્તિનું સ્થાન શુદ્ધ આત્માને ભેટીને, નિત્ય અંદર રહેનારી બુદ્ધિ સાથે જે સ્થિતિ કરે છે, તેને કયો આત્મારૂપ ભોગ, આ

લોકમાં બાધા કરવાને સમર્થ છે? (કોઈ જ નહિ.) ૪૦-૪૨ જેમ ધીમા વાયુઓ પર્વતને ડગાવી શકતા નથી, તેમ એવા પ્રદીપ્ત વિચારો જેણે કર્યા હોય છે, તેવા પુરુષને મનના ભોગ વગેરે શત્રુઓ લગારે ભેદી શકતા નથી. ૪૩ અનેક જાતના સંકલ્પોમાં જ અનેકપણું રહ્યું છે; ખરી રીતે જુદાં જુદાં તળાવોમાં જેમ પાણી વિના બીજું કંઈ જ નથી, તેમ બધાંની અંદર આત્મા વિના બીજું કંઈ જ નથી; આવા એક નિશ્ચયમય થયેલો પુરુષ વિમુક્ત કહેવાય છે; કેમ કે તેણે ઉત્તમ પદાર્થ (આત્મા)ને સારી રીતે જોયો છે.' ૪૪

બીજો અધ્યાય સમાપ્ત

## ત્રીજો અધ્યાય

નિદાઘે પૂછ્યું: 'વિદેહમુક્તિનું સ્વરૂપ શું છે? તે મુક્તિને પામેલો મહામુનિ કેવો હોય? કયા યોગનો આશ્રય કરી એ પરમ પદને તે પામ્યો હોય છે?' ૧ ત્યારે ઋભુએ કહ્યું: 'સુમેરુ પર્વતની તળેટી પર પાંડવ્ય નામે મુનિ રહેતા હતા. તે કૌંડિન્ય મુનિ પાસેથી તત્ત્વ વસ્તુ જાણીને જીવન્મુક્ત થયા હતા. ૨ બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ એ મહામુનિએ જીવન્મુક્તની દશા પ્રાપ્ત કર્યા પછી કોઈ વેળા સર્વ ઇંદ્રિયોનો સંહાર કરવા મન કર્યું. ૩ તેમણે પદ્માસન વાળ્યું, નેત્રો અર્ધાં ઉઘાડાં રાખી તે આસને પોતે બેઠા અને પછી બહારના તથા અંદરના વિષયોનો ધીમે-ધીમે ત્યાગ કરવા માંડ્યો. ૪ તે પછી પાપરહિત થયેલા મન વડે પોતાના મનની સ્થિરતા કરીને તેમણે નિશ્ચય કર્યો કે, અહો! આ મન જ ચંચળ છે. તેને સ્પષ્ટ રીતે વાળ્યું છે, છતાં તે લૂગડાંથી ઘડા તરફ અને ઘડાથી ગાડી તરફ જાય છે! જેમ

चरति पादपेष्विव मर्कटः ॥ ६ ॥ पञ्च द्वाराणि मनसा चक्षुरादी-
न्यमून्यलम् । बुद्धीन्द्रियाभिधानानि तान्येवालोकयाम्यहम् ॥ ७ ॥
हन्तेन्द्रियगणा यूयं त्यजताकुलतां शनैः । चिदात्मा भगवान्सर्व-
साक्षित्वेन स्थितोऽस्म्यहम् ॥ ८ ॥ तेनात्मना बहुज्ञेन निर्ज्ञाताश्चक्षु-
रादयः । परिनिर्वामि शान्तोऽस्मि दिष्ट्यास्मि विगतज्वरः ॥ ९ ॥
स्वात्मन्येवावतिष्ठेऽहं तुर्यरूपपदेऽनिशम् । अन्तरेव शशामास्य क्रमेण
प्राणसन्ततिः ॥ १० ॥ ज्वालाजालपरिस्पन्दो दग्धेन्धन इवानलः
उदितोऽस्तं गत इव ह्यस्तं गत इवोदितः ॥ ११ ॥ समः समरसा-
भासस्तिष्ठामि स्वच्छतां गतः । प्रबुद्धोऽपि सुषुप्तिस्थः सुषुप्तिस्थः
प्रबुद्धवान् ॥ १२ ॥ तुर्यमालम्ब्य कायान्तस्तिष्ठामि स्तम्भितस्थि-
तिः । सबाह्याभ्यन्तरान्भावान्स्थूलान्सूक्ष्मतरानपि ॥ १३ ॥ त्रैलोक्य-
संभवांस्त्यक्त्वा संकल्पैकविनिर्मितान् । सह प्रणवपर्यन्तदीर्घनिःस्वन-
तन्तुना ॥ १४ ॥ जहाविन्द्रियतन्मात्रजालं खग इवानिलः ।
ततोऽङ्गसंविदं स्वच्छां प्रतिभासमुपागताम् ॥ १५ ॥ सद्योजात-
शिशुज्ञानं प्राप्तवान्मुनिपुङ्गवः । जहौ चित्तं चैत्यदशां स्पन्द-
शक्तिमिवानिलः ॥ १६ ॥ चित्सामान्यमथासाद्य सत्तामात्रात्मकं
ततः । सुषुप्तपदमालम्ब्य तस्थौ गिरिरिवाचलः[1] ॥ १७ ॥

માંકડું એક ઝાડથી બીજા ઝાડ પર જાય છે, તેમ આ ઉત્કટ
ચિત્ત વિષયોમાં ભટકયા કરે છે; ૫,૬ માટે પ્રથમ ચક્ષુ આદિ
પાંચ આ (તેનાં) દ્વારોને જ મન વડે હું બરાબર તપાસું.
તેઓનું નામ જ્ઞાનેંદ્રિય છે.' ૭ એમ વિચારી તેમણે ઇંદ્રિયોને

१ गन्धमिवानिलः

ઉદ્દેશી કહ્યું :—'ઓ ઇંદ્રિયગણો ! તમે ધીમે ધીમે આકુળતા ત્યજી દો; કેમ કે હું ભગવાન ચિદાત્મા છું; સર્વના સાક્ષીસ્વરૂપે રહ્યો છું. ૮ એ સર્વજ્ઞ આત્મા દ્વારા (તમે) ચક્ષુ આદિ ઇંદ્રિયો (હવે) મને જણાતી જ નથી. હું હવે ચોબાજુથી નિર્વાણ પામું છું, શાંત થયો છું; અને સારું થયું છે કે સંતાપથી રહિત થયો છું. ૯ હું પોતાના આત્મસ્વરૂપમાં જ નિરંતર સ્થિતિ કરું છું. એ જ તુરીયરૂપ પદ છે. આ જીવની પ્રાણ-પરંપરા અનુક્રમે અંદર જ શાંત થઈ છે. ૧૦ જેમ અગ્નિ(પ્રથમ) જ્વાળાઓની ઝાળની ગતિવાળો હોય છે, પણ લાકડાં બળી ગયા પછી ઉદય પામીને જાણે અસ્ત પામતો હોય અને અસ્ત પામીને જાણે ઉદય પામતો હોય તેવો જણાય છે. (શાંત થાય છે ને ઝબકે છે; ઝબકે છે ને શાંત થાય છે, તેવી મારી સ્થિતિ છે.) ૧૧ સ્વચ્છતાને પામીને હું સમાન સ્વરૂપે થયો છું અને સમાનતારૂપ રસનો આભાસ બની રહ્યો છું. જાગું છું છતાં સુષુપ્તિમાં રહ્યો છું અને સુષુપ્તિમાં રહ્યા છતાં જાગું છું. ૧૨ તુરીય પદનો આશ્રય કરી શરીરમાં હું રહું છું' આમ અનુ-ભવીને તે મહામુનિ નિશ્ચલ સ્થિતિએ રહ્યા; તેમણે કેવળ સંક-લ્પોથી જ ઉત્પન્ન થઈ ત્રૈલોક્યમાં સંભવતા બહારના તથા અંદર-ના સ્થૂલ-સૂક્ષ્મ વિષયો ત્યજી દીધા; અને પછી પ્રણવ સુધીના લાંબા નાદરૂપી તંતુ સાથે ઇંદ્રિયો તથા તન્માત્રાઓના સમૂહ-નો પણ ત્યાગ કર્યો; અને આકાશમાં વહેતા વાયુ જેવા બની જઈ સ્વચ્છ પ્રતિભાસને પામેલું અંગવિજ્ઞાન પણ ત્યજી દીધું. ૧૩-૧૫ પછી એ શ્રેષ્ઠ મુનિ તુરતમાં જન્મેલા બાળકના જેવા જ્ઞાનને પ્રાપ્ત થયા; અને વાયુ જેમ સ્પંદનશક્તિ ત્યજી દે, તેમ તેમના ચિત્તે ચૈત્યદશા (વિષયાકાર સ્થિતિ) ત્યજી દીધી. ૧૬ પછી સામાન્ય ચૈતન્યસ્વરૂપને પ્રાપ્ત કરી માત્ર સત્તાસ્વરૂપ

सुषुप्तस्थैर्यमासाद्य तुर्यरूपमुपाययौ । निरानन्दोऽपि सानन्दः सच्चासच्च बभूव सः ॥ १८ ॥ ततस्तु संबभूवासौ यद्गिरामप्यगोचरः । यच्छून्यवादिनां शून्यं ब्रह्म ब्रह्मविदां च यत् ॥१९॥ विज्ञानमात्रं विज्ञानविदां यदमलात्मकम् । पुरुषः सांख्यदृष्टीनामीश्वरो योगवादिनाम् ॥ २० ॥ शिवः शैवागमस्थानां कालः कालैकवादिनाम् । यत्सर्वशास्त्रसिद्धान्तं यत्सर्वहृदयानुगम् ॥ २१ ॥ यत्सर्वं सर्वगं वस्तु यत्तत्त्वं तदसौ स्थितः । यदनुक्तमनिष्पन्दं दीपकं तेजसामपि ॥२२॥ स्वानुभूत्यैकमानं च यत्तत्त्वं तदसौ स्थितः । तदेकं चाप्यनेकं च साञ्जनं च निरञ्जनम् । यत्सर्वं चाप्यसर्वं च यत्तत्त्वं तदसौ स्थितः ॥ २३ ॥ अजममरमनाद्यमाद्यमेकं पदममलं सकलं च निष्कलं च । स्थित इति स तदा नभःस्वरूपादपि विमलस्थितिरीश्वरः क्षणेन ॥२४॥

इति तृतीयोऽध्यायः ॥ ३ ॥

## चतुर्थोऽध्यायः

जीवन्मुक्तस्य किं लक्ष्म ह्याकाशगमनादिकम् । तथा चेन्मुनिशार्दूल तत्र नेव प्रलक्ष्यते ॥ १ ॥ अनात्मविदमुक्तोऽपि नभोविहरणादिकम् । द्रव्यमन्त्रक्रियाकालशक्त्याप्नोत्येव स द्विजः ॥२॥ नात्मज्ञस्यैष विषय आत्मज्ञो ह्यात्ममात्रदृक् । आत्मनात्मनि संतृप्तो

સુષુપ્તિના પદનો આશ્રય કરી પર્વતની પેઠે તે અચળ રહ્યા. ૧૭ અને એમ સુષુપ્તિની સ્થિરતા પ્રાપ્ત કર્યા પછી તુરીય સ્વરૂપને પામ્યા. એમ તે આનંદરહિત છતાં આનંદ સહિત તેમ જ સત્ અને અસત્રૂપ થયા. ૧૮ પછી તો જે વાણીનો પણ

અવિષય છે, શૂન્યવાદીઓનું જે શૂન્ય છે, બ્રહ્મવેત્તાઓનું જે બ્રહ્મ છે, વિજ્ઞાનવેત્તાઓનું જે નિર્મળ સ્વરૂપ માત્ર વિજ્ઞાન છે, સાંખ્ય-દૃષ્ટિવાળાઓનો જે પુરુષ છે, યોગવાદીઓનો જે ઈશ્વર છે, શૈવ-આગમમાં રહેલાઓનો જે શિવ છે, કેવળ એક કાળને કહેનારા-ઓનો જે કાળ છે, સર્વ શાસ્ત્રોનો જે સિદ્ધાંત છે, સર્વના હૃદય-માં જે અનુગત છે અને જે વસ્તુ સર્વસ્વરૂપ તથા સર્વવ્યાપી છે, તે તત્ત્વરૂપે તે રહ્યા. જેને કોઈએ (અમુક સ્વરૂપમાં) કહ્યું નથી, જે હરકોઈ ચેષ્ટાથી રહિત છે, તેજનું પણ પ્રકાશક છે અને જે તત્ત્વ કેવળ સ્વાનુભવરૂપ પ્રમાણવાળું છે, તે રૂપે તે રહ્યા. જે તત્ત્વ એક છે, છતાં અનેક પણ છે, અંજનયુક્ત છતાં નિરંજન પણ છે અને જે સર્વસ્વરૂપ છતાં સર્વસ્વરૂપ નથી, તે સ્વરૂપે તે રહ્યા. વળી જે જન્મરહિત, મરણરહિત, આદિ-રહિત, આદિમાં થયેલ, નિર્મળ, સર્વસ્વરૂપ અને અવયવોરહિત છે, તે પદમાં તે રહ્યા. એમ તે વેળા ક્ષણવારમાં આકાશના સ્વરૂપ કરતાં પણ નિર્મળ સ્થિતિવાળા થઈ તે ઈશ્વર બન્યા.' ૧૯–૨૪

ત્રીજો અધ્યાય સમાપ્ત

## ચોથો અધ્યાય

વળી નિદાઘે પૂછ્યું: 'હે મુનિશ્રેષ્ઠ! જીવન્મુક્તનું શું લક્ષણ છે? આકાશમાં જવું વગેરે જો તેનું લક્ષણ હોય, તો એ તો તેમાં દેખાતું નથી!' ૧ ત્યારે ઋભુ બોલ્યા: 'જે દ્વિજ આત્માને જાણતો ન હોય અને મુક્ત ન હોય, તે પણ દ્રવ્ય, મંત્ર, ક્રિયા અને કાળની શક્તિથી આકાશમાં જવું વગેરે સામર્થ્ય પામે છે. ૨ આત્માને જાણનારાનો એ વિષય નથી. આત્માને જાણનારો તો માત્ર આત્માને જ જોઈ રહ્યો હોય છે. એ તો આત્મા વડે આત્મામાં અત્યંત તૃપ્ત રહે છે; તેથી એ

नाविद्यामनुधावति ॥ ३ ॥ ये ये भावाः स्थिता लोके तानविद्यामयान्विदुः । त्यक्ताविद्यो महायोगी कथं तेषु निमज्जति ॥४॥ यस्तु मूढोऽल्पबुद्धिर्वा सिद्धिजालानि वाञ्छति । स सिद्धिसाधनैर्योगैस्तानि साधयति क्रमात् ॥ ५ ॥ द्रव्यमन्त्रक्रियाकालयुक्तयः साधुसिद्धिदाः । परमात्मपदप्राप्तौ नोपकुर्वन्ति काश्चन ॥६॥ यस्येच्छा विद्यते काचित्सा सिद्धिं साधयत्यहो । निरिच्छोः परिपूर्णस्य नेच्छा सम्भवति क्वचित् ॥ ७ ॥ सर्वेच्छाजालसंशान्तावात्मलाभो भवेन्मुने । स कथं सिद्धिजालानि नूनं वाञ्छत्यचित्तकः ॥ ८ ॥ अपि शीतरुचावर्के सुतीक्ष्णेऽपीन्दुमण्डले । अप्यधः प्रसरत्यग्नौ जीवन्मुक्तो न विस्मयी ॥ ९ ॥ अधिष्ठाने परे तत्त्वे कल्पिता रज्जुसर्पवत् । कल्पिताश्चर्यजालेषु नाभ्युदेति कुतूहलम् ॥ १० ॥ ये हि विज्ञातविज्ञेया वीतरागा महाधियः । विच्छिन्नग्रन्थयः सर्वे ते स्वतन्त्रात्मनौ स्थिताः ॥ ११ ॥ सुखदुःखदशाधीरं साम्यान्न प्रोद्धरन्ति यम् । निःश्वासा इव शैलेन्द्रं चित्तं तस्य मृतं विदुः ॥ १२ ॥ आपत्कार्पण्यमुत्साहो मदो मान्द्यं महोत्सवः । यं नयन्ति न वैरूप्यं तस्य नष्टं मनो विदुः ॥ १३ ॥ द्विविधश्चित्तनाशोऽस्ति सरूपोऽरूप एव च । जीवन्मुक्तौ सरूपः स्यादरूपो देहमुक्तिगः ॥ १४ ॥ चित्तसत्तेह

(આકાશગમન વગેરે) અવિદ્યા તરફ દોડતો નથી. ૩ લોકમાં જે જે ભાવો છે, તેઓને જ્ઞાનીઓ અવિદ્યામય જાણે છે; તેથી જેણે અવિદ્યા ત્યજી હોય, એવો મહાયોગી તે (અવિદ્યામય) ભાવોમાં કેમ મગ્ન બને? ૪ જે મનુષ્ય મૂઢ અને અલ્પબુદ્ધિ હોય છે, તે જ સિદ્ધિઓના સમૂહો ઇચ્છે છે અને સિદ્ધિઓનાં

સાધન યોગો દ્વારા અનુક્રમે તેઓને સિદ્ધ કરે છે. ૫ દ્રવ્યો, મંત્રો, ક્રિયા અને કાળની યુક્તિઓ ઉત્તમ સિદ્ધિઓને આપનાર છે; પણ પરમાત્મારૂપ પદને પામવા માટે તેઓ કંઈ પણ ઉપયોગી નથી. ૬ જેને કોઈ જાતની ઇચ્છા હોય, તે જ આશ્ચર્યકારક સિદ્ધિને સાધે છે; પણ જે ઇચ્છારહિત અને પરિપૂર્ણ બન્યો હોય, તેને કોઈ વિષયમાં ઇચ્છા સંભવતી જ નથી. ૭ હે મુનિ! સર્વ ઈચ્છાઓનાં જાળાં અત્યંત શમી જાય છે, ત્યારે તો આત્મલાભ થાય છે; એવો આત્મલાભ થતાં ચિત્તરહિત બનેલો જ્ઞાની સિદ્ધિઓના સમૂહોને કેમ જ ઇચ્છે? ૮ સૂર્ય કદાચ શીતલ કાંતિવાળો થાય, ચંદ્રમંડળ અત્યંત તીક્ષ્ણ અને અને અગ્નિ નીચી જ્વાળાઓવાળો થાય, તોપણ જીવન્મુક્ત વિસ્મય ન પામે. ૯ સર્વ પદાર્થો દોરડીમાં સાપની પેઠે સર્વના આશ્રય પરમ તત્ત્વમાં કેવળ કલ્પિત જ છે; તેથી એ કલ્પિત આશ્ચર્યોના સમૂહોમાં કુતૂહલ ન જ થાય. ૧૦ જે મહાબુદ્ધિમાન વીતરાગોએ જાણવાનું જાણી લીધું છે, તેઓની અવિદ્યારૂપી ગાંઠ કપાઈ ગઈ હોય છે, તેથી તેઓ બધા સ્વતંત્ર સ્વરૂપે જ શરીરમાં રહ્યા હોય છે. ૧૧ શ્વાસોચ્છ્વાસના વાયુ જેમ પર્વતને હગાવી શકતા નથી, તેમ સુખ અને દુઃખની દશામાં ધૈર્યવાળા જે પુરુષને એ સુખદુઃખની અવસ્થાઓ સામ્ય ભાવથી ચલિત કરતી નથી, તેના ચિત્તને જ્ઞાનીઓ મરી ગયેલું માને છે. ૧૨ આપત્તિ–સમયની દીનતા, ઉત્સાહ, મદ, માંદગી અને મોટા ઉત્સવો જેને વિરૂપતા અથવા વિકૃતિ પમાડતા નથી. તેના મનને જ્ઞાનીઓ નાશ પામેલું જાણે છે. ૧૩ ચિત્તનો નાશ બે પ્રકારનો હોય છે: સરૂપ અને અરૂપ. તેમાંનો સરૂપ જીવન્મુક્તિમાં હોય છે અને અરૂપ વિદેહમુક્તિમાં હોય છે. ૧૪ ચિત્તનું હોવું આ લોકમાં દુઃખદાયી છે અને ચિત્તનો નાશ સુખકારક છે; માટે ચિત્તની

दुःखाय चित्तनाशः सुखाय च । चित्तसत्तां क्षयं नीत्वा चित्तं नाशमुपानयेत् ॥ १५ ॥ मनस्तां मूढतां विद्धि यदा नश्यति सानघ । चित्तनाशाभिधानं हि तत्स्वरूपमितीरितम् ॥ १६ ॥ मैत्र्यादिभिर्गुणैर्युक्तं भवत्युत्तमवासनम् । भूयो जन्मविनिर्मुक्तं जीवन्मुक्तस्य तन्मनः ॥ १७ ॥ सरूपोऽसौ मनोनाशो जीवन्मुक्तस्य विद्यते । निदाघाऽरूपनाशस्तु वर्तते देहमुक्तिके ॥ १८ ॥ विदेहमुक्त एवासौ विद्यते निष्कलात्मकः । समग्राऽग्र्यगुणाधारमपि सत्त्वं प्रलीयते ॥ १९ ॥ विदेहमुक्तौ विमले पदे परमपावने । विदेहमुक्तिविषये तस्मिन्सत्त्वक्षयात्मके ॥ २० ॥ चित्तनाशे विरूपाख्ये न किंचिदिह विद्यते । न गुणा नागुणास्तत्र न श्रीर्नाश्रीर्न लोकता ॥ २१ ॥ न चोदयो नास्तमयो न हर्षामर्षसंविदः । न तेजो न तमः किंचिन्न संध्यादिनरात्रयः । न सत्तापि न चासत्ता न च मध्यं हि तत्पदम् ॥ २२ ॥ ये हि पारं गता बुद्धेः संसाराडम्बरस्य च । तेषां तदास्पदं स्फारं पवनानामिवाम्बरम् ॥ २३ ॥ संशान्तदुःखमजडात्मकमेकसुप्तमानन्दमन्थरमपेतरजस्तमो यत् । आकाशकोशतनवोऽतनवो महान्तस्तस्मिन्पदे गलितचित्तलवा भवन्ति ॥ २४ ॥ हे निदाघ महाप्राज्ञ निर्वासनमना भव । बलाच्चेतः समाधाय निर्विकल्पमना भव ॥ २५ ॥ यज्जगद्भासकं भानं नित्यं

હયાતીનો નાશ કરી ચિત્તનો નાશ કરવો જોઈએ. ૧૫ હે નિર્દોષ! મનપણું એ જ મૂઢતા છે, એમ તારે જાણવું; માટે તે મનપણું નાશ પામે છે, ત્યારે જ તે ચિત્તનાશ નામનું સ્વરૂપ (બાકી રહેલું અથવા પામવા યોગ્ય) છે, એમ કહેવાય છે. ૧૬

જીવનમુક્તનું મન મૈત્રી આદિ ગુણોથી રહિત, ઉત્તમ વાસનાઓથી યુક્ત અને ફરીના જન્મથી છૂટયું હોય છે. ૧૭ હે નિદાઘ! જીવન્મુક્તના મનનો એ નાશ (એમ ઉત્તમ વાસનાઓ સહિત હોય છે, તેથી જ) સરૂપ છે, અને વિદેહમુક્તના મનનો નાશ (બિલકુલ વાસનારહિત થયેલો) અરૂપ હોય છે. ૧૮ અવયવ રહિત કેવળ આત્મસ્વરૂપ જ બની ગયેલો એ પુરુષ વિદેહમુક્ત કહેવાય છે; કેમ કે એ સ્થિતિમાં સમગ્ર શ્રેષ્ઠ ગુણોનો આધાર અંતઃકરણ પણ નાશ પામે છે. ૧૯ વિદેહમુક્તિ એ પરમ પવિત્ર નિર્મળ પદ છે; તેમાં અંતઃકરણનો ક્ષય થવા રૂપી સ્થિતિ પ્રાપ્ત થતાં વિરૂપ નામનો ચિત્તનો નાશ થાય છે. પછી તેમાં કંઈ હોતું નથી. ગુણો નથી હોતા, અગુણો નથી હોતા; લક્ષ્મી નથી હોતી, અલક્ષ્મી નથી હોતી; લોકો નથી હોતા, ઉદય નથી હોતો, અસ્ત નથી હોતો; હર્ષ કે શોકનું ભાન નથી હોતું, તેજ નથી હોતું, અંધારું નથી હોતું; સંધ્યા, દિવસ કે રાત્રિ નથી હોતાં; સત્તા નથી હોતી, અસત્તા નથી હોતી અને તે પદ કોઈની વચ્ચે પણ નથી. ૨૦-૨૨ જેઓ બુદ્ધિ અને સંસારના આડંબરની પાર પહોંચ્યા હોય, તેઓનું જ તે પ્રદીપ્ત સ્થાન છે; જેમ પવનોનું સ્થાન આકાશ છે. ૨૩ તેમાં દુઃખો અત્યંત શમી જાય છે, જડતાનું તે સ્વરૂપ જ નથી, કેવળ સુષુપ્તિ જ તેમાં છે; આનંદથી તે વ્યાપ્ત છે; રજોગુણ ને તમોગુણ તેમાંથી દૂર થયા છે; અને જેઓ આકાશની કળી જેવા સૂક્ષ્મ શરીરરહિત તથા ચિત્તના અંશથી પણ રહિત થયા હોય છે, તેવા મહાપુરુષો એ પદમાં સ્થિતિ કરે છે. ૨૪ હે મહાબુદ્ધિમાન નિદાઘ! તું વાસનારહિત મનવાળો થા અને બળથી ચિત્તને એકાગ્ર કરી વિકલ્પોરહિત મનવાળો થા. ૨૫ જગતનું પ્રકાશક અને પોતાની મેળે સ્ફુરતું જે અવિનાશી ભાન

भाति स्वतः स्फुरत् । स एव जगतः साक्षी सर्वात्मा विमलाकृतिः ॥ २६ ॥ प्रतिष्ठा सर्वभूतानां प्रज्ञानघनलक्षणः । तद्विद्याविषयं ब्रह्म सत्यज्ञानसुखाद्वयम् ॥ २७ ॥ एकं ब्रह्माहमस्मीति कृतकृत्यो भवेन्मुनिः ॥ २८ ॥ सर्वाधिष्ठानमद्वन्द्वं परं ब्रह्म सनातनम् । सच्चिदानन्दरूपं तदवाङ्मनसगोचरम् ॥ २९ ॥ न तत्र चन्द्रार्कवपुः प्रकाशते न वान्ति वाताः सकलाश्च देवताः । स एव देवः कृतभावभूतः स्वयं विशुद्धो विरजः प्रकाशते ॥ ३० ॥ भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः । क्षीयन्ते चास्य कर्माणि तस्मिन्दृष्टे परावरे ॥ ३१ ॥ द्वौ सुपर्णौ शरीरेऽस्मिञ्जीवेशाख्यौ सह स्थितौ । तयोर्जीवः फलं भुङ्क्ते कर्मणो न महेश्वरः ॥ ३२ ॥ केवलं साक्षिरूपेण विना [1]भोगो महेश्वरः । प्रकाशते[2] स्वयं भेदः कल्पितो मायया तयोः । चिच्चिदाकारतो भिन्ना न भिन्ना चित्त्वहानितः । ३३ ॥ तर्कतश्च प्रमाणाच्च चिदेकत्वव्यवस्थितेः । चिदेकत्वपरिज्ञाने न शोचति न मुह्यति ॥ ३४ ॥ अधिष्ठानं समस्तस्य जगतः सत्यचिद्घनम् । अहमस्मीति निश्चित्य वीतशोको भवेन्मुनिः ॥ ३५ ॥ स्वशरीरे स्वयंज्योतिःस्वरूपं सर्वसाक्षिणम् । क्षीणदोषाः प्रपश्यन्ति नेतरे माययावृताः ॥ ३६ ॥ तमेव धीरो विज्ञाय प्रज्ञां कुर्वीत ब्राह्मणः । नानुध्यायाद्बहूञ्छब्दान्वाचो विग्लापनं हि तत् ॥ ३७ ॥ बाल्येनैव

છે, તે જ જગતનો સાક્ષી અને નિર્મળ આકૃતિવાળો સર્વાત્મા છે. ૨૬ સર્વ પ્રાણીઓની તે પ્રતિષ્ઠા છે, પ્રજ્ઞાન ઘન તેનું લક્ષણ છે, તે જ વિદ્યાનો વિષય છે અને સત્ય, જ્ઞાન તથા સુખનું અદ્વૈત-

---

१ भोगेन वर्तते. २ प्रातिभासिकजीवस्तु

રૂપ બ્રહ્મ પણ તે જ છે. ૨૭ ‘હું એક બ્રહ્મ છું’ એમ અનુભવતો મુનિ કૃતકૃત્ય થાય છે. ૨૮ અદ્વૈત પરબ્રહ્મ સર્વનું અધિષ્ઠાન અને સનાતન છે. તે સત્, ચિત્ અને આનંદરૂપ તથા વાણી અને મનનો વિષય નથી. ૨૯ તેમાં ચંદ્ર કે સૂર્યનું શરીર પ્રકાશતું નથી, વાયુઓ વાતા નથી; તે જ દેવ સકળ દેવતાઓરૂપ છે, દરેક પદાર્થ અને ભૂત તેણે રચ્યાં છે અને તે પોતે અત્યંત શુદ્ધ તથા રજોગુણથી રહિત હોઈ પ્રકાશે છે. ૩૦ એ પરાત્પર--પરમાત્માનાં દર્શન થાય છે, ત્યારે હૃદયની ગાંઠ તૂટી જાય છે, સર્વ સંશયો કપાઈ જાય છે અને આ જીવનાં કર્મો નાશ પામે છે. ૩૧ આ શરીરમાં જીવ અને ઈશ્વર નામનાં બે પક્ષીઓ સાથે રહ્યાં છે, તેઓમાં જીવ કર્મોનાં ફળ ભોગવે છે, પણ મહાન ઈશ્વર કર્મફળ ભોગવતા નથી. ૩૨ એ મહેશ્વર ભોગરહિત હોઈ કેવળ સાક્ષીરૂપે પોતે પ્રકાશે છે; અને માયાને લીધે જ તેઓમાં ભેદ કલ્પાયો છે; ચૈતન્ય તથા જ્ઞાનના આકારે તેઓ જુદા નથી; માત્ર (માયાને લીધે) જ્ઞાનપણાની હાનિ થવાથી જ તેઓમાં ભેદ જણાય છે. ૩૩ તર્ક અને (શ્રુતિના) પ્રમાણથી ચૈતન્યરૂપે એકતા જ્યારે ઠરે છે અને ચૈતન્યરૂપે એકતાનું પૂર્ણ જ્ઞાન થાય છે, ત્યારે જ્ઞાની શોક કરતો નથી અને મોહ પામતો નથી. ૩૪ સમસ્ત જગતનું અધિષ્ઠાન અને સત્ય તથા ચૈતન્યમય હું છું, આવો નિશ્ચય કર્યા પછી મુનિ શોકરહિત થાય છે. ૩૫ જેઓના (રાગાદિ) દોષો નાશ પામ્યા હોય, તેઓ પોતાના શરીરમાં સ્વયંજ્યોતિસ્વરૂપ સર્વ સાક્ષીને જુએ છે, પણ માયાથી ઢંકાયેલા બીજાઓ તેને જોતા નથી. ૩૬ ધીરજવાળો બ્રાહ્મણ તે આત્મસ્વરૂપને જાણીને જ પ્રજ્ઞા એટલે વિશેષ જ્ઞાનને ઉત્પન્ન કરે છે, પણ અનેક શબ્દોનો વિચાર કર્યા કરતો નથી; કેમ કે તે તો વાણીને થકવનાર છે. ૩૭ બ્રહ્મજ્ઞાનનો અનુ-

हि तिष्ठासेन्निर्विद्य ब्रह्मवेदनम् । ब्रह्मविद्यां च बाल्यं च निर्विद्य मुनिरात्मवान् ॥ ३८ ॥ अन्तर्लीनसमारम्भः शुभाशुभमहाङ्कुरम् । संसृतिव्रततेर्बीजं शरीरं विद्धि भौतिकम् ॥ ३९ ॥ भावाभावदशाकोशं दुःखरत्नसमुद्गकम् । बीजमस्य शरीरस्य चित्तमाशावशानुगम् ॥ ४० ॥ द्वे बीजे चित्तवृक्षस्य वृत्तिव्रततिधारिणः । एकं प्राणपरिस्पन्दो द्वितीयो दृढभावना ॥ ४१ ॥ यदा प्रस्पन्दते प्राणो नाडीसंस्पर्शनोद्यतः । तदा संवेदनमयं चित्तमाशु प्रजायते ॥ ४२ ॥ सा हि सर्वगया संवित्प्राणस्पन्देन बोध्यते । संवित्संरोधनं श्रेयः प्राणद्यस्पन्दनं वरम् ॥ ४३ ॥ योगिनश्चित्तशान्त्यर्थं कुर्वन्ति प्राणरोधनम् । प्राणायामैस्तथा ध्यानैः प्रयोगैर्युक्तिकल्पितैः ॥ ४४ ॥ चित्तोपशान्तिफलदं परमं विद्धि कारणम् । सुखदं संविदः स्वास्थ्यं प्राणसंरोधनं विदुः ॥ ४५ ॥ दृढभावनया त्यक्तपूर्वापरविचारणम् । यदादानं पदार्थस्य वासना सा प्रकीर्तिता ॥ ४६ ॥ यदा न भाव्यते किंचिद्धेयोपादेयरूपि यत् । स्थीयते सकलं त्यक्त्वा तदा चित्तं न जायते ॥ ४७ ॥ अवासनत्वात्सततं यदा न मनुते मनः । अमनस्ता तदोदेति परमोपशमप्रदा ॥ ४८ ॥ यदा न भाव्यते भावः क्वचिज्जगति वस्तुनि । तदा हृदम्बरे शून्ये कथं चित्तं प्रजायते ॥ ४९ ॥ यदभावनमास्थाय यदभावस्य भावनम् ।

ભવ કરી બાળપણુમાં જ રહેવા ઇચ્છવું જોઈએ; કેમ કે બ્રહ્મવિદ્યા તથા બાળપણનો અનુભવ કરીને જ મુનિ આત્મવેત્તા થાય છે. ૩૮ આ ભૌતિક શરીરમાં જ બધા સમારંભો ભરાયા છે, શુભ તથા અશુભોનો મોટો અંકુર પણુ તે જ છે અને સંસાર-

રૂપી વેલડીનું બી પણ તેને જ તારે જાણવું. ૩૯ આ શરીરનું બી ચિત્ત છે; કેમ કે તે ભાવ તથા અભાવની દશાઓનો દોડો છે, દુઃખરૂપી રત્નોનો દાભડો છે અને આશાઓને વશ થયેલા-ઓને જ તે અનુસરે છે. ૪૦ વૃત્તિઓરૂપી વેલડીઓને ધારણ કરતા ચિત્તરૂપી વૃક્ષનાં બે બી છે: એક પ્રાણોની ચેષ્ટા અને બીજું દૃઢ ભાવના. ૪૧ જે સમયે પ્રાણવાયુ નાડીઓને સ્પર્શ કરવા તત્પર થઈ ચેષ્ટા કરે છે, કે તુરત જ તે વેળા સંવેદનમય ચિત્ત ઉત્પન્ન થાય છે. ૪૨ એ સંવેદન સર્વમાં રહેલ છે અને પ્રાણની ચેષ્ટા જ તેને જગાડે છે; માટે પ્રાણાદિની ચેષ્ટા ન હોય, તે જ ઉત્તમ છે અને તે જ સંવેદનને રોકનાર ઉત્તમ કલ્યાણ છે. ૪૩ ચિત્તની શાંતિ માટે જ યોગીઓ પ્રાણાયામો વડે, ધ્યાન વડે તથા યુક્તિઓથી કલ્પેલા પ્રયોગો વડે પ્રાણની ચેષ્ટાને રોકે છે; ૪૪ માટે પ્રાણચેષ્ટાને રોકવી તે જ ચિત્તની શાંતિરૂપ ફળને આપનાર શ્રેષ્ઠ કારણ છે, એમ તારે જાણવું; અને તે તે જ યોગીઓ સંવેદનનું સુખદાયી સ્વાસ્થ્ય જાણે છે. ૪૫ આગળ-પાછળનો વિચાર છોડીને દૃઢ ભાવનાથી પદાર્થને જે ગ્રહણ કરવો, તે વાસના કહેવાય છે. ૪૬ ત્યજવાના અને ગ્રહણ કરવારૂપી પદાર્થોનો જ્યારે કંઈ પણ વિચાર ન કરાય, અને બધું ત્યજીને સ્થિતિ કરવામાં આવે, ત્યારે ચિત્ત ઉત્પન્ન જ થતું નથી. ૪૭ વાસનારહિત થવાથી મન જ્યારે સતત વિચાર જ ન કરે, ત્યારે મનરહિતપણું જન્મે છે અને તે જ પરમ ઉપશમ આપનાર છે. ૪૮ જગતમાંની કોઈ પણ વસ્તુ વિષે ભાવના જ જો ન થાય, તો હૃદયરૂપી શૂન્ય આકાશમાં ચિત્ત કેવી રીતે ઉત્પન્ન થાય? (ન જ થાય.) ૪૯ આ ભાવનાનો આશ્રય કરી પદાર્થોના અભાવની જ ભાવના કર્યા કરવી અને જે વસ્તુ જે સ્વરૂપમાં હોય, તે જ સ્વરૂપમાં તેને જોવી, તેને અચિત્તપણું કહે છે. ૫૦ પોતાની વૃત્તિ

यद्यथा वस्तुदर्शित्वं तदचित्तत्वमुच्यते ॥ ५० ॥ सर्वमन्तः परि-
त्यज्य शीतलाशयवर्ति यत् । वृत्तिस्थमपि तच्चित्तमसद्रूपमुदाहृतम्
॥ ५१ ॥ भ्रष्टबीजोपमा येषां पुनर्जननवर्जिता । वासनारसनाहीना
जीवन्मुक्ता हि ते स्मृताः ॥ ५२ ॥ सत्त्वरूपपरिप्राप्तचित्तास्ते
ज्ञानपारगाः । अचित्ता इति कथ्यन्ते देहान्ते व्योमरूपिणः ॥५३॥
संवेद्यसंपरित्यागात्प्राणस्पन्दनवासने । समूलं नश्यतः क्षिप्रं मूल-
च्छेदादिव द्रुमः ॥ ५४ ॥ पूर्वदृष्टमदृष्टं वा यदस्याः प्रतिभासते ।
संविदस्तत्प्रयत्नेन मार्जनीयं विजानता ॥ ५५ ॥ तदमार्जनमात्रं हि
महासंसारतां गतम् । तत्प्रमार्जनमात्रं तु मोक्ष इत्यभिधीयते ॥ ५६ ॥
अजडोऽगलितानन्दस्त्यक्तसंवेदनो भव ॥ ५७ ॥ संविद्वस्तुद-
शालम्बः सा यस्येह न विद्यते । सोऽसंविदजडः प्रोक्तः कुर्वन्कार्य-
शतान्यपि ॥ ५८ ॥ संवेद्येन हृदाकाशे मनागपि न लिप्यते ।
यस्यासावजडा संविज्जीवन्मुक्तः स कथ्यते ॥ ५९ ॥ यदा न
भाव्यते किंचिन्निर्वासनतयात्मनि । बालमूकादिविज्ञानमिव च
स्थीयते स्थिरम् ॥ ६० ॥ तदा जाड्यविनिर्मुक्तमसंवेदनमाततम् ।
आश्रितं भवति प्राज्ञो यस्माद्भूयो न लिप्यते ॥ ६१ ॥ समस्ता
वासनास्त्यक्त्वा निर्विकल्पसमाधितः । तन्मयत्वादनाद्यन्ते तदन्य-
न्तर्विलीयते ॥ ६२ ॥ तिष्ठन्गच्छन्स्पृशञ्जिघ्रन्नपि तल्लेपवर्जितः ।
अजडो गलितानन्दस्त्यक्तसंवेदनः सुखी ॥ ६३ ॥ एतां दृष्टिमव-

એટલે વ્યાપારમાં રહ્યું હોય, છતાં અંતરમાં સર્વનો ત્યાગ કરી
શીતળ આશયમાં જ જે વર્તે, તે ચિત્તને અસત્ સ્વરૂપ કહ્યું
છે. ૫૧ જેઓને ભૂંજેલા બીજની ઉપમા અપાય છે અને પુન-
ર્જન્મથી રહિત થઈ વાસનારૂપી રસના (સ્વાદ લેવાની ઇંદ્રિય)

થી પણ જેઓ રહિત થયા હોય છે, તેઓને જીવન્મુક્ત કહ્યા છે. ૫૨ જેઓનું ચિત્ત સત્ત્વના સ્વરૂપને પામ્યું હોય તેવા જ્ઞાન-પારંગત પુરુષો ચિત્ત વિનાના કહેવાય છે અને તેઓ દેહ છોડ્યા પછી આકાશ જેવા રૂપવાળા થાય છે. ૫૩ જેમ મૂળ કપાતાં વૃક્ષ નાશ પામે છે, તેમ અનુભવાતા વિષયોનો ત્યાગ કરવાથી પ્રાણની ચેષ્ટા અને વાસના મૂળ સાથે નાશ પામે છે. ૫૪ સાંસારિક વિષયના આ જ્ઞાનને પૂર્વે જોયેલું અને નહિ જોયેલું જે ભાસે છે, તેને સમજુ મનુષ્યે સાફ કરી નાખવું જોઈએ. ૫૫ માત્ર તેને સાફ ન કરવું, એ જ મોટા સંસારરૂપે બને છે; અને માત્ર તેને સાફ કરી નાખવું, એ જ મોક્ષ કહેવાય છે; ૫૬ માટે જડતારહિત થઈ આનંદનો ત્યાગ કર્યા વિના એ વૈષયિક જ્ઞાનનો જ તું ત્યાગ કરી દે. ૫૭ વૈષયિક જ્ઞાન એ જ વસ્તુની સ્થિતિનો આશ્રય છે; માટે તે જ્ઞાન જેનામાં ન હોય તે સેંકડો કાર્યો કરે, છતાં તે જ્ઞાનથી રહિત અને જડતા વિનાનો કહેવાય છે. ૫૮ જેનું જ્ઞાન હૃદયાકાશમાં વિષયોથી લગારે લેપાતું નથી, તેનું એ જ્ઞાન જડતા વિનાનું છે અને તેવા જ્ઞાનવાળો જીવન્મુક્ત કહેવાય છે. ૫૯ વાસનારહિત થવાથી જ્યારે હૃદયમાં કોઈની ભાવના જ થતી નથી અને બાળક તથા મૂગા વગેરેના વિજ્ઞાનની પેઠે સ્થિર થાય છે, ત્યારે જડતા વિનાનું તે જ્ઞાન, અસંવેદન (એટલે પદાર્થોના અનુભવ વિનાનું) બની વિશાળતાનો આશ્રય કરે છે; જેથી જ્ઞાની ફરી લેપાતો નથી. ૬૦,૬૧ નિર્વિકલ્પ સમાધિ દ્વારા બધી વાસનાઓ ત્યજી તન્મય થવાથી આદિ–અંતરહિત પદમાં રહેવાય છે અને છેવટે તે સમાધિદશા પણ અંતરમાં વિલય પામે છે. ૬૨ ઊભા રહેતાં, જતાં, સ્પર્શ કરતાં અને સૂંઘતાં પણ તેના લેપ વિનાનો પુરુષ જડતા વિનાનો, અવિનાશી આનંદવાળો અને વિષયજ્ઞાન-

ष्टभ्य कष्टचेष्टायुतोऽपि सन् । तरेद्दुःखाम्बुधेः पारमपारगुणसागरः ॥ ६४ ॥ विशेषं संपरित्यज्य सन्मात्रं यदलेपकम् । एकरूपं महारूपं सत्तायास्तत्पदं विदुः ॥ ६५ ॥ कालसत्ता कलासत्ता वस्तुसत्तेयमित्यपि । विभागकलनां त्यक्त्वा सन्मात्रैकपरो भव ॥ ६६ ॥ सत्तासामान्यमेवैकं भावयन्केवलं विभुः । परिपूर्णः परानन्दि तिष्ठापूरितदिग्भरः ॥ ६७ ॥ सत्तासामान्यपर्यन्ते यत्तत्कलनयोज्झितम् । पदमाद्यमनाद्यन्तं तस्य बीजं न विद्यते ॥ ६८ ॥ तत्र संलीयते संविन्निर्विकल्पं च तिष्ठति । भूयो न वर्तते दुःखे तत्र लब्धपदः पुमान् ॥ ६९ ॥ तद्धेतुः सर्वभूतानां तस्य हेतुर्न विद्यते । स सारः सर्वसाराणां तस्मात्सारो न विद्यते ॥ ७० ॥ तस्मिंश्चिद्दर्पणे स्फारे समस्ता वस्तुदृष्टयः । इमास्ताः प्रतिबिम्बन्ति सरसीव तटद्रुमाः ॥ ७१ ॥ तदमलमरजं तदात्मतत्त्वं तदवगतावुपशान्तिमेति चेतः । अवगतविगतैकतत्स्वरूपो भवभयमुक्तपदोऽसि सम्यगेव ॥ ७२ ॥ एतेषां दुःखबीजानां प्रोक्तं यद्यन्मयोत्तरम् । तस्य तस्य प्रयोगेण शीघ्रं तत्प्राप्यते पदम् ॥ ७३ ॥ सत्तासामान्यकोटिस्थे द्रागित्येव पदे यदि । पौरुषेण प्रयत्नेन बलात्संत्यज्य वासनाम् ॥ ७४ ॥ स्थितिं बध्नासि तत्त्वज्ञ क्षणमप्यक्षयात्मिकाम् । क्षणेऽस्मिन्नेव तत्साधु पदमासादयस्यलम् ॥ ७५ ॥ सत्तासामान्यरूपे वा करोषि स्थितिमादरात् । तत्किंचिदधिकेनेह यत्नेनाप्नोषि तत्पदम् ॥ ७६ ॥ संवित्तत्त्वे कृतध्यानो निदाघ यदि तिष्ठसि । तद्यत्नेनाधिकेनोच्चैरा-

થી રહિત થઈ સુખી રહે છે. ૬૩ આ દૃષ્ટિનો આશ્રય કરી અપાર ગુણોનો સાગર બને છે, અને તેના પર હજારો કષ્ટો

આવી પડે, તોપણ દુઃખરૂપી સમુદ્રને તે તરે છે. ૬૪ વિશેષનો ત્યાગ કરી એકરૂપ અને નિર્લેપ માત્ર સત્સ્વરૂપ હોવું, તેને જ મોટારૂપવાળું સત્તાનું પદ જાણે છે. ૬૫ કાળસત્તા, કલાસત્તા અને વસ્તુસત્તા–એવા વિભાગના જ્ઞાનનો ત્યાગ કરી માત્ર એક સત્તાસ્વરૂપ તું થા. ૬૬ માત્ર એક જ સત્તા–સામાન્યનો વિચાર કરતો તું વ્યાપક, પરિપૂર્ણ અને પરમાનંદયુક્ત થઈ દિશાઓને પોતાના રૂપે જ ભરી દે. ૬૭ સત્તાસામાન્યના છેડે જે–તે પદાર્થ-ના જ્ઞાન વિનાનું જે આદ્યપદ અનુભવાય છે, તે આદિ–અંત વિનાનું છે અને તેનું બીજ નથી. ૬૮ હરકોઈ જ્ઞાન તેમાં સંપૂર્ણ લય પામે છે; તે પદમાં સ્થાન મેળવીને પુરુષ નિર્વિકલ્પ રહે છે અને ફરી દુઃખમાં આવતો જ નથી. ૬૯ એ પરમ પદ સર્વ ભૂતોનું કારણ છે, પણ તેનું પોતાનું કોઈ કારણ નથી. વળી તે સર્વ સાર વસ્તુઓનો પણ સાર છે અને તેનાથી બીજો કોઈ સાર નથી. ૭૦ જેમ કાંઠા ઉપરનાં ઝાડ તળાવમાં પ્રતિબિંબિત થાય છે, તેમ એ ચૈતન્યરૂપ ચળકતા દર્પણમાં આ બધી વસ્તુ-ઓનાં દર્શન પ્રતિબિંબિત થાય છે. ૭૧ તે જ આત્મતત્ત્વ રજ વિનાનું અને નિર્મળ છે. તેનું જ્ઞાન થતાં ચિત્ત શાંતિને પામે છે. તેનું સ્વરૂપ જાણી–પ્રાપ્ત કરીને તું સંસારના ભયથી સારી રીતે મુક્ત થયો છે. ૭૨ આ દુઃખનાં બીજોનો જે જે (દૂર કરવાનો) ઉપાય મેં કહ્યો, તેનો તેવો પ્રયોગ કરવાથી તે પદ પ્રાપ્ત કરાય છે. ૭૩ પુરુષાર્થ અને પ્રયત્નપૂર્વક વાસનાનો બળથી ત્યાગ કરી સામાન્ય સત્તાને છેડે રહેલા તે પદમાં જો તું ક્ષણવાર પણ અક્ષયા સ્થિતિ કરીશ, તો હે તત્ત્વજ્ઞાની! તે જ ક્ષણે એ ઉત્તમ પદને તું સંપૂર્ણ પ્રાપ્ત કરીશ. ૭૪,૭૫ અથવા સત્તાના સામાન્ય રૂપમાં જો તું આદરથી સ્થિતિ કરીશ અને કંઈક અધિક પ્રયત્ન કરીશ, તો આ લોકમાં જ તે પદને તું પામીશ. ૭૬ હે નિદાઘ!

सादयसि तत्पदम् ॥ ७७ ॥ वासनासंपरित्यागे यदि यत्नं करोषि भोः । यावद्विलीनं न मनो न तावद्वासनाक्षयः ॥ ७८ ॥ न क्षीणा वासना यावच्चित्तं तावन्न शाम्यति । यावन्न तत्त्वविज्ञानं तावच्चित्त-शमः कुतः ॥ ७९ ॥ यावन्न चित्तोपशमो न तावत्तत्त्ववेदनम् । यावन्न वासनानाशस्तावत्तत्त्वागमः कुतः । यावन्न तत्त्वसंप्राप्तिर्न तावद्वासनाक्षयः ॥ ८० ॥ तत्त्वज्ञानं मनोनाशो वासनाक्षय एव च । मिथः कारणतां गत्वा दुःसाध्यानि स्थितान्यतः ॥ ८१ ॥ भोगेच्छां दूरतस्त्यक्त्वा त्रयमेतत्समाचर ॥ ८२ ॥ वासनाक्षयविज्ञानमनोनाशा महामते । समकालं चिराभ्यस्ता भवन्ति फलदा मताः ॥ ८३ ॥ त्रिभिरेभिः समभ्यस्तैर्हृदय-ग्रन्थयो दृढाः । निःशेषमेव त्रुट्यन्ति बिसच्छेदाद्गुणा इव ॥ ८४ ॥ वासनासंपरित्यागसमं प्राणनिरोधनम् । विदुस्तत्त्वविदस्तस्मात्तर-द्प्येवं समाहरेत् ॥ ८५ ॥ वासनासंपरित्यागाच्चित्तं गच्छत्यचित्त-ताम् । प्राणस्पन्दनिरोधाच्च यथेच्छसि तथा कुरु ॥ ८६ ॥ प्राणा-यामदृढाभ्यासैर्युक्त्या च गुरुदत्तया । आसनाशनयोगेन प्राणस्पन्दो निरुध्यते ॥ ८७ ॥ निःसङ्गव्यवहारत्वाद्भवभावनवर्जनात् । शरीर-नाशदर्शित्वाद्वासना न प्रवर्तते ॥ ८८ ॥ यः प्राणपवनस्पन्दश्चित्त-स्पन्दः स एव हि । प्राणस्पन्दजये यत्नः कर्तव्यो धीमतोच्चकैः ॥ ८९ ॥ न शक्यते मनो जेतुं विना युक्तिमनिन्दिताम् । शुद्धां

જ્ઞાનરૂપ એ તત્ત્વમાં ધ્યાન કરવાપૂર્વક અધિક યત્ન કરીને જો તું સ્થિતિ કરીશ, તોપણ તે ઉચ્ચ પદને તું પામીશ. ૭૭ અથવા વાસનાનો ત્યાગ કરવામાં જો તું યત્ન કરે, તોપણ એ પદને

પ્રાપ્ત કરે; પણ જ્યાં સુધી મન વિલય પામ્યું નથી, ત્યાં સુધી વાસનાનો નાશ થતો નથી. વાસના નાશ પામી નથી, ત્યાં સુધી ચિત્ત શાંત થતું નથી અને તત્ત્વનું વિશેષ જ્ઞાન જ્યાં સુધી થતું નથી, ત્યાં ચિત્તની શાંતિ ક્યાં થાય? ૭૮,૭૯ જ્યાં સુધી ચિત્તની શાંતિ નથી ત્યાં સુધી તત્ત્વજ્ઞાન નથી; જ્યાં સુધી વાસનાનો નાશ નથી, ત્યાં સુધી તત્ત્વજ્ઞાન ક્યાંથી થાય? તેમ જ જ્યાં સુધી તત્ત્વની પ્રાપ્તિ થઈ નથી, ત્યાં સુધી વાસનાનો નાશ થતો નથી.૮૦ મનનો નાશ અને વાસનાનો ક્ષય એ જ તત્ત્વજ્ઞાન છે; આમ પરસ્પર કારણરૂપ થઈ એ દુઃસાધ્ય રહ્યાં છે; ૮૧ માટે ભોગોની ઇચ્છા દૂરથી ત્યજીને એ ત્રણેને તું સારી રીતે આચર. ૮૨ હે મહાબુદ્ધિમાન! વાસનાનો નાશ, વિજ્ઞાન અને મનનો નાશ–એ ત્રણેનો લાંબા કાળ સુધી અભ્યાસ કર્યો હોય, તો એકી વખતે ત્રણે ફળદાયી થાય છે. ૮૩ જેમ કમળનો દાંડલો કાપવાથી તેના તંતુઓ પણ બધાય કપાઈ જાય છે, તેમ આ ત્રણનો સારી રીતે અભ્યાસ કરવાથી હૃદયની મજબૂત ગાંઠો સંપૂર્ણ તૂટી જાય છે.૮૪ પ્રાણની ચેષ્ટાને રોકવી, તેને પણ તત્ત્વજ્ઞાનીઓ વાસનાના ત્યાગ જેવી જ માને છે; માટે તેનો પણ આ રીતે અભ્યાસ કરવો.૮૫ વાસનાનો સંપૂર્ણ ત્યાગ કરવાથી અને પ્રાણની ચેષ્ટા રોકવાથી ચિત્ત અચિત્તપણાને પામે છે; માટે તને જેની ઇચ્છા થાય તે તું કર. ૮૬ ગુરુએ બતાવેલી યુક્તિથી પ્રાણાયામનો દૃઢ અભ્યાસ કરવાથી અને આસન ઉપર બેસી યોગ કરવાથી પ્રાણની ચેષ્ટા રોકાય છે. ૮૭ સંગ વિનાનો વ્યવહાર કરવાથી, સંસારની ભાવના છોડવાથી અને શરીરનો નાશ જોયા કરવાથી વાસના થતી નથી. ૮૮ પ્રાણવાયુની ચેષ્ટા એ જ ચિત્તની ચેષ્ટા છે; માટે બુદ્ધિમાન મનુષ્યે પ્રાણની ચેષ્ટાનો જય કરવા મોટો પ્રયત્ન કરવો જોઈએ. ૮૯ અનિંદ્ય યુક્તિનો આશ્રય કર્યા વિના

संविद्माश्रित्य वीतरागः स्थिरो भव ॥ ९० ॥ संवेद्यवर्जितमनुत्तममाद्यमेकं संवित्पदं विकलनं कलयन्महात्मन् । हृद्येव तिष्ठ कलनारहितः क्रियां तु कुर्वन्नकर्तृपदमेत्य शमोदितश्रीः ॥ ९१ ॥ मनागपि विचारेण चेतसः स्वस्य निग्रहः । पुरुषेण कृतो येन तेनाप्तं जन्मनः फलम् ॥ ९२ ॥

॥ इति चतुर्थोऽध्यायः ॥ ४ ॥

## पञ्चमोऽध्यायः

गच्छतस्तिष्ठतो वापि जाग्रतः स्वपतोऽपि वा । न विचारपरं चेतो यस्यासौ मृत उच्यते ॥ १ ॥ सम्यग्ज्ञानसमालोकः पुमाञ्ज्ञेयसमः स्वयम् । न बिभेति न चादत्ते वैवश्यं न च दीनताम् ॥ २ ॥ अपवित्रमपथ्यं च विषसंसर्गदूषितम् । भुक्तं जरयति ज्ञानी क्लिन्नं नष्टं च मृष्टवत् ॥ ३ ॥ सङ्गत्यागं विदुर्मोक्षं सङ्गत्यागादजन्मता । सङ्गं त्यज त्वं भावानां जीवन्मुक्तो भवानघ ॥ ४ ॥ भावाभावे पदार्थानां हर्षामर्षविकारदा । मलिना वासना यैषा सासङ्ग इति कथ्यते । ५ ॥ जीवन्मुक्तशरीराणामपुनर्जन्मकारिणी । मुक्ता हर्षविषादाभ्यां शुद्धा भवति वासना ॥ ६ ॥ दुःखैर्न ग्लानिमायासि हृदि हृष्यसि नो सुखैः । आशावैवश्यमुत्सृज्य निदाघाऽसङ्गतां व्रज ॥ ७ ॥ दिक्कालाद्यनवच्छिन्नमदृष्टोभयकोटि-

મનને જીતી શકાતું નથી; માટે શુદ્ધ જ્ઞાનનો આશ્રય કરી રાગરહિત થઈને તું સ્થિર થા. ૯૦ હે મહાત્મા! વિષયો વિનાનું, સર્વોત્તમ, આદ્ય અને એક જ એવા પદનું સંકલ્પો વિના હૃદ-

યમાં તું ધ્યાન કર્યા કર અને સંકલ્પોથી રહિત થઈને જ તું ક્રિયાઓ કર; જેથી કર્તારહિત પદને પામીને તારામાં ઉપશમની શોભા ઉદય પામશે. ૯૧ જે પુરુષે પોતાના ચિત્તને વિચારપૂર્વક લગાર પણ વશ કર્યું હોય છે, તેણે જન્મનું ફળ પ્રાપ્ત કર્યું છે.' ૯૨

અધ્યાય ચોથો સમાપ્ત

## પાંચમો અધ્યાય

'જતાં, ઊભા રહેતાં, જાગતાં કે ઊંઘતાં પણ જેનું ચિત્ત વિચારમાં તત્પર રહેતું નથી, તે મરેલો કહેવાય છે. ૧ વળી ઉત્તમ જ્ઞાનરૂપ પ્રકાશવાળો પુરુષ પોતે જ જ્ઞેય (તત્ત્વ) સમાન બને છે અને પછી તે ડરતો નથી, પરવશ થતો નથી અને દીનતાને પામતો નથી. ૨ જ્ઞાની પુરુષ અપવિત્ર, અપથ્ય, ઝેરના સંબંધથી દૂષિત, ભીનું થયેલું અને બગડી ગયેલું અન્ન પણ મિષ્ટાન્નની પેઠે પચાવી શકે છે.૩ હે નિર્દોષ ! સંગના ત્યાગને જ મોક્ષ કહે છે, અને સંગનો ત્યાગ કરવાથી જન્મરહિતપણું પ્રાપ્ત થાય છે; માટે સર્વ પદાર્થોનો સંગ તું ત્યજી દે અને જીવન્મુક્ત થા. ૪ કોઈ પદાર્થ હોય ત્યારે હર્ષ અને ન હોય ત્યારે શોક—એમ વિકાર આપનારી જે મલિન વાસના, તેને 'સંગ' કહે છે. ૫ જેઓનાં શરીર જીવન્મુક્ત થયાં હોય છે, તેઓની શુદ્ધ વાસના પુનર્જન્મને નહિ આપનારી અને હર્ષ તથા ખેદથી રહિત હોય છે. ૬ હે નિદાઘ! દુઃખોથી તું ગ્લાનિ ન પામ અને સુખોથી હૃદયમાં હર્ષ ન પામ; એમ આશાઓને અધીન રહેવું ત્યજીને અસંગપણું પ્રાપ્ત કર. ૭ 'દિશા અને કાળ વગેરેથી નહિ મપાયેલ અને જેની બન્ને બાજુ કોઈએ જોઈ નથી એવું માત્ર ચૈતન્ય, અવિનાશી, શાંત અને એક જ બ્રહ્મ હું છું, બીજું કંઈ નથી' એમ માનીને, તેમ જ 'અંદરથી મુક્ત અને

कम् । चिन्मात्रमक्षयं शान्तमेकं ब्रह्मास्मि नेतरत् ॥ ८ ॥ इति मत्वाहमित्यन्तर्मुक्तामुक्तवपुः पुमान् । एकरूपः प्रशान्तात्मा मौनी स्वात्मसुखो भव ॥ ९ ॥ नास्ति चित्तं न चाविद्या न मनो न च जीवकः । ब्रह्मैवैकमनाद्यन्तमब्धिवत्प्रविजृम्भते ॥ १० ॥ देहे यावदहंभावो दृश्येऽस्मिन्यावदात्मता । यावन्ममेदमित्यास्था तावच्चित्तादिविभ्रमः ॥ ११ ॥ अन्तर्मुखतया सर्वं चिद्वह्नौ त्रिजगत्तृणम् । जुह्वतोऽन्तर्निवर्तन्ते मुने चित्तादिविभ्रमाः ॥ १२ ॥ चिदात्मास्मि निरंशोऽस्मि परापरविवर्जितः । रूपं स्मरन्निजं स्फारं मा स्मृत्या संमितो भव ॥ १३ ॥ अध्यात्मशास्त्रमन्त्रेण तृष्णाविषविषूचिका । क्षीयते भावितेनान्तः शरदा मिहिका यथा ॥ १४ ॥ परिज्ञाय परित्यागो वासनानां य उत्तमः । सत्तासामान्यरूपत्वात्तत्कैवल्यपदं विदुः ॥ १५ ॥ यत्रास्ति वासना लीना तत्सुषुप्तं न सिद्धये । निर्बीजा वासना यत्र तत्तुर्यं सिद्धिदं स्मृतम् ॥ १६ ॥ वासनायास्तथा वह्नेर्ऋणव्याधिद्विषामपि । स्नेहवैरविषाणां च शेषः स्वल्पोऽपि बाधते ॥ १७ ॥ निर्दग्धवासनाबीजः सत्तासामान्यरूपवान् । सदेहो वा विदेहो वा न भूयो दुःखभाग्भवेत् ॥ १८ ॥ एतावदेवाविद्यात्वं नेदं ब्रह्मेति निश्चयः । एष एव क्षयस्तस्या ब्रह्मेदमिति निश्चयः ॥ १९ ॥ ब्रह्म चिद्ब्रह्म भुवनं ब्रह्म भूतपरम्परा । ब्रह्माहं ब्रह्म

(બહારથી લોકદૃષ્ટિએ) અમુક્ત શરીરવાળો પુરુષ હું છું ' એમ જાણીને તું એકરૂપ, અત્યંત શાંત અંતઃકરણવાળો, મૌનધારી તથા પોતાના આત્મામાં જ સુખવાળો થા; ૮,૯ કેમ કે ચિત્ત નથી, અવિદ્યા નથી, મન નથી અને જીવ પણ નથી; માત્ર એક,

આદિ–અંતરહિત બ્રહ્મ જ સમુદ્રની પેઠે અત્યંત વિસ્તાર પામી પ્રકાશે છે. ૧૦ દેહ ઉપર જ્યાં સુધી અહંભાવ છે, આ દશ્ય ઉપર જ્યાં સુધી આત્મબુદ્ધિ છે અને અને 'આ મારું' એવી જ્યાં સુધી આસ્થા છે, ત્યાં સુધી ચિત્ત વગેરેની ભ્રમણા છે. ૧૧ હે મુનિ! અંતર્મુખ થઈને ત્રણ જગતરૂપી બધા ઘાસને ચૈતન્ય-રૂપ અગ્નિમાં જે હોમી દે છે, તેના અંતરમાંથી ચિત્ત વગેરે ભ્રમણાઓ જતી રહે છે. ૧૨ 'હું ચૈતન્યરૂપ આત્મા છું અને અંશરહિત હોઈ પર તથા અપરથી પણ રહિત છું' આમ પોતાના વિશાળ આત્મસ્વરૂપનું સ્મરણ કર અને એ સ્મરણથી મપાયેલો પણ ન રહે. ૧૩ જેમ શરદ ઋતુથી હિમ નાશ પામે છે, તેમ અધ્યાત્મશાસ્ત્રરૂપ મંત્રનું અંતરમાં ચિંતન કરવાથી તૃષ્ણારૂપી ઝેરની ચૂંક નાશ પામે છે. ૧૪ સંપૂર્ણ જાણીને વાસ-નાઓનો જે પરિપૂર્ણ ત્યાગ કરવો તે ઉત્તમ છે અને તે સામાન્ય સત્તારૂપ જ હોવાથી તેને 'કૈવલ્ય પદ' કહે છે. ૧૫ જેમાં વાસના લીન હોય છે (એટલે બીજરૂપે ગુપ્ત સ્થિતિમાં રહી હોય છે), તે સુષુપ્તિ અવસ્થા સિદ્ધિ આપનારી નથી ગણાતી; પણ જેમાં વાસના નિર્બીજ થઈ હોય છે, તે તુરીયાવસ્થાને સિદ્ધિ દેનારી કહી છે. ૧૬ વાસના, અગ્નિ, કરજ, રોગ, શત્રુ, સ્નેહ, વેર અને ઝેર–આ બધાં થોડાં પણ બાકી રહ્યાં હોય તો હેરાન કરે છે. ૧૭ જેનું વાસનારૂપ બીજ બળી ગયું હોય અને જે સામાન્ય સત્તા-રૂપે જ રહ્યો હોય, તે દેહ સહિત હોય કે દેહરહિત થયો હોય, તોપણ ફરી દુઃખને (સંસારને) પામતો નથી. ૧૮ 'આ જગત બ્રહ્મ નથી' આવો જે નિશ્ચય એ જ એટલી અવિદ્યા છે; અને 'આ જગત બ્રહ્મ છે' આવો જે નિશ્ચય તે જ એ અવિદ્યાનો નાશ છે. ૧૯ 'ચૈતન્ય બ્રહ્મ છે, જગત બ્રહ્મ છે,

चिच्छत्रुर्ब्रह्म चिन्मित्रबान्धवाः ॥ २० ॥ ब्रह्मैव सर्वमित्येव भाविते ब्रह्म वै पुमान् । सर्वत्रावस्थितं शान्तं चिद्ब्रह्मेत्यनुभूयते ॥ २१ ॥ असंस्कृताध्वगालोके मनस्यन्यत्र संस्थिते । या प्रतीतिरनागस्का तच्चिद्ब्रह्मास्मि सर्वगम् ॥ २२ ॥ प्रशान्तसर्वसंकल्पं विगताखिलकौतुकम् । विगताशेषसंरम्भं चिदात्मानं समाश्रय ॥ २३ ॥ एवं पूर्णधियो धीराः समा नीरागचेतसः । न नन्दन्ति न निन्दन्ति जीवितं मरणं तथा ॥ २४ ॥ प्राणोऽयमनिशं ब्रह्मन्स्पन्दशक्तिः सदागतिः । सबाह्याभ्यन्तरे देहे प्राणोऽसावूर्ध्वगः स्थितः ॥ २५ ॥ अपानोऽप्यनिशं ब्रह्मन्स्पन्दशक्तिः सदागतिः । सबाह्याभ्यन्तरे देहे अपानोऽयमवाक्स्थितः ॥ २६ ॥ जाग्रतः स्वपतश्चैव प्राणायामोऽयमुत्तमः । प्रवर्तते ह्यभिज्ञस्य तं तावच्छ्रेयसे शृणु ॥ २७ ॥ द्वादशाङ्गुलपर्यन्तं बाह्यमाक्रमतां ततः । प्राणाङ्गनामा संस्पर्शो यः स पूरक उच्यते ॥ २८ ॥ अपानश्चन्द्रमा देहमाप्याययति सुव्रत । प्राणः सूर्योऽग्निरथ वा पचत्यन्तरिदं वपुः ॥ २९ ॥ प्राणक्षयसमीपस्थमपानोदयकोटिगम् । अपानप्राणयोरैक्यं चिदात्मानं समाश्रय ॥ ३० ॥ अपानोऽस्तंगतो यत्र प्राणो नाभ्युदितः क्षणम् । कलाकलङ्करहितं तच्चितत्त्वं समाश्रय ॥ ३१ ॥ नापानोऽस्तंगतो यत्र प्राणश्चास्तमुपागतः । नासाग्रगगनावर्तं तच्चित्तत्त्वमुपाश्रय ॥ ३२ ॥

પ્રાણીઓની પરંપરા બ્રહ્મ છે, હું બ્રહ્મ છું, ચૈતન્યરૂપ શત્રુ બ્રહ્મ છે, ચૈતન્યરૂપ મિત્રો અને સગાં-સંબંધીઓ બ્રહ્મ છે અને સઘળું બ્રહ્મ જ છે' આવી ભાવના કરતો પુરુષ બ્રહ્મ જ બને છે. અને ચૈતન્યરૂપ શાંત બ્રહ્મ બધે રહ્યું છે, એમ અનુભવે છે. ૨૦,૨૧ અસંસ્કારી મુસાફર જેવા જ્ઞાનવાળું મન જ્યારે

બીજે (બાહ્ય વિષયોરહિત સ્વરૂપમાં) રહ્યું હોય અને તે વેળા જે નિર્દોષ પ્રતીતિ (અનુભવ) થાય છે, તે જ સર્વવ્યાપી ચૈતન્ય બ્રહ્મ હું છું. ૨૨ જેમાં સર્વ સંકલ્પો અત્યંત શાંત હોય છે; બધાં કૌતુકો જેમાંથી જતાં રહ્યાં હોય છે અને બધા ડોળ અથવા આવેશ પણ જેમાંથી દૂર થયા છે, તે ચૈતન્યરૂપ આત્માનો તું આશ્રય કર. ૨૩ એમ પૂર્ણ બુદ્ધિવાળા, ધીર, સમાન ભાવવાળા અને રાગરહિત ચિત્તવાળા પુરુષો જીવનને પસંદ કરતા નથી અને મરણને નિંદતા નથી. ૨૪ હે બ્રાહ્મણ! આ પ્રાણ નિરંતર ચેષ્ટારૂપ શક્તિવાળો તથા સદા ગતિમાન છે. બહાર અને અંદર સહિત દેહમાં એ પ્રાણ ઊર્ધ્વગતિવાળો રહ્યો છે. ૨૫ હે બ્રાહ્મણ! અપાનવાયુ પણ નિરંતર ચેષ્ટારૂપ શક્તિવાળો અને સદા ગતિમાન છે. બહાર અને અંદર સહિત દેહમાં એ અપાન નીચી ગતિવાળો રહેલ છે. ૨૬ આ વસ્તુને જે જાણે છે, તેને જાગતાં ને ઊંઘતાં આ ઉત્તમ પ્રાણાયામ ચાલુ રહે છે; તેને તું કલ્યાણ માટે પ્રથમ સાંભળ. ૨૭ બાર આંગળ સુધી બહારના પ્રદેશમાં જઈને પછીથી પ્રાણવાયુ જે અંદર ખેંચાય છે, તે પૂરક કહેવાય છે. ૨૮ હે ઉત્તમવ્રતવાળા! અપાન એ ચંદ્રમા છે, તે દેહને પુષ્ટ કરે છે અને પ્રાણ તે સૂર્ય છે અથવા અગ્નિ છે, તે શરીરની અંદર રહી પાચનક્રિયા કરે છે. ૨૯ પ્રાણના નાશની સમીપ રહેલી અને અપાનના ઉદયને છેડે રહેલી અપાન તથા પ્રાણની જે એકતા છે, તે જ ચિદાત્મા છે. તેનો તું આશ્રય કર. જ્યાં અપાન અસ્ત પામ્યો છે અને પ્રાણ ક્ષણવાર ઉદય પામ્યો નથી, એ જ કળારૂપ કલંક વિનાનું ચૈતન્ય છે; અને એ તત્ત્વનો તું આશ્રય કર. ૩૦,૩૧ જેમાં અપાન અસ્ત પામ્યો છે અને પ્રાણ પણ અસ્ત થયો છે, તે નાકની અણીએ જઈને ઘૂમતું ચૈતન્ય છે; અને એ તત્ત્વનો તું આશ્રય કર. ૩૨ આ

आभासमात्रमेवेदं न सन्नासज्जगत्त्रयम् । इत्यन्यकलनात्यागं सम्यग्ज्ञानं विदुर्बुधाः ॥ ३३ ॥ आभासमात्रकं ब्रह्मंश्चित्तादर्शकलङ्कितम् । ततस्तदपि संत्यज्य निराभासो भवोत्तम ॥ ३४ ॥ भयप्रदमकल्याणं धैर्यसर्वस्वहारिणम् । मनःपिशाचमुत्सार्य योऽसि सोऽसि स्थिरो भव ॥ ३५ ॥ चिद्व्योमैव किलास्तीह परापरविवर्जितम् । सर्वत्रासंभवच्चैत्यं यत्कल्पान्तेऽवशिष्यते ॥ ३६ ॥ वाञ्छाक्षणे तु या तुष्टिस्तत्र वाञ्छैव कारणम् । तुष्टिस्त्वतुष्टिपर्यन्ता तस्माद्वाञ्छां परित्यज ॥ ३७ ॥ आशा यातु निराशात्वमभावं यातु भावना । अमनस्त्वं मनो यातु तवासङ्गेन जीवतः ॥ ३८ ॥ वासनारहितैरन्तरिन्द्रियैराहरन्क्रियाः । न विकारमवाप्नोषि खवत्क्षोभशतैरपि ॥ ३९ ॥ चित्तोन्मेषनिमेषाभ्यां संसारप्रलयोदयौ । वासनाप्राणसंरोधमनुन्मेषं मनः कुरु ॥ ४० ॥ प्राणोन्मेषनिमेषाभ्यां संसृतेः प्रलयोदयौ । तमभ्यासप्रयोगाभ्यामुन्मेषरहितं कुरु ॥ ४१ ॥ मौर्ख्योन्मेषनिमेषाभ्यां कर्मणां प्रलयोदयौ । तद्विलीनं कुरु बलाद्गुरुशास्त्रार्थसंगमैः ॥ ४२ ॥ असंवित्स्पन्दमात्रेण याति चित्तमचित्तताम् । प्राणानां वा निरोधेन तदेव परमं पदम् ॥ ४३ ॥ दृश्यदर्शनसंबन्धे यत्सुखं पारमार्थिकम् । तदन्तैकान्तसंवित्त्या ब्रह्मदृष्ट्यावलोकय ॥ ४४ ॥ यत्र नाभ्युदितं चित्तं तद्वै सुखमकृत्रिमम् । क्षयातिशय-

ત્રણે જગત સત નથી અને અસત્ પણ નથી; માત્ર આભાસરૂપ છે; એમ ભેદજ્ઞાનનો જે ત્યાગ, તેને જ્ઞાનીઓ સમ્યગ્જ્ઞાન કહે છે. ૩૩ હે ઉત્તમ બ્રાહ્મણ! માત્ર ચિત્તરૂપ દર્પના કલંકવાળો આભાસ જ છે; માટે એ આભાસનો પણ ત્યાગ કરી તું આભાસ

રહિત થા. ૩૪ મનરૂપ પિશાચ ભય આપનાર તથા કલ્યાણરૂપ છે અને ધૈર્યરૂપ સર્વસ્વને હરનારો છે; માટે તેને હાંકી કાઢી તું જે રૂપે છે, તે રૂપે જ સ્થિર થા. ૩૫ અહીં કેવળ ચિદાકાશ જ રહેલ છે અને તે પર–અપર–એવા ભેદથી રહિત છે. તેમાં દશ્ય અથવા વિષયો ક્યાંય સંભવતા જ નથી અને કલ્પના અંતે પણ એ ચિદાકાશ જ બાકી રહે છે. ૩૬ કોઈ ઇચ્છાના સમયે જે સંતોષ થાય છે, તેમાં એ ઇચ્છા જ કારણ છે; અને એ સંતોષ પણ અસંતોષ સુધીનો જ હોય છે; માટે ઇચ્છાનો તું ત્યાગ કર. ૩૭ તું સંગરહિત થઈને જીવે, ત્યારે તારી આશાઓ નિરાશારૂપ થાઓ, ભાવના અભાવરૂપ બનો અને મન અમનપણાને પામો. ૩૮ અંદર વાસનારહિત થયેલી ઇંદ્રિયો વડે તું ક્રિયાઓ કરીશ, ત્યારે સેંકડો ક્ષોભકારક વિષયોથી પણ તું આકાશની પેઠે વિકાર નહિ પામે. ૩૯ ચિત્તના જન્મથી તથા નાશથી સંસારનો ઉદય તથા પ્રલય થાય છે; માટે વાસના તથા પ્રાણને રોકીને મનને તું જન્મરહિત કર. ૪૦ એ જ પ્રમાણે પ્રાણના ઉદય તથા અસ્તથી સંસારનો ઉદય તથા પ્રલય થાય છે; માટે અભ્યાસ તથા પ્રયોગ વડે પ્રાણને તું ઉદયરહિત કર. ૪૧ વળી મૂર્ખતાના ઉદય તથા અસ્તથી કર્મોનો ઉદય તથા પ્રલય થાય છે; માટે ગુરુ તથા શાસ્ત્રીય અર્થના સમાગમ વડે એ મૂર્ખતાનો તું બળથી નાશ કર. ૪૨ વિષયોનો અનુભવ ન થવો–એ રૂપ અસંવેદન માત્ર ફરકે છે, તેટલામાં તો ચિત્ત અચિત્તપણાને પામે છે; અથવા પ્રાણનો નિરોધ કરવાથી તે જ પરમપદ પ્રાપ્ત થાય છે. ૪૩ દશ્ય તથા દર્શનનો સંબંધ થતાં જે પારમાર્થિક (સત્ય) સુખ અનુભવાય છે, તેની એકાંત (કેવળ) અનુભવરૂપ બ્રહ્મદૃષ્ટિએ તું અંતે તપાસ કર. ૪૪ જેમાં

निर्मुक्तं नोदेति न च शाम्यति ॥ ४५ ॥ यस्य चित्तं न चित्ताख्यं चित्तं चित्तत्वमेव हि। तदेव तुर्यावस्थायां तुर्यातीतं भवत्यतः ॥ ४६ ॥ संन्यस्तसर्वसंकल्पः समः शान्तमना मुनिः। संन्यासयोगयुक्तात्मा ज्ञानवान्मोक्षवान्भव ॥ ४७ ॥ सर्वसंकल्पसंशान्तं प्रशान्तघनवासनम्। न किंचिद्भावनाकारं यत्तद्ब्रह्म परं विदुः ॥४८॥ सम्यग्ज्ञानावबोधेन नित्यमेकसमाधिना। सांख्य एवावबुद्धा ये ते सांख्या योगिनः परे ॥ ४९ ॥ प्राणाद्यनिलसंशान्तौ युक्त्या ये पदमागताः। अनामयमनाद्यन्तं ते स्मृता योगयोगिनः ॥ ५० ॥ उपादेयं तु सर्वेषां शान्तं पदमकृत्रिमम्। एकार्थाभ्यसनं प्राणरोधश्चेतःपरिक्षयः ॥ ५१ ॥ एकस्मिन्नेव संसिद्धे संसिध्यन्ति परस्परम्। अविनाभाविनी नित्यं जन्तूनां प्राणचेतसी ॥ ५२ ॥ आधाराधेयवच्चैते एकाभावे विनश्यतः। कुरुतः स्वविनाशेन कार्यं मोक्षाख्यमुत्तमम् ॥ ५३ ॥ सर्वमेतद्धिया त्यक्त्वा यदि तिष्ठसि निश्चलः। तदाहङ्कारविलये त्वमेव परमं पदम् ॥ ५४ ॥ महाचिदेकैवेहास्ति महासत्तेति योच्यते। निष्कलङ्का समा शुद्धा निरहङ्काररूपिणी ॥ ५५ ॥ सकृद्विभाता विमला नित्योदयवती समा। सा ब्रह्म परमात्मेति नामभिः परिगीयते ॥ ५६ ॥ सैवाहमिति निश्चित्य निदाघ कृतकृत्यवान्।

ચિત્ત ઉદય પામ્યું ન હોય, તે જ સ્વાભાવિક સુખ છે; અને તે નાશથી અત્યંતરહિત છે, તેથી ઉદય પામતું નથી અને શમી જતું પણ નથી. ૪૫ જેનું ચિત્ત 'ચિત્ત' નામે રહેતું નથી, પણ ચૈતન્ય તત્ત્વરૂપ થાય છે, તે જ એ કારણથી તુરીયાવસ્થામાં તુરીયાતીત ( પરબ્રહ્મરૂપ ) થાય છે; ૪૬ માટે સર્વ

સંકલ્પો ત્યજીને સમાન ભાવયુક્ત તથા શાંત મનવાળો મુનિ થા; અને એવા સંન્યાસયોગથી યુક્ત અંતઃકરણવાળો થઈ જ્ઞાનવાન તથા મોક્ષવાન થા. ૪૭ જેમાં સર્વ સંકલ્પો અત્યંત શાંત છે, ઘાટી વાસનાઓ પણ અત્યંત શમી ગયેલી છે અને જે કોઈ ભાવનાના આકારરૂપ જ નથી; તેને પરબ્રહ્મ કહે છે. ૪૮ જેઓ સમ્યગ્ જ્ઞાનના દબાણથી અને નિત્ય એક સમાધિથી સાંખ્ય વિષે જ બોધ પામ્યા હોય, તેઓ 'સાંખ્ય' કહેવાય છે; અને તે સિવાયના બીજાઓ યોગી છે. ૪૯ પ્રાણ વગેરે વાયુની સારી રીતે શાંતિ થતાં એ યુક્તિ વડે જેઓ આદિ–અંત વિનાનું નિર્દોષ પદ પામી ચૂકયા હોય, તેઓ 'યોગયોગી' કહેવાય છે. ૫૦ આ બધાને સ્વાભાવિક શાંત પદ જ ગ્રહણ કરવાનું હોય છે અને તે એક જ વસ્તુ માટેનો અભ્યાસ હોય છે, પણ તેમાંનો એક વર્ગ પ્રાણનિરોધ કરે છે; અને બીજો વર્ગ ચિત્તનો નાશ કરે છે. ૫૧ આ બન્નેમાંથી જો એકની પણ સારી રીતે સિદ્ધિ થાય તો પરસ્પર બન્ને સિદ્ધ થઈ જાય છે; કેમ કે પ્રાણીઓમાં પ્રાણ અને ચિત્ત એકબીજા વિના નિત્ય રહેતાં જ નથી. (એટલે એકનો નાશ થતાં બીજાનો નાશ થાય છે જ.) ૫૨ આ બન્ને આધાર અને આધેય જેવાં છે; બેમાંથી એકનો પણ અભાવ થતાં બન્ને નાશ પામે છે; અને બન્ને પોતાનો નાશ કરીને મોક્ષ નામનું ઉત્તમ કાર્ય સિદ્ધ કરે છે. ૫૩ આ સર્વ જગતનો બુદ્ધિથી ત્યાગ કરી જો તું નિશ્ચળ રહે તો અહંકારનો નાશ થતાં તું પોતે જ પરમ પદરૂપ થઈશ. ૫૪ આ સૃષ્ટિમાં મહાન ચૈતન્ય એક જ છે, જે 'મહાસત્તા' કહેવાય છે. તે કલંકરહિત, બધે સમાન, શુદ્ધ અને અહંકારરહિત સ્વરૂપવાળી છે. ૫૫ તે એક જ વાર પ્રકાશેલી છે અને તે જ નિર્મળ, નિત્ય ઉદયવાળી, સમાન

न भूतं न भविष्यच्च चिन्तयामि कदाचन ॥५७॥ दृष्टिमालम्ब्य तिष्ठामि [1]वर्तमानामिहात्मना । इदमद्य मया लब्धमिदं प्राप्स्यामि सुन्दरम् ॥५८॥ न स्तौमि न च निन्दामि आत्मनोऽन्यन्नहि क्वचित् । न तुष्यामि शुभप्राप्तौ न खिद्याम्यशुभागमे ॥ ५९ ॥ प्रशान्तचापलं वीतशोकमस्तसमीहितम् । मनो मम मुने शान्तं तेन जीवाम्यनामयः ॥६०॥ अयं बन्धुः परश्चायं ममायमयमन्यकः । इति ब्रह्मन्न जानामि संस्पर्शं न ददाम्यहम् ॥६१॥ वासनामात्रसंत्यागाज्जरामरणवर्जितम् । सवासनं मनोऽज्ञानं ज्ञेयं निर्वासनं मनः॥६२॥ चित्ते त्यक्ते लयं याति द्वैतमेतच्च सर्वतः । शिष्यते परमं शान्तमेकमच्छमनामयम् ॥६३॥ अनन्तमजमव्यक्तमजरं शान्तमच्युतम् । अद्वितीयमनाद्यन्तं यदाद्यमुपलम्भनम् ॥ ६४ ॥ एकमाद्यन्तरहितं चिन्मात्रममलं ततम् । खादप्यतितरां सूक्ष्मं तद्ब्रह्मास्मि न संशयः ॥ ६५ ॥ दिक्कालाद्यनवच्छिन्नं स्वच्छं नित्योदितं ततम् । सर्वार्थमयमेकार्थं चिन्मात्रममलं भव ॥ ६६ ॥ सर्वमेकमिदं शान्तमादिमध्यान्तवर्जितम् । भावाभावमजं सर्वमिति मत्वा सुखी भव ॥ ६७ ॥ न बद्धोऽस्मि न मुक्तोऽस्मि ब्रह्मैवास्मि निरामयम् । द्वैतभावविमुक्तोऽस्मि सच्चिदानन्दलक्षणः । एवं भावय यत्नेन जीवन्मुक्तो भविष्यसि ॥ ६८ ॥

બ્રહ્મ અને પરમાત્મા એવાં નામોથી કહેવાય છે. ૫૬ હે નિદાઘ! 'એ ચૈતન્ય જ હું છું,' આવો નિશ્ચય કરી હું કૃતકૃત્ય થયો છું અને ભૂતનો તથા ભવિષ્યનો કદી વિચાર કરતો નથી. ૫૭ કેવળ વર્તમાનકાળની દૃષ્ટિનો આશ્રય કરી આત્મસ્વરૂપે હું રહું છું. 'આજે મેં આ મેળવ્યું છે, ભવિષ્યમાં આ સુંદર મેળવીશ' એવો વિચાર

---

१ मानं महात्मना.

હું કરતો નથી; તેમ જ હું કોઈની સ્તુતિ કરતો નથી અને કોઈની નિંદા પણ કરતો નથી; કેમ કે આત્માથી જુદું ક્યાંય કંઈ છે જ નહિ. વળી એ જ કારણથી હું શુભની પ્રાપ્તિ થતાં સંતોષ પામતો નથી; અશુભની પ્રાપ્તિ થતાં ખેદ કરતો નથી. ૫૮,૫૯ હે મુનિ! મારું મન શાંત બન્યું છે; તેની ચપળતા અત્યંત શમી ગઈ છે, શોક દૂર થયો છે અને ઇચ્છાઓ અસ્ત થઈ છે; તેથી હું નિર્દોષ જીવન જીવું છું. ૬૦ હે બ્રાહ્મણ! 'આ બંધુ છે, આ પારકો છે, આ મારો છે અને આ જુદો છે' એમ હું જાણતો જ નથી; અને એવી ભાવનાને હું પેસવા જ દેતો નથી. ૬૧ બધી વાસનાઓનો ત્યાગ કરવાથી ઘડપણ અને મરણ વિનાનું પદ પ્રાપ્ત થાય છે. વાસનાઓવાળું મન એ જ અજ્ઞાન છે અને વાસનારહિત થયેલું મન એ જ (જાણવા યોગ્ય) તત્ત્વ છે. ૬૨ ચિત્તનો ત્યાગ કરતાં આ બધું દ્વૈત ચારે બાજુથી લય પામે છે; અને પરમ શાંત, એક, સ્વચ્છ અને નિર્દોષ તત્ત્વ બાકી રહે છે. ૬૩ જે અનંત, જન્મરહિત, અસ્પષ્ટ, ઘડપણ વિનાનું, શાંત, અસ્ખલિત, અદ્વિતીય, આદિ અંત વિનાનું, આદિમાં હોનાર, પ્રાપ્તિરૂપ, એક, આદિ–અંત-રહિત, માત્ર ચૈતન્યરૂપ, નિર્મળ, વ્યાપક અને આકાશ કરતાં પણ અતિશય સૂક્ષ્મ છે, તે જ બ્રહ્મ હું છું, એમાં સંશય નથી. ૬૪,૬૫ માટે દિશા અને કાળ વગેરેથી નહિ મપાયેલું, સ્વચ્છ, નિત્ય ઉદય પામેલું, વ્યાપક, સર્વ પદાર્થોમય અને એક જ અર્થવાળું નિર્મળ ચૈતન્ય તું થા. ૬૬ આ બધું એક જ શાંત તત્ત્વ છે, તે આદિ–મધ્ય–અંત વિનાનું છે, ભાવ–અભાવરૂપ છે અને સંપૂર્ણ અજન્મા છે, એમ જાણી સુખી થા. ૬૭ 'હું બંધાયેલો નથી અને મુક્ત પણ નથી; હું તો નિર્દોષ બ્રહ્મ જ છું, દ્વૈત ભાવથી રહિત છું અને સચ્ચિદાનંદરૂપ લક્ષણવાળો

पदार्थवृन्दे देहादिधिया संत्यज्य दूरतः । आशीतलान्तःकरणो नित्यमात्मपरो भव ॥ ६९ ॥ इदं रम्यमिदं नेति बीजं ते दुःखसंततेः । तस्मिन्साम्याग्निना दग्धे दुःखस्यावसरः कुतः ॥ ७० ॥ शास्त्रसज्जनसंपर्कैः प्रज्ञामादौ विवर्धयेत् ॥ ७१ ॥ ऋतं सत्यं परं ब्रह्म सर्वसंसारभेषजम् । अत्यर्थममलं नित्यमादिमध्यान्तवर्जितम् ॥ ७२ ॥ तथा स्थूलमनाकाशमसंस्पृश्यमचाक्षुषम् । न रसं न च गन्धाख्यमप्रमेयमनूपमम् ॥ ७३ ॥ आत्मानं सच्चिदानन्दमनन्तं ब्रह्म सुव्रत । अहमस्मीत्यभिध्यायेद्ध्येयातीतं विमुक्तये ॥७४॥ समाधिः संविदुत्पत्तिः परजीवैकतां प्रति । नित्यः सर्वगतो ह्यात्मा कूटस्थो दोषवर्जितः ॥ ७५ ॥ एकः सन्भिद्यते भ्रान्त्या मायया न स्वरूपतः । तस्मादद्वैत एवास्ति न प्रपञ्चो न संसृतिः ॥ ७६ ॥ यथाकाशो घटाकाशो महाकाश इतीरितः । तथा भ्रान्तेर्द्विधा प्रोक्तो ह्यात्मा जीवेश्वरात्मना ॥ ७७ ॥ यदा मनसि चैतन्यं भाति सर्वत्रगं सदा । योगिनोऽव्यवधानेन तदा संपद्यते स्वयम् ॥७८॥ यदा सर्वाणि भूतानि स्वात्मन्येव हि पश्यति । सर्वभूतेषु चात्मानं ब्रह्म संपद्यते तदा ॥ ७९ ॥ यदा सर्वाणि भूतानि समाधिस्थो न पश्यति । एकीभूतः परेणासौ तदा भवति केवलः ॥ ८० ॥ शास्त्रसज्जनसंपर्कवैराग्याभ्यासरूपिणी । प्रथमा भूमिकैषोक्ता मुमुक्षु-

છું.’ આવી યત્નપૂર્વક ભાવના કર જેથી જીવન્મુક્ત થઈશ ૬૮ પદાર્થોના સમૂહમાં દેહાદિ બુદ્ધિનો દૂરથી ત્યાગ કરી, અત્યંત શીતલ અંતઃકરણવાળો થઈ નિત્ય આત્મામાં પરાયણ થા. ૬૯ ‘આ સારું છે અને આ સારું નથી’ આમ માનવું, એ જ

દુઃખોની પરંપરાનું બીજ છે; માટે સમાનભાવરૂપ અગ્નિથી એ બીજ જો બળી જાય, તો દુઃખનો અવસર જ ક્યાં છે? ૭૦ હે ઉત્તમ વ્રતવાળા! પ્રથમ તો શાસ્ત્રો અને સજ્જનોના સંગથી પ્રજ્ઞાને વધારવી જોઈએ અને પછી પોતાનો આત્મા જ પરમ પૂજ્ય, સત્ય, પરબ્રહ્મ, સર્વ સંસારનું ઔષધ, અતિશય નિર્મળ, નિત્ય, આદિ–મધ્ય–અંતરહિત, સ્થૂલ, આકાશરહિત, સ્પર્શનો અવિષય, ચક્ષુનો અવિષય, રસ વિનાનો, ગંધરહિત, પ્રમાણનો અવિષય, ઉપમારહિત અને અનંત છે, એમ માની પોતાને જ 'હું બ્રહ્મ છું' એમ વિચાર્યા કરવું; જેથી ધ્યેયાતીત થઈ મુક્તિ માટે અધિકારી થવાય છે. ૭૧–૭૪ જીવાત્મા અને પરમાત્માની એકતા વિષેના જ્ઞાનની જે ઉત્પત્તિ થવી તે જ સમાધિ છે; કેમ કે એક જ આત્મા નિત્ય, સર્વવ્યાપ્ત, ફૂટસ્થ અને દોષરહિત છે; તે માયારૂપ ભ્રમણાને લીધે જ ભેદ પામ્યો છે, ખરી રીતે સ્વરૂપે કરી તે ભિન્ન નથી. માટે આત્મા અદ્વૈત જ છે; પ્રપંચ નથી અને સંસાર પણ નથી. ૭૫,૭૬ જેમ આકાશ એક જ છે, છતાં ઉપાધિના ભેદથી ઘટાકાશ, મહાકાશ એમ કહેવાય છે, તેમ એક જ આત્મા ભ્રાંતિને લીધે જીવાત્મા અને ઈશ્વરરૂપે કહેવાય છે. ૭૭ યોગીના મનમાં જ્યારે એક જ ચૈતન્ય સર્વવ્યાપી સદા અસ્ખલિત પ્રકાશે છે, ત્યારે એ પોતે જ એ ચૈતન્યરૂપ બની જાય છે. ૭૮ સર્વ પ્રાણીઓને જ્યારે પોતાના આત્મામાં જુએ છે અને પોતાના આત્માને સર્વ પ્રાણીઓમાં જુએ છે, ત્યારે મનુષ્ય બ્રહ્મ થાય છે. ૭૯ સમાધિમાં રહીને જ્યારે સર્વ ભૂતોને જોતો નથી, પણ પરમાત્મા સાથે એકરૂપ જ થયો હોય છે, ત્યારે તે કેવળ પરબ્રહ્મ બને છે. ૮૦ શાસ્ત્ર અને સજ્જનોનો સંગ તથા વૈરાગ્યનો અભ્યાસ–આ પ્રથમ ભૂમિકા

त्वप्रदायिनी ॥ ८१ ॥ विचारणा द्वितीया स्यात्तृतीया साङ्गभावना। विलापिनी चतुर्थी स्याद्वासनाविलयात्मिका ॥ ८२ ॥ शुद्धसंविन्मयानन्दरूपा भवति पञ्चमी । अर्धसुप्तप्रबुद्धाभो जीवन्मुक्तोऽत्र तिष्ठति ॥ ८३ ॥ असंवेदनरूपा च षष्ठी भवति भूमिका । आनन्दैकघनाकारा सुषुप्तसदृशी स्थितिः ॥ ८४ ॥ तुर्यावस्थोपशान्ता सा मुक्तिरेव हि केवला । समता स्वच्छता सौम्या सप्तमी भूमिका भवेत् ॥ ८५ ॥ तुर्यातीता तु यावस्था परा निर्वाणरूपिणी । सप्तमी सा परा प्रौढा विषयो नैव जीवताम् ॥ ८६ ॥ पूर्वावस्थात्रयं तत्र जाग्रदित्येव संस्थितम् । चतुर्थी स्वप्न इत्युक्ता स्वप्नाभं यत्र वै जगत् ॥ ८७ ॥ आनन्दैकघनाकारा सुषुप्ताख्या तु पञ्चमी। असंवेदनरूपा तु षष्ठी तुर्यपदाभिधा ॥ ८८ ॥ तुर्यातीतपदावस्था सप्तमी भूमिकोत्तमा । मनोवचोभिरग्राह्या स्वप्रकाशसदात्मिका ॥८९॥ अन्तः प्रत्याहृतिवशाच्चैत्यं चेन्न विभावितम् । मुक्त एव न संदेहो महाममतया तया ॥ ९० ॥ न म्रिये न च जीवामि नाहं सन्नाप्यसन्मयः । अहं न किंचिच्चिदिति मत्वा धीरो न शोचति ॥९१॥ अलेपकोऽहमजरो नीरागः शान्तवासनः । निरंशोऽस्मि चिदाकाशमिति मत्वा न शोचति ॥ ९२ ॥ अहंमत्या विरहितः शुद्धो बुद्धोऽजरोऽमरः । शान्तः शममभाभास इति मत्वा न शोचति ॥ ९३ ॥ तृणाग्रेष्वम्बरे भानौ नरनागामरेषु च । यत्तिष्ठति तदेवाह-

કહેવાય છે અને તે મુમુક્ષુપણાને આપનારી છે ૮૧ બીજી ભૂમિકા વિચારણા નામની છે; ત્રીજી સાંગભાવના છે. ચોથી વિલાપિની નામની છે, કેમ કે તે વાસનાઓના લયરૂપ હોય છે. ૮૨ શુદ્ધ જ્ઞાનમય અને આનંદરૂપ પાંચમી ભૂમિ છે;

તેમાં જીવન્મુક્ત પુરુષ અર્ધો ઊંઘેલો ને જાગેલા જેવો રહે છે. ૮૩ છઠ્ઠી ભૂમિકા અસંવેદનરૂપ હોય છે; તે કેવળ આનંદમય આકારવાળી અને સુષુપ્તિ જેવી હોય છે. ૮૪ જે તુરીયાવસ્થા છે, તે જ કેવળ મુક્તિ છે અને તે જ સમાન ભાવરૂપ સ્વચ્છ અને સૌમ્ય સાતમી ભૂમિકા છે. ૮૫ તેમ જ નિર્વાણરૂપ જે તુરીયાતીત અવસ્થા છે, તે પણ પરમ પ્રૌઢ સાતમી ભૂમિકા છે; પરંતુ તે જીવતાંનો વિષય નથી. ૮૬ આ ભૂમિકાઓમાંની પહેલી જે ત્રણ અવસ્થાઓ છે, તેમાં જાગ્રત અવસ્થા જ રહેલી હોય છે; ચોથીને સ્વપ્નાવસ્થા કહી છે; કેમ કે તેમાં જગત સ્વપ્ન જેવું જણાય છે; ૮૭ પણ પાંચમી તો સુષુપ્તિ નામની જ કહેવાય છે; કેમ કે તેમાં કેવળ આનંદમય આકાર હોય છે; અને છઠ્ઠી અસંવેદનરૂપ હોય છે, તેથી તેને તુરીયપદ કહે છે. ૮૮ સાતમી ભૂમિકા તુરીયાતીત પદની અવસ્થાવાળી હોઈને ઉત્તમ છે. તેને મન અને વચનથી ગ્રહણ કરાતી નથી; કેમ કે તે સ્વયંપ્રકાશ સદાત્મારૂપ જ હોય છે. ૮૯ ઇંદ્રિયોને અંતઃકરણમાં ખેંચી લીધી હોય અને તેને લીધે જો કોઈ પણ વિષય જણાય નહિ, તો એ મહાન સમતાને લીધે તે મુક્ત જ થયો છે, એમાં સંદેહ નથી. ‘હું મરતો નથી, જીવતો પણ નથી, હું સત્ નથી અને અસન્મય પણ નથી; તેમ જ હું કંઈ જ નથી, પણ ચૈતન્ય છું,’ આમ માનીને ધીર પુરુષ શોક કરતો નથી. ૯૦,૯૧ ‘હું નિર્લેપ છું ઘડપણ વિનાનો છું; રાગરહિત, શાંત વાસનાવાળો, અંશરહિત તથા ચિદાકાશ છું’ આમ જાણીને જ્ઞાની શોક કરતો નથી. ૯૨ તેમ જ ‘હું અહંબુદ્ધિથી રહિત, શુદ્ધ, બુદ્ધ, ઘડપણ વિનાનો, શાંત અને શમ સમાન આભાસવાળો છું’ આમ જાણી જ્ઞાની શોક કરતો નથી. ૯૩ ‘ઘાસની અણી ઉપર, આકાશમાં, સૂર્યમાં, મનુષ્યોમાં, હાથીઓમાં તથા દેવોમાં જે વસ્તુ છે, તે

मिति मत्वा न शोचति ॥ ९४ ॥ भावनां सर्वभावेभ्यः समुत्सृज्य समुत्थितः । अवशिष्टं परं ब्रह्म केवलोऽस्मीति भावय ॥ ९५ ॥ वाचामतीतविषयो विषयाशादशोज्झितः । परानन्दरसाक्षुब्धो रमते स्वात्मनात्मनि ॥ ९६ ॥ सर्वकर्मपरित्यागी नित्यतृप्तो निराश्रयः । न पुण्येन न पापेन नेतरेण च लिप्यते ॥ ९७ ॥ स्फटिकः प्रतिबिम्बेन यथा नायाति रञ्जनम् । तज्ज्ञः कर्मफलेनान्तस्तथा नायाति रञ्जनम् ॥ ९८ ॥ विहरञ्जनतावृन्दे देवकीर्तनपूजनैः । खेदाह्लादौ न जानाति प्रतिबिम्बगतैरिव ॥ ९९ ॥ निःस्तोत्रो निर्विकारश्च पूज्यपूजाविवर्जितः । संयुक्तश्च वियुक्तश्च सर्वाचारनयक्रमैः ॥ १०० ॥ तनुं त्यजतु वा तीर्थे श्वपचस्य गृहेऽथ वा । ज्ञानसंपत्तिसमये मुक्तोऽसौ विगताशयः ॥ १०१ ॥ संकल्पत्वं हि बन्धस्य कारणं तत्परित्यज । मोक्षो भवेदसंकल्पात्तदभ्यासं धिया कुरु ॥ १०२ ॥ सावधानो भव त्वं च ग्राह्यग्राहकसंगमे । अजस्रमेव संकल्पदशाः परिहरञ्छनैः ॥ १०३ ॥ मा भव ग्राह्यभावात्मा ग्राहकात्मा च मा भव । भावनामखिलां त्यक्त्वा यच्छिष्टं तन्मयो भव ॥ १०४ ॥ किंचिच्चेद्रोचते तुभ्यं तद्बद्धोऽसि भवस्थितौ । न किंचिद्रोचते चेत्ते तन्मुक्तोऽसि भवस्थितौ ॥ १०५ ॥ अस्मात्पदार्थनिचयाद्यावत्स्थावरजङ्गमात् । तृणादेर्देहपर्यन्तान्मा किंचि-

જ હું છું ' ' એમ માની જ્ઞાની શોક કરતો નથી. ૯૪ સર્વ પદાર્થો ઉપરથી ભાવનાનો ત્યાગ કરીને તું ઊભો થઈ જા; અને ' સર્વનો ત્યાગ કરતાં જે બાકી રહ્યું છે, તે જ પરબ્રહ્મ કેવળ હું છું, ' એવી તું ભાવના કર. ૯૫ જેના વિષયો વાણીને ઓળંગી

ગયા છે, વિષયોની આશાવાળી દશાથી જે રહિત થયો હોય અને પરમાનંદના રસથી જે ક્ષોભ પામ્યો ન હોય, તે પોતાના આત્મા વડે આત્મામાં જ રમણ કરે છે. ૯૬ સર્વ કર્મોનો પરિત્યાગ કરી જે નિત્યતૃપ્ત તથા નિરાશ્રય થયો હોય, તે પુણ્યથી, પાપથી કે બીજાથી લેપાતો નથી. ૯૭ જેમ સ્ફટિક મણિ પ્રતિબિંબથી રંગાઈ જતો નથી,તેમ આત્મજ્ઞાની પુરુષ કર્મોનાં ફળથી અંતર-માં લેપાઈ જતો નથી. ૯૮ લોકોના ટોળામાં દેવકીર્તન તથા પૂજનથી તે વિહાર કરે છે; છતાં તેઓનાં જાણે પ્રતિબિંબ પડ્યાં હોય, તેમ તેઓથી તે ખેદ કે આનંદને અનુભવતો નથી. ૯૯ વળી તે સ્તોત્રથી રહિત, નિર્વિકાર, પૂજ્યની પૂજાથી રહિત અને સર્વ આચારો તથા નીતિના ક્રમથી સંયુક્ત અથવા વિયુક્ત પણ રહે છે. ૧૦૦ એ મુક્ત પુરુષ જ્ઞાનસંપત્તિના સમયે કોઈ તીર્થમાં શરીર તજે અથવા ચાંડાલના ઘરમાં શરીર છોડે, પણ તેમાં તેનો કોઈ જાતનો આશય હોતો નથી. ૧૦૧ હરકોઈ સંકલ્પ જ બંધનનું કારણ છે, માટે તેનો તું ત્યાગ કર; કેમ કે અસંકલ્પથી મોક્ષ થાય છે, માટે તેનો જ તું બુદ્ધિથી અભ્યાસ કર. ૧૦૨ નિરંતર ધીમેધીમે સંકલ્પોની દશાઓનો તું ત્યાગ કર; અને વિષયોનો તથા વિષયોને ગ્રહણ કરનારનો સંગ થતાં સાવધાન રહે. ૧૦૩ ગ્રાહ્ય–વિષયોના ભાવરૂપ તું ન થા અને તે વિષયોને ગ્રહણ કરનારરૂપ પણ ન થા; પરંતુ બધી વાસનાનો ત્યાગ કરી જે બાકી રહે, તેમય તું થા. ૧૦૪ સંસારની સ્થિતિ-માં જો કંઈ પણ તને ગમ્યું, તો તું બંધાયો જ છે; અને જો તને કંઈ નહિ ગમે તો સંસારની સ્થિતિમાં તું મુક્ત બન્યો છે. ૧૦૫ તણખલાથી માંડી દેહ સુધીના જે આ સ્થાવર–જંગમ પદાર્થોનો સમૂહ છે, તેમાંથી તને કંઈ પણ રુચવું ન જોઈએ. ૧૦૬

त्त्र रोचताम् ॥ १०६ ॥ अहंभावानहंभावौ त्यक्त्वा सदसती तथा। यदसक्तं समं स्वच्छं स्थितं तत्तुर्यमुच्यते ॥ १०७ ॥ या स्वच्छा समता शान्ता जीवन्मुक्तव्यवस्थितिः। साक्ष्यवस्था व्यवहृतौ सा तुर्या कलनोच्यते ॥ १०८ ॥ नैतज्जाग्रन्न च स्वप्नः संकल्पानामसंभवात्। सुषुप्तभावो नाऽप्येतदभावाज्जडतास्थितेः ॥ १०९ ॥ शान्तसम्यक्प्रबुद्धानां यथास्थितमिदं जगत्। विलीनं तुर्यमित्याहुरबुद्धानां स्थितं स्थिरम् ॥ ११० ॥ अहंकारकलात्यागे समतायाः समुद्गमे। विशरारौ कृते चित्ते तुर्यावस्थोपतिष्ठते ॥ १११ ॥ सिद्धान्तोऽध्यात्मशास्त्राणां सर्वापह्नव एव हि। नाविद्यास्तीह नो माया शान्तं ब्रह्मेदमक्लमम् ॥ ११२ ॥ शान्त एव चिदाकाशे स्वच्छे शमसमात्मनि। समग्रशक्तिखचिते ब्रह्मेति कलिताभिधे ॥ ११३ ॥ सर्वमेव परित्यज्य महामौनी भवानघ। निर्वाणवान्निर्मननः क्षीणचित्तः प्रशान्तधीः ॥११४॥ आत्मन्येवास्य शान्तात्मा मूकान्धबधिरोपमः। नित्यमन्तर्मुखः स्वच्छः स्वात्मनान्तः प्रपूर्णधीः ॥ ११५ ॥ जाग्रत्येव सुषुप्तस्थः कुरु कर्माणि वै द्विज। अन्तः सर्वपरित्यागी बहिः कुरु यथागतम् ॥ ११६ ॥ चित्तसत्ता परं दुःखं चित्तत्यागः परं सुखम्। अतश्चित्तं चिदाकाशे नय क्षयमवेदनात् ॥ ११७ ॥ दृष्ट्वा रम्यमरम्यं वा स्थेयं पाषाणवत्सदा। एतावतात्मयत्नेन जिता

અહંભાવનો તથા અનહંભાવનો, તેમ જ સત્‌નો તથા અસત્‌નો ત્યાગ કરી જે આસક્તિ વિનાનું; સમાન અને સ્વચ્છ તત્ત્વ રહ્યું છે, તે જ તુરીયપદ કહેવાય છે. ૧૦૭ જીવન્મુક્તની જે સ્વચ્છ, સમભાવવાળી, શાંત અને વ્યવહારમાં પણ સાક્ષીરૂપ અવસ્થાવાળી

સ્થિતિ હોય છે, તે જ તુરીયાવસ્થા કહેવાય છે. ૧૦૮ એ જાગ્રત નથી અને સંકલ્પોના અભાવને લીધે સ્વપ્ન પણ નથી; તેમ જ તેમાં જડતાવાળી સ્થિતિ હોતી નથી, તેથી તે સુષુપ્તિ પણ નથી. ૧૦૯ જેઓ શાંત થઈ ઉત્તમ જ્ઞાનને પામ્યા છે, તેઓની દૃષ્ટિએ જેવું આ જગત (મૂળ રૂપમાં) છે, તેવું જ રહેલું છે, અને તેઓ તો ત્યાં સુધી કહે છે કે, તુરીય પણ વિલય પામ્યું છે, પરંતુ અજ્ઞાનીઓની દૃષ્ટિએ તો જગત સ્થિર રહેલું છે. ૧૧૦ અહંકારના અંશોનો ત્યાગ થાય છે અને સમાન ભાવનો ઉદય થાય છે, ત્યારે ચિત્તનો વિનાશ કરવામાં આવે છે અને તુરીયાવસ્થા હાજર થાય છે. ૧૧૧ સર્વ પદાર્થોનો અભાવ જ છે, આવો અધ્યાત્મશાસ્ત્રોનો સિદ્ધાંત છે; માટે અહીં અવિદ્યા નથી અને માયા પણ નથી; પરંતુ આ શાંત અને શ્રમરહિત કેવળ બ્રહ્મ છે. ૧૧૨ ચૈતન્યરૂપ આકાશ શાંત, સ્વચ્છ, શમ–સમાન સ્વરૂપવાળું અને સમગ્ર શક્તિઓથી વ્યાપ્ત છે; તેનું જ 'બ્રહ્મ' એવું નામ પાડ્યું છે; માટે હે નિર્દોષ! તેમાં જ સર્વનો પરિત્યાગ કરી મહામૌનધારી, નિર્વાણયુક્ત, મમતારહિત, નાશ પામેલા ચિત્તવાળો અને અતિ શાંત બુદ્ધિવાળો થા. ૧૧૩,૧૧૪ આ બ્રહ્મના સ્વરૂપમાં જ શાંત સ્વરૂપવાળો અને મૂગા, આંધળા તથા બહેરા જેવો બની નિત્ય અંતર્મુખ રહે; તેમ જ સ્વચ્છ બની પોતાના આત્મા વડે જ અંતરમાં પરિપૂર્ણ બુદ્ધિવાળો થા. ૧૧૫ હે બ્રાહ્મણ! જાગ્રત અવસ્થામાં જ રહ્યા છતાં તું સુષુપ્તિમાં રહ્યો હોય તેમ કર્મો કર; અને અંતરથી સર્વનો પરિત્યાગ કરી બહારથી જેમ ફાવે તેમ કર. ૧૧૬ ચિત્તની હયાતી એ જ પરમ દુઃખ છે; અને ચિત્તનો ત્યાગ એ જ પરમ સુખ છે; માટે અનુભવ નહિ કરવા દ્વારા ચિત્તનો ચિદાકાશમાં લય કરી દે. ૧૧૭ સુંદર કે બેડોળ વસ્તુ જોઈને સદા પથ્થર જેવા

भवति संसृति ॥ ११८ ॥ वेदान्ते परमं गुह्यं पुराकल्पप्रचोदितम् । नाप्रशान्ताय दातव्यं न[1] चाशिष्याय वै पुनः ॥ ११९ ॥ अन्नपूर्णोपनिषदं योऽधीते गुर्वनुग्रहात् । स जीवन्मुक्ततां प्राप्य ब्रह्मैव भवति स्वयम् ॥ १२० ॥ इत्युपनिषत् ॥ इति पञ्चमोऽध्यायः ॥ ५ ॥

ॐ भद्रं कर्णेभिः शृणुयाम देवा भद्रं पश्येमाक्षभिर्यजत्राः ॥ स्थिरैरङ्गैस्तुष्टुवांसस्तनूभिर्व्यशेम देवहितं यदायुः ॥ स्वस्ति न इन्द्रो वृद्धश्रवाः ॥ स्वस्ति नः पूषा विश्ववेदाः ॥ स्वस्ति नस्तार्क्ष्यो अरिष्टनेमिः ॥ स्वस्ति नो बृहस्पतिर्दधातु ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

इत्यन्नपूर्णोपनिषत्समाप्ता ॥

---

१ नापुत्रायाशिष्याय वै पुनः ।

રહેવું; બસ આટલો જ આત્મયત્ન કરવાથી સંસાર જિતાઈ જાય છે. ૧૧૮ વેદાંતનું આ પરમ ગુહ્ય (રહસ્ય) જૂના કલ્પમાં પ્રેરણા(અથવા પ્રચાર)ને પામ્યું છે; તે અતિ અશાંતને ન આપવું અને શિષ્ય ન હોય તેને પણ ન દેવું. ૧૧૯ જે મનુષ્ય ગુરુની કૃપા મેળવી આ અન્નપૂર્ણા ઉપનિષદનું અધ્યયન કરે છે, તે પોતાની મેળે જ જીવન્મુક્તપણું પામી બ્રહ્મ જ થાય છે.' ૧૨૦ એ પ્રમાણે આ ઉપનિષદ સમાપ્ત થાય છે.

પાંચમો અધ્યાય સમાપ્ત

ૐ હે પૂજ્ય દેવો! અમે કાનો વડે કલ્યાણ સાંભળીએ, આંખો વડે કલ્યાણ જોઈએ અને મજબૂત અંગો વડે તથા દેહ વડે સ્તુતિ કરતા અમે અમારા માટે દેવોએ નક્કી કરેલું આયુષ્ય ભોગવીએ.

મોટી કીર્તિવાળા ઈંદ્ર અમારું કલ્યાણ કરો, સર્વ જાણનારા પૂષા દેવ અમારું કલ્યાણ કરો, અટકાવી ન શકાય એવી ગતિવાળા ગરુડ દેવ અમારું કલ્યાણ કરો અને બૃહસ્પતિ અમારું કલ્યાણ કરો.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ઇતિ અન્નપૂર્ણા ઉપનિષદ સમાપ્ત

# अध्यात्मोपनिषत्

शान्तिपाठ :—ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ॥ पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

हरिः ॐ ॥ अन्तःशरीरे निहितो गुहायामज एको नित्यमस्य पृथिवी शरीरं यः पृथिवीमन्तरे संचरन्यं पृथिवी न वेद । यस्यापः शरीरं यो अपोऽन्तरे संचरन्यमापो न विदुः । यस्य तेजः शरीरं यस्तेजोऽन्तरे संचरन्यं तेजो न वेद । यस्य वायुः शरीरं यो वायुमन्तरे संचरन्यं वायुर्न वेद । यस्याकाशः शरीरं य आकाशमन्तरे संचरन्यमाकाशो न वेद । यस्य मनः शरीरं यो मनोऽन्तरे संचरन्यं मनो न वेद । यस्य बुद्धिः शरीरं यो बुद्धिमन्तरे संचरन्यं बुद्धिर्न वेद । यस्याहंकारः शरीरं योऽहंकारमन्तरे संचरन्यमहंकारो न वेद । यस्य चित्तं शरीरं यश्चित्तमन्तरे संचरन्यं चित्तं न वेद । यस्याव्यक्तं शरीरं योऽव्यक्तमन्तरे संचरन्यमव्यक्तं न वेद । यस्याक्षरं शरीरं योऽक्षरमन्तरे संचरन्यमक्षरं न वेद । यस्य मृत्युः शरीरं यो मृत्युमन्तरे संचरन्यं मृत्युर्न वेद । स एष सर्वभूतान्तरात्मापहतपाप्मा दिव्यो देव एको नारायणः । अहं ममेति यो भावो देहाक्षादावना-

# ૧૯—અધ્યાત્મોપનિષદ

**શાંતિપાઠ :** ૐ એ બ્રહ્મ પૂર્ણ છે, આ જગત પૂર્ણ છે; એ પૂર્ણ બ્રહ્મમાંથી આ પૂર્ણ જગત ઉત્પન્ન થાય છે; એ પૂર્ણ બ્રહ્મમાંથી પૂર્ણ જગત કાઢી લઈએ, તો પૂર્ણ બ્રહ્મ જ બાકી રહે છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

હરિઃ ૐ શરીરની અંદર હૃદયરૂપી ગુફામાં એક અજન્મા નિત્ય રહ્યો છે; એનું શરીર પૃથ્વી છે; જે પૃથ્વીની અંદર રહે છે, છતાં જેને પૃથ્વી જાણતી નથી; જળ જેનું શરીર છે અને જળની અંદર જે રહે છે, છતાં જેને જળ જાણતું નથી; તેજ જેનું શરીર છે અને તેજની અંદર જે રહે છે, છતાં જેને તેજ જાણતું નથી; વાયુ જેનું શરીર છે અને વાયુની અંદર જે રહે છે, છતાં વાયુ જેને જાણતો નથી; આકાશ જેનું શરીર છે અને આકાશની અંદર જે રહે છે, છતાં આકાશ જેને જાણતું નથી; મન જેનું શરીર છે અને મનની અંદર જે રહે છે, છતાં જેને મન જાણતું નથી; બુદ્ધિ જેનું શરીર છે, બુદ્ધિની અંદર જે રહે છે; છતાં જેને બુદ્ધિ જાણતી નથી; અહંકાર જેનું શરીર છે, અહંકારની અંદર જે રહે છે, છતાં અહંકાર જેને જાણતો નથી; ચિત્ત જેનું શરીર છે, ચિત્ત-ની અંદર જે રહે છે, છતાં જેને ચિત્ત જાણતું નથી; અવ્યક્ત જેનું શરીર છે અને અવ્યક્તની અંદર જે રહે છે, છતાં જેને અવ્યક્ત જાણતું નથી; અક્ષર જેનું શરીર છે, અક્ષરની અંદર જે રહે છે, છતાં જેને અક્ષર જાણતું નથી; મૃત્યુ જેનું શરીર છે, મૃત્યુની અંદર જે રહે છે, છતાં મૃત્યુ જેને જાણતું નથી; તે જ આ સર્વ ભૂતોનો અંતરાત્મા છે; તેનાં પાપો નાશ પામ્યાં છે અને તે જ એક દિવ્ય દેવ નારાયણ છે.

त्मनि । अध्यासोऽयं निरस्तव्यो विदुषा ब्रह्मनिष्ठया ॥ १ ॥ ज्ञात्वा स्वं प्रत्यागात्मानं बुद्धितद्वृत्तिसाक्षिणम् । सोऽहमित्येव तद्वृत्त्या स्वान्यत्रात्ममतिं त्यजेत् ॥ २ ॥ लोकानुवर्तनं त्यक्त्वा त्यक्त्वा देहानुवर्तनम् । शास्त्रानुवर्तनं त्यक्त्वा स्वाध्यासापनयं कुरु ॥ ३ ॥ स्वात्मन्येव सदा स्थित्या मनो नश्यति योगिनः । युक्त्या श्रुत्या स्वानुभूत्या ज्ञात्वा सार्वात्म्यमात्मना ॥ ४ ॥ निद्राया लोकवार्तायाः शब्दादेरात्मविस्मृतेः । क्वचिन्नावसरं दत्त्वा चिन्तयात्मानमात्मनि ॥ ५ ॥ मातापित्रोर्मलोद्भूतं मलमांसमयं वपुः । त्यक्त्वा चण्डालवद्दूरं ब्रह्मभूय कृती भव ॥ ६ ॥ घटाकाशं महाकाश इवात्मानं परात्मनि । विलाप्याखण्डभावेन तूष्णीं भव सदा मुने ॥ ७ ॥ स्वप्रकाशमधिष्ठानं स्वयंभूय सदात्मना । ब्रह्माण्डमपि पिण्डाण्डं त्यजतां मलभाण्डवत् ॥ ८ ॥ चिदात्मनि सदानन्दे देहरूढामहंधियम् । निवेश्य लिङ्गमुत्सृज्य केवलो भव सर्वदा ॥ ९ ॥ यत्रैष जगदाभासो दर्पणान्तःपुरं यथा । तद्ब्रह्माहमिति ज्ञात्वा कृतकृत्यो भवानघ ॥ १० ॥ अहंकारग्रहान्मुक्तः स्वरूपमुपपद्यते । चन्द्रवद्विमलः पूर्णः सदानन्दः स्वयंप्रभः ॥ ११ ॥ क्रियानाशाद्भवेच्चिन्तानाशोऽस्माद्वासनाक्षयः । वासनाप्रक्षयो मोक्षः सा जीवन्मुक्तिरिष्यते ॥ १२ ॥ सर्वत्र सर्वतः सर्वब्रह्ममात्रावलोकनम् । सद्भावभावना-

દેહ, ઇંદ્રિયો વગેરે અનાત્મ પદાર્થો છે; તેના ઉપર 'હું મારું' એવો જે ભાવ થાય છે, એ અધ્યાસ (ભ્રમ) છે, માટે વિદ્વાને બ્રહ્મનિષ્ઠા વડે એ અધ્યાસને દૂર કરવો. ૧ પોતાને જ બુદ્ધિ અને તેની વૃત્તિનો સાક્ષી–પ્રત્યગાત્મા જાણી 'તે જ હું છું'

એમ તેમય વૃત્તિ દ્વારા પોતાના સિવાયના પદાર્થો ઉપરની આત્મબુદ્ધિનો ત્યાગ કરવો. ૨ લોકને અનુસરવું ત્યજીને દેહને અનુસરવું પણ ત્યજી દેવું; તે પછી શાસ્ત્રને અનુસરવું ત્યજી દઈ આત્મા ઉપરનો અધ્યાસ પણ ત્યજી દે. ૩ પોતાના આત્મામાં જ સ્થિતિ કરી યુક્તિ, શ્રવણ તથા સ્વાનુભવ વડે પોતે જ સર્વને આત્મારૂપ જાણીને યોગીનું મન નાશ પામે છે. ૪ નિદ્રાને, લોકોની વાતોને, શબ્દાદિ વિષયોને તથા આત્માના વિસ્મરણને કોઈ સ્થળે અવસર આપ્યા વિના હૃદયમાં આત્માનું ચિંતન કર. ૫ આ શરીર માતા–પિતાના મેલમાંથી ઉત્પન્ન થયું છે અને મળ તથા માંસથી જ ભર્યું છે; માટે તેને ચાંડાલની પેઠે દૂર ત્યજી બ્રહ્મરૂપ થઈને તું કૃતાર્થ થા. ૬ હે મુનિ! મહાકાશમાં ઘટાકાશની પેઠે, પરમાત્મામાં આત્માને એકરૂપ કરી દઈ અખંડ ભાવે સદા શાંત રહે. ૭ પોતે જ પોતાની મેળે સ્વયંપ્રકાશ અને અધિષ્ઠાન–બ્રહ્મરૂપ થઈ પિંડાંડ (શરીર) તથા બ્રહ્માંડનો પણ વિષ્ઠાના વાસણની પેઠે ત્યાગ કરી દે. ૮ દેહ ઉપર રૂઢ થયેલી અહંબુદ્ધિને સદા આનંદરૂપ ચિદાત્મા વિષે સ્થાપી દઈ લિંગશરીર ત્યજી દે અને સર્વદા કેવળ–આત્મારૂપ થા. ૯ હે નિર્દોષ! દર્પણમાં જેમ શહેર દેખાય, તેમ જેમાં આ જગતનો ભાસ દેખાય છે, તે જ બ્રહ્મ હું છું, એમ જાણી તું કૃતાર્થ થા. ૧૦ અહંકારની પકડમાંથી છૂટેલો મનુષ્ય જ આત્મસ્વરૂપને પામે છે, અને પછી ચંદ્ર જેવો નિર્મળ થઈ પૂર્ણ, સદા આનંદરૂપ તથા સ્વયંપ્રકાશ બને છે. ૧૧ ક્રિયાનો નાશ થવાથી ચિંતાનો નાશ થાય છે. અને ચિંતાનો નાશ થવાથી વાસનાનો નાશ થાય છે. વાસનાનો નાશ એ જ મોક્ષ છે અને તે જ જીવન્મુક્તિ કહેવાય છે. ૧૨ બધે, બધી બાજુ, બધાંને માત્ર બ્રહ્મરૂપ જોવાં;–આ સદ્ભાવના દૃઢ થવાથી વાસનાનો નાશ થાય

दार्ढ्याद्वासनालयमश्नुते ॥ १३ ॥ प्रमादो ब्रह्मनिष्ठायां न कर्तव्यः कदाचन । प्रमादो मृत्युरित्याहुर्विद्यायां ब्रह्मवादिनः ॥ १४ ॥ यथापकृष्टं शैवालं क्षणमात्रं न तिष्ठति । आवृणोति तथा माया प्राज्ञं वापि पराङ्मुखम् ॥ १५ ॥ जीवतो यस्य कैवल्यं विदेहोपि स केवलः । समाधिनिष्ठतामेत्य निर्विकल्पो भवानघ ॥ १६ ॥ अज्ञानहृदयग्रन्थेर्निःशेषविलयस्तदा । समाधिनाऽविकल्पेन यदाद्वैतात्मदर्शनम् ॥ १७ ॥ अत्रात्मत्वं दृढीकुर्वन्नहमादिषु संत्यजन् । उदासीनतया तेषु तिष्ठेद्घटपदादिवत् ॥ १८ ॥ ब्रह्मादिस्तम्बपर्यन्तं मृषामात्रा उपाधयः ततः पूर्णं स्वमात्मानं पश्येदेकात्मना स्थितम् ॥ १९ ॥ स्वयं ब्रह्मा स्वयं विष्णुः स्वयमिन्द्रः स्वयं शिवः । स्वयं विश्वमिदं सर्वं स्वस्मादन्यन्न किंचन ॥ २० ॥ स्वात्मन्यारोपिताशेषाभासवस्तुनिरासतः । स्वयमेव परंब्रह्म पूर्णमद्वयमक्रियम् ॥ २१ ॥ असत्कल्पो विकल्पोऽयं विश्वमित्येकवस्तुनि । निर्विकारे निराकारे निर्विशेषे भिदा कुतः ॥ २२ ॥ द्रष्टृदर्शनदृश्यादिभावशून्ये निरामये । कल्पार्णव इवात्यन्तं परिपूर्णे चिदात्मनि ॥ २३ ॥ तेजसीव तमो यत्र विलीनं भ्रान्तिकारणम् । अद्वितीये परे तत्त्वे निर्विशेषे भिदा कुतः ॥ २४ ॥ एकात्मके परे तत्त्वे [1]भेदकर्ता कथं वसेत् ।

છે. ૧૩ બ્રહ્મનિષ્ઠામાં કદી પ્રમાદ ન કરવો; કેમ કે બ્રહ્મનિષ્ઠારૂપ એ વિદ્યામાં પ્રમાદ કરવો એ જ મૃત્યુ છે. એમ બ્રહ્મવાદીઓ કહે છે. ૧૪ જેમ શેવાળને પાણી ઉપરથી સહેજ ખસેડી હોય, તોપણ તે ક્ષણવાર પણ પાણીને ઢાંક્યા વિના રહેતી નથી,

१ भेदकं तत्कथं

તે જ પ્રમાણે સમજુ માણસ પણ બ્રહ્મનિષ્ઠાથી સહેજ વિમુખ થાય; એટલે માયા તેને ઢાંકી દે છે. ૧૫ જેને જીવતાં જ કૈવલ્ય–બ્રહ્મનિષ્ઠા પ્રાપ્ત થયેલ છે, તે દેહરહિત થયા પછી પણ કેવળ–બ્રહ્મરૂપ જ રહે છે; માટે હે નિર્દોષ! સમાધિનિષ્ઠ થઈ વિકલ્પોરહિત થા. ૧૬ જે સમયે નિર્વિકલ્પ સમાધિ દ્વારા આત્માનું દર્શન થાય છે, તે જ કાળે હૃદયની અજ્ઞાનરૂપ ગાંઠનો સંપૂર્ણ નાશ થાય છે. ૧૭ આત્મા ઉપર જ આત્માપણું દૃઢ કરી અહંકાર વગેરે ઉપરના આત્મભાવનો ત્યાગ કરવો. ઘડો–વસ્ત્ર વગેરે પદાર્થો તરફ જેમ ઉદાસીન ભાવે રહેવાય છે, તે જ પ્રમાણે એ અહંકાર વગેરે તરફ ઉદાસીન ભાવે રહેવું. ૧૮ બ્રહ્માથી માંડી થુંબડાં સુધીની સર્વ ઉપાધિ કેવળ જૂઠી છે; માટે એક સ્વરૂપે રહેલા પોતાના પૂર્ણ આત્માનાં જ (બધે) દર્શન કરવાં. ૧૯ પોતે બ્રહ્મા, પોતે વિષ્ણુ, પોતે ઇંદ્ર, પોતે શિવ, પોતે જગત અને પોતે જ આ બધું છે, પોતાથી જુદું કંઈ છે જ નહિ. ૨૦ પોતાના આત્મામાં જ આ બધી વસ્તુઓનો આભાસ, માત્ર આરોપિત છે; તેને દૂર કરવાથી પોતે જ પૂર્ણ, અદ્વૈત અને ક્રિયાશૂન્ય પરબ્રહ્મ બની રહે છે. ૨૧ એક જ આત્મારૂપ વસ્તુમાં આ જગતરૂપ જે વિકલ્પ (ભેદ) જણાય છે, તે લગભગ જૂઠો છે; કેમ કે નિર્વિકાર, નિરાકાર અને અવયવરહિત વસ્તુમાં ભેદ હોય જ ક્યાંથી? ૨૨ ચિદાત્મા દ્રષ્ટા, દર્શન તથા દૃશ્ય આદિ ભાવથી રહિત છે, નિર્દોષ છે અને પ્રલયકાળના સમુદ્રની પેઠે પરિપૂર્ણ છે. જેમ પ્રકાશમાં અંધકાર વિલીન થાય છે, તેમ એ અદ્વિતીય પરમ તત્ત્વમાં ભ્રાંતિનું કારણ વિલય પામે છે; અને તે અવયવરહિત છે, તેથી તેમાં ભેદ ક્યાંથી હોય? ૨૩,૨૪ એ પરમ તત્ત્વ એક સ્વરૂપ જ છે, તેમાં ભેદ કરનારો કેમ રહી શકશે? સુષુપ્તિ અવસ્થા માત્ર સુખરૂપ છે; તેમાં ભેદ કોણે

सुषुप्तौ सुखमात्रायां भेदः केनावलोकितः ॥ २५ ॥ चित्तमूलो विकल्पोऽयं चित्ताभावे न कश्चन । अतश्चित्तं समाधेहि प्रत्यग्रूपे परात्मनि ॥ २६ ॥ अखण्डानन्दमात्मानं विज्ञाय स्वस्वरूपतः । बहिरन्तः सदानन्दरसास्वादनमात्मनि ॥ २७ ॥ वैराग्यस्य फलं बोधो बोधस्योपरतिः फलम् । स्वानन्दानुभवाच्छान्तिरेषैवोपरतेः फलम् ॥ २८ ॥ यद्युत्तरोत्तराभावे पूर्वरूपं तु निष्फलम् । निवृत्तिः परमा तृप्तिरानन्दोऽनुपमः स्वतः ॥२९॥ मायोपाधिर्जगद्योनिः सर्वज्ञत्वादिलक्षणः । पारोक्ष्यशबलः सत्याद्यात्मकस्तत्पदाभिधः ॥ ३० ॥ आलम्बनतया भाति योऽस्मत्प्रत्ययशब्दयोः । अन्तःकरणसंभिन्नबोधः स त्वंपदाभिधः ॥३१॥ मायाविद्ये विहायैव उपाधी परजीवयोः । अखण्डं सच्चिदानन्दं परं ब्रह्म विलक्ष्यते ॥३२॥ इत्थं वाक्यैस्तथार्थानुसंधानं श्रवणं भवेत् । युक्त्या संभावितत्वानुसंधानं मननं तु तत् ॥ ३३॥ ताभ्यां निर्विचिकित्सेऽर्थे चेतसः स्थापितस्य यत् । एकतानत्वमेतद्धि निदिध्यासनमुच्यते ॥ ३४ ॥ ध्यातृध्याने परित्यज्य क्रमाद्ध्येयैकगोचरम् । निवातदीपवच्चित्तं समाधिरभिधीयते ॥३५॥ वृत्तयस्तु तदानीमप्यज्ञाता आत्मगोचराः । स्मरणादनुमीयन्ते व्युत्थितस्य समुत्थिताः ॥ ३६ ॥ अनादाविह संसारे संचिताः कर्मकोटयः । अनेन विलयं यान्ति शुद्धो धर्मो विवर्धते ॥ ३७ ॥

જોયો છે? ૨૫ આ વિકલ્પ( ભેદ )નું મૂળ ચિત્ત છે; જો ચિત્ત ન હોય તો કોઈ ભેદ છે જ નહિ, માટે પ્રત્યક્ સ્વરૂપ પરમાત્મામાં ચિત્તને તું એકાગ્ર કરી દે. ૨૬ અખંડ આનંદરૂપ આત્માને સ્વસ્વરૂપે જાણીને એ આત્મામાં જ બહાર ને અંદર સદા

આનંદરસનો તું સ્વાદ લે. ૨૭ વૈરાગ્યનું ફળ જ્ઞાન છે, જ્ઞાનનું ફળ ઉપરતિ છે અને આત્માનંદના અનુભવથી જે શાંતિ થાય છે, તે જ ઉપરતિનું ફળ છે. ૨૮ ઉપર જણાવેલી વસ્તુઓમાંની ઉત્તરોત્તર જો ન હોય, તો પૂર્વની નિષ્ફળ છે. વિષયોથી અટકવું, એ જ પરમ તૃપ્તિ છે અને આત્માનો જે આનંદ છે, તે સ્વયં અનુપમ છે. ૨૯ માયારૂપ ઉપાધિવાળા, જગતનું ઉત્પત્તિ-સ્થાન, સર્વજ્ઞપણું આદિ લક્ષણવાળા, પરોક્ષપણાથી મિશ્ર અને સત્ય આદિ સ્વરૂપવાળા જે પરમાત્મા છે, તે જ 'तत्' પદથી કહેવાય છે. ૩૦ અને જે 'હું' એવા અનુભવનો તથા શબ્દનો આશ્રય ભાસે છે અને જેનું જ્ઞાન અંતઃકરણથી મિશ્ર છે, તે (જીવ) 'त्वम्' પદથી કહેવાય છે. ૩૧ આ પરમાત્મા તથા જીવને માયા તથા અવિદ્યા–એવી બે અનુક્રમે ઉપાધિ છે; તેઓનો ત્યાગ કરવાથી અખંડ સચ્ચિદાનંદ પરમ બ્રહ્મ જ જણાય છે. ૩૨ આમ 'तत् त्वमसि' આદિ વાક્યો વડે જીવ-બ્રહ્મની એકતારૂપ અર્થનું અનુસંધાન કરવું, તે શ્રવણ છે; અને સાંભળેલા તે અર્થનું યુક્તિથી અનુસંધાન કરવું, તે મનન છે. ૩૩ એ શ્રવણ તથા મનન વડે નિઃસંદેહ થયેલા અર્થમાં ચિત્તને સ્થાપીને તેમાં એકતાન બનવું, તે નિદિધ્યાસન કહેવાય છે. ૩૪ ધ્યાતા તથા ધ્યાનનો ત્યાગ કરી ચિત્ત કેવળ એક ધ્યેયને જ વિષયરૂપ કરે અને વાયુરહિત પ્રદેશમાં રહેલા દીવા જેવું નિશ્ચળ બને, તેને સમાધિ કહે છે. ૩૫ એ સમાધિના સમયે વૃત્તિઓ કેવળ આત્મારૂપ વિષયવાળી હોય છે, તેથી જણાતી જ નથી; પણ સમાધિમાંથી ઊઠેલાની તે ઉત્થાન પામેલી વૃત્તિઓ સ્મરણથી અનુમાન કરાય છે. ૩૬ આ અનાદિ સંસારમાં કરોડો કર્મો એકઠાં કર્યાં હોય છે, પણ આ સમાધિ વડે તેઓ નાશ પામે છે; અને શુદ્ધ ધર્મ વધે છે. ૩૭ ઉત્તમ યોગવેત્તાઓ આ

धर्ममेघमिमं प्राहुः समाधिं योगवित्तमाः । वर्षत्येष यथा धर्मामृत-
धाराः सहस्रशः ॥ ३८ ॥ अमुना वासनाजाले निःशेषं प्रविलापिते ।
समूलोन्मूलिते पुण्यपापाख्ये कर्मसंचये ॥ ३९ ॥ वाक्यमप्रतिबद्धं
सत्प्राक्परोक्षावभासिते । करामलकवद्बोधमपरोक्षं प्रसूयते ॥ ४० ॥
वासनानुदयो भोग्ये वैराग्यस्य तदावधिः । अहंभावोदयाभावो
बोधस्य परमावधिः ॥ ४१ ॥ लीनवृत्तेरनुत्पत्तिर्मर्यादोपरतेस्तु सा ।
स्थितप्रज्ञो यतिरयं यः सदानन्दमश्नुते ॥ ४२ ॥ ब्रह्मण्येव विली-
नात्मा निर्विकारो विनिष्क्रियः । ब्रह्मात्मनोः शोधितयोरेकभावाव-
गाहिनि ॥ ४३ ॥ निर्विकल्पा च चिन्मात्रा वृत्तिः प्रज्ञेति कथ्यते ।
सा सर्वदा भवेद्यस्य स जीवन्मुक्त इष्यते ॥ ४४ ॥ देहेन्द्रियेष्व-
हंभाव इदंभावस्तदन्यके । यस्य नो भवतः क्वापि स जीवन्मुक्त
इष्यते ॥ ४५ ॥ प्रत्यग्ब्रह्मणोर्भेदं कदापि ब्रह्मसर्गयोः । प्रज्ञया
यो विजानाति स जीवन्मुक्त इष्यते ॥ ४६ ॥ साधुभिः पूज्यमानेऽ-
स्मिन्पीड्यमानेऽपि दुर्जनैः । समभावो भवेद्यस्य स जीवन्मुक्त
इष्यते ॥ ४७ ॥ न विज्ञातब्रह्मतत्त्वस्य यथापूर्वं न संसृतिः । अस्ति
चेन्न स विज्ञातब्रह्मभावो बहिर्मुखः ॥ ४८ ॥ सुखाद्यनुभवो याव-
त्तावत्प्रारब्धमिष्यते । फलोदयः क्रियापूर्वो निष्क्रयो नहि कुत्रचित्
॥ ४९ ॥ अहं ब्रह्मेति विज्ञानात्कल्पकोटिशतार्जितम् । संचितं

સમાધિને 'ધર્મમેઘ' કહે છે; કેમ કે તે મેઘની પેઠે ધર્મરૂપ અમૃતની હજારો ધારાઓને વરસે છે. ૩૮ આ સમાધિ વડે વાસનાનો સમૂહ સંપૂર્ણ લય પામે છે અને પુણ્ય–પાપ નામના કર્મોના ઢગલા જ્યારે મૂળમાંથી ઊખડી જાય છે, ત્યારે

એ 'तत्त्वमसि' વાક્ય પ્રથમ પરોક્ષ જ્ઞાનરૂપે પ્રકાશે છે, તે પછી હાથમાં રહેલા આમળાની પેઠે અસ્ખલિત થઈ અપરોક્ષ જ્ઞાનને ઉત્પન્ન કરે છે. ૩૯,૪૦ ભોગવવા લાયક પદાર્થ ઉપર વાસના જાગે જ નહિ, ત્યારે વૈરાગ્યનો અવધિ જાણવો અને અહંભાવનો ઉદય ન થાય, ત્યારે જ્ઞાનનો પરમ અવધિ સમજવો; ૪૧ તેમ જ લય પામેલી વૃત્તિની ફરી ઉત્પત્તિ ન થાય, તે ઉપરતિની અવધિ છે. આવો સ્થિતપ્રજ્ઞ યતિ સદા આનંદને પામે છે. ૪૨ જેનું મન બ્રહ્મમાં જ લીન થયું હોય, તે નિર્વિકાર અને નિષ્ક્રિય રહે છે. બ્રહ્મ અને આત્મા (જીવ) શોધાય છે અને તે બન્નેના એકપણામાં લીન થયેલી વૃત્તિ વિકલ્પોરહિત અને માત્ર ચૈતન્યરૂપ બને છે, ત્યારે તે પ્રજ્ઞા કહેવાય છે; એ પ્રજ્ઞા જેમાં સર્વદા હોય છે, તે જીવન્મુક્ત કહેવાય છે. ૪૩,૪૪ દેહ તથા ઇંદ્રિયો પર જેને અહંભાવ ન હોય અને તે સિવાયના પદાર્થો પર 'આ મારું' એવો ભાવ જેને ન હોય, તે જીવન્મુક્ત કહેવાય છે. ૪૫ જીવાત્મા તથા બ્રહ્મનો ભેદ અને બ્રહ્મ તથા સૃષ્ટિનો ભેદ બુદ્ધિ વડે જે કદી ન જાણે, તે જીવન્મુક્ત કહેવાય છે. ૪૬ સજ્જનો સત્કાર કરે અને દુર્જનો દુઃખ દે, તોપણ જેને સદા સર્વ ઉપર સમભાવ રહે, તે જીવન્મુક્ત કહેવાય છે. ૪૭ જેણે બ્રહ્મતત્ત્વ જાણ્યું હોય, તેની દૃષ્ટિએ સંસાર પ્રથમ જેવો રહેતો જ નથી; છતાં પૂર્વ જેવો સંસાર તેને જણાય તો તેણે બ્રહ્મભાવ જાણ્યો જ નથી અને તે (હજી) બહિર્મુખ છે. ૪૮ જ્યાં સુધી સુખ વગેરેનો અનુભવ થાય છે, ત્યાં સુધી એ પ્રારબ્ધ કર્મ છે, એમ માનવામાં આવ્યું છે; કેમ કે હરકોઈ ફળનો ઉદય ક્રિયાપૂર્વક જ હોય છે, ક્રિયા વિના કોઈ ઠેકાણે ફળ હોતું જ નથી. ૪૯ જેમ જાગવાથી સ્વપ્નની ક્રિયા નાશ પામે છે, તેમ 'હું બ્રહ્મ છું' આવું જ્ઞાન થવાથી કરોડો ને અબજો

विलयं याति प्रबोधात्स्वप्नकर्मवत् ॥ ५० ॥ स्वमसङ्गमुदासीनं परिज्ञाय नभो यथा । न श्लिष्यते यतिः किंचित्कदाचिद्भाविकर्मभिः ॥ ५१ ॥ न नभो घटयोगेन सुरागन्धेन लिप्यते । तथात्मोपाधियोगेन तद्धर्मैर्नैव लिप्यते ॥ ५२ ॥ ज्ञानोदयात्पुरारब्धं कर्म ज्ञानान्न नश्यति । अदत्त्वा स्वफलं लक्ष्यमुद्दिश्योत्सृष्टबाणवत् ॥ ५३ ॥ व्याघ्रबुद्ध्या विनिर्मुक्तो बाणः पश्चात्तु गोमतौ । न तिष्ठति भिनत्त्येव लक्ष्यं वेगेन निर्भरम् ॥ ५४ ॥ अजरोऽस्म्यमरोऽस्मीति य आत्मानं प्रपद्यते । तदात्मना तिष्ठतोऽस्य कुतः प्रारब्धकल्पना ॥ ५५ ॥ प्रारब्धं सिद्ध्यति तदा यदा देहात्मना स्थितिः । देहात्मभावो नैवेष्टः प्रारब्धं त्यज्यतामतः ॥ ५६ ॥ प्रारब्धकल्पनाप्यस्य देहस्य भ्रान्तिरेव हि ॥ ५७ ॥ अध्यस्तस्य कुतस्तत्त्वमसत्यस्य कुतो जनिः । अजातस्य कुतो नाशः प्रारब्धमसतः कुतः ॥ ५८ ॥ ज्ञानेनाज्ञानकार्यस्य समूलस्य लयो यदि । तिष्ठत्ययं कथं देह इति शङ्कावतो जडान् । समाधातुं बाह्यदृष्ट्या प्रारब्धं वदति श्रुतिः ॥ ५९ ॥ न तु देहादिसत्यत्वबोधनाय विपश्चिताम् । परिपूर्णमनाद्यन्तमप्रमेयमविक्रियम् ॥ ६० ॥ सद्घनं चिद्घनं नित्यमानन्द-

જન્મોથી એકઠું કરેલું–સંચિત કર્મ નાશ પામે છે. ૫૦ આકાશની પેઠે પોતાને અસંગ તથા ઉદાસીન જાણીને યોગી ભવિષ્યનાં કર્મોથી લેશમાત્ર કદી લેપાતો નથી. ૫૧ જેમ દારૂના ઘડામાં રહેલું આકાશ દારૂની ગંધથી લેપાતું નથી, તેમ આત્મા ઉપાધિના યોગને લીધે તેના ધર્મોથી લેપાતો નથી. ૫૨ જેમ લક્ષ્યને ઉદ્દેશી છૂટેલું બાણ લક્ષ્યને વીંધ્યા વિના રહેતું નથી; તેમ જ્ઞાનના ઉદય પહેલાં કરેલું કર્મ જ્ઞાનના ઉદય થયા પછી પોતાનું ફળ આપ્યા વિના જ્ઞાન દ્વારા નાશ પામતું નથી. (અર્થાત્

કરેલું કર્મ તો જ્ઞાન થયા પછી પણ ભોગવવું જ પડે છે. જ્ઞાનથી કર્મનો નાશ થતો નથી.) ૫૩ વાઘની બુદ્ધિથી છોડેલું બાણ (તેના છૂટ્યા પછી) 'આ વાઘ નથી, પણ ગાય છે' એવી બુદ્ધિ થઈ હોય છે, તોપણ અટકતું નથી; પણ વેગથી લક્ષ્યને પૂરેપૂરું વીંધે જ છે. (એ જ પ્રમાણે કરેલું કર્મ જ્ઞાન થયા પછી પણ ફળ આપે જ છે.) ૫૪ 'હું અજર છું, હું અમર છું' એમ જે પોતાને આત્મારૂપે સ્વીકારે છે, તે તો આત્મારૂપે જ રહે છે, એટલે તેને પ્રારબ્ધ કર્મની કલ્પના ક્યાંથી થાય? અર્થાત્ જ્ઞાનીને પ્રારબ્ધ કર્મનો સંબંધ જ થતો નથી. ૫૫ પ્રારબ્ધ કર્મ તો ત્યારે જ સિદ્ધ થાય છે કે, જ્યારે દેહ ઉપર આત્મબુદ્ધિ હોય છે; પણ દેહ ઉપર આત્મભાવ કરવો, તે તો ઇષ્ટ જ નથી; માટે દેહ ઉપરની આત્મબુદ્ધિ ત્યજીને પ્રારબ્ધ કર્મનો ત્યાગ કરવો. ૫૬ દેહની ભ્રાંતિ એ જ પ્રાણીના પ્રારબ્ધની કલ્પના છે; પણ આરોપિત અથવા ભ્રાંતિથી જે કલ્પિત હોય તે સાચું ક્યાંથી હોય? જે સાચું નથી, તેનો જન્મ ક્યાંથી? જે જન્મેલું નથી તેનો નાશ ક્યાંથી? એમ જે અસત્ છે– વસ્તુરૂપે છે જ નહિ, તેને પ્રારબ્ધ કર્મ ક્યાંથી હોય? ૫૭,૫૮ 'દેહ એ અજ્ઞાનનું કાર્ય છે; તેનો જ્ઞાન વડે જો મૂળ સાથે નાશ થાય છે, તો આ દેહ રહે છે કેમ?' આવી શંકા કરતા અજ્ઞાનીઓને સમાધાન આપવા માટે શ્રુતિ બાહ્ય દૃષ્ટિએ પ્રારબ્ધને કહે છે. (વસ્તુતઃ દેહ નથી અને પ્રારબ્ધ પણ નથી.) ૫૯ 'દેહ આદિ સાચું છે' એમ જ્ઞાનીઓને સમજાવવા માટે શ્રુતિ પ્રારબ્ધ કર્મ કહેતી નથી; (પણ અજ્ઞાનીઓનું સમાધાન કરવા માટે જ શ્રુતિ પ્રારબ્ધ કર્મ જણાવે છે.) ખરી રીતે પરિપૂર્ણ, આદિઅંતરહિત, માપવાને અશક્ય, વિકારરહિત, સત્તામય, ચૈતન્યમય, નિત્ય, આનંદમય, અવિનાશી, દરેકમાં વ્યાપવારૂપ એકરસવાળું, પૂર્ણ, અનંત, સર્વ તરફ મુખવાળું, ત્યાગ

घनमव्ययम् । प्रत्यगेकरसं पूर्णमनन्तं सर्वतोमुखम् ॥ ६१ ॥
अहेयमनुपादेयमनाधेयमनाश्रयम् । निर्गुणं निष्क्रियं सूक्ष्मं निर्विकल्पं निरञ्जनम् ॥ ६२ ॥ अनिरूप्यस्वरूपं यन्मनोवाचामगोचरम् ।
[1]सत्समृद्धं स्वतःसिद्धं शुद्धं बुद्धमनीदृशम् । एकमेवाद्वयं ब्रह्म नेह
नानास्ति किंचन ॥ ६३ ॥ स्वानुभूत्या स्वयं ज्ञात्वा स्वमात्मानमखण्डितम् । स सिद्धः सुसुखं तिष्ठ निर्विकल्पात्मनात्मनि ॥ ६४ ॥
क्व गतं केन वा नीतं कुत्र लीनमिदं जगत् । अधुनैव मया दृष्टं
नास्ति किं महदद्भुतम् ॥ ६५ ॥ किं हेयं किमुपादेयं किमन्यत्किं
विलक्षणम् । अखण्डानन्दपीयूषपूर्णब्रह्ममहार्णवे ॥ ६६ ॥ न
किंचिदत्र पश्यामि न शृणोमि न वेद्म्यहम् । स्वात्मनैव सदानन्दरूपेणास्मि स्वलक्षणः ॥ ६७ ॥ असङ्गोऽहमनङ्गोऽहमलिङ्गोऽहमहं
हरिः । प्रशान्तोऽहमनन्तोऽहं परिपूर्णश्चिरन्तनः ॥ ६८ ॥ अकर्ताऽहमभोक्ताहमविकारोऽहमव्ययः । [2]शुद्धो बोधस्वरूपोऽहं केवलोहं
सदाशिवः ॥ ६९ ॥ एतां विद्यामपान्तरतमाय ददौ । अपान्तरतमो
ब्रह्मणे ददौ । ब्रह्मा घोराङ्गिरसे ददौ । घोरङ्गिरा रैक्वाय ददौ ।
रैक्वो रामाय ददौ । रामः सर्वेभ्यो भूतेभ्यो ददावित्येतन्निर्वाणानुशासनं वेदानुशासनं वेदानुशासनमित्युपनिषत् ॥

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ॥ पूर्णस्य पूर्णमादाय
पूर्णमेवावशिष्यते ॥ ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

॥ इति अध्यात्मोपनिषत्समाप्ता ॥

કરવું- અશક્ય, ગ્રહણ કરવું અશક્ય, આધાર ઉપર નહિ
રહેનાર, આશ્રયરહિત, નિર્ગુણ, ક્રિયારહિત, સૂક્ષ્મ, વિકલ્પો-

---

१ सत्यमृद्धं २ शुद्धबोध

રહિત, સ્વતઃસિદ્ધ, શુદ્ધ, બુદ્ધ, અમુક ખાવું નહિ, એક અને અદ્વૈત બ્રહ્મ જ બધું છે, બીજું કંઈ ક્યાંય પણ નથી. ૬૦–૬૩ એમ પોતાના અનુભવથી પોતે જ પોતાના આત્માને અખંડિત જાણીને તું સિદ્ધ થા; અને નિર્વિકલ્પ સ્વરૂપે આત્મામાં જ અત્યંત સુખપૂર્વક સ્થિતિ કર.' ૬૪ ( ગુરુનો એ ઉપદેશ સાંભળીને શિષ્ય જ્ઞાની બન્યો; તે બોલી ઊઠ્યો : ) 'જગતને મેં હમણાં જ જોયું હતું. તે ક્યાં ગયું? કોણે લઈ લીધું? અને શેમાં લય પામ્યું? મોટું આશ્ચર્ય છે કે, શું તે નથી જ? ૬૫ અખંડ આનંદરૂપ અમૃતથી ભરેલા આ બ્રહ્મરૂપ મહાસાગરમાં હવે મારે શું ત્યજવું? શું લેવું? બીજું શું છે? વિલક્ષણ શું છે? ૬૬ અહીં હું કંઈ પણ દેખતો નથી, કંઈ સાંભળતો નથી અને કંઈ જાણતો નથી; કેમ કે સદા આનંદરૂપ પોતાના આત્મારૂપે જ હું છું અને હું પોતે જ પોતાના લક્ષણવાળો છું. ૬૭ હું અસંગ છું, શરીરરહિત છું, નિશાની વિનાનો છું, હું જ શ્રીહરિ છું, અત્યંત શાંત છું, હું અનંત છું, પરિપૂર્ણ છું અને જૂનામાં જૂનો છું. ૬૮ હું કર્તા નથી, હું ભોક્તા નથી, હું વિકાર વિનાનો અને અવિનાશી છું, તેમ જ હું શુદ્ધ અને જ્ઞાનસ્વરૂપ છું; હું જ કેવળ સદાશિવ છું.' ૬૯ આ વિદ્યા ( ગુરુએ ) અપાંતરતમ-( નામના પોતાના શિષ્ય )ને આપી હતી; અપાંતરતમે બ્રહ્માને આપી હતી; બ્રહ્માએ ઘોરાંગિરસને આપી હતી; ઘોરાંગિરસે રૈક્વને આપી હતી; રૈક્વે રામને આપી હતી અને રામે સર્વ પ્રાણીઓને આપી હતી. એ પ્રમાણે આ નિર્વાણનો ઉપદેશ છે, વેદની શિખામણ છે અને વેદની આજ્ઞારૂપ છે. આ રીતે આ ઉપનિષદ સમાપ્ત થાય છે.

ૐ એ બ્રહ્મ પૂર્ણ છે, આ જગત પૂર્ણ છે; એ પૂર્ણ બ્રહ્મમાંથી આ પૂર્ણ જગત ઉત્પન્ન થાય છે; એ પૂર્ણ બ્રહ્મમાંથી પૂર્ણ જગત કાઢી લઈએ, તો પૂર્ણ બ્રહ્મ જ બાકી રહે છે. ૐ શાંતિઃ

ઇતિ અધ્યાત્મોપનિષદ સમાપ્ત

# अवधूतोपनिषत्

शान्तिपाठः—ॐ सह नाववतु॥ सह नौ भुनक्तु॥ सह वीर्यं करवावहै॥
तेजस्वि नावधीतमस्तु मा विद्विषावहै॥
ॐ शान्तिः शान्तिः शान्तिः॥

हरिः ॐ॥ अथ ह सांकृतिर्भगवन्तमवधूतं दत्तात्रेयं परिसमेत्य पप्रच्छ भगवन्कोऽवधूतस्तस्य का स्थितिः किं लक्ष्म किं संसरणमिति। तं होवाच भगवान् दत्तात्रेयः परमकारुणिकः॥ अक्षरत्वाद्वरेण्यत्वाद्धूतसंसारबन्धनात्। तत्त्वमस्यादिलक्ष्यत्वादवधूत इतीर्यते॥१॥ यो विलङ्घ्याश्रमान्वर्णानात्मन्येव स्थितः सदा। अतिवर्णाश्रमी योगी अवधूतः स कथ्यते॥२॥ तस्य प्रियं शिरः कृत्वा मोदो दक्षिणपक्षकः। प्रमोद उत्तरः पक्ष आनन्दो गोष्पदायते॥३॥ गोपालसदृशं शीर्षे नापि मध्ये न चाप्यधः। ब्रह्मपुच्छं प्रतिष्ठेति पुच्छकारेण कारयेत्॥४॥ एवं चतुष्पथं कृत्वा ते यान्ति परमां गतिम्। न कर्मणा न प्रजया धनेन त्यागेनैके अमृतत्वमानशुः॥५॥ स्वैरं स्वैरविहरणं तत्संसरणम्। साम्बरा वा दिगम्बरा वा। न तेषां धर्माधर्मौ न मेध्यामेध्यौ। सदा सांग्रहण्येष्ट्याश्वमेध*मन्तर्यागं यजते। स महामखो महायोगः। कृत्स्नमेतच्चित्रं कर्म। स्वैरं न विगायेत्तन्महाव्रतम्। न स मूढवल्लि-

* मेधान्तर्यागं

# ૨૦–અવધૂત ઉપનિષદ

ૐ બ્રહ્મ અમારું બન્ને( ગુરુ–શિષ્ય )નું સાથે રક્ષણ કરો; અમારું બન્નેનું સાથે પાલન કરો; અમે બન્ને સાથે પરાક્રમ કરીએ; અમારા બન્નેનું અધ્યયન તેજસ્વી થાઓ; અમે બન્ને ( કોઈનો ) દ્વેષ ન કરીએ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

હવે સાંકૃતિએ અવધૂત ભગવાન દત્તાત્રેય પાસે જઈ પૂછયું કે, 'હે ભગવન્! અવધૂત કોણ? તેની સ્થિતિ કેવી હોય? તેનું ચિહ્‌ન શું હોય? અને તેનો સંસાર કેવો હોય?' તે સાંભળી પરમ દયાળુ ભગવાન દત્તાત્રેયે તેને કહ્યું કે, 'જે અક્ષર એટલે અવિનાશી બન્યો હોય, સર્વથી શ્રેષ્ઠ હોય, સંસારરૂપ બંધનથી રહિત થયો હોય અને 'तत्त्वमसि' આદિ વાકયોના લક્ષ્યાર્થરૂપ હોય, તેથી તે 'અવધૂત' કહેવાય છે. ૧ જે યોગી આશ્રમો તથા વર્ણોને ઓળંગી આત્મામાં જ સદા રહ્યો હોય અને વર્ણાશ્રમને ઓળંગી ગયો હોય, તે 'અવધૂત' કહેવાય છે.૨ પ્રિય–બ્રહ્મ તેનું મસ્તક બની, મોદ–જમણું પડખું અને પ્રમોદ–ડાબું પડખું બને છે. તેનો આનંદ ગાયના પગલા જેવો થાય છે. ૩ ગોપાલના જેવું મસ્તક પર હોય છે, મધ્યમાં નથી હોતું અને નીચે પણ નથી હોતું; સર્વની પ્રતિષ્ઠારૂપ બ્રહ્મ પુચ્છ કહેવાય છે, માટે તેને પૂછડાના આકારે કરવું જોઈએ. ૪ એમ ચાર માર્ગ કરીને તેઓ પરમ ગતિને પામે છે. કેટલાક કર્મથી, પ્રજાથી કે ધનથી અમરપણું પામ્યા નથી, પણ એકલા ત્યાગથી જ અમરપણું પામ્યા છે. ૫ પોતાની ઇચ્છા પ્રમાણે ઇચ્છા મુજબ

प्यते । यथा रविः सर्वरसान्प्रभुङ्क्ते हुताशनश्चापि हि सर्वभक्षः । तथैव योगी विषयान्भुङ्क्ते न लिप्यते पुण्यपापैश्च शुद्धः ॥ ६ ॥ आपूर्यमाणमचलप्रतिष्ठं समुद्रमापः प्रविशन्ति यद्वत् । तद्वत्कामा यं प्रविशन्ति सर्वे स शान्तिमाप्नोति न कामकामी ॥ ७ ॥ न निरोधो न चोत्पत्तिर्न बद्धो न च साधकः । न मुमुक्षुर्न वै मुक्त इत्येषा परमार्थता ॥ ८ ॥ ऐहिकामुष्मिकव्रातसिद्ध्यै मुक्तेश्च सिद्धये । बहुकृत्यं पुरा स्यान्मे तत्सर्वमधुना कृतम् ॥ ९ ॥ तदेव कृतकृत्यत्वं प्रतियोगिपुरःसरम् । अनुसंदधदेवायमेवं तृप्यति नित्यशः ॥ १० ॥ दुःखिनोऽज्ञाः संसरन्तु कामं पुत्राद्यपेक्षया । परमानन्दपूर्णोऽहं संसरामि किमिच्छया ॥ ११ ॥ अनुतिष्ठन्तु कर्माणि परलोकयियासवः । सर्वलोकात्मकः कस्मादनुतिष्ठामि किं कथम् ॥ १२ ॥ व्याचक्षतां ते शास्त्राणि वेदानध्यापयन्तु वा । येऽत्राधिकारिणो मे तु नाधिकारोऽक्रियत्वतः ॥ १३ ॥ निद्राभिक्षे स्नानशौचे नेच्छामि न करोमि च । द्रष्टारश्चेत्कल्पयन्तु किं मे स्यादन्यकल्पनात् ॥ १४ ॥

વર્તવું, એ તેનો સંસાર છે. તેઓમાંના કેટલાક વસ્ત્રો પહેરે છે અને કેટલાક વસ્ત્રોરહિત પણ હોય છે; તેઓ માટે ધર્મ નથી, અધર્મ નથી, પવિત્ર નથી કે અપવિત્ર નથી. (ઇંદ્રિયોને વશ કરવા-રૂપ) સાંગ્રહણી ઇષ્ટિ સાથે અંતરમાં તેઓ (આત્મધ્યાનરૂપ) અશ્વમેધ યજ્ઞ કર્યા કરે છે. એ જ તેઓનો મહાયજ્ઞ અને મહાયોગ છે. આમ આખું તેમનું ચરિત્ર આશ્ચર્યકારક હોય છે. એવા તેમના સ્વેચ્છાચારને નિંદવો ન જોઈએ; કેમ કે એ જ તેમનું મહાવ્રત છે. તેઓ મૂઢની પેઠે (પાપ-પુણ્યથી)

લેપાતા નથી. જેમ સૂર્ય સર્વ રસોને ગ્રહણ કરે છે અને અગ્નિ બધું ખાય છે, તેમ યોગી વિષયોને ભોગવે છે; છતાં શુદ્ધ હોવાથી પુણ્ય–પાપથી લેપાતો નથી. ૬ જેમ ચારે બાજુથી ભરાયા છતાં અચળ પ્રતિષ્ઠા( સ્થિતિ )વાળા સમુદ્રમાં જળ પ્રવેશ કરે છે, તેમ યોગી પુરુષમાં સર્વ વિષયભોગો પ્રવેશ કરે છે, છતાં (તે અચળ સ્થિતિવાળો રહે છે અને) શાંતિ પામે છે; પણ વિષયોની ઇચ્છા કરતો (સકામ) પુરુષ એવી શાંતિને પામતો નથી. ૭ એટલે સત્ય હકીકત આ છે કે, કોઈનો લય નથી, કોઈની ઉત્પત્તિ નથી, કોઈ બંધાયલો નથી, કોઈ સાધક નથી, કોઈ મુમુક્ષુ નથી અને કોઈ મુક્ત પણ નથી. ૮ 'આ લોક તથા પરલોક માટેનાં કૃત્યોની સિદ્ધિ માટે તેમ જ મુક્તિની સિદ્ધિ સારુ પ્રથમ મારે ઘણું જ કરવાનું હતું, પણ હવે તે બધું થઈ ચૂક્યું છે.' આવું દરેક યોગીઓનું મુખ્ય અનુસંધાન કરતો એ અવધૂત એ જ રીતે કૃતકૃત્ય થાય છે અને નિત્યતૃપ્ત રહે છે. ૯,૧૦ (વળી તે ચિંતવે છે કે,) અજ્ઞાનીઓ પુત્ર વગેરેની ઇચ્છાથી અત્યંત દુઃખી થઈને ભલે સંસારને પામ્યા કરે; હું તો પરમાનંદથી પૂર્ણ છું, તો કઈ ઇચ્છાથી સંસારને પામું? ૧૧ જેઓને પરલોકમાં જવાની ઇચ્છા હોય, તેઓ તે ઇચ્છાથી ભલે કર્મો કર્યાં કરે; પણ હું તો સર્વ લોકોનો આત્મા છું–સર્વ લોકમય બન્યો છું, તો હું કયું કર્મ શા માટે કરું? ૧૨ જેઓ એમાં અધિકારી છે, તેઓ શાસ્ત્રોનાં વ્યાખ્યાન ભલે કરે અને ભલે વેદોને ભણાવે, મને તો એમાં અધિકાર જ નથી; કેમ કે હું ક્રિયારહિત છું. ૧૩ હું નિદ્રાને, ભિક્ષાને, સ્નાન કે શૌચને ઇચ્છતો નથી અને કરતો પણ નથી. જેઓ દ્રષ્ટા હોય તેઓ ભલે બીજું કલ્પે અથવા કરે, મારે બીજું કલ્પવાથી શું ફળ છે? ૧૪ બીજાઓ અગ્નિનો આરોપ કરે, તેથી ચણોઠીના ઢગલા વગેરે

गुञ्जापुञ्जादि दह्येत नान्यारोपितवह्निना । नान्यारोपितसंसारधर्मा नैवमहं भजे ॥ १५ ॥ शृण्वन्त्वज्ञाततत्त्वास्ते जानन्कस्माच्छृणोम्यहम् । मन्यन्तां संशयापन्ना न मन्येऽहमसंशयः ॥ १६ ॥ विपर्यस्तो निदिध्यासे किं ध्यानमविपर्यये । देहात्मत्वविपर्यासं न कदाचिद्भजाम्यहम् ॥ १७ ॥ अहं मनुष्य इत्यादिव्यवहारो विनाप्यमुम् । विपर्यासं चिराभ्यस्तवासनातोऽवकल्पते ॥ १८ ॥ आरब्धकर्मणि क्षीणे व्यवहारो निवर्तते । कर्माक्षये त्वसौ नैव शाम्येद्ध्यानसहस्रतः ॥ १९ ॥ विरलत्वं व्यवहृतेरिष्टं चेद्ध्यानमस्तु ते । बाधिकर्मव्यवहृतिं पश्यन्ध्यायाम्यहं कुतः । ॥ २० ॥ विक्षेपो नास्ति यस्मान्मे न समाधिस्ततो मम । विक्षेपो वा समाधिर्वा मनसः स्याद्विकारिणः । नित्यानुभवरूपस्य को मेऽत्रानुभवः पृथक् ॥२१॥ कृतं कृत्यं प्रापणीयं प्राप्तमित्येव नित्यशः । व्यवहारो लौकिको वा शास्त्रीयो वान्यथापि वा । ममाकर्तुरलेपस्य यथारब्धं प्रवर्तताम् ॥ २२ ॥ अथवा कृतकृत्येऽपि लोकानुग्रहकाम्यया । शास्त्रीयेणैव मार्गेण वर्तेऽहं मम का क्षतिः ॥ २३ ॥ देवार्चनस्नानशौचभिक्षादौ वर्ततां वपुः । तारं जपतु वाक्तद्वत्पठत्वाम्नायमस्तकम् ॥ २४ ॥ विष्णुं ध्यायतु धीर्यद्वा ब्रह्मानन्दे विलीयताम् । साक्ष्यहं किंचिदप्यत्र

બળતા નથી; અને મારામાં તો બીજાએ સંસારના ધર્મો આરોપેલા જ નથી; એમ હું કોઈને ભજતો નથી. ૧૫ જેઓએ તત્ત્વ જાણ્યું ન હોય, તેઓ ભલે શ્રવણ કરે, હું તો તત્ત્વ જાણું છું, તો મારે શા માટે શ્રવણ કરવું જોઈએ? જેઓ સંશયને પામ્યા હોય તેઓ ભલે મનન કરે, મને તો સંશય

છે જ નહિ, તેથી હું મનન કરતો નથી. ૧૬ જેને વિપર્યાસ (વિપરીત માન્યતા) થયેલ હોય, તે ભલે નિદિધ્યાસન કરે, પણ જ્યાં વિપર્યાસ હોતો જ નથી, ત્યાં ધ્યાનની શી જરૂર છે? દેહને આત્મા માની લેવારૂપ વિપર્યાસ મને કદી થતો જ નથી. (એટલે મારે નિદિધ્યાસનની શી જરૂર છે?)૧૭ 'હું મનુષ્ય છું' ઇત્યાદિ વ્યવહાર પણ એ વિપર્યાસ વિના હોતો જ નથી; અને એ વિપર્યાસ પણ લાંબા કાળથી ટેવાયલી વાસનાથી જ થાય છે. ૧૮ પ્રારબ્ધ કર્મો નાશ પામે છે, ત્યારે જ એ વ્યવહાર બંધ પડે છે; પણ પ્રારબ્ધ કર્મ નાશ પામ્યું ન હોય ત્યાં સુધી હજારો ધ્યાન કરવાથી પણ એ વ્યવહાર શાંત થતો નથી.૧૯ વ્યવહાર ઓછો કરવાની તને ઇચ્છા હોય તો ભલે તું ધ્યાન કર; પણ મારી દૃષ્ટિએ તો કર્મોના વ્યવહાર છે જ નહિ તો હું શા માટે ધ્યાન કરું?૨૦ મને વિક્ષેપ થતો જ નથી, તેથી મારે સમાધિ કરવાની પણ જરૂર નથી. એ તો મન જો વિકારવાળું હોય તો જ વિક્ષેપ થાય છે અને તો જ સમાધિની જરૂર રહે છે. હું તો નિત્ય અનુભવરૂપ છું. એમાં મને જુદો અનુભવ કયો છે?૨૧ મેં તો કરવાનું કર્યું છે અને મેળવવાનું નિત્ય મેળવ્યું જ છે; એટલે લૌકિક, શાસ્ત્રીય અથવા બીજા પ્રકારનો વ્યવહાર મારે શા માટે કરવો જોઈએ? વળી હું કર્તા નથી અને મને કશાનો લેપ નથી, માત્ર પ્રારબ્ધ કર્મને અનુસરી ભલે પ્રવૃત્તિ થયા કરે. ૨૨ અથવા હું કૃતકૃત્ય છું, છતાં લોકો પર અનુગ્રહ કરવાની ઇચ્છાથી જ શાસ્ત્રના માર્ગે વર્તું છું, એમાં મને શી હાનિ છે? ૨૩ દેવપૂજા, સ્નાન, શૌચ, ભિક્ષા વગેરેમાં શરીર ભલે પ્રવૃત્તિ કરે, વાણી ૐકારને ભલે જપે, તેમ જ ઉપનિષદોનો પાઠ ભલે કરે; બુદ્ધિ વિષ્ણુનું ધ્યાન ભલે કરે અથવા બ્રહ્માનંદમાં ભલે લીન થાય; હું તો સાક્ષી છું, એટલે એમાં

न कुर्वे नापि कारये ॥ २५ ॥ कृतकृत्यतया तृप्तः प्राप्तप्राप्यतया पुनः । तृप्यन्नेवं स्वमनसा मन्यतेऽसौ निरन्तरम् ॥२६॥ धन्योऽहं धन्योऽहं नित्यं स्वात्मानमञ्जसा वेद्मि। धन्योऽहं धन्योऽहं ब्रह्मानन्दो विभाति मे स्पष्टम् ॥ २७॥ धन्योऽहं धन्योऽहं दुःखं सांसारिकं न वीक्षेऽद्य । धन्योऽहं धन्योऽहं स्वस्याज्ञानं पलायितं क्वापि ॥ २८ ॥ धन्योऽहं धन्योऽहं कर्तव्यं मे न विद्यते किंचित् । धन्योऽहं धन्योऽहं प्राप्तव्यं सर्वमत्र संपन्नम् ॥ २९ ॥ धन्योऽहं धन्योऽहं तृप्तेर्मे कोपमा भवेल्लोके । धन्योऽहं धन्योऽहं धन्यो धन्यः पुनःपुनर्धन्यः ॥ ३० ॥ अहो पुण्यमहो पुण्यं फलितं फलितं दृढम् । अस्य पुण्यस्य संपत्तेरहो वयमहो वयम् ॥ ३१ ॥ अहो ज्ञानमहो ज्ञानमहो सुखमहो सुखम् । अहो शास्त्रमहो शास्त्रमहो गुरुरहो गुरुः ॥ ३२ ॥ इति य इदमधीते सोऽपि कृतकृत्यो भवति । सुरापानात्पूतो भवति । स्वर्णस्तेयात्पूतो भवति । ब्रह्महत्यापूतो भवति । कृत्याकृत्यात्पूतो भवति । एवं विदित्वा स्वेच्छाचारपरो भूयादोंसत्यमित्युपनिषत् ॥

ॐ सह नाववतु सह नौ भुनक्तु सह वीर्यं करवावहै तेजस्वि नावधीतमस्तु मा विद्विषावहै ॥ ॐ शान्तिः शान्तिः शान्तिः ॥ हरिः ॐ तत्सत्

॥ इत्यवधूतोपनिषत्समाप्ता ॥

કંઈ કરતો નથી અને કરાવતો પણ નથી. ૨૪,૨૫ હું કૃતકૃત્ય હોવાથી તૃપ્ત છું અને મેં મેળવવાનું મેળવ્યું છે, તેથી પણ હું તૃપ્ત છું એમ પોતાના મનથી એ નિરંતર માને છે. ૨૬ વળી હું ધન્ય છું, ધન્ય છું; કેમ કે પોતાના આત્માને નિત્ય અનાયાસે જાણું છું; મને ધન્ય છે, ધન્ય છે; કેમ કે મને બ્રહ્માનંદ સ્પષ્ટ પ્રકાશે છે; મને ધન્ય છે, ધન્ય છે, કેમ કે સંસારનું દુઃખ હવે હું જોતો નથી; હું ધન્ય છું, ધન્ય છું; કેમ કે મારું અજ્ઞાન ક્યાંય નાસી ગયું છે; મને ધન્ય છે, ધન્ય છે, કેમ કે મારે કંઈ કરવાનું નથી; હું ધન્ય છું, ધન્ય છું, કેમ કે મેળવવાનું બધું અહીં મેં મેળવ્યું છે. હું ધન્ય છું, હું ધન્ય છું; મારી તૃપ્તિને લોકમાં કઈ ઉપમા છે? (કોઈ જ નથી.) હું ધન્ય છું, હું ધન્ય છું; હું વારંવાર ધન્ય છું, ધન્ય છું; અહો પુણ્ય! અહો પુણ્ય! આ પુણ્યની સંપત્તિ દૃઢ ફળી છે, ફળી છે. અહો અમે! અહો અમે! (ધન્ય છીએ.) અહો જ્ઞાન! અહો જ્ઞાન! અહો સુખ! અહો સુખ! અહો શાસ્ત્ર! અહો શાસ્ત્ર! અહો ગુરુ! અહો ગુરુ! (ખરેખર ધન્યવાદ પાત્ર છે.) ૨૭–૩૨

એમ જે મનુષ્ય આ ઉપનિષદને ભણે છે, તે પણ કૃતકૃત્ય થાય છે. મદિરાપાન કર્યું હોય તોપણ તે પવિત્ર થાય છે; સોનું ચોર્યું હોય તોપણ તે પવિત્ર થાય છે; બ્રહ્મહત્યા કરી હોય તોપણ તે પવિત્ર થાય છે; કાર્ય–અકાર્ય કર્યાં હોય તોપણ તે પવિત્ર થાય છે. એમ જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી સ્વેચ્છાચારમાં તત્પર થઈ શકાય છે. ૐ સત્યમ્ એ પ્રમાણે આ ઉપનિષદ સમાપ્ત થાય છે.

ૐ બ્રહ્મ અમારું બન્ને (ગુરુ–શિષ્ય)નું સાથે રક્ષણ કરો; અમારું બન્નેનું સાથે પાલન કરો; અમે બન્ને સાથે પરાક્રમ કરીએ; અમારું બન્નેનું અધ્યયન તેજસ્વી થાઓ, અમે બન્ને (કોઈનો) દ્વેષ ન કરીએ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

અવધૂત ઉપનિષદ સમાપ્ત

# कठरुद्रोपनिषत्

शान्तिपाठः—ॐ सह नाववतु ॥ सह नौ भुनक्तु ॥ सह वीर्यं करवावहै ॥ तेजस्वि नावधीतमस्तु मा विद्विषावहै ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

हरिः ॐ ॥ देवा ह वै भगवन्तमब्रुवन्नधीहि भगवन्ब्रह्मविद्याम् । स प्रजापतिरब्रवीत्सशिखान्केशान्निष्कृष्य विसृज्य यज्ञोपवीतं निष्कृष्य पुत्रं दृष्ट्वा त्वं ब्रह्मा त्वं यज्ञस्त्वं वषट्कारस्त्वमोंकारस्त्वं स्वाहा त्वं स्वधा त्वं धाता त्वं विधाता त्वं प्रतिष्ठाऽसीति वदेत् । अथ पुत्रो वदत्यहं ब्रह्माहं यज्ञोऽहं वषट्कारोऽहमोंकारोऽहं स्वाहाहं स्वधाहं धाताहं विधाताहं त्वष्टाहं प्रतिष्ठास्मीति । तान्येतान्युनुव्रजन्नाश्रुमापातयेत् । यदश्रुमापातयेत्प्रजां विच्छिन्द्यात् । प्रदक्षिणमावृत्त्यैतच्चैतच्चानवेक्षमाणाः प्रत्यायन्ति । स स्वर्ग्यो भवति ब्रह्मचारी वेदमधीत्य वेदोक्ताचरितब्रह्मचर्यो दारानाहृत्य पुत्रानुत्पाद्यताननुपाधिभिर्वितत्येष्ट्वा च शक्तितो यज्ञैः । तस्य संन्यासो गुरुभिरनुज्ञातस्य बान्धवैश्च । सोऽरण्यं परेत्य द्वादशरात्रं पयसाग्निहोत्रं जुहुयात् । द्वादशरात्रं पयोभक्षा स्यात् । द्वादशरात्रस्यान्ते अग्नये वैश्वानराय प्रजापतये च प्राजापत्यं चरुं वैष्णवं त्रिकपालमग्निं

## ૨૧– કઠરુદ્ર ઉપનિષદ

ૐ બ્રહ્મ અમારું બન્ને (ગુરુ-શિષ્ય)નું સાથે રક્ષણ કરો, અમારું બન્નેનું સાથે પાલન કરો; અમે બન્ને સાથે પરાક્રમ કરીએ; અમારું બન્નેનું અધ્યયન તેજસ્વી બનો; અમે બન્ને (કોઈનો) દ્વેષ ન કરીએ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

દેવોએ પ્રજાપતિ ભગવાનને કહ્યું : 'હે ભગવન્! તમે અમને બ્રહ્મવિદ્યા ભણાવો.' તે સાંભળી પ્રજાપતિ બોલ્યા : '(સંન્યાસ લેવા તૈયાર થયેલાએ) શિખા સાથે કેશ કાઢી નાખી, જનોઈ છોડી દઈ, પુત્રનો પણ ત્યાગ કરી, એ પુત્ર સામે જોઈને કહેવું કે, 'તું બ્રહ્મા છે, તું યજ્ઞ છે, તું વષટ્કાર છે, તું ૐકાર છે, તું સ્વાહા છે, તું સ્વધા છે, તું ધાતા છે, તું વિધાતા છે અને તું પ્રતિષ્ઠા છે.' પછી પુત્ર પણ સામેથી કહે કે, 'હું બ્રહ્મા છું, હું યજ્ઞ છું, હું વષટ્કાર છું, હું ૐકાર છું, હું સ્વાહા છું, હું સ્વધા છું, હું ધાતા છું, હું વિધાતા છું, હું ત્વષ્ટા છું અને હું પ્રતિષ્ઠા છું.' પછી પોતે સંન્યાસી થઈ નીકળે અને તેનાં સગાંઓ પાછળ આવે, ત્યારે તેણે આંસુ ન પાડવાં; કેમ કે એ વેળા જે આંસુ પાડે છે, તે પ્રજાનો નાશ કરે છે. પછી તેનાં સગાંઓ તે સંન્યાસી થયેલાની પ્રદક્ષિણા કરી, આમ-તેમ જોયા વિના પોતપોતાને ઘેર જાય છે. એમ સંન્યાસ લેનારો સ્વર્ગે જાય છે. જેણે બ્રહ્મચારી રહી વેદાધ્યયન કર્યું હોય, વેદમાં કહ્યા પ્રમાણે બ્રહ્મચર્ય પાળ્યું હોય અને પછી સ્ત્રી સાથે લગ્ન કરી પુત્રો ઉત્પન્ન કર્યા હોય, તે પુત્રોનો ઉપાધિ વિના વિસ્તાર કર્યો હોય અને પછી શક્તિ પ્રમાણે યજ્ઞો કર્યા હોય, તે જ ગુરુની આજ્ઞા લઈ સગાં-સંબંધીઓની સંમતિપૂર્વક સંન્યાસી થઈ શકે છે. એ રીતે સંન્યાસી થયેલાએ વનમાં જઈ બાર

संस्थितानि पूर्वाणि दारुपात्राण्यग्नौ जुहुयात् । मृण्मयान्यप्सु जुहुयात् । तैजसानि गुरवे दद्यात् । मा त्वं मामपहाय परागाः । नाहं त्वामपहाय परागामिति । गार्हपत्यदक्षिणाग्न्याहवनीयेष्वरणिदेशाद्भस्ममुष्टिं पिबेदित्येके । सशिखान्केशान्निष्कृष्य विसृज्य यज्ञोपवीतं भूःस्वाहेत्यप्सु जुहुयात् । अत ऊर्ध्वमनशनमपां प्रवेशमग्निप्रवेशं वीराध्वानं महाप्रस्थानं वृद्धाश्रमं वा गच्छेत् । पयसायं प्राश्नीयात्सोऽस्य सायंहोमः । यत्प्रातः सोऽयं प्रातः । यद्दर्शे तद्दर्शनम् । यत्पौर्णमास्ये तत्पौर्णमास्यम् । यद्वसन्ते केशश्मश्रुलोमनखानि वापयेत्सोऽस्याग्निष्टोमः । संन्यस्याग्निं न पुनरावर्तयेन्मृत्युर्जयमावहमित्यध्यात्ममन्त्रान्पठेत् । स्वस्ति सर्वजीवेभ्य इत्युक्त्वात्मानमनन्यं ध्यायन्तदूर्ध्वबाहुर्विमुक्तमार्गो भवेत् । अनिकेतश्चरेत् । भिक्षाशी यत्किंचिन्नाद्यात् । लवैकं न धावयेज्जन्तुसंरक्षणार्थं वर्षवर्जमिति । तदपि श्लोका भवन्ति । कुण्डिकां चमसं शिक्यं त्रिविष्टपमुपानहौ । शीतोपघातिनीं कन्थां कौपीनाच्छादनं तथा । १ ॥ पवित्रं स्नानशाटीं च उत्तरासङ्गमेव च । यज्ञोपवीतं वेदांश्च सर्वं तद्वर्जयेद्यतिः

દિવસ સુધી દૂધ વડે અગ્નિહોત્ર હોમવું. તે વેળા બાર દિવસ સુધી દૂધના જ આહાર પર રહેવું. એ બાર દિવસ વીત્યા પછી વૈશ્વાનર અગ્નિ તથા પ્રજાપતિને ઉદ્દેશી ચરુ અર્પણ કરવો. એ ચરુ ત્રણ ઠીકરીઓ પર પકવેલો હોવો જોઈએ. પ્રજાપતિ ને વિષ્ણુ તેના દેવ હોય છે. પછી ત્યાં રહેલાં પ્રથમનાં લાકડાંનાં પાત્રો અગ્નિમાં હોમી દેવાં, માટીનાં પાત્રો જળમાં પધરાવી દેવાં અને ધાતુનાં પાત્રો ગુરુને આપી દેવાં. એ વેળા આ મંત્ર બોલવા: ‘તમે મને છોડી ન દેશો, હું તમને છોડી નહિ દઉં.’

અહીં કેટલાક કહે છે કે, 'ગાર્હપત્ય, દક્ષિણાગ્નિ તથા આહવનીય અગ્નિઓ નિમિત્તે જે અરણિકાષ્ઠ હોય, તેના ભસ્મની એક મુઠ્ઠીનું તે વેળા પ્રાશન કરવું.' તે પછી શિખા સહિત કેશને કાઢી નાખી જનોઈ ત્યજી દઈ 'भूःस्वाहा' એમ બોલી તેનો જળમાં ત્યાગ કરવો. પછી અનશન લઈ લેવું, અથવા જળમાં પ્રવેશ કરવો, અથવા અગ્નિમાં પ્રવેશ કરવો, અથવા વીર પુરુષોના માર્ગે મહાપ્રસ્થાન કરવું, અથવા વૃદ્ધ તપસ્વીઓના આશ્રમમાં જતા રહેવું. એ સંન્યાસી પાણી સાથે જે પ્રાશન કરે છે, તે એનો સાંજનો હોમ છે; જે સવારે પ્રાશન કરે છે, તે સવારનો હોમ છે; અમાસને દિવસે પ્રાશન કરે છે, તે અમાસનો હોમ છે; જે પૂનમના દિવસે પ્રાશન કરે છે, તે પૌર્ણમાસ્ય હોમ છે. અને વસંત ઋતુમાં કેશ, દાઢી–મૂછ, બીજાં રુંવાટાં અને નખને જે કઢાવી નાખે છે, તે એનો અગ્નિહોમ છે. એમ સંન્યાસ લીધા પછી ફરી તેણે અગ્નિનો સ્વીકાર ન કરવો; અને 'મેં મૃત્યુને જીત્યું છે' એમ વિચારી અધ્યાત્મ મંત્રોનો પાઠ કર્યા કરવો; તેમ જ 'स्वस्ति सर्वजीवेभ्यः–સર્વ જીવોનું કલ્યાણ થાઓ' એમ કહી લોકમાર્ગ છોડીને ઊંચા હાથ રાખી રહેવું; ઘર કે આશ્રમ બાંધ્યા વિના ફરવું; ભિક્ષાનું ભોજન કરવું; ગમે તે ખાવું નહિ; અને ચોમાસામાં જીવોની રક્ષા માટે તે કાળ સિવાય એક લવ પણ (થોડા વખત માટે પણ) એક સ્થળે ન પડ્યા રહેવું. આ અભિપ્રાયને જણાવતા આવા શ્લોકો છે: 'સંન્યાસીએ એક કૂંડી, એક ચમચા જેવું પાત્ર, એક ઝોળી, ત્રણ દાંડાવાળો એક ટેકો, ચાખડી, ટાઢ દૂર કરે તેવી એક ગોદડી; લંગોટી, એક ઓઢવાનું વસ્ત્ર, પવિત્રી, નાહવાનું એક વસ્ત્ર અને ખભે રાખવાનું એક વસ્ત્ર–આટલું જ

॥ २ ॥ स्नानं पानं तथा शौचमद्भिः पूताभिराचरेत् । नदीपुलिनशायी स्याद्देवागारेषु वा स्वपेत् ॥ ३ ॥ नात्यर्थं सुखदुःखाभ्यां शरीरमुपतापयेत् । स्तूयमानो न तुष्येत निन्दितो न शपेत्परान् ॥ ४ ॥ ब्रह्मचर्येण संतिष्ठेदप्रमादेन मस्करी । दर्शनं स्पर्शनं केलिः कीर्तनं गुह्यभाषणम् ॥ ५ ॥ संकल्पोऽध्यवसायश्च क्रियानिर्वृत्तिरेव च । एतन्मैथुनमष्टाङ्गं प्रवदन्ति मनीषिणः ॥ ६ ॥ विपरीतं ब्रह्मचर्यमनुष्ठेयं मुमुक्षुभिः । यज्जगद्भासकं भानं नित्यं भाति स्वतः स्फुरत् ॥ ७ ॥ स एव जगतः साक्षी सर्वात्मा विमलाकृतिः । प्रतिष्ठा सर्वभूतानां प्रज्ञानघनलक्षणः ॥ ८ ॥ न कर्मणा न प्रजया न चान्येनापि केनचित् । ब्रह्मवेदनमात्रेण ब्रह्माप्नोत्येव मानवः ॥ ९ ॥ तद्विद्याविषयं ब्रह्म सत्यज्ञानसुखाद्वयम् । संसारे च गुहावाच्ये मायाज्ञानादिसंज्ञके ॥ १० ॥ निहितं ब्रह्म यो वेद परमे व्योम्नि संज्ञिते । सोऽश्नुते सकलान्कामान्क्रमेणैव द्विजोत्तमः ॥ ११ ॥ प्रत्यगात्मानमज्ञानमायाशक्तेश्च साक्षिणम् । एकं ब्रह्माहमस्मीति ब्रह्मैव भवति स्वयम् ॥ १२ ॥ ब्रह्मभूतात्मनस्तस्मादेतस्माच्छक्तिमिश्रितात् । अपञ्चीकृत आकाशसंभूतो रज्जुसर्पवत् ॥ १३ ॥ आकाशाद्वायुसंज्ञस्तु स्पर्शोऽपञ्चीकृतः पुनः । वायोरग्निस्तथा चाग्नेराप अद्भ्यो वसुन्धरा ॥ १४ ॥ तानि भूतानि सूक्ष्माणि पञ्चीकृत्येश्वरस्तदा । तेभ्य एव विसृष्टं तद्ब्रह्माण्डादि शिवेन ह ॥ १५ ॥ ब्रह्माण्डस्योदरे

પોતાની પાસે રાખવું. તે સિવાય જનોઈ, વેદો તથા બીજાં બધાંનો ત્યાગ કરવો. ૧,૨ પવિત્ર જળથી જ તેણે નાહવું, ધોવું અને પાન કરવું; નદીના કિનારા પર અથવા દેવમંદિરમાં તેણે

સૂઈ રહેવું. ૩ સુખથી શરીરને લડાવવું નહિ અને દુઃખથી તપાવવું નહિ; કોઈ સ્તુતિ કરે તો રાજી ન થવું અને કોઈ નિંદા કરે તો તેઓને ગાળો ન દેવી. ૪ સંન્યાસીએ પ્રમાદનો ત્યાગ કરી બ્રહ્મચર્ય પાળવું. સ્ત્રીઓનું દર્શન, સ્પર્શ, તેઓ સાથે રમત-ગમત, તેઓનાં વખાણ, એકાંતમાં વાતચીત, તેઓના સંકલ્પ, તેઓ સાથે મૈથુન કરવાનો નિશ્ચય અને મૈથુન–આમ આઠ પ્રકારે મૈથુન થાય છે એમ વિદ્વાનો કહે છે; માટે મુમુક્ષુઓએ એથી ઊલટું બ્રહ્મચર્ય પાળવું. જે જગતનો પ્રકાશક છે, નિત્ય પ્રકાશરૂપે પ્રકાશે છે અને પોતાની મેળે સ્ફુરે છે, તે જ જગતનો સાક્ષી સર્વાત્મા છે; તે નિર્મળ આકારવાળો, સર્વ પ્રાણીઓનું આશ્રયસ્થાન અને પ્રજ્ઞાનમય લક્ષણવાળો છે. ૫–૮ મનુષ્ય કર્મથી, પ્રજાથી કે બીજા કોઈ પ્રકારે બ્રહ્મને પામતો નથી; માત્ર બ્રહ્મને જાણવાથી જ બ્રહ્મને પ્રાપ્ત થાય છે. ૯ તે બ્રહ્મ–વિદ્યા(જ્ઞાન)નો જ વિષય છે; સત્ય, જ્ઞાન અને સુખનું જ અદ્વૈત સ્વરૂપ છે; અને માયા તથા અજ્ઞાન જેનું નામ છે, તેમ જ ગુહા–ગુફા–એમ કહેવાતા આ સંસારમાં તે બ્રહ્મ બધે વ્યાપ્ત છે. ૧૦ જે ઉત્તમ દ્વિજવર્ણ, પરમાકાશ નામના પ્રદેશમાં બ્રહ્મ ગુપ્ત રહેલ છે, એમ જાણે છે, તે સકલ કામનાઓને અનુક્રમે પામે છે. ૧૧ પ્રત્યગાત્મા અજ્ઞાનરૂપ માયાશક્તિનો સાક્ષી છે; અને 'તે જ એક હું બ્રહ્મ છું' એમ જે અનુભવે છે, તે પોતે જ બ્રહ્મ થાય છે. ૧૨ બ્રહ્મરૂપ આત્મા, પોતાની શક્તિથી જ્યારે મિશ્ર થયો, ત્યારે તેમાંથી જેમ દોરડીમાંથી (ભ્રમને લીધે) સાપ થાય તેમ પંચીકરણ નહિ થયેલું આકાશ ઉત્પન્ન થયું છે. ૧૩ એ આકાશમાંથી પંચીકરણ નહિ પામેલો વાયુ નામે સ્પર્શ થયો; વાયુમાંથી અગ્નિ, અગ્નિમાંથી જળ અને જળમાંથી પૃથ્વી થઈ. ૧૪ તે વેળા એ સૂક્ષ્મ ભૂતોનું પંચીકરણ કરી શિવરૂપ ઈશ્વરે, તેઓમાંથી જ બ્રહ્માંડ

देवा दानवा यक्षकिन्नराः । मनुष्याः पशुपक्ष्याद्यास्तत्तत्कर्मानुसारतः ॥१६॥ अस्थिस्नाय्वादिरूपोऽयं शरीरं भाति देहिनाम् । योऽयमन्नमयो ह्यात्मा भाति सर्वशरीरिणः ॥ १७ ॥ ततः प्राणमयो ह्यात्मा विभिन्नश्चान्तरः स्थितः । ततो विज्ञान आत्मा तु ततोऽन्यश्चान्तरः स्वतः ॥ १८ ॥ आनन्दमय आत्मा तु ततोऽन्यश्चान्तरःस्थितः । योऽयमन्नमयः सोऽयं पूर्णः प्राणमयेन तु ॥ १९ ॥ मनोमयेन प्राणोऽपि तथा पूर्णः स्वभावतः । तथा मनोमयो ह्यात्मा पूर्णो ज्ञानमयेन तु ॥ २० ॥ आनन्देन सदा पूर्णः सदा ज्ञानमयः सुखम् । तथानन्दमयश्चापि ब्रह्मणोऽन्येन साक्षिणा ॥ २१ ॥ सर्वान्तरेण पूर्णश्च ब्रह्म नान्येन केनचित् । यदिदं ब्रह्मपुच्छाख्यं सत्यज्ञानाद्वयात्मकम् ॥ २२ ॥ सारमेव रसं लब्ध्वा साक्षाद्देही सनातनम् । सुखी भवति सर्वत्र अन्यथा सुखता कुतः ॥ २३ ॥ असत्यस्मिन्परानन्दे स्वात्मभूतेऽखिलात्मनाम् । को जीवति नरो जन्तुः को वा नित्यं विचेष्टते ॥ २४ ॥ तस्मात्सर्वात्मना चित्ते भासमानो ह्यसौ नरः । आनन्दयति दुःखाढ्यं जीवात्मानं सदा जनः ॥ २५ ॥ यदा ह्येवैष एतस्मिन्नदृश्यत्वादिलक्षणे । निर्भेदं परमाद्वैतं विन्दते च महायतिः ॥ २६ ॥ तदेवाभयमत्यन्तकल्याणं परमामृतम् । सद्रूपं परमं ब्रह्म त्रिपरिच्छेदवर्जितम् ॥ २७ ॥ यदा ह्येवैष एतस्मिन्नल्पमप्यन्तरं नरः । विजानाति तदा तस्य भयं स्यान्नात्र संशयः ॥ २८ ॥ अस्यैवानन्द-

વગેરે જગત ઉત્પન્ન કર્યું. ૧૫ એ બ્રહ્માંડની મધ્યે દેવો, દાનવો, યક્ષો, કિન્નરો, મનુષ્યો તથા પશુ–પક્ષીઓ વગેરે પોતપોતાનાં કર્મો પ્રમાણે સર્જાયાં. ૧૬ પ્રાણીઓનું આ શરીર હાડકાં–

આંતરડાં વગેરે મય જે જણાય છે, તે સર્વ જીવોનો અન્નમય આત્મા પ્રકાશે છે, ૧૭ તે પછી તેમાં પ્રાણમય આત્મા પ્રકાશે છે. તે એનાથી જુદો હોઈ તેની અંદર રહેલો છે. તે પછી તેનાથી જુદો વિજ્ઞાનાત્મા પ્રકાશે છે, તે પણ શરીરની અંદર જ રહેલો છે. ૧૮ વળી જે આનંદમય આત્મા છે, તે પણ તેનાથી જુદો શરીરની અંદર રહેલ છે. જે આ અન્નમય છે, તે તો પ્રાણમય-થી પૂર્ણ છે, અને તે પ્રાણમય પણ સ્વાભાવિક રીતે મનોમયથી પૂર્ણ છે; તેમ જ એ મનોમય આત્મા પણ જ્ઞાનમયથી પૂર્ણ છે. ૧૯,૨૦ સદા સુખરૂપ જ્ઞાનમય આત્મા આનંદ વડે સદા પૂર્ણ છે; તેમ જ આનંદમય પણ તેનાથી જુદા સર્વાન્તર્યામી અને સાક્ષી બ્રહ્મથી પૂર્ણ છે; પરંતુ એ બ્રહ્મ બીજા કોઈથી પૂર્ણ નથી. જે આ બ્રહ્મ છે, તેનું જ નામ 'પુચ્છ' છે; તે સત્ય, જ્ઞાન અને અદ્વૈતસ્વરૂપ છે. ૨૧,૨૨ એ સનાતન રસને જ સાક્ષાત્ સારરૂપે પ્રાપ્ત કરીને જીવ બધે સુખી છે; બીજા કોઈ પ્રકારે સુખ ક્યાં છે? ૨૩ સર્વ જીવોના પોતાના આત્મારૂપ એ પરમાનંદ વસ્તુ જો ન હોય તો કયો મનુષ્ય જીવી શકે છે? અથવા કયો પ્રાણી નિત્ય ચેષ્ટા કરે છે? (કોઈ જ નહિ.) ૨૪ માટે સર્વના આત્મા-રૂપે એ પુરુષ (બ્રહ્મ) સર્વના ચિત્તમાં પ્રકાશે છે અને તેને લીધે જ મનુષ્ય દુઃખી જીવાત્માને સદા આનંદ પમાડે છે. ૨૫ મોટો યોગી પુરુષ જ્યારે અદૃશ્યપણું આદિ લક્ષણવાળા આ આત્મામાં ભેદ વિનાનું પરમ અદ્વૈત સ્વરૂપ અનુભવે છે, ત્યારે તે જ નિર્ભય, અત્યંત કલ્યાણરૂપ, પરમ અમૃત અને સત્સ્વરૂપ પરમ બ્રહ્મ ત્રણે પ્રકારના માપ વિનાનું પ્રકાશે છે. ૨૬,૨૭ આ બ્રહ્મમાં મનુષ્ય જે વેળા થોડું પણ અંતર જાણે છે, તે સમયે જ તેને ભય થાય છે, એમાં સંશય નથી. ૨૮ આ બ્રહ્મના જ આનંદના ભંડારથી વિષ્ણુથી માંડી શુંબડા સુધીના સર્વ જીવો

क्लेशेन स्तम्बान्ता विष्णुपूर्वकाः । भवन्ति सुखिनो नित्यं तारतम्य-क्रमेण तु ॥ २९ ॥ तत्तत्पदविरक्तस्य श्रोत्रियस्य प्रसादिनः । स्वरूपभूत आनन्दः स्वयं भाति परे यथा ॥ ३० ॥ निमित्तं किंचिदाश्रित्य खलु शब्दः प्रवर्तते । यतो वाचो निवर्तन्ते निमित्तानामभावतः ॥ ३१ ॥ निर्विशेषे परानन्दे कथं शब्दः प्रवर्तते । तस्मादेतन्मनः सूक्ष्मं व्यावृतं सर्वगोचरम् ॥ ३२ ॥ यस्माच्छ्रोत्रत्वगक्ष्यादिखादिकर्मेन्द्रियाणि च । व्यावृत्तानि परं प्राप्तुं न समर्थानि तानि तु ॥ ३३ ॥ तद्ब्रह्मानन्दमद्वन्द्वं निर्गुणं सत्यचिद्घनम् । विदित्वा स्वात्मरूपेण न बिभेति कुतश्चन ॥ ३४ ॥ एवं यस्तु विजानाति स्वगुरोरुपदेशतः । स साध्वसाधुकर्मभ्यां सदा न तपति[1] प्रभुः ॥ ३५ ॥ ताप्यतापकरूपेण विभातमखिलं जगत् । प्रत्यगात्मतया भाति ज्ञानाद्वेदान्तवाक्यजात् ॥ ३६ ॥ शुद्धमीश्वरचैतन्यं जीवचैतन्यमेव च । प्रमाता च प्रमाणं च प्रमेयं च फलं तथा ॥ ३७ ॥ इति सप्तविधं प्रोक्तं भिद्यते व्यवहारतः । मायोपाधिविनिर्मुक्तं शुद्धमित्यभिधीयते ॥ ३८ ॥ मायासंबन्धतश्चेशो जीवोऽविद्यावशस्तथा । अन्तःकरणसंबन्धात्प्रमातेत्यभिधीयते ॥ ३९ ॥ तता तद्वृत्तिसंबन्धात्प्रमाणमिति कथ्यते । अज्ञातमपि चैतन्यं प्रमेयमिति कथ्यते ॥४०॥ तथा ज्ञातं च चैतन्यं फलमित्यभिधीयते । सर्वोपाधिविनिर्मुक्तं स्वा-

ઓછા–વધતા ક્રમે નિત્ય સુખી થાય છે. ૨૯ શ્રોત્રિય બ્રાહ્મણ તે તે પદથી વિરક્ત બનીને પ્રસન્ન–નિર્મળ ચિત્તવાળો થાય છે,

१ पतति

ત્યારે જેવો પરબ્રહ્મમાં આનંદ છે, તેવો જ સ્વરૂપભૂત આનંદ પોતાની મેળે તેને પ્રકાશે છે. ૩૦ કોઈ પણ શબ્દ, નિમિત્તનો આશ્રય કરીને જ પ્રવૃત્તિ કરે છે; પણ પરબ્રહ્મ તો નિમિત્તોના અભાવરૂપ જ છે; તેથી જ બધી વાણી એ બ્રહ્મથી પાછી ફરે છે–બ્રહ્મને પહોંચી શકતી નથી; ૩૧ કેમ કે એ પરમ આનંદ બ્રહ્મ વિશેષ( નિમિત્ત–અવયવ વગેરે )થી રહિત છે; તેથી તેમાં શબ્દ કેવી રીતે પ્રવૃત્તિ કરે ? ( તેને કેમ જાણી શકે ? ) એ જ કારણથી સૂક્ષ્મ મન પણ પોતે સર્વત્ર જનારું છતાં બ્રહ્મથી તો પાછું જ ફરે છે–બ્રહ્મને પ્રાપ્ત કરતું નથી. ૩૨ તે જ પ્રમાણે શ્રોત્ર, ત્વચા, નેત્ર વગેરે જ્ઞાનેંદ્રિયો તથા કર્મેંદ્રિયો એ બ્રહ્મથી પાછી ફરી છે અને તે પર વસ્તુને પ્રાપ્ત કરવા સમર્થ થતી નથી. ૩૩ આવા તે આનંદરૂપ, અદ્વૈત, નિર્ગુણ, સત્ય તથા ચૈતન્યમય બ્રહ્મને પોતાના આત્મારૂપે જાણીને જ્ઞાની કોઈનાથી ડરતો નથી. ૩૪ જે પુરુષ પોતાના ગુરુના ઉપદેશથી એ પ્રમાણે જાણે છે, તે પ્રભુ બનીને સારાં કે નરસાં કર્મથી કદી દુઃખી નથી. ૩૫ બધું જગત તાપ્ય અને તાપકરૂપે ( અજ્ઞાન દશામાં ) જણાયું હોય છે, પણ વેદાંતનાં વાક્યોથી ઉત્પન્ન થયેલા જ્ઞાન પછી તો કેવળ પ્રત્યગાત્મારૂપે જ પ્રકાશે છે. ૩૬ શુદ્ધ ચૈતન્ય, ઈશ્વર ચૈતન્ય, જીવ ચૈતન્ય, પ્રમાતા, પ્રમાણ, પ્રમેય અને ફળ– એમ સાત પ્રકારનો ભેદ વ્યવહારદૃષ્ટિએ કહેવાય છે; પણ માયા વગેરે ઉપાધિ દૂર થતાં કેવળ શુદ્ધ જ વસ્તુ કહેવાય છે. ૩૭,૩૮ માયાના સંબંધથી ઈશ્વર, અવિદ્યાને વશ થવાથી જીવ, અંતઃકરણના સંબંધથી પ્રમાતા, વૃત્તિના સંબંધથી પ્રમાણ, અજ્ઞાત ચૈતન્ય પ્રમેય અને જ્ઞાત ચૈતન્ય ફળ કહેવાય છે; માટે ઉત્તમ બુદ્ધિવાળા પુરુષે પોતાના આત્માને સર્વ ઉપાધિથી મુક્ત શુદ્ધ જાણવો જોઈએ. ૩૯,૪૦ જે મનુષ્ય એ રીતે તત્ત્વસ્વરૂપને સમજે

त्मानं भावयेत्सुधीः ॥४१॥ एवं यो वेद तत्त्वेन ब्रह्मभूयाय कल्पते। सर्ववेदान्तसिद्धान्तसारं वच्मि यथार्थतः ॥४२॥ स्वयं मृत्वा स्वयं भूत्वा स्वयमेवावशिष्यते॥ इत्युपनिषद्॥

ॐ सह नाववतु। सह नौ भुनक्तु। सह वीर्यं करवावहै। तेजस्वि नावधीतमस्तु मा विद्विषावहै। ॐ शान्तिः शान्तिः शान्तिः ॥ हरिः ॐ तत्सत्

॥ इति कठरुद्रोपनिषत् समाप्ता ॥

છે, તે બ્રહ્મસ્વરૂપ થવા સમર્થ થાય છે; વળી સર્વ વેદાંતના સિદ્ધાંતનો સાચેસાચો સાર હું કહી દઉં છું કે, 'પોતે જ મરીને, પોતે જ જન્મીને, પોતે જ બાકી રહે છે.' ૪૧,૪૨ આમ આ ઉપનિષદ સમાપ્ત થાય છે.

ૐ બ્રહ્મ અમારું બન્ને (ગુરુ–શિષ્ય)નું સાથે રક્ષણ કરો; અમારું બન્નેનું સાથે પાલન કરો; અમે બન્ને સાથે પરાક્રમ કરીએ; અમારું બન્નેનું અધ્યયન તેજસ્વી બનો; અમે બન્ને (કોઈનો) દ્વેષ ન કરીએ. ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

ઇતિ કઠરુદ્ર ઉપનિષદ સમાપ્ત

# श्रीजाबालदर्शनोपनिषत्

ॐ आप्यायन्तु ममाङ्गानि वाक् प्राणश्चक्षुः श्रोत्रमथो बलमिन्द्रियाणि च सर्वाणि सर्वं ब्रह्मौपनिषदं माहं ब्रह्म निराकुर्यां मा मा ब्रह्म निराकरोदनिराकरणमस्त्वनिराकरणं मे अस्तु। तदात्मनि निरते य उपनिषत्सु धर्मास्ते मयि सन्तु ते मयि सन्तु ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

हरिः ॐ ॥ दत्तात्रेयो महायोगी भगवान्भूतभावनः। चतुर्भुजो महाविष्णुर्योगसाम्राज्यदीक्षितः ॥ १ ॥ तस्य शिष्यो मुनिवरः सांकृतिर्नाम भक्तिमान्। पप्रच्छ गुरुमेकान्ते प्राञ्जलिर्विनयान्वितः ॥ २ ॥ भगवन्ब्रूहि मे योगं साष्टाङ्गं सप्रपञ्चकम्। येन विज्ञानमात्रेण* जीवन्मुक्तो भवाम्यहम् ॥ ३ ॥ सांकृते शृणु वक्ष्यामि योगं साष्टाङ्गदर्शनम्। यमश्च नियमश्चैव तथैवासनमेव च। ४ ॥ प्राणायामस्तथा ब्रह्मन्प्रत्यहारस्ततः परम्। धारणा च तथा ध्यानं समाधिश्चाष्टमं मुने ॥ ५ ॥ अहिंसा सत्यमस्तेयं ब्रह्मचर्यं दयार्जवम्। क्षमाधृतिर्मिताहारः शौचं चैव यमा दश ॥ ६ ॥ वेदोक्तेन प्रकारेण विना सत्यं तपोधन। कायेन मनसा वाचाऽहिंसाऽहिंसा न चान्यथा ॥ ७ ॥ आत्मा सर्वगतोऽच्छेद्यो न ग्राह्य इति[1] मे

---

* विज्ञानमात्रेण. १ इति या मतिः.

# ૨૨–શ્રીજાબાલદર્શન ઉપનિષદ

ૐ મારાં અંગો, વાણી, પ્રાણ, આંખ, કાન, તેમ જ બળ અને બધી ઇંદ્રિયો પ્રફુલ્લ થાઓ. આ સર્વ (ઇંદ્રિયો વગેરે) ઉપનિષદોમાં વર્ણવેલું બ્રહ્મ જ છે. હું બ્રહ્મનો અનાદર ન કરું; બ્રહ્મ મારો અનાદર ન કરો. મારો અનાદર ન હો, મારો અનાદર ન થાઓ. આત્મામાં રમણ કરનાર માટે ઉપનિષદોમાં જે ધર્મો કહ્યા છે, તે મારામા હો, તે મારામાં હો. ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

હરિઃ ૐ ભગવાન દત્તાત્રેય મોટા યોગી, પ્રાણીઓનું કલ્યાણ કરનારા અને ચાર ભુજાવાળા મહાવિષ્ણુસ્વરૂપ હતા. તેમણે યોગના સામ્રાજ્ય માટે (યોગ) દીક્ષા લીધી હતી. ૧ મુનિવર સાંકૃતિ નામનો તેમનો ભક્તિમાન શિષ્ય હતો; તેણે વિનયપૂર્વક બે હાથ જોડી એકાંતમાં ગુરુને પૂછ્યું: ૨ 'હે ભગવન્! આઠ અંગો સહિત યોગનો મને વિસ્તારથી ઉપદેશ આપો, જેને માત્ર જાણવાથી હું જીવન્મુક્ત થાઉં.' ૩ (તે સાંભળી ગુરુ દત્તાત્રેયે કહ્યું:) 'હે સાંકૃતિ! આઠ અંગો સહિત યોગદર્શન હું તને કહું છું, સાંભળ. હે બ્રાહ્મણ! યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ–આ આઠ યોગનાં અંગો છે. ૪,૫ હે મુનિ! અહિંસા, સત્ય, અસ્તેય (ચોરી ન કરવી), બ્રહ્મચર્ય, દયા, સરળતા, ક્ષમા, ધૈર્ય, માપસર આહાર અને શૌચ (બહારની ને અંદરની પવિત્રતા)–આ દશ પ્રકારના યમ છે. ૬ હે તપોધન! તેમાં વેદોક્ત પ્રકાર વિના મન, વચન અને કાયાથી હિંસા ન થાય, તે સાચી અહિંસા છે; બીજી રીતે અહિંસા થાય નહિ; ૭ પરંતુ આત્મા સર્વવ્યાપી છે અને તે છેદાતો (હણાતો) નથી, એમ મારું માનવું છે; અને હે મુનિ!

मतिः। सा चाहिंसा वरा प्रोक्ता मुने वेदान्तवेदिभिः ॥८॥ चक्षुरादीन्द्रियैर्दृष्टं श्रुतं घ्रातं मुनीश्वर। तस्यैवोक्तिर्भवेत्सत्यं विप्र तन्नान्यथा भवेत् ॥९॥ सर्वं सत्यं परं ब्रह्म न चान्यदिति या मतिः। तच्च सत्यं वरं प्रोक्तं वेदान्तज्ञानपारगैः ॥१०॥ अन्यदीये तृणे रत्ने काञ्चने मौक्तिकेऽपि च। मनसा विनिवृत्तिर्या तदस्तेयं विदुर्बुधाः ॥११॥ आत्मन्यनात्मभावेन व्यवहारविवर्जितम्। यत्तदस्तेयमित्युक्तमात्मविद्भिर्महामते ॥१२॥ कायेन वाचा मनसा स्त्रीणां परिविवर्जनम्। ऋतौ भार्यां तदा स्वस्य ब्रह्मचर्यं तदुच्यते ॥१३॥ ब्रह्मभावे मनश्चारं ब्रह्मचर्यं परन्तप ॥१४॥ स्वात्मवत्सर्वभूतेषु कायेन मनसा गिरा। अनुज्ञा या दया सैव प्रोक्ता वेदान्तवेदिभिः ॥१५॥ पुत्रे मित्रे कलत्रे च रिपौ स्वात्मनि संततम्। एकरूपं मुने यत्तदार्जवं प्रोच्यते मया ॥१६॥ कायेन मनसा वाचा शत्रुभिः परिपीडिते। बुद्धिक्षोभनिवृत्तिर्या क्षमा सा मुनिपुङ्गव ॥१७॥ वेदादेव विनिर्मोक्षः संसारस्य न चान्यथा। इति विज्ञाननिष्पत्तिर्धृतिः प्रोक्ता हि वैदिकैः। अहमात्मा न चान्योऽस्मीत्येवमप्रच्युता मतिः ॥१८॥ अल्पमृष्टाशनाभ्यां च चतुर्थांशावशेषकम्। तस्माद्योगानुगुण्येन भोजनं मितभोजनम् ॥१९॥ स्वदेहमलनिर्मोक्षो मृज्जलाभ्यां महामुने। यत्तच्छौचं भवेद्बाह्यं मानसं मननं विदुः। अहं शुद्ध इति ज्ञानं शौचमाहुर्मनीषिण ॥२०॥ अत्यन्तमलिनो देहो देही चात्यन्तनिर्मलः।

એમ માનવું, તેને જ વેદાંત જાણનારા શ્રેષ્ઠ અહિંસા કહે છે. ૮

હે બ્રાહ્મણ મુનીશ્વર! ચક્ષુ વગેરે ઇંદ્રિયોથી જે જોયું હોય,

સાંભળ્યું કે સૂંઘ્યું હોય, તે જ કહેવું, તે સત્ય છે; બીજી રીતે સત્ય હોઈ શકે નહિ; ૯ પરંતુ 'પરબ્રહ્મ સર્વસ્વરૂપ અને સત્ય છે, બીજું સત્ય નથી,' આવી જે માન્યતા છે તેને વેદાંતજ્ઞાનના પરગામીઓ શ્રેષ્ઠ સત્ય કહે છે. ૧૦ પારકાં તણખલાંમાં, રત્નમાં, સોનામાં કે મોતીમાં પણ મન જાય નહિ, તેને વિદ્વાનો અસ્તેય કહે છે; ૧૧ તેમ જ હે મહાબુદ્ધિમાન! આત્મામાં અનાત્મ ભાવનાવાળા વ્યવહારોનો ત્યાગ કરવો, તેને પણ આત્મવેત્તાઓ અસ્તેય કહે છે. ૧૨ મન, વચન અને કાયાથી સ્ત્રીઓનો ત્યાગ કરવો અને પોતાની પત્ની સાથે પણ ઋતુકાળે જ ગમન કરવું, તેને બ્રહ્મચર્ય કહે છે; ૧૩ અને હે શત્રુતાપન! બ્રહ્મભાવમાં મન ફર્યા કરે, તેને પણ બ્રહ્મચર્ય કહેવાય છે. ૧૪ સર્વ પ્રાણીઓને મન, વચન અને કાયાથી પોતાના જેવાં જ જાણવાં, તેને વેદાંત જાણનારા દયા કહે છે. ૧૫ હે મુનિ! પુત્ર, મિત્ર, સ્ત્રી, શત્રુ અને પોતાનો આત્મા એ સર્વમાં નિરંતર એકરૂપ જોવું, તેને હું આર્જવ (સરળતા) કહું છું. ૧૬ હે મુનિશ્રેષ્ઠ! મન, વચન અને કાયા–એમ ત્રણે પ્રકારે શત્રુઓ પીડા ઉપજાવે, છતાં બુદ્ધિ ક્ષોભ ન પામે, તે ક્ષમા કહેવાય છે. ૧૭ 'વેદથી જ સંસાર છૂટે છે, બીજા માર્ગે સંસાર છૂટતો જ નથી,' એવું અનુભવજ્ઞાન ઉત્પન્ન થાય; તેમ જ 'હું આત્મા છું, બીજો કોઈ નથી,' આવી અસ્ખલિત માન્યતા થાય, તેને વેદવેત્તાઓ ધૃતિ કહે છે. ૧૮ યોગને અનુકૂળ થોડો અને શુદ્ધ આહાર લઈ પેટમાં ચોથો ભાગ ખાલી રાખવો, તેને મિતાહાર કહેવામાં આવે છે. ૧૯ હે મહામુનિ! માટી અને જળ વડે પોતાના દેહનો મેલ દૂર કરવો, તે બાહ્ય શૌચ છે; અને 'હું તો શુદ્ધ જ છું' આવું મનન કરવું અને સમજવું, તેને વિદ્વાનો માનસ શૌચ કહે છે. ૨૦ શરીર અત્યંત મેલું છે અને આત્મા અત્યંત નિર્મળ છે; એમ તે બન્નેનું અંતર

उभयोरन्तरं ज्ञात्वा कस्य शौचं विधीयते ॥ २१ ॥ ज्ञानशौचं परित्यज्य बाह्ये यो रमते नरः । स मूढः काञ्चनं त्यक्त्वा लोष्ठं गृह्णाति सुव्रत ॥ २२ ॥ ज्ञानामृतेन तृप्तस्य कृतकृत्यस्य योगिनः । न चास्ति किंचित्कर्तव्यमस्ति चेन्न स तत्त्ववित् ॥ २३ ॥ लोकत्रयेऽपि कर्तव्यं किंचिन्नास्त्यात्मवेदिनाम् ॥ २४ ॥ तस्मात्सर्वप्रयत्नेन मुनेऽहिंसादिसाधनैः । आत्मानमक्षरं ब्रह्म विद्धि ज्ञानात्तवेदनात् ॥

॥ इति प्रथमः खण्डः ॥ १ ॥

## द्वितीयः खण्डः

तपः संतोषमास्तिक्यं दानमीश्वरपूजनम् । सिद्धान्तश्रवणं चैव ह्रीर्मतिश्च जपो व्रतम् ॥ १ ॥ एते च नियमाः प्रोक्तास्तान्वक्ष्यामि क्रमाच्छृणु ॥ २ ॥ वेदोक्तेन प्रकारेण कृच्छ्रचान्द्रायणादिभिः । शरीरशोषणं यत्तत्तप इत्युच्यते बुधैः ॥ ३ ॥ को वा मोक्षः कथं तेन संसारं प्रतिपन्नवान् । इत्यालोकनमर्थज्ञास्तपः[1] शंसन्ति पण्डिताः ॥ ४ ॥ यदृच्छालाभतो नित्यं प्रीतिर्या जायते नृणाम् । तत्संतोषं विदुः प्राज्ञाः परिज्ञानैकतत्पराः ॥ ५ ॥ ब्रह्मादिलोकपर्यन्ताद्विरक्त्या यल्लभेत्प्रियम् । सर्वत्र विगतस्नेहः संतोषं परमं विदुः । श्रौते स्मार्ते च विश्वासो यत्तदास्तिक्यमुच्यते ॥ ६ ॥ न्यायार्जितधनं श्रान्ते श्रद्धया वैदिके जने । अन्यद्वा यत्प्रदीयेत तद्दानं प्रोच्यते मया ॥ ७ ॥ रागाद्यपेतं हृदयं वागदुष्टा-

સમજ્યા પછી તેમાં કોનું શૌચ કરવું? ૨૧ હે ઉત્તમ વ્રતવાળા!

---

१ लोचन

જે પુરુષ જ્ઞાનશૌચનો ત્યાગ કરી બાહ્ય શૌચમાં જ મચ્યો રહે છે, તે મૂઢ છે અને સોનું છોડી માટીનું ઢેફું સ્વીકારે છે. ૨૨ જ્ઞાનરૂપ અમૃતથી તૃપ્ત થયેલો યોગી કૃતકૃત્ય છે; તેને કંઈ પણ કરવાનું છે જ નહિ; છતાં તેને કંઈ કરવાનું જણાય તો તે (હજી) તત્ત્વવેત્તા નથી; કેમ કે આત્મવેત્તાઓ માટે ત્રણે લોકમાં કંઈ કરવાનું જ નથી. ૨૩,૨૪ માટે હે મુનિ! સર્વ પ્રયત્નોથી અહિંસા વગેરે સાધનો દ્વારા આત્માને જ્ઞાનથી તથા અનુભવથી તું અક્ષર બ્રહ્મ જાણ. ૨૫

પ્રથમ ખંડ સમાપ્ત

## બીજો ખંડ

તપ, સંતોષ, આસ્તિકતા, દાન, ઈશ્વરપૂજન, સિદ્ધાંત–શ્રવણ, લજ્જા, મતિ, જપ અને વ્રત–આ નિયમો કહેવાય છે; તેઓને હવે અનુક્રમે હું કહું છું, સાંભળ. ૧,૨ વેદમાં કહેલા પ્રકારે કૃચ્છ્ર–ચાંદ્રાયણ વગેરેથી શરીરને સૂકવવું, તેને વિદ્વાનો તપ કહે છે; ૩ તેમ જ 'મોક્ષ કયો છે? હું સંસારને કેમ પામ્યો?' એમ વિચાર કરવો, તેને પણ અર્થ જાણનારા પંડિતો તપ કહે છે. ૪ દૈવેચ્છાએ જે કંઈ મળી આવે, તેથી મનુષ્યોને જે પ્રીતિ થાય, તેને કેવળ જ્ઞાનમાં તત્પર રહેનારા જ્ઞાનીઓ સંતોષ કહે છે; ૫ તેમ જ બ્રહ્મા વગેરેના લોક સુધીના વિષયો પર વૈરાગ્ય થવાથી બધા પર સ્નેહરહિત થયેલો પુરુષ જે કંઈ મેળવે, તેને પ્રિય ગણે, તે ઉત્તમ સંતોષ કહેવાય છે. શ્રૌત અને સ્માર્ત કર્મો પર જે વિશ્વાસ, તેને આસ્તિકતા કહે છે. ૬ ન્યાયથી મેળવેલું ધન અથવા બીજી કોઈ વસ્તુ શ્રમિત થયેલા વૈદિક મનુષ્યને જે આપે, તેને હું દાન કહું છું. હૃદય રાગ વગેરેથી રહિત થયું હોય, વાણી અસત્ય વગેરેથી દુષ્ટ ન હોય અને કર્મ હિંસા વગેરેથી રહિત હોય, તે ઈશ્વરપૂજન છે. ૭,૮ પ્રત્યગાત્મા સત્ય,

नृतादिना। हिंसादिरहितं कर्म यत्तदीश्वरपूजनम् ॥ ८ ॥ सत्यं ज्ञानमनन्तं च परानन्दं परं ध्रुवम्। प्रत्यगित्यवगन्तव्यं वेदान्तश्रवणं बुधाः ॥ ९ ॥ वेदलौकिकमार्गेषु कुत्सितं कर्म यद्भवेत्। तस्मिन्भवति या लज्जा ह्रीः सैवेति प्रकीर्तिता। वैदिकेषु च सर्वेषु श्रद्धा या सा मतिर्भवेत् ॥ १० ॥ गुरुणा चोपदिष्टोऽपि तत्र संबन्धवर्जितः। वेदोक्तेनैव मार्गेण मन्त्राभ्यासो जपः स्मृतः ॥ ११ ॥ कल्पसूत्रे तथा वेदे धर्मशास्त्रे पुराणके। इतिहासे च वृत्तिर्या स जपः प्रोच्यते मया ॥ १२ ॥ जपस्तु द्विविधः प्रोक्तो वाचिको मानसस्तथा ॥ १३ ॥ वाचिकोपांशुरुच्चैश्च द्विविधः परिकीर्तितः। मानसो मननध्यानभेदाद्द्वैविध्यमाश्रितः ॥ १४ ॥ उच्चैर्जपादुपांशुश्च सहस्रगुणमुच्यते। मानसश्च तथोपांशोः सहस्रगुणमुच्यते ॥ १५ ॥ उच्चैर्जपश्च सर्वेषां यथोक्तफलदो भवेत्। नीचैः श्रोत्रेण चेन्मन्त्रः श्रुतश्चेन्निष्फलं भवेत् ॥ १६ ॥

॥ इति द्वितीयः खण्डः ॥

## तृतीय खण्डः

स्वस्तिकं गोमुखं पद्मं वीरसिंहासने तथा। भद्रं मुक्तासनं चैव मयूरासनमेव च ॥ १ ॥ सुखासनसमाख्यं च नवमं मुनिपुङ्गव। जान्वोरन्तरे कृत्वा सम्यक् पादतले उभे ॥ २ ॥ समग्रीवशिरःकायः स्वस्तिकं नित्यमभ्यसेत्। सव्ये दक्षिणगुल्फं तु पृष्ठपार्श्वे नियोजयेत् ॥ ३ ॥ दक्षिणेऽपि तथा सव्यं गोमुखं तत्प्रचक्षते। अङ्गुष्ठावधि

જ્ઞાનમય, અનંત, પરમાનંદરૂપ, સર્વથી પર અને અવિનાશી છે, એમ સમજવું; તેને વિદ્વાનો વેદાંત-શ્રવણ કહે છે. ૯ વૈદિક અને લૌકિક માર્ગોમાં જે કર્મ નિંદિત હોય, તેમાં શરમ થાય, તેને જ લજ્જા કહી છે; અને વેદમાં કહેલાં સર્વ કર્મો પર જે શ્રદ્ધા હોય તે મતિ કહેવાય છે. ૧૦ ગુરુએ ઉપદેશ્યો હોય પણ તે વિષેના સંબંધ વિનાનો હોઈ કેવળ વેદોક્ત માર્ગે જ મંત્ર જપાય તે જપ કહેવાય છે; ૧૧ તેમ જ કલ્પસૂત્રમાં, વેદમાં, ધર્મશાસ્ત્રમાં, પુરાણમાં તથા ઇતિહાસમાં જે વૃત્તિ રહે, તેને હું જપ કહું છું. ૧૨ જપ બે પ્રકારનો કહેવાય છે—વાચિક અને માનસિક. તેમાં વાચિક બે પ્રકારનો છે: ધીમો અને ઊંચેથી; તેમ જ માનસિક પણ બે પ્રકારનો છે: મનનથી અને ધ્યાનથી. ઊંચેથી જપવા કરતાં ધીમે જપવો તે હજારગણો ફળદાયી કહેવાય છે, અને ધીમા કરતાં પણ માનસિક જપ જપવો તે તેના કરતાં યે હજારગણો ફળદાયી છે. ૧૩-૧૫ ઊંચેથી જપ જપવો, તે તો બધાને કહ્યા પ્રમાણે જ ફળદાયી થાય છે; પણ ધીમેથી જપ કરવા છતાં જો કાનેથી સંભળાઈ જાય તો નિષ્ફળ થાય છે. ૧૬

દ્વિતીય ખંડ સમાપ્ત

## ત્રીજો ખંડ

હે મુનિશ્રેષ્ઠ! સ્વસ્તિક, ગોમુખ, પદ્મ, વીરાસન, સિંહાસન, ભદ્રાસન, મુક્તાસન, મયૂરાસન અને સુખાસન-એમ નવ પ્રકારનાં આસનો છે. તેમાં બન્ને ઢીંચણ અને બેય સાથળોની વચ્ચે પગનાં બન્ને તળિયાં સારી રીતે રાખી ડોક, માથું ને શરીર સરખાં-ટટ્ટાર કરવાં (ને બેસવું), તે સ્વસ્તિક આસન છે; તેનો નિત્ય અભ્યાસ કરવો. પીઠના જમણે પડખે જમણી ઘૂંટી જોડવી; તે જ પ્રમાણે જમણી બાજુ જ ડાબી ઘૂંટી જોડવી,

गृह्णीयाद्धस्ताभ्यां व्युत्क्रमेण तु ॥ ४ ॥ ऊर्वोरुपरि विप्रेन्द्र कृत्वा पादतलद्वयम् । पद्मासनं भवेत्प्राज्ञ सर्वरोगभयापहम् ॥ ५ ॥ दक्षिणेतरपादं तु दक्षिणोरुणि विन्यसेत् । ऋजुकायः समासीनो वीरासनमुदाहृतम् ॥ ६ ॥ गुल्फौ तु वृषणस्याधः सीवन्याः पार्श्वयोः क्षिपेत् । पार्श्वपादौ च पाणिभ्यां दृढं बद्ध्वा सुनिश्चलम् । भद्रासनं भवेदेतद्विषरोगविनाशनम् ॥ ७ ॥ निपीड्य सीवनीं सूक्ष्मं दक्षिणेतरगुल्फतः । वामं याम्येन गुल्फेन मुक्तासनमिदं भवेत् ॥ ८ ॥ मेढ्रादुपरि निक्षिप्य सव्यं गुल्फं ततोपरि । गुल्फान्तरं च संक्षिप्य मुक्तासनमिदं मुने ॥ ९ ॥ कूर्पराग्रे मुनिश्रेष्ठ निक्षिपेन्नाभिपार्श्वयोः । भूम्यां पाणितलद्वन्द्वं निक्षिप्यैकाग्रमानस ॥ १० ॥ समुन्नतशिरःपादो दण्डवद्व्योम्नि संस्थितः । मयूरासनमेतत्स्यात्सर्वपापप्रणाशनम् ॥ ११ ॥ येन केन प्रकारेण सुखं धैर्यं च जायते । तत्सुखासनमित्युक्तमशक्तस्तत्समाश्रयेत् ॥ १२ ॥ आसनं विजितं येन जितं तेन जगत्त्रयम् । अनेन विधिना युक्तः प्राणायामं सदा कुरु ॥ १३ ॥

॥ इति तृतीयः खण्डः ॥

## चतुर्थः खण्डः

शरीरं तावदेव स्यात्षण्णवत्यङ्गुलात्मकम् । देहमध्ये शिखिस्थानं तप्तजाम्बूनदप्रभम् ॥ १ ॥ त्रिकोणं मनुजानां तु सत्यमुक्तं हि सांकृते । गुदात्तु द्व्यङ्गुलादूर्ध्वं मेढ्रात्तु द्व्यङ्गुलादधः ॥ २ ॥

તેને ગોમુખાસન કહે છે. હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! બન્ને સાથળ ઉપર પગનાં બન્ને તળિયાં મૂકી અવળા હાથે અંગૂઠા સુધી પકડવા,

તે પદ્માસન થાય છે. હે બુદ્ધિમાન! આ આસન સર્વ રોગોના ભયનો નાશ કરે છે. ૧-૫ ડાબા પગને જમણી સાથળ પર મૂકવો; અને પછી સીધા શરીરે બેસવું, તેને વીરાસન કહે છે. ૬ બન્ને હાથથી બન્ને પગનાં પડખાં મજબૂત પકડી વૃષણની નીચે સીવની(લિંગમણિની નીચેનું સૂત્ર)ના બંને પડખે પગની બંને ઘૂંટીઓ મૂકવી, તે અતિ નિશ્ચળ ભદ્રાસન થાય છે. આ ઝેરનો તથા રોગનો નાશ કરનાર છે. ૭ ડાબી ઘૂંટીથી સીવનીના સૂક્ષ્મ ભાગને દબાવી જમણી ઘૂંટીથી ડાબો ભાગ દબાવવો, તે મુક્તાસન થાય છે. ૮ તેમ જ હે મુનિ! લિંગની ઉપર જમણી ઘૂંટી મૂકી તેના પર બીજી ઘૂંટી મૂકીને બેસવું, તે પણ મુક્તાસન છે. ૯ હે મુનિશ્રેષ્ઠ! કોણીની બન્ને અણી નાભિના બન્ને પડખે સ્થાપવી, પછી બન્ને હાથનાં તળિયાં જમીન પર મૂકી એકાગ્ર મનથી માથું ને પગ ઊંચા અદ્ધર આકાશમાં લઈ જઈ લાકડીની જેમ સીધા રહેવું. તે મયૂરાસન છે. એ સર્વ પાપોનો નાશ કરનાર છે. ૧૦,૧૧ જે કોઈ પ્રકારે સુખ અને ધીરજ થાય તેમ બેસવું, તેને સુખાસન કહ્યું છે; અશક્ત હોય તેણે આનો આશ્રય કરવો. ૧૨ જેણે આસન જીત્યું છે, તેણે ત્રણે જગત જીત્યાં છે; માટે આ વિધિથી યુક્ત થઈ નિત્ય તું પ્રાણાયામ કર. ૧૩

ત્રીજો ખંડ સમાપ્ત

## ચોથો ખંડ

શરીર છન્નું આંગળનું છે. મનુષ્યોના શરીરની મધ્યે ત્રણ ખૂણાવાળું અગ્નિનું સ્થાન છે, તે તપેલા સોના જેવી કાંતિવાળું છે. હે સાંકૃતિ! આ મેં સાચું કહ્યું છે. ગુદાથી બે આંગળ ઊંચે અને લિંગથી બે આંગળ નીચે, શરીરનો મધ્યભાગ છે; એમ મુનિઓ કહે છે. હે મુનિશ્રેષ્ઠ સાંકૃતિ! મૂલાધારથી નવ આંગળને

देहमध्यं मुनिप्रोक्तमनुजानीहि सांकृते । कन्दस्थानं मुनिश्रेष्ठ मूलाधारान्नवाङ्गुलम् ॥ ३ ॥ चतुरङ्गुलमायामविस्तारं मुनिपुङ्गव । कुक्कुटाण्डसमाकारं भूषितं तु त्वगादिभिः ॥ ४ ॥ तन्मध्ये नाभिरित्युक्तं योगज्ञैर्मुनिपुङ्गव । कन्दमध्यस्थिता नाडी सुषुम्नेति प्रकीर्तिता ॥ ५ ॥ तिष्ठन्ति परितस्तस्या नाड्यो मुनिपुङ्गव । द्विसप्ततिसहस्राणि तासां मुख्याश्चतुर्दश ॥ ६ ॥ सुषुम्ना पिङ्गला तद्वदिडा चैव सरस्वती । पूषा च वरुणा चैव हस्तिजिह्वा यशस्विनी ॥ ७ ॥ अलम्बुसा कुहूश्चैव विश्वोदरी तपस्विनी । शङ्खिनी चैव गान्धारा इति मुख्याश्चतुर्दश ॥ ८ ॥ आसां मुख्यतमास्तिस्रस्तिसृष्वेकोत्तमोत्तमा । ब्रह्मनाडीति सा प्रोक्ता मुने वेदान्तवेदिभिः ॥ ९ ॥ पृष्ठमध्यस्थितेनास्थ्ना वीणादण्डेन सुव्रत । सह मस्तकपर्यन्तं सुषुम्ना सुप्रतिष्ठिता ॥ १० ॥ नाभिकन्दादधः स्थानं कुण्डल्या द्व्यङ्गुलं मुने । अष्टप्रकृतिरूपा सा कुण्डली मुनिसत्तम ॥ ११ ॥ यथावद्वायुचेष्टां च जलान्नादीनि नित्यशः । परितः कन्दपार्श्वेषु निरुध्यैव सदा स्थिता ॥ १२ ॥ स्वमुखेन समावेष्ट्य[1] ब्रह्मरन्ध्रमुखं मुने । सुषुम्नाया इडा सव्ये दक्षिणे पिङ्गला स्थिता ॥ १३ ॥ सरस्वती कुहूश्चैव सुषुम्नापार्श्वयोः स्थिते । गान्धारा हस्तिजिह्वा च इडायाः पृष्ठपार्श्वयोः ॥ १४ ॥ पूषा यशस्विनी चैव पिङ्गला पृष्ठपूर्वयोः । कुहोश्च हस्तिजिह्वाया मध्ये विश्वोदरी स्थिता ॥ १५ ॥ यशस्विन्याः कुहोर्मध्ये वरुणा सुप्रतिष्ठिता । पूषायाश्च सरस्वत्या मध्ये प्रोक्ता यशस्विनी ॥ १६ ॥ गान्धारायाः सरस्वत्या मध्ये प्रोक्ता च शङ्खिनी । अलम्बुसा

---

१ सदावेष्ट्य.

અંતરે કંદસ્થાન છે, એમ તારે જાણવું. ૧–૩ હે મુનિશ્રેષ્ઠ! તે ચાર આંગળ લાંબું-પહોળું, કૂકડાના ઈંડા જેવા આકારવાળું અને ચામડી વગેરેથી શણગારેલું છે. ૪ હે મુનિશ્રેષ્ઠ! તેની વચ્ચે નાભિ છે, એમ યોગ જાણનારાઓએ કહ્યું છે. એ કંદની વચ્ચે જે નાડી છે, તેને સુષુમ્ના કહે છે. ૫ મુનિશ્રેષ્ઠ! તે નાડીની ચારે બાજુ બોતેર હજાર નાડીઓ રહેલી છે; તેઓમાં ચૌદ મુખ્ય છે. ૬ સુષુમ્ના, પિંગલા, ઇડા, સરસ્વતી, પૂષા, વરુણા, હસ્તિજિહ્વા, યશસ્વિની, અલંબુસા, કુહૂ, વિશ્વોદરી, તપસ્વિની, શંખિની અને ગાંધારા–આ ચૌદ મુખ્ય નાડીઓ છે. ૭,૮ હે મુનિ! આ નાડીઓમાં પણ ત્રણ અતિશય મુખ્ય છે અને તે ત્રણમાં પણ એક ઉત્તમોત્તમ છે. તેને વેદાંત જાણનારાઓ બ્રહ્મનાડી કહે છે. ૯ એ સુષુમ્ના નાડી પીઠની વચ્ચે રહેલા વીણાદંડ જેવી હાડકાની સાથે મસ્તક સુધી પહોંચેલી છે. ૧૦ હે મુનિ! નાભિકંદની નીચે બે આંગળનું કુંડલીનું સ્થાન છે. હે મુનિશ્રેષ્ઠ! તે કુંડલી આઠ પ્રકૃતિરૂપ છે; ૧૧ અને તે વાયુની ચેષ્ટાને નિત્ય બરાબર જાળવી રાખે છે અને જળ તથા અન્ન વગેરેને કંદની ચારે બાજુ રોકીને સદા રહેલી છે. ૧૨ વળી તેણે પોતાના મુખ વડે બ્રહ્મરંધ્રનું મુખ વીંટી લીધું છે. હે મુનિ! સુષુમ્નાની ડાબી બાજુ ઇડા છે અને જમણી બાજુ પિંગલા રહેલી છે. ૧૩ તેમ જ સરસ્વતી અને કુહૂ નાડીઓ પણ સુષુમ્નાની બન્ને બાજુ રહેલી છે; અને ગાંધારા તથા હસ્તિજિહ્વા ઇડાની પીઠનાં બન્ને પડખે રહી છે. ૧૪ પૂષા અને યશસ્વિની નાડી પિંગલા નાડીની પીઠની પૂર્વે રહેલી છે; તેમ જ વિશ્વોદરી નાડી કુહૂ તથા હસ્તિજિહ્વાની વચ્ચે રહેલી છે. ૧૫ યશસ્વિની તથા કુહૂની વચ્ચે વરુણા રહેલી છે અને પૂષા તથા સરસ્વતીની વચ્ચે યશસ્વિની કહેવાય છે. ૧૬ ગાંધારા

स्थिता पायुपर्यन्तं कन्दमध्यगा ॥ १७ ॥ पूर्वभागे सुषुम्नाया राकायाः संस्थिता कुहूः । अदश्चोर्ध्वं स्थिता नाडी याम्यनासान्तमिष्यते ॥ १८ ॥ इडा तु सव्यनासान्तं संस्थिता मुनिपुङ्गव । यशस्विनी च वामस्य पादाङ्गुष्ठान्तमिष्यते ॥ १९ ॥ पूषा वामाक्षिपर्यन्ता पिङ्गलायास्तु पृष्ठतः । पयस्विनी च याम्यस्य कर्णान्तं प्रोच्यते बुधैः ॥ २० ॥ सरस्वती तथा चोर्ध्वंगता जिह्वा[1] तथा मुने । हस्तिजिह्वा तथा सव्यपादाङ्गुष्ठान्तमिष्यते ॥ २१ ॥ शङ्खिनी नाम या नाडी सव्यकर्णान्तमिष्यते । गान्धारा सव्यनेत्रान्ता प्रोक्ता वेदान्तवेदिभिः ॥ २२ ॥ विश्वोदराभिधा नाडी कन्दमध्ये व्यवस्थिता । प्राणोऽपानस्तथा व्यानः समानोदान एव च ॥२३॥ नागः कूर्मश्च कृकरो देवदत्तो धनंजयः । एते नाडीषु सर्वासु चरन्ति दश वायवः ॥ २४ ॥ तेषु प्राणादयः पञ्च मुख्याः पञ्चसु सुव्रत । प्राणसंज्ञस्तथापानः पूज्यः प्राणस्तयोर्मुने ॥ २५ ॥ आस्यनासिकयोर्मध्ये नाभिमध्ये तथा हृदि । प्राणसंज्ञोऽनिलो नित्यं वर्तते मुनिसत्तम ॥ २६ ॥ अपानो वर्तते नित्यं गुदमध्योरुजानुषु[2] । उदरे सकले कट्यां नाभौ जङ्घे च सुव्रत ॥ २७ ॥ व्यानः श्रोत्राक्षिमध्ये च ककुद्भ्यां गुल्फयोरपि । प्राणस्थाने गले चैव वर्तते मुनिपुङ्गव ॥ २८ ॥ उदानसंज्ञो विज्ञेयः पादयोर्हस्तयोरपि । समानः सर्वदेहेषु व्याप्य तिष्ठत्यसंशयः ॥ २९ ॥ नागादिवायवः पञ्च त्वगस्थ्यादिषु

તથા સરસ્વતીની વચ્ચે શંખિની રહેલી છે; અને અલંબુસા નાડી કંદની વચ્ચે જઈને ગુદા સુધી રહેલી છે. ૧૭ સુષુમ્ના

---

[1] चोर्ध्वगा जिह्वान्तं. [2] गुदमेढ्रोरु जानुषु.

નાડી પૂનમ જેવી છે; તેના પૂર્વ ભાગમાં ઉપર અને નીચે કુહૂ નાડી રહેલી છે અને તે ડાબા નાક સુધી પહોંચેલી છે. ૧૮ હે મુનિશ્રેષ્ઠ! ઇડા નાડી જમણા નાક સુધી રહેલી છે અને યશસ્વિની નાડી ડાબા પગના અંગૂઠા સુધી રહી છે. ૧૯ પિંગલાની પાછળ પૂષા નાડી ડાબી આંખ સુધી ગયેલી છે અને યશસ્વિની ડાબા કાન સુધી ગયેલી હોવાનું વિદ્વાનો કહે છે.૨૦ હે મુનિ! સરસ્વતી અને જિહ્વા ઉપર ગયેલી છે અને હસ્તિજિહ્વા જમણા પગના અંગૂઠા સુધી મનાય છે. ૨૧ શંખિની નામની નાડી જમણા કાન સુધી છે અને ગાંધારા જમણા નેત્ર સુધી છે; એમ વેદાંત જાણનારાઓ કહે છે. ૨૨ વિશ્વોદરા નામની નાડી કંદની વચ્ચે રહેલી છે. પ્રાણ, અપાન, વ્યાન, સમાન, ઉદાન, નાગ, કર્મ, કૃકર, દેવદત્ત અને ધનંજય–આ આ દશ વાયુઓ બધી નાડીઓમાં ફરે છે. ૨૩,૨૪ હે ઉત્તમ વ્રતવાળા મુનિ! આ દશ વાયુઓમાં પ્રાણ વગેરે પાંચ મુખ્ય છે; એ પાંચમાં પ્રાણ તથા અપાન મુખ્ય છે અને તે બન્નેમાં પણ પ્રાણ પૂજ્ય છે. ૨૫ હે મુનિશ્રેષ્ઠ! પ્રાણવાયુ મુખ અને નાકની વચ્ચે, નાભિમાં તથા હૃદયમાં નિત્ય રહે છે. ૨૬ હે ઉત્તમ વ્રતવાળા! અપાન વાયુ ગુદાની મધ્યે, બન્ને સાથળોમાં, બન્ને ઢીંચણોમાં, આખા પેટમાં, નાભિમાં તથા બન્ને પિંડીમાં નિત્ય રહે છે. ૨૭ હે મુનિશ્રેષ્ઠ! વ્યાન વાયુ આંખ અને કાનની મધ્યે બન્ને ખભામાં, બન્ને ઘૂંટીઓમાં અને પ્રાણના સ્થાન ગળામાં નિત્ય રહે છે. ૨૮ ઉદાન નામનો વાયુ બન્ને પગમાં તથા બન્ને હાથમાં પણ છે; તેમ જ સમાન વાયુ આખાય શરીરમાં નિઃસંશય વ્યાપીને રહેલો છે. ૨૯ હે સાંકૃતિ! નાગ વગેરે પાંચ વાયુઓ ચામડી, હાડકાં વગેરેમાં રહ્યા છે; શ્વાસોચ્છ્વાસ અને ઉધરસ વગેરે પ્રાણનાં કર્મ છે. ૩૦ વિષ્ઠા, મૂત્ર વગેરે બહાર કાઢવાં–એ

संस्थिताः। निश्वासोच्छ्वासकासाश्च प्राणकर्म हि सांकृते ॥ ३०॥ अपानाख्यस्य वायोस्तु विण्मूत्रादिविसर्जनम्। समानः सर्वसामीप्यं करोति मुनिपुङ्गव ॥ ३१॥ उदान ऊर्ध्वगमनं करोत्येव न संशयः। व्यानो विवादकृत्प्रोक्तो मुने वेदान्तवेदिभिः ॥ ३२॥ उद्गारादिगुणः प्रोक्तो व्यानाख्यस्य महामुने। धनंजयस्य शोभादि कर्म प्रोक्तं हि सांकृते ॥ ३३॥ निमीलनादि कूर्मस्य क्षुधा तु कृकरस्य च। देवदत्तस्य विप्रेन्द्र तन्द्रीकर्म प्रकीर्तितम् ॥ ३४॥ सुषुम्नायाः शिवो देव इडाया देवता हरिः। पिङ्गलाया विरञ्चिः स्यात्सरस्वत्या विराण्मुने ॥ ३५॥ पूषाधिदेवता[1] प्रोक्ता वरुणा वायुदेवता। हस्तिजिह्वाभिधायास्तु वरुणो देवता भवेत् ॥ ३६॥ यशस्विन्या मुनिश्रेष्ठ भगवान्भास्करस्तथा। अलम्बुसाया अंबात्मा वरुणः परिकीर्तितः ॥ ३७॥ कुहो क्षुद्देवता प्रोक्ता गान्धारी चन्द्रदेवता। शङ्खिन्याश्चन्द्रमास्तद्वत्पयस्विन्याः प्रजापतिः ॥ ३८॥ विश्वोदराभिधायास्तु भगवान्पावकः पतिः। इडायां चन्द्रमा नित्यं चरत्येव महामुने ॥ ३९॥ पिङ्गलायां रविस्तद्वन्मुने वेदविदां वर। पिङ्गलायामिडायां तु वायोः संक्रमणं तु यत् ॥ ४०॥ तदुत्तरायणं प्रोक्तं मुने वेदान्तवेदिभिः। इडायां पिङ्गलायां तु प्राणसंक्रमणं मुने ॥ ४१॥ दक्षिणायनमित्युक्तं पिङ्गलायामिति श्रुतिः। इडापिङ्गलयोः संधिं यदा प्राणः समागतः ॥ ४२॥ अमावास्या तदा

અપાન નામના વાયુનાં કર્મ છે; અને હે મુનિશ્રેષ્ઠ! સમાન

---

१ पूषाधिर्देवता

વાયુ સર્વનું સમીપપણું કરે છે. ૩૧ ઉદાન વાયુ ઊંચી જ ગતિ કરે છે, એમાં સંશય નથી; અને હે મુનિ! વેદાંત જાણનારાઓએ વ્યાન વાયુને વિવાદ કરનારો કહ્યો છે. ૩૨ હે મહામુનિ સાંકૃતિ! ઓડકાર વગેરે ગુણ વ્યાનના કહેવાય છે અને ધનંજયનું કામ શોભા વગેરે કહેલ છે. ૩૩ હે બ્રાહ્મણશ્રેષ્ઠ! આંખ મીચવી વગેરે કૂર્મ વાયુનું કામ છે, ભૂખ લાગવી તે કૃકરનું કામ છે અને આળસ થવું તે દેવદત્તનું કામ કહેવાય છે. ૩૪ હે મુનિ! સુષુમ્ના નાડીના દેવ શંકર છે, ઇડાના દેવ વિષ્ણુ છે, પિંગલાના દેવ બ્રહ્મા છે અને સરસ્વતીના દેવ વિરાટ છે. ૩૫ પૂષાના દેવ પૂષા છે; વરુણાના દેવ વાયુ છે; હસ્તિજિહ્વાના દેવ વરુણ છે. હે મુનિશ્રેષ્ઠ! યશસ્વિનીના દેવ ભગવાન સૂર્ય છે, અલંબુસાના દેવ જળરૂપ વરુણ છે, કુહૂના દેવ ક્ષુધા છે, ગાંધારીના દેવ ચંદ્ર છે, શંખિનીના દેવ પણ ચંદ્રમા જ છે, પયસ્વિનીના દેવ પ્રજાપતિ છે, વિશ્વોદરાના દેવ ભગવાન અગ્નિ છે; અને હે મહામુનિ! ઇડામાં નિત્ય ચંદ્રમા ફરે છે; ૩૬–૩૯ તેમ જ હે વેદવેત્તાઓમાં શ્રેષ્ઠ મુનિ! પિંગલામાં સૂર્ય ફરે છે; અને પિંગલા તથા ઇડામાં વાયુનો જે સંચાર થાય છે, ૪૦ તેને જ વેદાંત જાણનારાઓ ઉત્તરાયણ કહે છે; તેમ જ હે મુનિ! ઇડામાં તથા પિંગલામાં પ્રાણવાયુનું જે ગમન થાય છે, તેને શ્રુતિ દક્ષિણાયન કહે છે. જે સમયે ઇડા અને પિંગલાની સંધિમાં પ્રાણ આવે છે, તે જ સમયે પ્રાણીઓના દેહમાં અમાસ કહેવાય છે. હે દેહધારીઓમાં શ્રેષ્ઠ! હે પંડિતોમાં ઉત્તમ! જે કાળે પ્રાણવાયુ મૂલાધારમાં પ્રવેશ કરે છે, ત્યારે તેને તપસ્વીઓ પહેલો વિષુવકાળ* કહે છે. હે તપસ્વીઓમાં ઉત્તમ મુનિશ્રેષ્ઠ! જે સમયે પ્રાણવાયુ મસ્તકમાં પ્રવેશ કરે

* જેમાં રાતદિવસ સરખાં હોય છે તે કાળને વિષુવકાળ કહે છે.

प्रोक्ता देहे देहभृतां वर । मूलाधारं यदा प्राणः प्रविष्टः पण्डितोत्तम ॥ ४३ ॥ तदाद्यं विषुवं प्रोक्तं तापसैस्तापसोत्तम । प्राणसंज्ञो मुनिश्रेष्ठ मूर्धानं प्राविशद्यदा ॥ ४४ ॥ तदन्त्यं विषुवं प्रोक्तं तापसैस्तत्त्वचिन्तकैः । निःश्वासोच्छ्वासनं सर्वं मासानां संक्रमो भवेत् ॥४५॥ इडायाः कुण्डलीस्थानं यदा प्राणः समागतः । सोमग्रहणमित्युक्तं तदा तत्त्वविदां वर ॥ ४६ ॥ यदा पिङ्गलया प्राणः कुण्डलीस्थानमागतः । तदा तदा भवेत्सूर्यग्रहणं मुनिपुङ्गव ॥ ४७ ॥ श्रीपर्वतं शिरःस्थाने केदारं तु ललाटके । वाराणसी महाप्राज्ञ भ्रुवोर्घ्राणस्य मध्यमे ॥ ४८ ॥ कुरुक्षेत्रं कुचस्थाने प्रयागं हृत्सरोरुहे । चिदम्बरं तु हृन्मध्ये आधारे कमलालयम् ॥ ४९ ॥ आत्मतीर्थं समुत्सृज्य बहिस्तीर्थानि यो व्रजेत् । करस्थं स महारत्नं त्यक्त्वा काचं विमार्गते ॥ ५० ॥ भावतीर्थं परं तीर्थं प्रमाणं सर्वकर्मसु । अन्यथालिङ्गयते कान्ता अन्यथालिङ्गयते सुता ॥ ५१ ॥ तीर्थानि तोयपूर्णानि देवान्काष्ठादिनिर्मितान् । योगिनो न प्रपूज्यन्ते स्वात्मप्रत्ययकारणात् ॥ ५२ ॥ बहिस्तीर्थात्परं तीर्थमन्तस्तीर्थं महामुने । आत्मतीर्थं महातीर्थमन्यत्तीर्थं निरर्थकम् ॥ ५३ ॥ चित्तमन्तर्गतं दुष्टं तीर्थस्नानैर्न शुद्ध्यति । शतशोऽपि जलैर्धौतं सुराभाण्डमिवाशुचि ॥ ५४ ॥ विषुवायनकालेषु ग्रहणे चान्तरे सदा । वाराणस्यादिके स्थाने स्नात्वा शुद्धो भवेन्नरः ॥ ५५ ॥ ज्ञानयोगपराणां तु पादप्रक्षालितं जलम् । भावशुद्ध्यर्थमज्ञानां तत्तीर्थं मुनिपुङ्गव ॥ ५६ ॥

છે, તે સમયને તત્ત્વચિંતક તપસ્વીઓ છેલ્લો વિષુવકાળ કહે છે; અને જે શ્વાસોચ્છ્વાસ ચાલ્યા કરે છે. તેને જ બધા

મહિનાઓની 'અવર-જવર કહે છે. ૪૧-૪૫ હે તત્ત્વવેત્તાઓમાં શ્રેષ્ઠ! ઇડાના કુંડલીસ્થાનમાં જ્યારે પ્રાણવાયુ આવ્યો હોય, ત્યારે તે ચંદ્રગ્રહણ થયું, એમ કહેવાય છે અને હે મુનિશ્રેષ્ઠ! જે વેળા પિંગલાના કુંડલીસ્થાનમાં પ્રાણવાયુ આવ્યો હોય, ત્યારે તે સૂર્યગ્રહણ થયું, એમ મનાય છે. ૪૬,૪૭ મસ્તકના સ્થાનમાં શ્રીપર્વત છે, લલાટમાં કેદારક્ષેત્ર છે અને હે મહાબુદ્ધિમાન! બે ભ્રમર અને નાકની વચ્ચે કાશીક્ષેત્ર છે; ૪૮ તેમ જ સ્તનના સ્થાનમાં કુરુક્ષેત્ર છે, હૃદયકમળમાં પ્રયાગતીર્થ છે, હૃદયની મધ્યે ચિદાકાશ છે અને મૂળાધારમાં લક્ષ્મીનું સ્થાન છે. ૪૯ આમ પોતાની અંદર જ બધાં તીર્થો રહ્યાં છે; છતાં જે મનુષ્ય બહારનાં તીર્થોમાં જાય છે, તે હાથમાં જ રહેલું ઉત્તમ રત્ન છોડી કાચને શોધે છે. ૫૦ ભાવતીર્થ એ જ ઉત્તમ તીર્થ છે અને તે જ સર્વ કર્મોમાં પ્રમાણ છે. સ્ત્રીનું આલિંગન બીજા ભાવે કરાય છે અને પુત્રીને ભેટવું પણ બીજા ભાવે હોય છે. ૫૧ યોગીઓને પોતાના આત્મામાં જ વિશ્વાસ હોય છે, તે કારણથી તેઓ જળથી ભરેલાં બહારનાં તીર્થોને તથા લાકડાં વગેરેમાંથી બનાવેલા (પ્રતિમારૂપ) દેવોને પૂજતા નથી. ૫૨ હે મહામુનિ! બહારના તીર્થ કરતાં અંદરનું તીર્થ ઉત્તમ છે; અને આત્મારૂપ તીર્થ જ મોટું તીર્થ છે, બીજાં તીર્થ નકામાં છે. ૫૩ સેંકડોવાર પાણીથી ધોવામાં આવે તોપણ દારુનું વાસણ જેમ અપવિત્ર જ રહે છે, તેમ અંદર રહેલું દુષ્ટ ચિત્ત બહારનાં તીર્થસ્નાનોથી શુદ્ધ થતું નથી. ૫૪ વિષુવ તથા ઉત્તરાયણના કાળે, ગ્રહણ વખતે અને બીજા કોઈ કાળે કાશી વગેરે તીર્થક્ષેત્રોમાં સ્નાન કરીને મનુષ્ય શુદ્ધ થાય છે, પણ હે મુનિશ્રેષ્ઠ! જે પુરુષો જ્ઞાનયોગમાં પરાયણ રહેતા હોય, તેઓના પગ ધોયાનું જળ તો અજ્ઞાનીઓને ભાવશુદ્ધિ માટે પ્રસિદ્ધ તીર્થરૂપ જ મનાય છે. ૫૫,૫૬ પોતાના

तीर्थे दाने जपे यज्ञे काष्ठे पाषाणके सदा। शिवं पश्यति मूढात्मा शिवे देहे प्रतिष्ठिते ॥ ५७ ॥ अन्तस्थं मां परित्यज्य बहिष्ठं यस्तु सेवते। हस्तस्थं पिण्डमुत्सृज्य लिहेत्कूर्परमात्मनः ॥ ५८ ॥ शिवमात्मनि पश्यन्ति प्रतिमासु न योगिनः। अज्ञानां भावनार्थाय प्रतिमाः परिकल्पिताः ॥ ५९ ॥ अपूर्वमपरं ब्रह्म स्वात्मानं सत्यमद्वयम्। प्रज्ञानघनमानन्दं यः पश्यति स पश्यति ॥ ६० ॥ नाडीपुञ्जं सदाऽसारं नरभावं महामुने। समुत्सृज्यात्मनात्मानमहमित्येव धारय ॥ ६१ ॥ अशरीरं शरीरेषु महान्तं विभुमीश्वरम्। आनन्दमक्षरं साक्षान्मत्वा धीरो न शोचति ॥ ६२ ॥ विभेदजनकेऽज्ञाने नष्टे ज्ञानबलान्मुने। आत्मनो ब्रह्मणो भेदमसन्तं कि[1] करिष्यति ॥६३॥

इति चतुर्थः खण्डः ॥ ४ ॥

## पञ्चमः खण्डः

सम्यक्कथय मे ब्रह्मन्नाडीशुद्धिं समासतः। यथा शुद्ध्या सदा ध्यायञ्जीवन्मुक्तो भवाम्यहम् ॥ १ ॥ सांकृते शृणु वक्ष्यामि नाडीशुद्धिं समासतः। विध्युक्तकर्मसंयुक्तः कामसंकल्पवर्जितः ॥ २ ॥ यमाद्यष्टांङ्गसंयुक्तः शान्तः सत्यपरायणः। स्वात्मन्यवस्थितः सम्यग्ज्ञानिभिश्च सुशिक्षितः ॥ ३ ॥ पर्वताग्रे नदीतीरे बिल्वमूले वनेऽ-

શરીરમાં જ શિવ રહ્યા છે, છતાં મૂઢાત્મા મનુષ્ય તીર્થમાં દાનમાં, જપમાં, યજ્ઞમાં, લાકડામાં તથા પથ્થરમાં સદા શિવ (પોતાનું કલ્યાણ) જુએ છે! ૫૭ (પરમેશ્વર પોતે કહે છે કે,) પોતાની અંદર જ રહેલા મને (પરમેશ્વરને) છોડીને જે મનુષ્ય

---

[1] कः करिष्यति.

બહાર રહેલા મને સેવે છે, તે હાથમાં રહેલો સાકરનો ગાંગડો છોડી પોતાની કોણીને ચાટે છે. યોગીઓ પોતામાં જ શિવને જુએ છે, પ્રતિમાઓમાં જોતા નથી. ૫૮ પ્રતિમાઓ તો અજ્ઞાનીઓને ભાવના થાય, તે માટે કલ્પી કાઢી છે. ૫૯ જે મનુષ્ય પોતાના આત્માને જ સત્ય, અદ્વૈત, પ્રજ્ઞાનમય અને આનંદરૂપ અપૂર્વ અપર બ્રહ્મ જુએ છે, તે જ (સાચું) જુએ છે. ૬૦ હે મહામુનિ! નાડીઓના ઢગલા જેવું મનુષ્યપણું સદા અસાર છે; માટે તેનો ત્યાગ કરી તું પોતે જ 'હું આત્મા છું' એમ ધારણ કર. ૬૧ દરેક શરીરમાં શરીરથી જુદો, આનંદમય, અવિનાશી અને વ્યાપક મહાન ઈશ્વર સાક્ષાત્ રહ્યો છે, એમ તેને જાણીને ધીર પુરુષ શોક કરતો નથી. ૬૨ હે મુનિ! ભેદ ઉપજાવનારું અજ્ઞાન, જ્ઞાનના બળથી નાશ પામ્યું હોય, ત્યારે આત્મા અને બ્રહ્મમાં ભેદ રહેતો જ નથી; છતાં તે ભેદ કોણ કરી શકે તેમ છે? ૬૩

ચોથો ખંડ સમાપ્ત

## પાંચમો ખંડ

સાંકૃતિ બોલ્યા : 'હે બ્રાહ્મણ! નાડીશુદ્ધિને સંક્ષેપમાં બરાબર સમજાવો, જે શુદ્ધિ દ્વારા આત્માનું સદા ધ્યાન કરતો હું જીવન્મુક્ત થાઉં.' ૧

દત્તાત્રેય બોલ્યા : 'હે સાંકૃતિ! સંક્ષેપમાં નાડીશુદ્ધિ કહું છું, સાંભળ. (પ્રથમ તો) શાસ્ત્રોક્ત કર્મોમાં જોડાયેલા થવું અને કામનાવાળા સંકલ્પોનો ત્યાગ કરવો; ૨ પછી યમ આદિ અષ્ટાંગમાં જોડાઈ શાંત અને સત્યપરાયણ થઈ જ્ઞાનીઓ પાસે સારી રીતે શિક્ષિત થવું ને પોતાના આત્મામાં સ્થિતિ કરવી. ૩ તે વેળા પર્વતની ટોચે, નદીકિનારે, બીલીના

थवा । मनोरमे शुचौ देशे मठं कृत्वा समाहितः ॥ ४ ॥ आरभ्य चासनं पश्चात्प्राङ्मुखोदङ्मुखोऽपि वा । समग्रीवशिरःकायः संवृतास्यः सुनिश्चलः ॥ ५ ॥ नासाग्रे शशभृद्बिम्बे बिन्दुमध्ये तुरीयकम् । स्रवन्तममृतं पश्येन्नेत्राभ्यां सुसमाहितः ॥ ६ ॥ इडया प्राणमाकृष्य पूरयित्वोदरे स्थितम् । ततोऽग्निं देहमध्यस्थं ध्यायञ्ज्वालावलीयुतम् ॥ ७ ॥ बिन्दुनादसमायुक्तमग्निबीजं विचिन्तयेत् । पश्चाद्विरेचयेत्सम्यक्प्राणं पिङ्गलया बुधः ॥ ८ ॥ पुनः पिङ्गलयापूर्य वह्निबीजमनुस्मरेत् पुनर्विरेचयेद्धीमानिडयैव शनैः शनैः ॥ ९ ॥ त्रिचतुर्वासरं वाथ त्रिचतुर्वारमेव च । षट्कृत्वो विचरेन्नित्यं रहस्येवं त्रिसंधिषु ॥ १० ॥ नाडीशुद्धिमवाप्नोति पृथक्चिह्नोपलक्षितः । शरीरलघुता दीप्तिर्वह्नेर्जाठरवर्तिनः ॥ ११ ॥ नादाभिव्यक्तिरित्यतच्चिह्नं तत्सिद्धिसूचकम् । यावदेतानि संपश्येत्तावदेवं समाचरेत् ॥१२॥ अथवैतत्परित्यज्य स्वात्मशुद्धिं समाचरेत् । आत्मा शुद्धः सदा नित्यः सुखरूपः स्वयम्प्रभः ॥ १३ ॥ अज्ञानान्मलिनो भाति ज्ञानाच्छुद्धो भवत्ययम् । अज्ञानमलपङ्कं यः क्षालयेज्ज्ञानतोयतः । स एव सर्वदा शुद्धो नान्यः कर्मरतो हि सः ॥ १४ ॥

॥ पञ्चम खण्डः ॥

## षष्ठ खण्डः

प्राणायामक्रमं वक्ष्ये सांकृते शृणु सादरम् । प्राणायाम इति

ઝાડના મૂળ પાસે અથવા વનમાં સુંદર પવિત્ર પ્રદેશમાં મઠ બાંધી, ત્યાં આસન ગોઠવી, પૂર્વાભિમુખ અથવા ઉત્તરાભિમુખે એકાગ્ર થઈ તેના પર બેસવું. તે વખતે ડોક, માથું અને

શરીર સીધાં રાખવાં, મોઢું બંધ રાખવું અને અત્યંત નિશ્ચળ રહેવું; પછી અત્યંત એકાગ્ર થઈ નાકની આગળ ચંદ્રમંડળમાં બિંદુની મધ્યે તુરીય સ્થાન છે અને તે અમૃતને સ્રવી રહ્યું છે; એમ બન્ને નેત્રોથી જોવું. ૪-૬ ઇડા નાડી વડે પ્રાણવાયુને ખેંચી પેટમાં પૂરીને પછી દેહની મધ્યે રહેલા અગ્નિનું જ્વાળાઓના સમૂહ સાથે ધ્યાન કરવું; તેમ જ બિંદુ–નાદ સહિત અગ્નિબીજનું ચિંતન કરવું પછી વિદ્વાન મનુષ્યે પિંગલા નાડી દ્વારા અંદરના પ્રાણને સારી રીતે બહાર કાઢવો. ૭,૮ બુદ્ધિમાન મનુષ્યે ફરી પિંગલા નાડીથી પ્રાણવાયુને પૂરી અગ્નિબીજનું સ્મરણ કરવું અને ફરી ઇડા નાડીથી જ ધીમેધીમે વાયુને બહાર કાઢવો. ૯ એમ ત્રણ સંધ્યાસમયે એકાંતમાં ત્રણ–ચાર દિવસ સુધી ત્રણ–ચાર વાર અને પછી દરરોજ છ વાર કર્યા કરવું; ૧૦ તેથી નાડીશુદ્ધિ થાય છે, તેનાં જુદાં જુદાં લક્ષણો જણાય છે, શરીરમાં હલકાઈ થાય છે અને જઠરનો અગ્નિ પ્રદીપ્ત થાય છે.૧૧ વળી અંદરથી નાદ સંભળાય છે, આ પણ નાડીશુદ્ધિ સિદ્ધ થવાનું સૂચક ચિહ્ન છે; જ્યાં સુધી ઉપરનાં ચિહ્નો જુએ ત્યાં સુધી એમ કર્યા કરવું. ૧૨ તે પછી એનો ત્યાગ કરી પોતાના આત્માની શુદ્ધિ કરવી. જો કે આત્મા તો સદા શુદ્ધ, નિત્ય, સુખરૂપ અને સ્વયંપ્રકાશ છે, પણ તે અજ્ઞાનથી મેલો દેખાય છે અને જ્ઞાનથી શુદ્ધ થાય છે. જે મનુષ્ય અજ્ઞાનરૂપી મેલના કાદવને જ્ઞાનથી ધોઈ નાખે છે, તે જ સર્વદા શુદ્ધ થાય છે; તે સિવાયનો બીજો કર્મપરાયણ રહીને શુદ્ધ થતો જ નથી. ૧૩,૧૪

પાંચમો ખંડ સમાપ્ત

## છઠ્ઠો ખંડ

હવે હે સાંકૃતિ ! પ્રાણાયામનો ક્રમ કહું છું, તે આદરપૂર્વક તું સાંભળ. પૂરક, કુંભક અને રેચક–એમ ત્રણ પ્રકારનો

प्रोक्तो रेचपूरककुम्भकैः ॥ १ ॥ वर्णत्रयात्मकाः प्रोक्ता रेचपूरककुम्भकाः । स एष प्रणवः प्रोक्तः प्राणायामस्तु तन्मयः ॥ २ ॥ इडया वायुमाकृष्य पूरयित्वोदरे स्थितम् । शनैः षोडशभिर्मात्रैरकारं तत्र संस्मरेत् ॥ ३ ॥ पूरितं धारयेत्पश्चाच्चतुःषष्ट्या तु मात्रया । उकारमूर्तिमात्रापि संस्मरन्प्रणवं जपेत् ॥ ४ ॥ यावद्वा शक्यते तावद्धारयेज्जपतत्परः । पूरितं रेचयेत्पश्चान्मकारेणानिलं बुधः ॥ ५ ॥ शनैः पिङ्गलया तत्र द्वात्रिंशन्मात्रया पुनः । प्राणायामो भवेदेवं ततश्चैवं समभ्यसेत् ॥ ६ ॥ पुनः पिङ्गलयापूर्य मात्रैः षोडशभिस्तथा । अकारमूर्तिमत्रापि स्मरेदेकाग्रमानसः ॥ ७ ॥ धारयेत्पूरितं विद्वान्प्रणवं संजपन्वशी । उकारमूर्तिं स ध्यायंश्चतुःषष्ट्या तु मात्रया ॥ ८ ॥ मकारं तु स्मरन्पश्चाद्रेचयेदिडयानिलम् । एवमेव पुनः कुर्यादिडयापूर्य बुद्धिमान् ॥ ९ ॥ एवं समभ्यसेन्नित्यं प्राणायामं मुनीश्वर । एवमभ्यासतो नित्यं षण्मासाद्यत्नवान्भवेत् ॥ १० ॥ वत्सराद्ब्रह्मविद्वान्स्यात्तस्मान्नित्यं समभ्यसेत् । योगाभ्यासरतो नित्यं स्वधर्मनिरतश्च यः ॥ ११ ॥ प्राणसंयमनेनैव ज्ञानान्मुक्तो भविष्यति । बाह्यादापूरणं वायोरुदरे पूरको हि सः ॥ १२ ॥ संपूर्णकुम्भवद्वायोर्धारणं कुम्भको भवेत् । बहिर्विरेचनं वायोरुदराद्रेचकः स्मृतः ॥ १३ ॥ प्रस्वेदजनको यस्तु प्राणायामेषु सोऽधमः । कम्पनं मध्यमं विद्यादुत्थानं चोत्तमं विदुः ॥ १४ ॥ पूर्वं पूर्वं प्रकुर्वीत

પ્રાણાયામ કહેવાય છે. ૧ આ ત્રણે પ્રકારમાં પ્રત્યેકની અંદર ત્રણ ત્રણ અક્ષરો છે; તેથી આ પ્રાણાયામને પ્રણવ (ૐ)-રૂપ જ કહ્યો છે અને તે પ્રણવમય જ છે. ૨ ઇડા નાડીથી

બહારનો વાયુ ખેંચી પેટમાં પૂરીને ધીમેધીમે સોળ માત્રાઓ સહિત અકારનું તેમાં સ્મરણ કરવું. ૩ પછી પૂરેલા એ વાયુને ચોસઠ માત્રા સહિત ઉકારનું સ્મરણ કરતા રહી રોકી રાખવો અને પ્રણવનો જપ કરવો. ૪ જ્યાં સુધી પોતામાં શક્તિ હોય ત્યાં સુધી એમ તેને રોકી રાખવો અને જપપરાયણ રહેવું. પછી વિદ્વાને એ પૂરેલા વાયુને મકાર(ના જપ)વડે બહાર કાઢવો. ૫ એ વેળા પિંગલા નાડીથી તેને બહાર કાઢવો અને તે વેળા બત્રીસ માત્રા સહિત મકારનું ધ્યાન કરવું. એમ પ્રાણાયામ થાય છે અને એ રીતે તેનો અભ્યાસ કરવો. ૬ ફરી પિંગલાથી વાયુ પૂરીને સોળ માત્રાઓ સાથે અકાર મૂર્તિનું તેમાં એકાગ્ર મનથી ચિંતન કરવું. ૭ પછી વિદ્વાન જિતેંદ્રિય મનુષ્યે એ પૂરેલા વાયુને ચોસઠ માત્રાઓ સાથે ઉકાર મૂર્તિનું ધ્યાન કરતા રહી રોકી રાખવો ને પ્રણવનો જપ કરવો. ૮ પછી મકારનું સ્મરણ કરતા રહી ઇડા નાડી વડે વાયુને બહાર કાઢવો, એ જ પ્રમાણે બુદ્ધિમાને ફરી ઇડાથી વાયુને પૂરી અભ્યાસ કરવો. હે મુનીશ્વર! એમ નિત્ય પ્રાણાયામનો અભ્યાસ કરતા રહી છ મહિના સુધી યત્ન કરવો. ૯,૧૦ અને વર્ષમાં તો વિદ્વાન મનુષ્ય બ્રહ્મવેત્તા થાય છે; માટે નિત્ય અભ્યાસ કરવો. જે મનુષ્ય યોગાભ્યાસમાં રમણ કરે છે અને નિત્ય સ્વધર્મપરાયણ રહે છે; તે પ્રાણાયામ વડે જ જ્ઞાન પ્રાપ્ત કરી મુક્ત થાય છે. બહારથી વાયુને પેટમાં પૂરવો, તે પૂરક છે; ભરેલા ઘડાની પેઠે રોકી રાખવો, તે કુંભક છે; અને રોકેલા વાયુને પેટમાંથી બહાર કાઢવો, તે રેચક કહેવાય છે. ૧૧–૧૩ પ્રાણાયામોમાં જે પરસેવો ઉપજાવે તે અધમ છે; જેમાં કંપ થાય છે તે મધ્યમ છે અને જેમાં ઉત્થાન થાય તેને ઉત્તમ કહે છે. ૧૪ જ્યાં સુધી ઉત્થાન થાય ત્યાં સુધી પૂર્વ–

यावदुत्थानसंभवः। संभवत्युत्तमे प्राज्ञः प्राणायामे सुखी भवेत् ॥ १५ ॥ प्राणायामेन चित्तं तु शुद्धं भवति सुव्रत। चित्ते शुद्धे शुचिः साक्षात्प्रत्यग्ज्योतिर्व्यवस्थितः ॥ १६ ॥ प्राणश्चित्तेन संयुक्तः परमात्मनि तिष्ठति। प्राणायामपरस्यास्य पुरुषस्य महात्मनः ॥ १७॥ देहश्चोत्तिष्ठते तेन किंचिज्ज्ञानाद्विमुक्तता। रेचकं पूरकं मुक्त्वा कुम्भकं नित्यमभ्यसेत् ॥ १८ ॥ सर्वपापविनिर्मुक्तः सम्यग्ज्ञानमवाप्नुयात्। मनोजवत्वमाप्नोति पलितादि च नश्यति ॥ १९ ॥ प्राणायामैकनिष्ठस्य न किंचिदपि दुर्लभम्। तस्मात्सर्वप्रयत्नेन प्राणायामान्समभ्यसेत् ॥ २० ॥ विनियोगान्प्रवक्ष्यामि प्राणायामस्य सुव्रत। संध्ययोर्ब्राह्मकालेऽपि मध्याह्ने वाथवा सदा ॥ २१ ॥ बाह्यं प्राणं समाकृष्य पूरयित्वोदरेण च। नासाग्रे नाभिमध्ये च पादाङ्गुष्ठे च धारयेत् ॥ २२ ॥ सर्वरोगविनिर्मुक्तो जीवेद्वर्षशतं नरः। नासाग्रधारणाद्वापि जितो भवति सुव्रत ॥ २३ ॥ सर्वरोगनिवृत्तिः स्यान्नाभिमध्ये तु धारणात्। शरीरलघुता विप्र पादाङ्गुष्ठनिरोधनात् ॥२४॥ जिह्वया वायुमाकृष्य यः पिबेत्सततं नरः। श्रमदाहविनिर्मुक्तो योगी नीरोगतामियात् ॥ २५॥ जिह्वया वायुमाकृष्य जिह्वामूले निरोधयेत्। पिबेदमृतमव्यग्रं सकलं सुखमाप्नुयात् ॥ २६ ॥ इडया वायुमाकृष्य भ्रुवोर्मध्ये निरोधयेत्। यः पिबेदमृतं शुद्धं व्याधिभिर्मुच्यते हि सः ॥ २७ ॥ इडया वेदतत्त्वज्ञस्तथा पिङ्गलयैव च।

પૂર્વનો (અધમ ને મધ્યમ) પ્રાણાયામ કર્યા કરવો. પછી ઉત્તમ પ્રાણાયામ સિદ્ધ થાય, ત્યારે મનુષ્ય જ્ઞાની થઈને સુખી થાય છે. ૧૫ હે ઉત્તમ વ્રતવાળા! પ્રાણાયામથી ચિત્ત શુદ્ધ થાય છે; અને ચિત્ત શુદ્ધ

થતાં પવિત્ર થયેલો મનુષ્ય સાક્ષાત્ પ્રત્યગ્જ્યોતિસ્વરૂપે સ્થિતિ કરે છે. ૧૬ જે મહાત્મા પ્રાણાયામમાં પરાયણ રહે છે, તે પુરુષનો પ્રાણ ચિત્તની સાથે પરમાત્મામાં સ્થિતિ કરે છે. ૧૭ ઉત્તમ પ્રાણાયામથી દેહ કંઈક ઉત્થાન કરે છે (એટલે પોતાની મેળે અદ્ધર થઈ જાય છે). અને જ્ઞાન થતાં મુક્તપણું પ્રાપ્ત થાય છે; માટે (ક્રમશઃ) રેચક તથા પૂરકનો ત્યાગ કરી નિત્ય કુંભકનો અભ્યાસ કરવો. ૧૮ પ્રાણાયામનો અભ્યાસ કરવાથી મનુષ્ય સર્વ પાપોથી મુક્ત થઈ ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત કરે છે, મન જેવા વેગને પામે છે અને પળિયાં વગેરે નાશ પામે છે. ૧૯ કેવળ એક પ્રાણાયામમાં જ તત્પર રહેનારને કંઈ પણ દુર્લભ નથી; માટે સર્વ પ્રયત્નથી પ્રાણાયામોનો અભ્યાસ કરવો. ૨૦ હે ઉત્તમ વ્રતવાળા! હવે પ્રાણાયામના વિનિયોગ કહું છું; બન્ને સંધ્યાસમયે, બ્રહ્મકાળે (પરોઢિયે) અથવા મધ્યાહ્નસમયે નિત્ય બહારનો વાયુ ખેંચી, પેટમાં પૂરી નાસિકાના અગ્રભાગમાં, નાભિના મધ્યમાં અને પગના અંગૂઠામાં રોકી રાખવો. ૨૧,૨૨ નાસિકાના અગ્રભાગે વાયુને રોકવાથી મનુષ્ય સર્વ રોગથી મુક્ત થઈ સો વર્ષ સુધી જીવે છે અને વાયુ પણ જિતાય છે. ૨૩ હે બ્રાહ્મણ! નાભિની મધ્યે રોકવાથી સર્વ રોગો દૂર થાય છે અને પગના અંગૂઠામાં રોકવાથી શરીરમાં હલકાઈ થાય છે. ૨૪ જે યોગી મનુષ્ય જીભથી વાયુ ખેંચીને હમેશ પીએ છે, તે શ્રમ તથા દાહથી મુક્ત થઈ નીરોગીપણું પામે છે. ૨૫ જે મનુષ્ય જીભથી વાયુ ખેંચીને જીભના મૂળમાં રોકે છે, તે અમૃતને પીએ છે અને અવ્યગ્ર રહી સકળ સુખ પામે છે. ૨૬ જે મનુષ્ય ઇડા નાડીથી વાયુ ખેંચીને બે ભમરની વચ્ચે રોકે છે, તે શુદ્ધ અમૃત પીએ છે અને રોગોથી છૂટે છે. ૨૭ ઇડા દ્વારા વાયુ ખેંચવા વડે વેદનાં તત્ત્વ જાણનારો

नाभौ निरोधयेत्तेन व्याधिभिर्मुच्यते नरः ॥ २८ ॥ मासमात्रं त्रिसन्ध्यायां जिह्वयारोप्य मारुतम् । अमृतं च पिबन्नाभौ मन्दं मन्दं निरोधयेत् ॥ २९ ॥ वातजाः पित्तजा दोषा नश्यन्त्येव न संशयः । नासाभ्यां वायुमाकृष्य नेत्रद्वन्द्वे निरोधयेत् ॥ ३० ॥ नेत्ररोगा विनश्यन्ति तथा श्रोत्रनिरोधनात् । तथा वायुं समारोप्य धारयेच्छिरसि स्थितम् ॥ ३१ ॥ शिरोरोगा विनश्यन्ति सत्यमुक्तं हि सांकृते । स्वस्तिकासनमास्थाय समाहितमनास्तथा ॥ ३२ ॥ अपानमूर्ध्वमुत्थाप्य प्रणवेन शनैः शनैः । हस्ताभ्यां धारयेत्सम्यक्कर्णादिकरणानि च ॥ ३३ ॥ अङ्गुष्ठाभ्यां मुने श्रोत्रे तर्जनीभ्यां तु चक्षुषी । नासापुटावथान्याभ्यां प्रच्छाद्य करणानि वै ॥ ३४ ॥ आनन्दाविर्भवो यावत्तावन्मूर्धनि धारणात् । प्राणः प्रयात्यनेनैव ब्रह्मरन्ध्रं महामुने ॥ ३५ ॥ ब्रह्मरन्ध्रं गते वायौ नादश्चोत्पद्यतेऽनघ । शङ्खध्वनिनिभश्चादौ मध्ये मेघध्वनिर्यथा ॥ ३६ ॥ शिरोमध्यगते वायौ गिरिप्रस्रवणं यथा । पश्चात्प्रीतो महाप्राज्ञः साक्षादात्मोन्मुखो भवेत् ॥ ३७ । पुनस्तज्ज्ञाननिष्पत्तिर्योगात्संसारनिह्नुतिः । दक्षिणोत्तरगुल्फेन सीवनीं पीडयेत्स्थिरम् ॥ ३८ ॥ सव्येतरेण गुल्फेन पीडयेद्बुद्धिमान्नरः । जान्वोरधः स्थितां सन्धिं स्मृत्वा देवं त्रियम्बकम् ॥ ३९ ॥ विनायकं च संस्मृत्य तथा वागीश्वरीं पुनः । लिङ्गनालात्समाकृष्य वायुमप्यग्रतो मुने ॥ ४० ॥ प्रणवेन नियुक्तेन बिन्दुयुक्तेन बुद्धिमान् । मूलाधारस्य विप्रेन्द्र मध्ये तं तु निरोधयेत्

થાય છે અને પિંગલાથી વાયુ ખેંચી નાભિમાં જે રોકે છે, તે મનુષ્ય રોગોથી રહિત થાય છે. ૨૮ એક મહિના સુધી ત્રણે સંધ્યાસમયે

જીભ વડે વાયુ ખેંચીને જે અમૃતપાન કરે છે અને ધીમેધીમે વાયુને નાભિમાં રોકે છે, તેના વાયુથી તથા પિત્તથી થયેલા દોષો નાશ જ પામે છે, એમાં સંશય નથી. તેમ જ બન્ને નાક વડે વાયુ ખેંચીને બન્ને નેત્રોમાં જે રોકે છે, તેના નેત્રરોગો નાશ પામે છે; અને કાનમાં રોકવાથી તેમ જ ઊંચે લઈ જઈ મસ્તકમાં રોકવાથી મસ્તકના રોગો નાશ પામે છે. હે સાંકૃતિ! આ મેં સત્ય કહ્યું છે. વળી સ્વસ્તિકાસને બેસી મનને એકાગ્ર કરી પ્રણવમંત્રના જપપૂર્વક અપાન વાયુને ઊંચે લઈ જવો અને ધીમેધીમે બન્ને હાથ દ્વારા કાન વગેરે ઇંદ્રિયોમાં સારી રીતે રોકવો. ૨૯–૩૩ હે મુનિ! બન્ને અંગૂઠા વડે બન્ને કાનને, બંને તર્જનીઓ વડે બંને નેત્રોને તથા બેય અનામિકાઓ વડે બંને નાકને ઢાંકી દઈ આનંદ પ્રકટે ત્યાં સુધી મસ્તકમાં પ્રાણવાયુને ધારણ કરવો. હે મહામુનિ! એ જ માર્ગે પ્રાણવાયુ બ્રહ્મરંધ્રમાં પહોંચે છે. ૩૪,૩૫ હે નિર્દોષ! વાયુ જ્યારે બ્રહ્મરંધ્રમાં જાય છે, ત્યારે નાદ ઉત્પન્ન થાય છે. એ નાદ પ્રથમ શંખના અવાજ જેવો હોય, મધ્યમાં મેઘના અવાજ જેવો થાય છે અને મસ્તકની મધ્યે વાયુ જાય છે, ત્યારે પર્વતનાં ઝરણ જેવો નાદ સંભળાય છે. તે પછી મહાબુદ્ધિમાન યોગી પ્રસન્ન થઈને સાક્ષાત્ આત્માનો અનુભવ કરે છે. ૩૬,૩૭ વળી એ યોગથી જ્ઞાનની સિદ્ધિ થાય છે અને સંસાર બંધ પડે છે. બુદ્ધિમાન મનુષ્યે જમણી ઘૂંટીથી સ્થિરતાપૂર્વક સીવનીને દાબી રાખવી; અને પછી ડાબી ઘૂંટીથી ઢીંચણની નીચે રહેલા સાંધાને દાબી રાખવો; પછી હે મુનિ! શંકરદેવનું સ્મરણ કરી ગણપતિ તથા સરસ્વતીનું ધ્યાન ધરીને લિંગના નાળ દ્વારા વાયુને ખેંચીને આગળ લાવવો; તે પછી હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! બિંદુયુક્ત પ્રણવમંત્રનું ધ્યાન કરવાપૂર્વક બુદ્ધિમાન મનુષ્યે એ વાયુને મૂળાધારની મધ્યમાં

॥ ४१ ॥ निरुध्य वायुना दीप्तो वह्निरूहति कुण्डलीम् । पुनः सुषुम्नया वायुर्वह्निना सह गच्छति ॥ ४२ ॥ एवमभ्यासतस्तस्य जितो वायुर्भवेद्ध्रुवम् । प्रस्वेदः प्रथमः पश्चात्कम्पनं मुनिपुङ्गव ॥ ४३ ॥ उत्थानं च शरीरस्य चिह्नमेतज्जितेऽनिले । एवमभ्यासतस्तस्य मूलरोगो विनश्यति ॥ ४४ ॥ भगन्दरं च नष्टं स्यात्सर्वरोगाश्च सांकृते । पातकानि विनश्यन्ति क्षुद्राणि च महान्ति च ॥ ४५ ॥ नष्टे पापे विशुद्धं स्याच्चित्तदर्पणमद्भुतम् । पुनर्ब्रह्मादिभोगेभ्यो वैराग्यं जायते हृदि ॥ ४६ ॥ विरक्तस्य तु संसाराज्ज्ञानं कैवल्यसाधनम् । तेन पापापहानिः स्याज्ज्ञात्वा देवं सदाशिवम् ॥ ४७ ॥ ज्ञानामृतरसो येन सकृदास्वादितो भवेत् । स सर्वकार्यमुत्सृज्य तत्रैव परिधावति ॥ ४८ ॥ ज्ञानस्वरूपमेवाहुर्जगदेतद्विलक्षणम् । अर्थस्वरूपमज्ञानात्पश्यन्त्यन्ये कुदृष्टयः ॥ ४९ ॥ आत्मस्वरूपविज्ञानादज्ञानस्य परिक्षयः । क्षीणेऽज्ञाने महाप्राज्ञ रागादीनां परिक्षयः ॥ ५० ॥ रागाद्यसंभवे प्राज्ञ पुण्यपापविमर्दनम् । तयोर्नाशे शरीरेण न पुनः संप्रयुज्यते ॥ ५१ ॥

इति षष्ठः खण्डः ॥ ६ ॥

## सप्तमः खण्डः

अथातः संप्रवक्ष्यामि प्रत्याहारं महामुने । इन्द्रियाणां विचरतां विषयेषु स्वभावतः ॥ १ ॥ बलादाहरणं तेषां प्रत्याहारः स

રોકવો. ૩૮-૪૧ એ રીતે રોકવાથી, એ વાયુને લીધે, અગ્નિ પ્રદીપ્ત થાય છે અને પછી તે અગ્નિ સાથે વાયુ સુષુમ્ણા નાડી દ્વારા

ઊર્ધ્વ ગતિ કરે છે અને કુંડલીમાં પહોંચે છે. ૪૨ એમ અભ્યાસ કરવાથી એ યોગીનો વાયુ અત્યંત જિતાઈ જાય છે. હે શ્રેષ્ઠ મુનિ! આ અભ્યાસમાં પ્રથમ પરસેવો થાય છે, પછી કંપારી થાય છે અને તે પછી શરીર અદ્ધર થઈ જાય છે. વાયુ જિતાયાનું આ ચિહ્ન છે. એમ અભ્યાસ કરવાથી મૂળ રોગ નાશ પામે છે. ૪૩,૪૪ વળી હે સાંકૃતિ! ભગંદર નાશ પામે છે, સર્વ રોગો તથા નાનાં મોટાં પાપો પણ નાશ પામે છે. ૪૫ પાપો નાશ પામતાં ચિત્તરૂપી અદ્ભુત દર્પણ શુદ્ધ થાય છે અને હૃદયમાં બ્રહ્મા વગેરેના ભોગો ઉપરનો વૈરાગ્ય થાય છે. ૪૬ જે મનુષ્ય એમ સંસારથી વિરક્ત થયો હોય, તેને કૈવલ્યનું સાધન જ્ઞાન પ્રાપ્ત થાય છે અને સદાશિવ દેવનું એ રીતે જ્ઞાન થયા પછી પાપોની હાનિ થાય છે. ૪૭ જે મનુષ્યે એકવાર પણ જ્ઞાનરૂપી અમૃતનો રસ ચાખ્યો હોય, તે બધાં કામ છોડીને તે માટે જ દોડે છે. ૪૮ આ જગત વિલક્ષણ બની જાય (એટલે જગતરૂપે મટી જાય) તેને જ જ્ઞાનનું સ્વરૂપ કહે છે; પણ જેઓ અજ્ઞાનથી નિંદ્ય દૃષ્ટિવાળા હોય છે, તેઓ તો જગતને (જુદી) વસ્તુરૂપે જ જુએ છે. ૪૯ હે મહાબુદ્ધિમાન! આત્મસ્વરૂપનું જ્ઞાન થયાથી અજ્ઞાનનો નાશ થાય છે; અને અજ્ઞાન નાશ પામતાં રાગાદિનો નાશ થાય છે. ૫૦ હે બુદ્ધિમાન! રાગાદિનો અસંભવ થતાં પુણ્ય તથા પાપ બંને નાશ પામે છે અને તેઓનો નાશ થતાં ફરી શરીર સાથે (આત્મા) જોડાતો નથી. ૫૧

છઠ્ઠો ખંડ સમાપ્ત

## સાતમો ખંડ

હે મહામુનિ! હવે પ્રત્યાહાર કહું છું: ઇંદ્રિયો સ્વભાવથી જ વિષયોમાં ફર્યા કરે છે; તેઓને બળથી ખેંચી લેવી, તેને

उच्यते। यत्पश्यति तु तत्सर्वं ब्रह्म पश्यन्समाहितः । २ ॥ प्रत्याहारो भवेदेष ब्रह्मविद्भिः पुरोदितः । यद्यच्छुद्धमशुद्धं वा करोत्यामरणान्तिकम् ॥ ३ ॥ तत्सर्वं ब्रह्मणे कुर्यात्प्रत्याहारः स उच्यते । अथवा नित्यकर्माणि ब्रह्माराधनबुद्धितः ॥ ४ ॥ काम्यानि च तथा कुर्यात्प्रत्याहारः स उच्यते। अथवा वायुमाकृष्य स्थानात्स्थानं निरोधयेत् ॥ ५ ॥ दन्तमूलात्तथा कण्ठे कण्ठादुरसि मारुतम् । उरोदेशात्समाकृष्य नाभिदेशे निरोधयेत् ॥ ६ ॥ नाभिदेशात्समाकृष्य कुण्डल्यां तु निरोधयेत् । कुण्डलीदेशतो विद्वान्मूलाधारे निरोधयेत् ॥ ७ ॥ अथापानात्कटिद्वन्द्वे तथोरौ च सुमध्यमे । तस्माज्जानुद्वये जङ्घे पादांगुष्ठे निरोधयेत् ॥ ८ ॥ प्रत्याहारोऽयमुक्तस्तु प्रत्याहारस्मरैः पुरा । एवमभ्यासयुक्तस्य पुरुषस्य महात्मनः ॥ ९ ॥ सर्वपापानि नश्यन्ति भवरोगश्च सुव्रत । नासाभ्यां वायुमाकृष्य निश्चलः स्वस्तिकासनः ॥ १० ॥ पूरयेदनिलं विद्वानापादतलमस्तकम् । पश्चात्पादद्वये तद्वन्मूलाधारे तथैव च ॥ ११ ॥ नाभिकन्दे च हृन्मध्ये कण्ठमूले च तालुके । भ्रुवोर्मध्ये ललाटे च तथा मूर्धनि धारयेत् ॥ १२ ॥ देहे स्वात्ममतिं विद्वान्समाकृष्य समाहितः । आत्मनात्मनि निर्द्वन्द्वे निर्विकल्पे निरोधयेत् ॥ १३ ॥ प्रत्याहारः समाख्यातः साक्षाद्वेदान्तवेदिभिः । एवमभ्यसतस्तस्य[१] किंचिदपि दुर्लभम् ॥ १४ ॥

इति सप्तमः खण्डः ॥ ७ ॥

---

१ मभ्यासत

પ્રત્યાહાર કહે છે; પોતે જે જે જુએ છે, તે બધું બ્રહ્મ છે, એમ સાવધાન થઈ જોયા કરે, તેને પણ પૂર્વકાળના બ્રહ્મવેત્તાઓ પ્રત્યાહાર કહે છે; અથવા મરણકાળ સુધી પોતે જે શુદ્ધ કે અશુદ્ધ કર્મ કરે છે, તે બધું બ્રહ્મ માટે જ કરે, તે પણ પ્રત્યાહાર કહેવાય છે; અથવા બ્રહ્મનું આરાધન કરવાની બુદ્ધિથી નિત્ય કર્મો તથા કામ્ય કર્મો કરે, તે પણ પ્રત્યાહાર કહેવાય છે; અથવા વાયુને ખેંચીને એક સ્થાનેથી બીજા સ્થાને રોકે; ૧–૫ જેમ કે દાંતના મૂળમાંથી વાયુને ખેંચી કંઠમાં, કંઠમાંથી છાતીમાં અને છાતીના પ્રદેશમાંથી ખેંચી નાભિપ્રદેશમાં રોકવો; તેમ જ નાભિપ્રદેશમાંથી ખેંચી કુંડલીમાં રોકવો; કુંડલીના પ્રદેશમાંથી ખેંચી વિદ્વાન મૂળાધારમાં રોકે; પછી ગુદાપ્રદેશમાંથી ખેંચી બંને કેડમાં, સાથળમાં તથા મધ્યદેશમાં રોકે; અને ત્યાંથી બંને ઢીંચણમાં, જાંઘમાં તથા પગના અંગૂઠામાં રોકે; ૬–૮ આને પણ પ્રત્યાહાર જાણનારા પૂર્વ પુરુષો પ્રત્યાહાર કહે છે. એમ અભ્યાસ કરતા મહાત્મા પુરુષનાં સર્વ પાપો તથા સંસારરૂપી રોગ નાશ પામે છે. હે ઉત્તમ વ્રતવાળા! સ્વસ્તિકાસને નિશ્ચળ બેસી વિદ્વાને બંને નાકથી વાયુ ખેંચવો; ૯,૧૦ અને પછી તેને પગનાં તળિયાંથી માંડી મસ્તક સુધી ભરવો. પછી બંને પગમાં, મૂલાધારમાં, નાભિકંદમાં, હૃદય મધ્યે, કંઠના મૂળમાં, તાળવામાં, બે ભમર વચ્ચે, લલાટમાં તથા મસ્તકમાં રોકવો. ૧૧,૧૨ પછી વિદ્વાન મનુષ્યે સમાધિનિષ્ઠ થઈ દેહ ઉપરની પોતાના આત્મા તરીકેની બુદ્ધિને ખેંચી લઈ, તેને અંતઃકરણ દ્વારા દ્વંદ્વરહિત નિર્વિકલ્પ આત્મામાં રોકી દેવી; ૧૩ આને વેદાંત જાણનારાઓ સાક્ષાત્ પ્રત્યાહાર કહે છે. આનો અભ્યાસ કરનારને કંઈ પણ દુર્લભ નથી. ૧૪

સાતમો ખંડ સમાપ્ત

## अष्टमः खण्डः

अथातः संप्रवक्ष्यामि धारणाः पञ्च सुव्रत। देहमध्यगते व्योम्नि बाह्याकाशं तु धारयेत् ॥ १ ॥ प्राणे बाह्यानिलं तद्वज्ज्वलने चाग्निमौदरे। तोयं तोयांशके भूमिं भूमिभागे महामुने ॥ २ ॥ हयवरलकाराख्यं मन्त्रमुच्चारयेत्क्रमात्। धारणैषा परा प्रोक्ता सर्वपापविशोधिनी ॥ ३ ॥ जान्वन्तं पृथिवी ह्यंशो ह्यपां पाय्वन्तमुच्यते। हृदयांशस्तथाग्न्यंशो भ्रूमध्यान्तोऽनिलांशकः ॥ ४ ॥ आकाशांशस्तथा प्राज्ञ मूर्धांशः परिकीर्तितः। ब्रह्माणं पृथिवीभागे विष्णुं तोयांशके तथा ॥ ५ ॥ अग्न्यंशे च महेशानमीश्वरं चानिलांशके। आकाशांशे महाप्राज्ञ धारयेत्तु सदाशिवम् ॥ ६ ॥ अथवा तव वक्ष्यामि धारणां मुनिपुङ्गव। पुरुषे सर्वशास्तारं बोधानन्दमयं शिवम् ॥ ७ ॥ धारयेद्बुद्धिमान्नित्यं सर्वपापविशुद्धये। ब्रह्मादिकार्यरूपाणि स्वे स्वे संहृत्य कारणे ॥ ८ ॥ सर्वकारणमव्यक्तमनिरूप्यमचेतनम्। साक्षादात्मनि संपूर्णे धारयेत्प्रणवेन तु। इन्द्रियाणि समाहृत्य मनसात्मनि योजयेत् ॥ ९ ॥

इत्यष्टमः खण्डः ॥ ८ ॥

## नवमः खण्डः ॥

अथातः संप्रवक्ष्यामि ध्यानं संसारनाशनम्। ऋतं सत्यं परं ब्रह्म सर्वसंसारभेषजम् ॥ १ ॥ उर्ध्वरेतं विश्वरूपं विरूपाक्षं महे-

### આઠમો ખંડ

હે શ્રેષ્ઠ વ્રતવાળા! હવે પાંચ ધારણાઓ કહું છું: દેહના

મધ્યમાં જે આકાશ રહ્યું છે, તેમાં બહારના આકાશની ધારણા કરવી. ૧ તેમ જ હે મહામુનિ! પ્રાણમાં બહારના વાયુની, પેટના અગ્નિમાં બહારના અગ્નિની, પાણીના અંશોમાં પાણીની તથા પૃથ્વીના ભાગોમાં પૃથ્વીની ધારણા કરવી. ૨ તે વેળા 'ह, य, व, र, ल,' આ મંત્રરૂપ અક્ષરોનું અનુક્રમે ઉચ્ચારણ કરતા જવું. આ ધારણાને શ્રેષ્ઠ કહી છે અને તે સર્વ પાપોની શુદ્ધિ કરનારી છે. ૩ ઢીંચણ સુધીનો પૃથ્વીનો ભાગ છે, ગુદા સુધીનો જળનો ભાગ છે, હૃદયરૂપ ભાગ અગ્નિનો ભાગ છે, ભમર સુધીનો વાયુનો ભાગ છે અને મસ્તકરૂપી ભાગ તે આકાશનો ભાગ છે. હે બુદ્ધિમાન! તેમાંથી પૃથ્વીના ભાગમાં બ્રહ્મની, જળના ભાગમાં વિષ્ણુની, અગ્નિના ભાગમાં મહેશ્વરની, વાયુના ભાગમાં ઈશ્વરની અને આકાશના ભાગમાં સદાશિવની ધારણા કરવી. ૪–૬ અથવા હે મુનિશ્રેષ્ઠ! આ ધારણા હું તને કહું છું: બુદ્ધિમાન મનુષ્યે સર્વ પાપોની શુદ્ધિ માટે જ્ઞાન તથા આનંદમય સદાશિવની પુરુષ( જીવાત્મા )માં ધારણા કરવી, તેમ જ બ્રહ્મા વગેરે સર્વે કાર્યરૂપોનો પોતપોતાના કારણમાં લય પમાડી પ્રણવમંત્રના ઉચ્ચારપૂર્વક સર્વનું કારણ, અવર્ણનીય અને અચેતન એવી અવ્યક્ત પ્રકૃતિની સાક્ષાત્ સંપૂર્ણ આત્મામાં ધારણા કરવી; અને ઇંદ્રિયોને મન સાથે આકર્ષીને આત્મામાં જોડી દેવી. ૭–૯

આઠમો ખંડ સમાપ્ત

## નવમો ખંડ

હવે સંસારનો નાશ કરનારું ધ્યાન કહું છું: ઋત( માનસિક સત્ય )રૂપ અને વાચિક સત્યરૂપ પરબ્રહ્મ, સર્વ સંસારનું ઔષધ છે; માટે તે ઊર્ધ્વરેતસ, વિશ્વસ્વરૂપ અને યોગેશ્વરોના ઈશ્વર વિરૂપાક્ષનું 'તે જ હું છું' એવા આદરથી જ ધ્યાન કરવું; ૧,૨

श्वरम् । सोऽहमित्यादरेणैव ध्यायेद्योगीश्वरेश्वरम् ॥ २ ॥ अथवा सत्यमीशानं ज्ञानमानन्दमद्वयम् । अत्यर्थमचलं नित्यमादिमध्यान्तवर्जितम् ॥ ३ ॥ तथा स्थूलमनाकाशमसंस्पृश्यमचाक्षुषम् । न रसं न च गन्धाख्यमप्रमेयमनूपमम् ॥ ४ ॥ आत्मानं सच्चिदानन्दमनन्तं ब्रह्म सुव्रत । अहमस्मीत्यभिध्यायेद्ध्येयातीतं विमुक्तये ॥ ५ ॥ एवमभ्यासयुक्तस्य पुरुषस्य महात्मनः । क्रमाद्वेदान्तविज्ञानं विजायेत न संशयः ॥ ६ ॥

इति नवमः खण्डः ॥ ९ ॥

## दशमः खण्डः ॥

अथातः संप्रवक्ष्यामि समाधिं भवनाशनम् । समाधिः संविदुत्पत्तिः परजीवैकतां प्रति ॥ १ ॥ नित्यः सर्वगतो ह्यात्मा कूटस्थो दोषवर्जितः । एकः सन्भिद्यते भ्रान्त्या मायया न स्वरूपतः ॥ २ ॥ तस्मादद्वैतमेवास्ति न प्रपञ्चो न संसृतिः । यथाकाशो घटाकाशो मठाकाश इतीरितः ॥ ३ ॥ तथा भ्रान्तैर्द्विधा प्रोक्तो ह्यात्मा जीवेश्वरात्मना । नाहं देहो न च प्राणो नेन्द्रियाणि मनो नहि ॥ ४ ॥ सदा साक्षिस्वरूपत्वाच्छिव एवास्मि केवलः । इति धीर्या मुनिश्रेष्ठ सा समाधिरिहोच्यते ॥ ५ ॥ सोहं ब्रह्म न संसारी न मत्तोऽन्यः कदाचन । यथा फेनतरङ्गादि समुद्रादुत्थितं पुनः ॥ ६ ॥ समुद्रे लीयते तद्वज्जगन्मय्यनुलीयते । तस्मान्मनः पृथङ्न नास्ति

અથવા સત્ય, ઈશ્વર, જ્ઞાનરૂપ, આનંદમય અદ્વૈતસ્વરૂપ, દરેક પદાર્થથી પર, અચળ, નિત્ય, આદિ–મધ્ય–અંતરહિત, સ્થૂલતા-

રહિત, આકાશ વિનાનો, સ્પર્શ કરવાને અશક્ય, ચક્ષુનો અવિષય, રસરહિત, ગંધસંજ્ઞા વિનાનો, પ્રમાણોનો અવિષય અને ઉપમા રહિત આત્મા, તે જ સચ્ચિદાનંદ અનંત બ્રહ્મ છે; અને હે સુવ્રત! ધ્યેયથી પર રહેલો તે જ બ્રહ્મ હું છું, એમ મુક્તિ માટે ધ્યાન કરવું. ૩–૫ એમ અભ્યાસમાં જોડાયેલા મહાત્મા પુરુષને અનુક્રમે વેદાંતનું અનુભવ-જ્ઞાન થાય છે, એમાં સંશય નથી. ૬

નવમો ખંડ સમાપ્ત

## દશમો ખંડ

હવે સંસારનો નાશ કરનાર સમાધિ કહું છું: 'સમાધિ એટલે પરબ્રહ્મ અને જીવનની એકતાનું જ્ઞાન ઉત્પન્ન થવું; ૧ જેમ કે નિત્ય, સર્વવ્યાપી, કૂટસ્થ અને દોષ વિનાનો આત્મા એક જ છે; કેવળ માયારૂપ ભ્રાંતિથી જ તેમાં ભેદ જણાય છે; ખરી રીતે તેના સ્વરૂપમાં ભેદ છે જ નહિ; ૨ માટે બધું અદ્વૈત જ છે; પ્રપંચ નથી અને સંસાર પણ નથી. જેમ એક જ આકાશ ઘટાકાશ અને મઠાકાશ કહેવાય છે, તેમ એક જ આત્માને ભ્રાંતિ પામેલાઓએ જીવ તથા ઈશ્વરરૂપે બે પ્રકારનો કહ્યો છે. 'હું દેહ નથી, પ્રાણ નથી, ઇંદ્રિયો નથી અને મન પણ નથી; પરંતુ સદા સાક્ષીસ્વરૂપ હોવાથી કેવળ શિવ જ છું' આવી જે બુદ્ધિ તેને હે મુનિશ્રેષ્ઠ! આ વેદાંતશાસ્ત્રમાં સમાધિ કહેવામાં આવે છે; ૩–૫ તેમ જ 'તે બ્રહ્મ હું છું', પણ સંસારી નથી; વળી મારાથી બીજું, કોઈ કાળે નથી; અને જેમ સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલાં ફીણ-તરંગો વગેરે સમુદ્રમાં જ લય પામે છે, તેમ મારાથી ઉત્પન્ન થયેલું જગત મારામાં લય પામે છે; મારાથી જુદું મન નથી, જગત નથી અને માયા પણ નથી.' આવી રીતે પ્રત્યક્

जगन्माया च नास्ति हि ॥ ७ ॥ यस्यैवं परमात्मायं प्रत्यग्भूतः प्रकाशितः । स तु याति च पुंभावं स्वयं साक्षात्परामृतम् ॥ ८ ॥ यदा मनसि चैतन्यं भाति सर्वत्रगं सदा । योगिनोऽव्यवधानेन तदा संपद्यते स्वयम् ॥ ९ ॥ यदा सर्वाणि भूतानि स्वात्मन्येव हि पश्यति । सर्वभूतेषु चात्मानं ब्रह्म संपद्यते तदा ॥ १० ॥ यदा सर्वाणि भूतानि समाधिस्थो न पश्यति । एकीभूतः परेणाऽसौ तदा भवति केवलः ॥ ११ ॥ यदा पश्यति चात्मानं केवलं परमार्थतः । मायामात्रं जगत्कृत्स्नं तदा भवति निर्वृतिः ॥ १२ ॥ एवमुक्त्वा स भगवान्दत्तात्रेयो महामुनिः । सांकृतिः स्वस्वरूपेण सुखमास्तेऽतिनिर्भयः ॥ १३ ॥

इति दशमः खण्डः ॥ १० ॥

ॐ आप्यायन्तु ममाङ्गानि वाक् प्राणश्चक्षुः श्रोत्रमथो बलमिन्द्रियाणि च सर्वाणि सर्वं ब्रह्मोपनिषदं माहं ब्रह्म निराकुर्यां मा मा ब्रह्म निराकरोदनिराकरणमस्त्वनिराकरणं मे अस्तु । तदात्मनि निरतेय उपनिषत्सु धर्मास्ते मयि सन्तु ते मयि सन्तु ॥ हरिः ॐ तत्सत् ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

॥ इति श्रीजाबालदर्शनोपनिषत् समाप्ता ॥

સ્વરૂપ પરમાત્મા જેને પ્રકાશ્યા હોય છે, તે પોતે જ સાક્ષાત્ અમૃતસ્વરૂપ પરમ પુરુષપણાને પામે છે. ૬–૮ યોગીના મનમાં જ્યારે સર્વવ્યાપી ચૈતન્ય અસ્ખલિત પ્રકાશે છે, ત્યારે તે પોતે જ તે રૂપ થાય છે. ૯ જે વેળા સર્વ ભૂતોને પોતાના આત્મામાં જ જુએ છે અને સર્વ ભૂતોમાં પોતાના આત્માને જુએ છે, ત્યારે (મનુષ્ય) બ્રહ્મ થાય છે. ૧૦ સમાધિમાં રહેલો પુરુષ જ્યારે સર્વ ભૂતોને જોતો નથી અને પરમાત્મા સાથે એકરૂપ થયો હોય છે, ત્યારે તે કેવલ પરમેશ્વર જ બની રહે છે. ૧૧ જે સમયે કેવળ આત્માને જ પરમાર્થ સ્વરૂપે જુએ છે અને આખા જગતને માત્ર માયારૂપ 'જુએ છે, ત્યારે નિર્વાણ (મોક્ષ) થાય છે.' ૧૨ એમ કહીને તે દત્તાત્રેય ભગવાન મૌન રહ્યા: અને મહામુનિ સાંકૃતિ આત્મસ્વરૂપે અતિ નિર્ભય થઈ સુખપૂર્વક રહેવા લાગ્યા.૧૩

દશમો ખંડ સમાપ્ત

ૐ મારાં અંગો, વાણી, પ્રાણ, આંખ, કાન તેમ જ બળ અને બધી ઇંદ્રિયો પ્રફુલ્લ થાઓ. આ સર્વ (ઇંદ્રિયો વગેરે) ઉપનિષદોમાં વર્ણવેલું બ્રહ્મ જ છે. હું બ્રહ્મનો અનાદર ન કરું, બ્રહ્મ મારો અનાદર ન કરો. મારો અનાદર ન હો, મારો અનાદર ન થાઓ. આત્મામાં રમણ કરનાર માટે ઉપનિષદોમાં જે ધર્મો કહ્યા છે, તે મારામાં હો, તે મારામાં હો.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ઇતિ શ્રીજાબાલદર્શન ઉપનિષદ સમાપ્ત

# वराहोपनिषत्

शान्तिपाठः—ॐ सह नाववतु ॥ सहनौ भुनक्तु ॥ सह वीर्यं करवावहै ॥ तेजस्वि नावधीतमस्तु मा विद्विषावहै ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

## प्रथमोऽध्यायः

हरिः ॐ । अथ ऋभुर्वै महामुनिर्देवमानेन द्वादशवत्सरं तपश्चचार । तदवसाने वराहरूपी भगवान्प्रादुरभूत् । स होवाचोत्तिष्ठोत्तिष्ठ वरं वृणीष्वेति । सोदतिष्ठत् । तस्मै नमस्कृत्योवाच भगवन्कामिभिर्यद्यत्कामितं तत्तत्त्वत्सकाशात्स्वप्नेऽपि न याचे । समस्तवेदशास्त्रेतिहासपुराणानि समस्तविद्याजालानि ब्रह्मादयः सुराः सर्वे त्वद्रूपज्ञानान्मुक्तिमाहुः । अतस्त्वद्रूपप्रतिपादिकां ब्रह्मविद्यां ब्रूहीति होवाच । तथेति स होवाच वराहरूपी भगवान् । चतुर्विंशतितत्त्वानि केचिदिच्छन्ति वादिनः । केचित्षट्त्रिंशत्तत्त्वानि केचित्षण्णवतीनि च ॥ १ ॥ तेषां क्रमं प्रवक्ष्यामि सावधानमनाः शृणु । ज्ञानेन्द्रियाणि पञ्चैव श्रोत्रत्वग्लोचनादयः ॥ २ ॥ कर्मेन्द्रियाणि पञ्चैव वाक्पाण्यङ्घ्र्यादयः क्रमात् । प्राणादयस्तु पञ्चैव पञ्च शब्दादयस्तथा ॥ ३ ॥ मनोबुद्धिरहंकारश्चित्तं चेति चतुष्टयम् । चतुर्विंशतितत्त्वानि तानि ब्रह्मविदो विदुः ॥ ४ ॥ एतैस्तत्त्वैः समं पञ्चीकृतभूतानि पञ्च च । पृथिव्यापस्तथा तेजो वायुराकाशमेव च । ५ ॥ देहत्रयं स्थूलसूक्ष्म-

# ૨૩–વરાહ ઉપનિષદ

## પહેલો અધ્યાય

**શાંતિપાઠ :**–ૐ બ્રહ્મ અમારું બન્ને( ગુરુ–શિષ્ય )નું સાથે રક્ષણ કરો, અમારું બન્નેનું સાથે પાલન કરો, અમે બન્ને સાથે સામર્થ્ય મેળવીએ, અમારું બન્નેનું ભણતર તેજસ્વી થાઓ, અમે બન્ને કોઈનો દ્વેષ ન કરીએ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

હરિઃ ૐ મહામુનિ ઋભુએ દેવોની કાળગણના પ્રમાણે બાર વર્ષ સુધી તપશ્ચર્યા કરી હતી. તે તપશ્ચર્યાના અંતે ભગવાન વરાહસ્વરૂપે પ્રકટ થયા અને બોલ્યા કે, ‘ ઊઠ, ઊઠ, વરદાન માગ.’ ત્યારે ઋભુ ઊઠ્યા. તેમણે વરાહ ભગવાનને નમસ્કાર કરી કહ્યું : ‘ હે ભગવન્! કામનાવાળા લોકો જે જે કામનાઓ ઇચ્છે છે, તે તે કંઈ પણ સ્વપ્નામાં યે હું તમારી પાસે માગતો નથી. સમસ્ત વેદો, શાસ્ત્રો, ઇતિહાસો, પુરાણો અને સમગ્ર વિદ્યાઓના સમૂહો તેમ જ બ્રહ્માદિ સર્વ દેવો આપના સ્વરૂપજ્ઞાનથી મુક્તિને કહે છે; માટે આપના રૂપનું પ્રતિપાદન કરતી બ્રહ્મવિદ્યાનો મને ઉપદેશ આપો.’

એમ ઋભુએ કહ્યું, ત્યારે વરાહરૂપી ભગવાન ‘ બહુ સારું ’ એમ કહી બોલ્યા : ‘ કેટલાક વાદીઓ ચોવીસ તત્ત્વો, કેટલાક છત્રીસ તત્ત્વો અને કેટલાક છન્નું તત્ત્વો માને છે; ૧ તેઓનો ક્રમ હું કહું છું, તું સાવધાન મને સાંભળ. શ્રોત્ર, ત્વચા, નેત્ર વગેરે પાંચ જ્ઞાનેંદ્રિયો; વાણી, હાથ, પગ વગેરે પાંચ કર્મેંદ્રિયો; પાંચ પ્રાણ વગેરે, પાંચ શબ્દ વગેરે અને મન, બુદ્ધિ, અહંકાર તથા ચિત્ત–એમ ચાર મળી ચોવીસ તત્ત્વો છે; તેને બ્રહ્મવેત્તાઓ જાણે છે. ૨–૪ આ તત્ત્વો સાથે પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ–આ પંચીકરણ કરેલાં પાંચ ભૂતો; સ્થૂલ, સૂક્ષ્મ અને